Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી હીરક મહોત્સવ ગ્રંથમાળા નં. ૧૧

# ગુજરાતી ફારસી અરબી શબ્દોનો કોશ.

ખંડ ૨ જો પૃ. ૬૪૫ થી ૩૦૮

લેખક
અમીરમિયાં હમદૂમિયાં ફારૂકી.

છપાવી પ્રસિદ્ધ કરનાર
ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી
હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ, બી. એ.
આસિ. સેક્રેટરી, અમદાવાદ.

આવૃત્તિ પહેલી. પ્રત ૧૨૫૦.
સંવત ૧૯૮૨. સન ૧૯૨૬.

કીંમત એક રૂપિયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી હીરક મહોત્સવ ગ્રંથમાળા નં. ૧૧

# ગુજરાતી ફારસી અરબી શબ્દોનો કોશ.

ખંડ ૨ જો પૃ. ૧૪૫ થી ૩૦૮

**नम्र सूचन**
इस ग्रन्थ के अभ्यास का कार्य पूर्ण होते ही नियत समयावधि में शीघ्र वापस करने की कृपा करें. जिससे अन्य वाचकगण इसका उपयोग कर सकें.

અમીરમિયાં હમદૂમિયાં ફારૂકી.

છપાવી પ્રસિદ્ધ કરનાર
ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી
હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ, બી. એ.
આસિ. સેક્રેટરી, અમદાવાદ.

આવૃત્તિ પહેલી. પ્રત ૧૨૫૦.
સંવત ૧૯૮૨. સન ૧૯૨૬.

કીંમત એક રૂપિયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુદ્રકઃ ચિમનલાલ ઈશ્વરલાલ મ્હેતા
મુદ્રણસ્થાનઃ 'વસન્ત મુદ્રણાલય'
ઘીકાંટારોડ, સિવિલહૉસ્પિટલ સામે,
અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રસ્તાવના.

ગુજરાતી નવી વાંચનમાળામાં અરબી, ફારસી જે શબ્દો છે, તેમાંથી અગત્યના શબ્દો એકઠા કરી તેના અર્થ, વ્યુત્પત્તિ વગેરે જણાય એવો એક ટુંકો કોશ તૈયાર કરવા સદ્દગત રાવ બહાદુર કમળાશંકરભાઇએ મને સૂચના કરી; ને તે પ્રમાણે મેં વાંચનમાળામાંથી એવા અગત્યના શબ્દો તારવી કાઢી તે કોશ એઓને બતાવ્યો. તે પસંદ પડવાથી ગુજરાત શાળાપત્રમાં સાવકાશ છાપવાની તેઓએ કૃપા કરી.

વળી ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી ગુજરાતી ભાષાનો સંપૂર્ણ કોશ રચાવાનું કામ ચાલુ હતું. તે માટે મહેરબાન રાવ બહાદુર ધ્રુવ સાહેબે મને ફરમાવ્યું કે 'ગુજરાતી ભાષાનાં જેટલાં બને તેટલાં વધારે પુસ્તકો વાંચી તેમાંથી જેટલા અરબી ફારસી શબ્દો મળી આવે તે બધા એકઠા કરી અર્થ, વ્યુત્પત્તિ ને ઉદાહરણો સાથે એક મોટો કોશ તૈયાર કરી આપો.' મેં તે પ્રમાણે કામ કરવા માંડયું. પણ ગુજરાતી બધાં પુસ્તકો તો વાંચી શકાય નહિ, તેથી જે જે પુસ્તકો માટે તેઓએ ભલામણ કરી તે તે પુસ્તક તથા બીજાં કેટલાંક વાંચી તેમાંથી શબ્દો વીણી કાઢી અર્થ, વ્યુત્પત્તિ ને ઉદાહરણ આપી આ કોશ મેં તૈયાર કર્યો.

અરબી ફારસીના કેટલાક અક્ષરો ગુજરાતીમાં નથી; જે જણાવવા માટે નુકતા મૂકવાની પદ્ધતિ કેટલાકે યોજી છે; પણ મને અનુભવથી જણાયું છે, કે નુકતા મૂકવાથી તે અક્ષરનો શુદ્ધ ઉચ્ચાર થતો નથી. શુદ્ધ ઉચ્ચાર તો જ્યારે એ ભાષા સંબંધી જ્ઞાન હોય ત્યારે જ થઇ શકે છે. તેથી મેં એ નુકતાની પદ્ધતિ સ્વીકારી નથી. પણ ગુજરાતીના જે અક્ષર સાથે અરબી ફારસીનો એ અક્ષર પાસેનો સંબંધ રાખે છે તે જ ગુજરાતી અક્ષર ત્યાં મૂકયો છે, ને કૌંસમાં તેની ખરી જોડણી તે ભાષામાં જેવી છે તેવી લખી છે. તેથી શુદ્ધ ઉચ્ચાર જાણી શકાશે.

તેમ જ કેટલાક લેખકો એવા અરબી ફારસી અક્ષરો માટે અલ્પ પ્રાણની સાથે હ મેળવી મહા પ્રાણ બનાવી તેનો ઉપયોગ કરે છે. એથી જે ઉચ્ચાર થાય છે તે પણ ખરો નહિ પણ બીજો જ થાય છે; માટે એ પદ્ધતિને પણ હું અનુસર્યો નથી.

ભાષાનો વિષય જ એવો છે, કે એમાં મતભેદ હોય. એક કાંઇ વ્યુત્પત્તિ આપે તો બીજો બીજી આપે. આ કોશમાં પણ એવું થયું હશે. મેં આપેલી વ્યુત્પત્તિ ને અર્થ બીજાએ આપેલી વ્યુત્પત્તિ ને અર્થથી જુદાં દેખાશે. તો એવા પ્રસંગો જો મને જણાવવામાં આવશે તો ઉપકાર સહિત બીજી આવૃત્તિમાં યોગ્ય સુધારો કરીશ.

વાંચકબંધુને મારી અંતમાં, નમ્ર વિનંતિ છે કે ગુજરાતી ભાષાની સેવા એક મુસલમાનને હાથે થાય, તેમાં ભૂલ હોવાના સંભવો હોય જ, તો તે પ્રમાણે આમાં પણ ભૂલ જણાય તો દરગુજર કરી મને ખબર આપી આભારી કરશો.

હજુ કેટલાક અગત્યના શબ્દોનાં ઉદાહરણો આપવાનાં બાકી છે, તેમ જ કેટલાક શબ્દો જે ગુજરાતીમાં વપરાય છે તે આમાં રહી ગયા હશે. એ માટે મારો પ્રયાસ ચાલુ છે, ને બીજી આવૃત્તિનો પ્રસંગ પ્રાપ્ત થશે તો એ વધારો તેમાં કરી શકીશ.

ખમાશાનો ચકલો,
અમદાવાદ.
તા. ૧-૮-૧૯૨૬

અમીરમિયાં હમ્દૂમિયાં ફારૂકી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નાવારસ,** વિ૦ ( ફા૦ **ना+वारिस** અરબી. لاوارث=માલિક ન હોય એવું ) ન ધણીયાતું.

**નાસરી,** સ્ત્રી૦ ( ફા૦ **नासिरी** ناصری= મદદગારી, હિસાબમાં એક પ્રકારની ગણતરી ) ૧૨ બદામ.

'પૈસાની ૧૬ બદામ, ને ૧૨ બદામની નાસરી.' નં. ચ.

**નાસીપાસ,** વિ૦ ( ફા૦ **नासिपास** ناسپاس=ઉપકાર ન માને તે ) નાઉમેદ, નિરાશ.

**નાસીપાસી,** સ્ત્રી૦ ( ફા૦ **नासिपासी** ناسپاسی=ઉપકાર ન માનવાપણું ) નાઉમેદી, નિરાશા.

**નાસુર,** ન૦ ( અ૦ **नासूर** ناسور=હમેશા વહેતો રહે એવો ઘા ) નાક અને કંઠ વગેરેમાં પડતું સડાનું છિદ્ર.

**નાસ્તો,** પુ૦ ( ફા૦ **नाशितह** અથવા **नाश्तह** ناشتہ=ભૂખ્યા રહેવું, સવારથી કાંઇ પણ ખાધું ન હોય એવી સ્થિતિ. સવારમાં થોડુંક ખાવું તે ) શીરામણ.

**નાહક,** અ૦ ( ફા૦ **ना+हक़** અરબી. ناحق ગેરવાજબી, નકામું ) કારણ વગર, ખાલી, અમસ્તું.

**નાળબંધ,** વિ૦ ( અ૦ **नअल** نعل+**बंद** ફારસી **नअल्बंद** نعلبند=ઘોડાને પગે નાળ જડનાર ) બળદ ઘોડા વગેરેને નાળ જડનાર.

**નાળું,** ન૦ ( ફા૦ **नालह** نالہ=પાણીનું નાળું ) ઝરો, નાની નદી.

**નિકા,** પુ૦ ( અ૦ **निकाह** نکاح=લગ્ન ) લગ્ન સંબંધ, વિવાહ. 'આપણા મજહબમાં શોહરના મરી ગયા પછી ઓરતને બીજા લાયક મર્દ સાથે નિકાહ કરવાનો હક અપાયલો છે.' બા૦ બા૦

**નિખાલસ,** વિ૦ ( અ૦ **खालिस** خالص= ચોકખું, અમિશ્ર ) ખુલ્લા દિલનું, શુદ્ધ અંતઃકરણનું.

**નિગેહબાની,** સ્ત્રી૦ ( ફા૦ **निगाह्बानी** نگاہبانی અથવા **निगह्बानी** نگہبانی =નજર રાખવી ) દેખરેખ, સંભાળ, તપાસ. 'આથી નિગાહબાનીનો ખરચ ઘણોજ કમ રહેતો.' નં૦ ચ૦

**નિઘા,** સ્ત્રી૦ ( ફા૦ **निगाह** કે **निगह** نگاہ نگہ=નજર, દેખરેખ ) મહેરબાની, કૃપા, દૃષ્ટિ.

**નિઘેબાની** જુઓ નિગેહબાની.

**નિછરાવળ,** સ્ત્રી૦ ( અ૦ **नसार** نثار=કોઇ વસ્તુ કોઇ ઉપરથી વાળવી, કુરબાન કરવી ) નોછાવર કરવી, ખેરાત કરવી.

'નિછરાવળના દસ રૂપીઆ ઓવારણી ઉતારીને બિછાના પર મૂકયા.' ટ૦ સો૦ વા૦ ભા૦ ૪

**નિમક,** ન૦ (ફા૦ **नमक** نمک=મીઠું) લુણ.

**નિમકખાર,** વિ૦ ( ફા૦ **नमकखार** نمکخوار = મીઠું ખાનાર, સેવક, ચાકર ) નોકર.

'તેઓ દોલતખાનના નમકખાર તાબેદાર છે.' બા૦ બા૦

**નિમકહરામ,** વિ૦ ( ફા૦ **नमक्+हराम** અરબી **नमक्हराम** نمکحرام=પોતાના શેઠનો શત્રુ, કૃતઘ્ન ) લુણહરામ.

**નિમકહરામી,** સ્ત્રી૦ ( ઉપલા શબ્દને **ई** લાગવાથી ) લુણહરામી, કૃતઘ્નતા.

**નિમકહલાલ,** વિ૦ ( ફા૦ **नमक्+हलाल**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અરબી **नमक्‌हलाल** نمک‌حلال=પોતાના શેઠનો પક્ષ કરનાર. કૃતજ્ઞ ) ઉપકાર માનનાર, આભારમાં રહેનાર.

**નિમકહલાલી,** સ્ત્રી૦ ( ઉપલા શબ્દને ઇ લાગવાથી ) ઉપકૃત રહેવું તે, કૃતજ્ઞતા.

**નિમાજ,** સ્ત્રી૦ (ફા૦ **नमाज** نماز) નમાજ શબ્દ જુઓ.

**નિમાજી,** વિ૦ (ફા૦ **नमाजी** نمازی) નમાજી શબ્દ જુઓ.

'તેઓમાંથી જેઓ ઘણા નમાજી તથા ધર્માન્ધ હતા.' ક. ઘે.

**નિમે,** અ૦ ( ફા૦ **नीम** نیم=અર્ધું ) અર્ધે ભાગે.

**નિમો,** પુ૦ (ફા૦ **नीमह** نیمه=અર્ધું, તરફ, બાજુ) વરરાજાએ પહેરવાનો પોશાક. 'કભાય, દોતા, જામા ઝીણા, નીમાંકુર રાતી સાર, પાઘડી, પછેડી ને પટકા, પામરી શ્રીકાર.' સુ૦ હ૦

**નિરખ,** પુ૦ ( અ૦ **निर्ख** نرخ=ભાવ ) તપાસ, પરીક્ષા, કસ.

**નિર્દાવા,** વિ૦ ( અ૦ **दअवा** دعوی ) ફરીને દાવો થાય નહિ એવું લખત વગેરે.

**નિવાજવું,** ક્રિ૦ સ૦ ( ફા૦ **नवाख्तन**= મહેરબાની કરવી ઉપરથી **नवाज**ને તે ઉપરથી ગુજરાતી ક્રિયાપદ **नवाजवुं**= મહેરબાની કરવી. نواز ) સરપાવ, પદવી વગેરે આપી સંતોખવું.

'નિવાજી કોઇને તેને હતું ખેરાતમાં દેવું.' કલાપી.

**નિશા,** નશા શબ્દ જુઓ.

**નિશાણ,** ન૦ ( ફા૦ **निशान** نشان=ધ્વજા, ચિહ્ન **निशान्दन**=ગોડવવું, રોપવું ઉપરથી ) ઓળખવાનું ચિહ્ન.

**નિશાન,** નિશાણ શબ્દ જુઓ.

**નિશાનબાજ,** વિ૦ ( ફા૦ **निशान्बाज** نشان‌باز=તાકેલી વસ્તુને મારનાર, તીર બંદૂક વગેરેથી તાકેલે સ્થળે મારનાર ) તાકોડી, નિશાન પાડનાર.

**નિશાનબાજી,** સ્ત્રી૦ ( ફા૦ **निशान्बाजी** نشان‌بازی=એક પ્રકારની રમત )નિશાન પાડવાની રમત.

**નિશાની,** સ્ત્રી૦ ( ફા૦ **निशानी** نشانی= એંધાણી ) ચિહ્ન, ઓળખ.

**નિશો,** પુ૦ ( ફા૦ **नश्शह** કે **नशअह** نشه =બેહોશી ) કેફ.

**નિસબત,** સ્ત્રી૦ ( અ૦ **निस्बत** نسبت =લગાવ, મળતાપણું, સંબંધ. **नसब**=વંશ ઉપરથી ) સંબંધ, વળગણ, નાતો.

'એ બોજાને તો એ રાંડ સાથે કાંઇ નીસબત નથી.' ક. ઘે.

**નિસાતરો,** પું૦ ( ફા૦ **निशास्तह** نشاسته =ઘઉંને પલાળીને તેમાંથી પાણી કાઢે છે ને સત્વ નીચે બેસી જાય છે તે. તેનો હલવો બનાવે છે. **निशिस्तन**=બેસવું પરથી **निशिस्तह**=બેઠેલો તે ઉપરથી **निशास्तह** ) ઘઉંમાંનું સત્વ.

**નિહાલ,** વિ૦ ( ફા૦ **निहाल** نهال=છોડ ) ન્યાલ, સુખી.

'તારી મરજી પ્રમાણે નિહાલ કર.' આ૦ નિ૦

**નીકા,** પુ૦ ( અ૦ **निकाह** نکاح=લગ્ન સંબંધ **नकह**=તેણે છિદ્ર કર્યું ઉપરથી ) વકીલને સાક્ષીઓની રૂબરૂ સ્ત્રીપુરૂષે પરણેતર સંબંધી કરેલા કોલ કરાર.

**નીઘા,** સ્ત્રી૦ જુઓ નિગાહ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નીમહકીમ**, પુ૦ ( **नीम्** ફા૦ અર્ધો+**हकीम** અરબી **नीम् हकीम**=અર્ધો હકીમ. ) લે ભાગુ વૈદ, ઊંટવૈદ.

'નીમ હકીમ ખત્રએ જાન, નીમ મુલ્લા ખત્રએ ઇમાન' ફા૦ કહેવત.

**નીમો**, પુ૦ ( ફા૦ **नीमह** نیمه=એક પ્રકારનો પહેરવેશ ) વરને પહેરવાનું અંગરખું, મોં પર નાખવાનો બુરખો.

**નીલમ**, ન૦ ( ફા૦ **नीलम** نیلم=કાળા રંગનું એક રત્ન ) દક્ષિણ અને લંકામાંથી મળે છે.

**નીસા**, સ્ત્રી૦ ( ફા૦ **नश्शह** કે **नशअह** نشه=બેહોશી, દારૂ વગેરેથી ભાન ન રહે એવી હાલત ) કેફ, અમલ.

**નુકસાન**, ન૦ ( અ૦ **नुक़सान** نقصان= અરબી **नक़्स** ઉપરથી=કોઇપણ બાબતમાં ખામી ) ટોટા.

**નુકસાનકારક**, વિ૦ ( અ૦ **नुक़सान+कारक** સંસ્કૃત ) નુકસાન કરે એવું.

**નુકસાની**, સ્ત્રી૦ ( અ૦ **नुक़सानी** نقصانی ગુજરાતી પ્રયોગ ) નુકસાન, ગેર ફાયદો.

**નુક્તો**, પુ૦ ( અ૦ **नुक़तह** نقطه=લીટીનો છેડો, બિંદુ, ઉર્દૂ ફારસી અરબી શબ્દોમાં અક્ષરોની ઉપર નીચે જે ટપકાં મૂકે છે તે ) બિંદુ.

**નુક્તો**, પુ૦ ( ફા૦ **नुक्तह** نکته=વાતચીતની બારીકી, છાનો ભેદ ) કોયડો, વાતનો ટુચકો.

**નુરત**, સ્ત્રી૦ (અ૦ **नूर** نور=પ્રકાશ ઉપરથી) પ્રકાશ, તેજ સૌંદર્ય.

'અને સુરતને નુરતમાં ઠરાવવાથી જે એકતાનો આનંદ અનુભવાય છે.' આ. નિ.

**નુસખો**, પુ૦ (અ૦ **नुस्खह** نسخه=કિતાબ, પુસ્તક, લખેલું, હકીમ લોકો માંદા માણસને દવા લખી આપે છે તે ) દવાનો ઉતારો.

'મોક્ષના માર્ગરૂપ નુસખાઓનાં પુસ્તકોના પ્રસિદ્ધ કર્તા રૂપે જે વાણિજ્યવૃત્તિ વિસ્તારી રહ્યા છે.' સુ૦ ગ૦

**નૂર**, ન૦ ( અ૦ **नूर** نور=પ્રકાશ, તેજ ) કાંતિ, ચળકાટ.

'તારી આંખનું નુર લુટાઈ જાય છે.' નં૦ ચ૦

**નૂરેખુદા**, ન૦ ( અ૦ **नूर+खुदा** ફારસી **नूरिखुदा** نورخدا=ખુદાનો પ્રકાશ ) ખુદાનું નૂર.

**નૂરેચશ્મ**, ન૦ ( અ૦ **नूर+चश्म** ફારસી **नूरिचश्म** نورچشم=આંખનું નૂર) કાગળ પત્રમાં છોકરાને લખાય છે.

**નૂરી**, વિ૦ ( અ૦ **नूरी** نوری=પ્રકાશિત ) તેજસ્વી.

**ને**, સ્ત્રી૦ ( ફા૦ **नय्** نی=વાંસ ) હોકાની ને.

**નેક**, વિ૦ ( ફા૦ **नेक** نیک=ભલો, સારો ) પ્રામાણિક, સાચો, ન્યાયી.

**નેકા**, પુ૦ ( અ૦ **निकाह** نکاح=લગ્ન ) લગ્ન સંબંધ, વિવાહ. 'તેની સાથે આપના નેકા થાય તો અમારે માથેથી ગાળ ઉતરે.' રા. મા. ભા. ૧

**નેકી**, સ્ત્રી૦ ( ફા૦ **नेकी** نیکی=ભલાઇ, સાલસપણું ) પ્રામાણિકપણું, ઇમાનદારી.

**નેકીપોકારવી**, અ૦ ક્રિ૦ ( અ૦ **नकीब**= ચોપદાર ઉપરથી ) બાદશાહની સ્તુતિનાં વચન બોલવાં તે.

**નેચો**, પુ૦ ( ફા૦ **नयचह** نیچه **नय**=વાંસ **चह**=લઘુતા વાચક પ્રત્યય=હુકકાની ને, હોકાની ગુંછળાદાર ને.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'હુક્કાના નેહચાને ગાદીપર મુકીને ત્યાંથી પાછી વળી.' બા૦ બા૦

**નેજવું**, ન૦ (ફા૦ **नय**=વાંસ+**यजह**=લઘુતા વાચક પ્રત્યય نیزه **नयज़ह**) બારસાખના સોભલા પાસેનું ઢાંકણ.

**નેજારો**, પુ૦ (અ૦ **नजारह** نظاره=કોઇ વસ્તુનું જોવું **नजर** ઉપરથી) કટાક્ષ, આંખના અણસારા.

**નેજું**, ન૦ (ફા૦ **नेजह** نیزه=ભાલો) નાની બરછી ઉપરની ધજા.

'સનમ શેહનાં અહીંઆં તો, ઉડે અસ્માનમાં નેજાં.' દી૦ સા૦

**નેજો**, પુ૦ (ફા૦ **नेजह** نیزه=ભાલો)વાવટો.

**નેફો**, પુ૦ (ફા૦ **नेफह** نیفه=નાડું, નાડું જેમાં નાખે છે તે) સુરવાળ ને ચણિયાની તે ખોલ જેમાં નાડું રહે છે તે.

'લીલીછમ ઘાટડી શરીર ઢાંકી નેફા ઉપર વેરાઈ રહે, તેમ ભીંતનાં કાંગરા પર ઝાડો દેખાતાં હતાં.' સ. ચં. ભા. ૧

**નેહારી**, સ્ત્રી૦ (અ૦ **निहारी** نهاری=સવારે ઉઠીને જમવું તે) નાસ્તો, સવારનું જમણ.

**નેહેર**, સ્ત્રી૦ નહેર શબ્દ જુઓ.

**નૈયત**, સ્ત્રી૦ (અ૦ **नियत** نیت=મનનો ઇરાદો, ઇચ્છા) દાનત, વૃત્તિ.

**નોક**, સ્ત્રી૦ (ફા૦ **नोक** نوک=કલમ, છરી, ખંજર, ભાલો વગેરેની અણી) અણી, છેડો.

**નોકર**, પુ૦ (ફા૦ **नोकर** نوکر=ચાકર) પગાર લઇ કામ કરનાર.

**નોકરિયાટ**, વિ૦ (ફા૦ **नोकर** ઉપરથી) નોકરી કરનારૂં.

**નોકરી**, સ્ત્રી૦ (ફા૦ **नोकरी** نوکری=ચાકરી) સેવા ચાકરી.

**નોકદાર**, સ્ત્રી૦ (ફા૦ **नोक़दार** نوکدار=અણીવાળું) શોભીતું, રૂપાળું.

**નોછાવર**, કરવું, સ૦ ક્રિ૦ (અ૦ **नसार** نثار=કોઇ વસ્તુ કોઇ ઉપરથી વાળવી, કુરબાન કરવી) નોછાવર કરવી. ખેરાત કરવી.

'હિંદુસ્તાનના બીજા દેશો દશ વાર નોછાવર કરીએ તો પણ કાંઇ નથી.' રા. મા. ભા. ૧

**નોબત**, સ્ત્રી૦ (અ૦ **नव्बत** نوبت=સમય, દુઃખ, વારો, પદવી, નગારૂં, તંબુ, પહેરો, રક્ષણ. બાદશાહની સવારીમાં નોબત આગળ હોય છે તેથી 'નોબત આવી' એટલે 'વારો આવ્યો' એવો અર્થ હતો તેને બદલે 'નોબત' એટલે 'નગારૂં' અર્થ થઇ ગયો. 'નોબત' શબ્દ 'વારા'ના અર્થમાં પણ વપરાય છે) મોટું નગારૂં.

**નોશેરવાન**, પુ૦ (ફા૦ **नवशेरवान**=ઇરાનના એક બાદશાહનું નામ છે **नवशीन**=ગળ્યું+**रवान**=જીવ. મીઠા જીવવાળો. કેમકે એ બાદશાહ ઘણો જ ન્યાયી ને સદ્દગુણી હતો. (૨) **नव**=નવો,+**शेर**=સિંહ=**वान**=જેવો=નવા સિંહ જેવો-બહાદુર) પારસીઓમાં સંજ્ઞાવાચક નામ છે.

**ન્યામત**, સ્ત્રી૦ (અ૦ **निअमत** نعمت=આરામ, સુખ) ધનદોલત, વગેરે.

'તંદુરસ્તી હજાર ન્યામત.' નં. ચ.

## પ. प.

**પગરસ્તો**, પુ૦ (ફા૦ **रास्तह** راسته=રસ્તો+પગ, ગુ૦ શબ્દ) વાહનથી જવાય નહિ, પણ પગે ચાલીને જવાય એવો રસ્તો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પચરંગ,** વિ૦ ( ફા૦ **रंग** رنگ પાંચ રંગ જેમાં હોય એવું.) વિરંગી.

**પચરંગી,** વિ૦ ( ફા૦ **रंगी** رنگی પાંચ રંગવાળું.) રંગબેરંગી, વિવિધ જાતનું. પચરંગી પટકુળ ધારી, દીસે શોભા આ રતે ન્યારી; નવલ.

**પજાવો,** પુ૦ ( ફા૦ **पजावह, पचारह, पचादह** پجاوه پچاره پچاده= ઈંટો પકવવાની ભઠ્ઠી. **पुख्तन**=પકવવું ઉપરથી ) નીભા. ' તે કોઇ ગામડું કે ભઠ્ઠી કે પજાવો હશે. ' ક. ઘે.

**પઠાણ,** પુ૦ ( ફા૦ **बतान** ઉપરથી. અફગાનિસ્તાનના વતની. બની ઇસ્રાઈલમાં અફગાન નામે એક માણસ સુલેમાન બિન દાવૂદ ( અ. સ. ) ના સમયમાં હતો. તેના વંશજો અફગાન કહેવાયા. હજરત મુહંમદ ( સ. અ. ) ના વખતમાં એ વંશમાંથી **कय्स** નામે માણસ ૭૦ માણસોને લઇને હજુરમાં હાજર થઇ મુસલમાન થયો, ને પોતાના દેશમાં જઈ ઇસ્લામ ચાલુ કર્યો. એ લોકોમાં તેનું નામ **बतान** થયું. એમની ભાષામાં વહાણના નીચેના તખ્તાને 'બતાન' કહે છે. વહાણની મજબુતી એ તખ્તા ઉપર આધાર રાખે છે. તેવી રીતે અફગાનોમાં ઇસ્લામની મજબુતી **कय्स**થી થઇ, તેથી તેને બતાન કહેવા લાગ્યા. એ પરથી પઠાણ ( પટાન ) શબ્દ થયો. રુસૂમેહિંદ='હિંદુસ્તાનના રીતરીવાજ' એ નામના ઉર્દૂ પુસ્તક ઉપરથી ) કાબુલી.

**પડદેનશીન,** વિ૦ ( ફા૦ **पर्दहनिशीन** پرده‌نشین=પરદામાં બેસનાર **निशिस्तन**=બેસવું ઉપરથી **निशीन**=બેસનાર ) પરદામાં રહેનાર, ઓઝલમાં રહેનાર.

**પડદેપોશ,** વિ૦ ( ફા૦ **पर्दहपोश** پرده‌پوش =પરદામાં રહેલું. **पोशीदन**=ઢાંકવું ઉપરથી ) પરદામાંનું.

**પડદો,** પુ૦ ( ફા૦ **पर्दह** پرده=પરદો ) ઢાંકણ.

**પદર,** પુ૦ ( ફા૦ **पदर** કે **पिदर** پدر= બાપ ) બાપથી મળેલો માલકીપણાનો હક.

**પનાદાર,** વિ૦ ( ફા૦ **पह्नह** پهنه=કોઇ પણ વસ્તુની પોહોળાઇ+**दार** મળીને **पह्नहदार** پهنه‌دار=પોહોળાઇમાં વધારે હોય એવું ) જેનો પનો મોટો હોય એવું લુગડું.

**પનાહ,** સ્ત્રી૦ ( ફા૦ **पनाह** پناه=સંભાળ, **पनाहीदन**=રક્ષણ કરવું ઉપરથી ) બચાવ, બચાવનું ઠેકાણું ) રક્ષણ. શહેરપનાહ= શહેરનું રક્ષણ કરનાર-કોટ, જહાંપનાહ= જહાંનું રક્ષણ કરનાર, બાદશાહ.

' તેમણે ધાર્યું કે મસ્જિદમાં પનાહ લઇશું. ' નં. ચ.

**પનાહગાહ,** સ્ત્રી૦ ( ફા૦ **पनाहगाह** پناهگاه=રક્ષણનું ઠેકાણું. **गाह**=ઠેકાણું ) સુરક્ષિત મુકામ.

' જ્યાં ત્યાં કુદરતી પનાહગાહ બની ગઇ. ' નં. ચ.

**પનો,** પુ૦ ( ફા૦ **पह्नह** پهنه=કોઇ પણ વસ્તુની પોહોળાઇ ) પોહોળાઇ.

**પયમાન,** ન૦ ( ફા૦ **पय्मान** پیمان= કોલકરાર ) વાયદો.

' ધારી ફકીરી કાપીને સરથી પયમાન દે ન દે. ' આ. નિ.

**પર,** ન૦ ( ફા૦ **पर** پر=પીછાં ) પીછાં.

**પરકાર,** પુ૦ ( ફા૦ **पर्कार** કે **पर्गार** پرکار پرگار=વર્તુલ ) કોમ્પાસ.

' પરકાર છે દિલદાર, ખબરદાર ખબર લે. ' ગુ. ગ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પરગણું**, ન૦ ( ફા૦ **पर्गनह** پرگنہ= જિલ્લાનો ભાગ ) તાલુકો.

**પરતો**, પુ૦ ( ફા૦ **पर्तव** پرتو=તેજસ્વી પદાર્થનું પ્રતિબિંબ ) ચમત્કાર, અસર.

**પરદેનશીન**, વિ૦ ( ફા૦ **पर्दह्‌निशीन** پردہ‌نشین=પરદામાં બેસનાર ) ઓઝલમાં રહેનાર. 'વ્યવહારની તડામારમાં પડેલા એવા પરદેનશીન પંડિતોને સ્વાર્થના તોફાનમાં અનેક પ્રકારના પવનના સપાટા લાગે છે.' સુ. ગ.

**પરદો**, પુ૦ ( ફા૦ **पर्दह** پردہ=પડદો ) ચક, અંતરાય.

**પરવરદેગાર**, પુ૦ ( ફા૦ **पर्वर्दगार** پروردگار=સર્વનું પાલણ કરનાર. **पर्वर्दन**=પાળવું ઉપરથી **पर्वर्द+गार**=વાળો ) પાલક, પોષક. 'અમે પરવરદગારના નામનો શુકર કરત.' ક. ઘે.

**પરવરશ**, સ્ત્રી૦ ( ફા૦ **पर्वरिश** پرورش= પાલણ. પર્વર્દન=પાળવું ઉપરથી ) બરદાસ, પાલણપોષણ.

'તું તો પેલો કાફરોનો પરવરશ કરનાર, કાજીએ જરા વધારે બારીકાઇથી બંદાનો ચહેરો અવલોકી કહ્યું.' ગુ. સિં.

**પરવરશી**, સ્ત્રી૦ ( ફા૦ **पर्वरिश** پرورش= પાલણ. **पर्वर्दन**=પાળવું ઉપરથી ) બરદાસ, પાલણપોષણ.

**પરવસી**, સ્ત્રી૦ ( ફા૦ **पर्वरिश** پرورش= પાલણ, પર્વર્દન=પાળવું ઉપરથી) બરદાસ, પાલણપોષણ.

'મારાં બાલબચ્ચાંને વેળાસર અન્ન ભેગાં કરવાની પરવસી દયાળુ સરકાર કરશો.' અં. ન. ગ.

**પરવા**, સ્ત્રી૦ ( ફા૦ **पर्वा** કે **पर्वह** پروا پروہ=ગરજ ) દરકાર, સ્પૃહા, જરૂર.

**પરવાજ**, સ્ત્રી૦ ( ફા૦ **पर्वाज़** پرواز=પાંખો પોહોળી કરીને ઊડવું ) ઊડવું.

'મારી રૂહ પરવાજ કરી જાય.' બા. બા.

**પરવાનગી**, સ્ત્રી૦ ( ફા૦ **पर्वान्गी** پروانگی= રજા. **पर्वानह्+गी** મળીને) છૂટ, અનુજ્ઞા, મંજુરી, અનુમતિ લેવી. 'એટલે સદર પરવાનગી મળેલી.' સ. ચં. ભા. ૧

**પરવાનો**, પુ૦ ( ફા૦ **पर्वानह** پروانہ= રજા ) પરવાનો, સનંદ, રજાચિઠ્ઠી, છૂટપત્ર. 'પાલીતાણામાં જીવહિંસા ન કરવાનો પરવાનો કાઢયો હતો.' ટ. ૧૦૦ વા. ભા. ૪

**પરવાનો**, પુ૦ ( ફા૦ **पर्वानह** پروانہ=પતંગીઉં ) ફૂદું, દીવાની આજુબાજુ ઊડે છે તે. 'શમા પર જાય પરવાના, મરે શીરીં ઉપર ફરહાદ.' સુ. ગ.

**પરવારી**, વિ૦ ( ફા૦ **पर्वारी** پرواری= તાજો, હૃષ્ટપુષ્ટ ) તંદુરસ્ત ને જાડું જાનવર.

**પરવારી**, સ્ત્રી૦ ( ફા૦ **पर्वारी** پرواری એક જાતના ભરવાડ જેવા લોક ) ભરવાડના જેવી એક જાતિ.

**પરસંગ**, ન૦ ( ફા૦ **फर्संग** فرسنگ=૩ માઇલ ) ૩ માઇલ. 'પછી તે સર્વસ્વ હરી લીધેલા દેવાલયથી ૧૨૦ માઇલ (૪૦ પરસંગ)ને છેટે કેડહત ( કચ્છના કંથકોટ ) નામના કિલ્લામાં જઇ બેઠા.' રા. મા. ભા. ૧

**પરસ્તાર**, પુ૦ ( ફા૦ **परस्तार** پرستار= સેવક ) ગુલામ, ચાકર, માંદાની ચાકરી કરનાર.

'તેના હુસ્નની પરસ્તાર થઇ હતી' બા. બા.

**પરહેજ**, વિ૦ ( ફા૦ **पर्हेज** پرہیز=બચવું,

For Private And Personal Use Only

**पर्हेख्तन**=બચવું ઉપરથી ) બંધી, કેદ, કરી, ગુનાહોથી બચીને ચાલવું.

**પરહેજગાર,** વિ૦ ( ફા૦ **पर्हेज्गार** پرهیزگار =પવિત્ર ) નઠારાં કામોથી બચનાર.

**પરહેજી,** સ્ત્રી૦ ( ફા૦ **पर्हेजी** پرهیزی= ખાવાપીવામાં અમુક વસ્તુઓથી બચવું તે ) પરહેજી, કરી.

**પરંદુ,** ન૦ ( ફા૦ **परंदह** پرنده=ઊડનાર **परीदन**=ઉડવું ઉપરથી ) પક્ષી.

'કુરંગો જ્યાં કુદે ભોળાં, પરિંદાંનાં ઊડે ટોળાં.' કલાપી.

**પરાગંદુ,** વિ૦ ( ફા૦ **परागंदह** پراگنده =વિખરાઇ ગએલું. **परागंदन**=વીખરાઇ જવું ઉપરથી) અનિયમિત, જમીન છોડીને નાસી ગએલો ખેડુત, પડતર રહેલી જમીન. રેવન્યુ ખાતામાં આ શબ્દ વપરાય છે.

'ફલાણો ખેડુત પરાગંદા થઇ ગયો છે.'

**પરી,** સ્ત્રી૦ ( ફા૦ **परी** پری=અલૌકિક સ્ત્રી. **परीदन**=ઊડવું ઉપરથી ) ઉડનાર સ્ત્રી. અપ્સરા.

પરીઓ આવીને એની નોકરી બજાવી ન જતી.' ગુલાબસિંહ.

**પરેજ,** વિસ ( ફા૦ **पर्हेज** پرهیز=પરહેજ) કરી, કેદ.

'તેમને પણ એક જુદી કોટડીમાં પરેજ રાખવા.' અં. ન. ગ.

**પરેજી,** સ્ત્રી૦ ( ફા૦ **पर्हेजी** پرهیزی=પરહેજ પાળનાર ) કરી, પથ્ય.

'તે ખાવામાં પરેજી પાળે નહિ.' ટ. ૧૦૦ વા. ભા. ૩.

**પરેશાન,** વિ૦ ( ફા૦ **परेशान, परीशान** پریشان=ગભરાએલો ) મુસીબત ઉઠાવેલો, ધૂર્ત્ત, ખંધું, ચતુર.

**પરેશાની.** સ્ત્રી૦ ( ફા૦ **परेशानी, परीशानी** پریشانی=ગભરામણ ) મુસીબત, ફિકર, ચિંતા, મુઝવણ.

'પરેશાનીજ છે રાહત, ફકીરી હાલ મારો છે.' કલાપી.

**પરેસ્તાન,** ન૦ ( ફા૦ **परस्तान, परीस्तान,** پرستان پریستان=પરીઓનો રહેવાનો દેશ,) મનુષ્યથી ઉંચો લોક, સ્વર્ગ.

**પલક,** સ્ત્રી૦ ( ફા૦ **पलक** پلک=પોપચું ) આંખના પોપચાના વાળ, પાંપણ.

**પલકારો,** પુ૦ ( ફા૦ **पलक** پلک=પોપચું ઉપરથી) આંખ ઉઘાડી બંધ કરીએ એટલો વખત.

**પલકવું,** અ૦ ક્રિ૦ ( ફા૦ **पलक** ઉપરથી ક્રિયાપદ ) પલકારા મારવા.

**પલકદરિયાવ,** વિ. ( ફા૦ **दर्या** دریا ) થોડી વારમાં ઘણો વરસાદ થાય તે.

**પલંગ,** પુ૦ ( ફા૦ **पलंग** پلنگ=પલંગ ) છત્રીવાળો મોટો ખાટલો, ઢોળીઓ, પાટી ભરેલો ખાટલો.

**પલંગડી,** સ્ત્રી૦ ( ફા૦ **पलंग** એને ગુજરાતી લઘુતાવાચક **ડી** પ્રત્યય લાગી થએલો શબ્દ ) નાનો પલંગ, ઢોલડી.

**પલંગપોશ,** પુ૦ ( ફા૦ **पलंग् + पोश=पलंगपोश** پلنگپوش=પલંગને ઢાંકનાર. **पोशीदन**=ઢાંકવું ઉપરથી ) પલંગ ઉપર શોભાને માટે પાથરવાનું ભાતીગલ સુંદર કપડું, ઓછાડ.

**પલાણ,** ન૦ (ફા૦ **पालान**=ગધેડા ઉપરની કાઠી ) ડળી.

**પલાણવું,** સ૦ ક્રિ૦ ( ફા૦ **पालान** ઉપરથી ગુજરાતી ક્રિયાપદ ) ઘોડે બેસવું, ઘોડા ઉપર સામાન મૂકવો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પલાવ**, પુ૦ ( ફા૦ **पलाव** پلاو ચોખાનું એક પ્રકારનું જમણુ ) ભાતમાં ચણાની દાળ ને માંસ નાખીને અથવા ફક્ત ભાત ને દાળ વઘારીને કરવામાં આવતું એક જમણુ.

**પલીત**, વિ૦ ( ફા૦ **पलीद** پلید=નાપાક, અપવિત્ર, ભૂતપ્રેત.

'પરંતું આની સોબતમાં હોઉં ત્યાં સુધી પેલો વિકરાલ રક્તબીજ મને નડતો નહિ. એ પલીત મને શી રીતે કનડે છે, તે હું તને સમજાવું.' ગુલાબસિંહ.

**પલીતો**, પુ૦ ( ફ૦ **पलीतह** پلیته=દીવેટ ) મંત્ર કરનાર લોકો માંદા માણસની આગળ બાળવાની જે ચિઠ્ઠી લખી આપે છે તે.

**પલ્લું**, ન૦ ( ફા૦ **पल्लह** پله=ત્રાજવાનું પલ્લું ) છાબડું.

**પશમ**, ન૦ ( ફા૦ **पश्म** پشم=ઝીણોવાળ ) રૂંવાંટી, વાળ.

**પશમી**, વિ૦ ( ફા૦ **पश्मी** پشمی=ઊનનું ગરમ કપડું ) ઊનનું કાપડ.

**પશમીના**, પુ૦ ( ફા૦ **पश्मीनह** پشمینه=ગરમ પોશાક ) પશમીશાલ.

**પશેમાની**, સ્ત્રી૦ (ફા૦ **पशेमानी** پشیمانی =પસ્તાવો ) શરમાવું, ખિન્ન થવું.

'ગુલંદામ પશેમાની કરવા લાગી.' બા. બા.

**પશોપેશ**, સ્ત્રી૦ (ફા૦ **पसोपेश** پس و پیش =આગળ પાછળ **पस**=પાછળ, **पेश**=આગળ સંધિ થઇ વચમાં **व** આવવાથી **पेसोपेश**=ગભરામણ ) વિચાર, મુંઝવણ, નાસભાગ.

'આ સવાલથી તે પસોપેશમાં પડી ગયો' બા. બા.

**પસંદ**, વિ૦ ( ફા૦ **पसंद** پسند=ગમતું, **पसंदीदन**=પસંદ કરવું ઉપરથી ) ગમે તે, ગમતું.

**પસંદગી**, સ્ત્રી૦ (ફા૦ **पसंदगी** پسندگی= મનની રૂચિ ) રાજીખુશી, પસંદ કરવાપણું.

**પસ્તું**, ન૦ ( ફા૦ **पिस्तह** پسته=એક પ્રકારનો મેવો ) પકવાન્નમાં નાંખવાનો એક પ્રકારનો મેવો.

**પહેરણુ**, ન૦ ( ફા૦ **पयराहां, पयराहन, पयरहन** پیراهن پیرهن پیراهان= પહેરણુ ) કેડાઉ, ખમીશ.

'પહેરણુ છાલો પાંદડાં, ખાવા વનફળફુલ,
વનમાં વસીને વેઠતાં, દેહે દુઃખ અતુલ.
ક૦ દ૦ ડા૦

**પહેરેગીર**, પુ૦ ( ફા૦ **पहरहगीर** پهره گیر =ત્રણ કલાકની નોકરી પર નીમાએલો માણસ ) પહેરો ભરનાર, સિપાઈ, પહેરા ચોકીનું કામ કરનાર.

'પેરેગીરને અરજ કરૂં છું.' ટ. ૧૦૦ વા. ભા. ૩.

**પહેરો**, પુ૦ ( ફા૦ **पहरह** پهره=ચોકી ) તપાસ, જાપતો, રક્ષા, સંભાળ, નીઘેબાની, હવાલો.

**પહેલવાન**, પુ૦ (ફા૦ **पहलवान** پهلوان= જુવાન ) જોરવાળો, કુસ્તી કરનાર, વીર, બહાદુર, શૂરવીર.

**પહેલવી**, સ્ત્રી૦ ( ફા૦ **पहलवी** پهلوی= ફારસીની ૭ ભાષાઓમાંની એક ભાષા) જુની ફારસી ભાષા.

**પહોરો**, પુ૦ ( ફા૦ **पहरह** پهره ) પહેરો શબ્દ જુઓ.

**પંચક્યાસ**, પુ૦ ( અ૦ **कियास** قیاس= અંદાજો, વિચાર કરવો ) પાંચ ડાહ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણસો પાસે જાહેર કસ કરાવવો તે, પંચાતનામું.

**પંજર**, ન૦ ( ફા૦ **पंजरह** پنجره=સળીઓની જાળીથી બનાવેલી વસ્તુ, પાંજરૂં, એનું ટુકું રૂપ 'પંજર' પણ વપરાય છે.

**પંજાબ**, પુ૦ ( ફા૦ **पंजाब** پنجاب **पंज**= પાંચ+**आब**=પાણી=પાંચ નદીઓ જેમાં વહે છે તેવો દેશ ) પંજાબ પ્રાંત.

**પંજાબી**. વિ૦ ( ફા૦ **पंजाबी** پنجابی= પંજાબનો વતની ) પંજાબનું, કદાવર, દેખાવડો, ઊંચો લાંબો ને હષ્ટ પુષ્ટ માણસ.

**પંજો**, પુ૦ ( ફા૦ **पंजाह** કે **पंजह** پنجاه پنجه=કાંડાની આગળનો ભાગ ) કબજો, દાબ.

**પાક**, વિ૦ ( ફા૦ **पाक** پاک=પવિત્ર ) શુદ્ધ, ચોકખું, નિર્મળ,
'દ્યાનત દેવું આપવા, પુરી રાખો પાક; વખત વિત્યાનો બાધ તો, રાખે જન નાપાક.' ૮. ૧૦૦ વા. ભા. ૩.

**પાકદામન**, વિ૦ (ફા૦ **पाक्दामन** پاکدامن =પવિત્ર ચાળવાળો. **पाक्**=પવિત્ર. **दामन**= ચાળ. પવિત્ર ) શીળગુણી, નિષ્કલંક.

'પાકદામ અબ્બાઈઓને કતલ કર્યા.' નં૦ ચ૦

**પાકદોસ્તી**, સ્ત્રી૦ ( ફા૦ **पाक्दोस्ती** پاکدوستی=સ્વાર્થ વગરની મિત્રતા ) નિષ્કામ પ્રીતિ, નિખાલસ દોસ્તી, વિકાર વિનાની દોસ્તી.

**પાકમોહોબત**, સ્ત્રી૦ ( ફા૦ **पाक्+महब्बत** અરબી پاکمحبت સ્વાર્થ વિનાની પ્રીતિ ) ખરી પ્રીતિ.

૨૦

**પાકી**, સ્ત્રી૦ ( ફા૦ **पाकी** پاکی=પવિત્રતા ) સફાઇ, સ્વચ્છતા.

**પાકીજગી**, સ્ત્રી૦ ( **पाकीज्गी** پاکیزگی= પવિત્રતા ) પવિત્રપણું.
'મારી દુખ્તરની પાકીજગી સૌ જાણે છે.' બા૦ બા૦

**પાગા**, સ્ત્રી૦ ( ફા૦ **पाय्गाह** پایگاه= દરજ્જો ) ઇજ્જત, પદવી, અસલ, ઘોડાનો તબેલો. 'તેમની પાગાને તો પૂછે તેને પરમેશ્વર પૂછે.' અં. ન. ગ.

**પાજી**, વિ૦ ( ફા૦ **पाजी** پاجی=નીચ ) હલકો, **पा**=નીચે+**जी** સંબંધ વાચક પ્રત્યય) કંજુસ, બખીલ.

**પાતર**, સ્ત્રી૦ ( ફા૦ **पातर** پاتر=ગાવા બજાવવાનું કામ કરનાર લોક) ગવૈયા લોક.

**પાદશાહ**, પુ૦ ( ફા૦ **पाद्शाह**, **बाद्शाह** پادشاه باشاه **पात्**=તખ્ત+**शाह**= ધણી, તે ઉપરથી ઇરાનમાં **पात्शाह** શબ્દ થયો, હિંદુસ્તાનમાં પાદ શબ્દ હલકો ગણાય છે માટે **बाद्शाह** શબ્દ વપરાય છે ) મોટો મુસલમાન રાજા.

**પાદશાહજાદી**, સ્ત્રી૦ ( ફા૦ **पाद्शाह्जादी** پادشاهزادی=પાદશાહની કુંવરી. **जादन** =જણવું, જન્મ આપવો ઉપરથી **जादी**= જન્મેલી ) બાદશાહની દીકરી.

**પાદશાહજાદો**, પુ૦ ( ફા૦ **पाद्शाह्जादह** پادشاهزاده=પાદશાહનો કુંવર. **जादन**= જણવું, જન્મ આપવો ઉપરથી **जादह**= જન્મેલો ) બાદશાહનો કુંવર.

**પાદશાહી**, સ્ત્રી૦ (ફા૦ **पाद्शाही** پادشاهی =પાદશાહનો રાજ્ય અમલ ) પાદશાહનું રાજ્ય, પાદશાહ સાથે સંબંધ રાખનાર.

**પાદળ**, ન૦ ( ફા૦ **पियादह**=પગે ચાલનાર ) પાયદળ, પગ પાળો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાંચ કોસે પ્યાદા રહે, દસ કોસે અસ્વાર;
કાંતો નાર કુભારજા, કાં નાવલીઓ ગમાર.

**પાપોશ,** સ્ત્રી૰ ( ફા૰ **पापोश** پاپوش = પગરખાં. **पा**=પગ,+**पोश**=ઢાંકનાર. **पोशीदन**=ઢાંકવું ઉપરથી ) પગ ઢાંકનાર, પગરખું જોડો.

**પાબંધ,** વિ૰ ( ફા૰ **पाबंद** پابند = બંધાએલો ) નિયમસર કોઇ કામને વળગી રહેનાર.

'સંધ્યાનો પાબંધ હું હતો જ નહિ.' નં. ચ.

**પાયકાસ્ત,** પુ૰ ( ફા૰ **पायकाश्त** پاے کاشت =બીજા ગામથી ખેડવા આવનાર ખેડુત ) પોતાના ગામની કે પોતાના ગામમાંની પોતાની જમીન ઉપરાંત બીજા ગામની જમીન પણ ખેડે તે ખેડુત, રેવિન્યુમાં આ શબ્દ વપરાય છે.

**પાયકિસ્ત,** વિ૰ ( ફા૰ **पाय्‌किश्त** پائےکشت =ઉજડ. **पाय्**=પગ+**किश्त**=ખેતી ) વેરાન, ખેદાનમેદાન.

**પાયખાનું,** ન૰ ( ફા૰ **पाय्‌खानह** پائےخانہ, پاخانہ =સંડાસ ) જાજરૂ.

**પાયગા,** સ્ત્રી૰ ( ફા૰ **पाय्‌गाह** پائےگاہ = દરજ્જો ) પદવી, ઘોડેસવાર લશ્કરની એક નાની ટુકડી, લશ્કરી ઘોડાઓનો તબેલો.

**પાયચો,** પુ૰ ( ફા૰ **पाय्‌चह** پائچہ = સુરવાળ ) સુરવાળની બંને તરફનો ભાગ, જેમાં પગ રહે છે તે.

**પાયજામો,** પુ૰ ( ફા૰ **पाय्‌जामह** پائجامہ =સુરવાળ ) સુંથણો, ચોરણો.

'પાયજામા જામાપછેડી, જામા અવળા બંધજી; વસ્ત્ર તણો તો વરસાદ વરસ્યો, જ્યાં દોસ્ત કરૂણાસિંધજી.' મામેરૂં.

**પાયતખ્ત,** ન૰ ( ફા૰ **पाय्‌तख्त** پائےتخت =રાજધાની ) રાજગાદીનું સ્થળ, સિંહાસન, રાજગાદી.

'દગલમલે પાયતખ્તની અંદર ધોળે દહાડે ગજબ ગુજાર્યો.' અં. ન. ગ.

**પાયદળ,** ન૰ ( ફા૰ **पियाहद** پیادہ =પગે ચાલનાર ) પગે ચાલનાર લશ્કર.

**પાયમાલ,** વિ૰ ( ફા૰ **पाय्‌माल** پائےمال = નાશ પામેલું. **पाय्**=પગ+**मालीदन**= મસળવું ઉપરથી **माल**=મસળી નાખેલું ) પગે મસળી નાખેલું, નાશ થએલું, તારાજ, નાદાર. 'પાયમાલ' ને 'પામાલ' બંને શબ્દો વપરાય છે. 'જેમણે ઇરાન વગેરેને પાયમાલ કર્યાં હતાં.' સિ. સા.

**પાયમાલી,** સ્ત્રી૰ ( ફા૰ **पाय्‌माली** پائےمالی =ખરાબી ) દુર્દશા, બેહાલી. 'પામાલી' પણ વપરાય છે.

**પાયલ,** પુ૰ ( ફા૰ **पायल** پائل =ઘુઘરા ) સ્ત્રીઓને પગે પહેરવાનું ઘરેણું.

**પાયાબ,** ત્રિ૰ ( ફા૰ **पायाब** پایاب =પગે ચાલીને નદી પાર જવાય એટલું પાણી જેમાં છે તે નદી ) નાળું, તળાવ, વગેરે.

**પાયો,** પુ૰ ( ફા૰ **पायह** پایہ =પદવી, ઘરનો પાયો, દરજ્જો, નીસરણી, પગ ) ખાટલાનો પાયો, ઘરનો પાયો.

**પારસ,** પુ૰ ( ફા૰ **पार्स** કે **पारस**=પારસ બિન હોશંગના નામ ઉપરથી ) ઇરાન.

**પારસા,** ત્રિ૰ ( ફા૰ **पार्सा** پارسا =પરહેજગાર ) અપરાધોથી પોતાને બચાવી રાખનાર, નિષ્કલંક.

**પારસી,** પુ૰ ( ફા૰ **पार्सी** કે **पारसी** پارسی =પારસ દેશના એટલે ઈરાનના લોકો. પારસ=ઇરાન સાથે સંબંધ રાખનાર ) અગ્નિપૂજક ધર્મના લોકો.

For Private And Personal Use Only

**પાલખી,** સ્ત્રી૦ ( ફા૦ **पालकी** پالکی= સુખપાળ ) પાલખી.

**પાલુદો,** પુ૦ ( ફા૦ **पालूदह** پالوده= સ્વચ્છ કરેલું. ઘઉંના મેદાને ઘેંસની પેઠે ઝારામાંથી સેવો પેઠે કાઢી પાણીમાં મૂકી રાખે છે. તેમાં દૂધ, ખાંડ, ગુલાબ, વગેરે નાખી પીએ છે. ઠંડકને માટે રમજાન ( ઉપવાસનો મહીનો ) માં એનો ઉપયોગ મુસલમાનોમાં સારો થાય છે. બજારમાં પણ એક જાતના ઘાસ જેવી વસ્તુ મળે છે, જેને ખદખદતા પાણીમાં નાખી તેમાં ખાંડ કેસર વગેરે નાખે છે તે કાપીને ખાવાના કામમાં આવે છે. પાલુદન=સ્વચ્છ કરવું ઉપરથી ) ફાલુદો.

**પાવરધો,** વિ૦ ( ફા૦ **पर्वर्दह** پرورده= પાળેલો ઉપરથી ) હુશીઆર, ચાલાક.

‘ વિદ્યાકલા સર્વમાં પાવરધા થઇ આર્ય લોકો મહાલક્ષ્મીને પ્રાપ્ત કરવા યત્નવાન છે. ’ સુ. ગ.

**પાશંગ,** પુ૦ ( ફા૦ **पासंग** پاسنگ=તરાજવાનાં બંને પાસાં સમતોલ રાખવા માટે એક તરફ જે વજન રાખવામાં આવે છે તે **पा+संग**=પત્થર ) ધડો.

**પાસવાન,** પુ૦ ( ફા૦ **पास्बान** پاسبان= રક્ષણકર્ત્તા. **पास्**=રક્ષણ+**बान**=કર્ત્તા. ) નોકર, હજુરીઓ. ‘ કારભારી અને તેના જુદા જુદા પાસવાનો મળી સૌને રૂ. ૫૦૦૦૦ લાંચના જોઇતા હતા. ’ સ. ચં. ભા. ૧.

**પાસ્તર,** પુ૦ ( ફા૦ **पस्तर** پستر=પાછોતરો પાક. **पस**=પાછળ+**तर** અધિકતા વાચક પ્રત્યય ) બીજો પાક.

**પાળો,** પુ૦ ( ફા૦ **पालाद** پالاد=સવારી કરેલી ન હોય એવો ખાલી ઘોડો ) કોતલ ઘોડો.

**પિકદાની,** સ્ત્રી૦ ( ફા૦ **दान** એ સ્થળ વાચક પ્રત્યય છે તે ઉપરથી ગુજરાતીમાં ‘દાની’ پیکدان ) પાનનું થુંક નાખવાનું વાસણ.

**પિયાજ,** ન૦ ( ફા૦ **पियाज** پیاز= ડુંગળી ) કાંદા.

**પિરોજ,** પુ૦ ( ફા૦ **पीरोज, फीरोजह** پیروز فیروز=એક જાતનું રત્ન ) એક જાતનું રત્ન.

**પિરોજું,** વિ૦ ( ફા૦ **पीरोजी, फीरोजी** پیروزی فیروزی=આસ્માની ) લીલું.

**પિસર,** પુ૦ ( ફા૦ **पिसर** پسر=છોકરો ) દીકરો.

કોઇ અમલદારનો પિસર હશે.’ બા. બા.

**પિશાબ,** પુ૦ ( ફા૦ **पिशाब, पीशाब, पेशाब** پیشاب=મૂત્ર. **पेश्**=આગળ+**आब**=પાણી,) પેશાબ.

**પિશાબખાનું,** ન૦ ( ફા૦ **पेशाब्खानह** پیشابخانه=પેશાબ કરવાની જગા. ) મુતરડી.

**પિંજરૂં,** ન૦ ( ફા૦ **पंजरह** કે **पंजर** پنجره پنجر=પાંજરૂં ) પાંજરૂં.

**પીર,** પુ૦ ( ફા૦ **पीर** پیر=ઘરડો, વૃદ્ધ ) મુસલમાનોમાં પવિત્ર ગણાતો પુરૂષ.

‘ પીર પેગંબરો આવીને એને ભવિષ્ય કહી ન જતા. ’ ગુલાબસિંહ.

**પીરજાદો,** પુ૦ ( ફા૦ **पीर्जादह** پیرزاده= પીરનો છોકરો ) પીરનો પુત્ર.

**પીરાનપીર,** પુ૦ ( ફા૦ **पीरान्पीर** پیرانپیر=પીરોના પીર. મૂળ શબ્દ ‘પીરેપીરાન’ છે, પછી છઠ્ઠી વિભક્તિ ઊડી જવાથી શબ્દોનું સ્થળાંતર થઇ પીરાન પીર શબ્દ થયો. એમનું નામ અબ્દુલકાદિર મોહૈયુદ્દીન છે, એમનો રોજો

બગદાદમાં છે. આજથી ૭૦૦ વરસ પર થઈ ગયા છે ) સુંની લોકોના મોટા પીર.

**પીલુડી,** સ્ત્રી૦ ( ફા૦ **पील्लू** پیلو=પીલુનું ઝાડ ) પીલુનું ઝાડ.

'પીલુ ટાણે ચાંચ પાકી.' ગુ૦ કહેવત.

**પુખ્ત,** વિ૦ ( ફા૦ **पुख्तह** پخته=પાકું. **पुख्तन**=પકવવું ઉપરથી ) પાકી બુદ્ધિનું, સમજુ, પાકેલું.

**પુમડું,** ન૦ ( ફા૦ **पुंबह** پنبه=રૂ ) રૂનું પુમડું.

**પુરજો,** પુ૦ ( ફા૦ **पुर्जह** پرزه=કકડો ) કકડો, ટુકડો.

**પુરસીસ,** સ્ત્રી૦ ( ફા૦ **पुर्सिश**=پرسش=પૂછવું. **पुर्सीदन**=પૂછવું ઉપરથી ) સવાલ કરવો.

'અમો પક્ષકારો અંદર અંદર સમજીઆ કરારની પુરસીસ આપીએ છીએ.' કોર્ટ.

**પુલાવ,** પુ૦ ( ફા૦ **पलाव** پلاو=પુલાવ ) ચોખાનો એક જાતનો ખોરાક. મૂળ શબ્દ 'પલાવ' છે, પણ 'પુલાવ' શબ્દ પણ વપરાય છે.

'લાંબી મુદ્દતે મસાલો મળે તેમાંથી લાડુ કે પુલાવ થાય.' અં. ન. ગ.

**પુસ્તી,** સ્ત્રી૦ ( ફા૦ **पुश्ती** پشتی=મદદ ) સહાય, મજબુતી માટે કામ કરવું તે.

**પુસ્તો,** પુ૦ ( ફા૦ **पुश्तह** پشته=ઢગલો ) ટેકરો, એક જાતનું બાંધકામ.

**પુરખુન,** વિ૦ ( ફા૦ **पुर्खून** پرخون=લોહીનો ભરેલો. **पुर्**=ભરેલો+ખૂન=લોહી ) જબરો, મજબુત, લોહિઆળું.

'તે પુરખુન તબીઅતનો જવાન રજપૂત બચ્ચો હતો.' નં. ચ.

**પુલ,** પુ૦ ( ફા૦ **पुल** پل ) નદીનાળાં ઉપર બાંધેલી પાળ.

**પેકાન,** ન૦ ( ફા૦ **पय्कान** پیکان=તીર ) તીરનું ફળ, શર.

'એ બેકસોના હાથમાં પયકાં નથી ખંજર નથી.' બા૦ બા૦

**પેગંબર,** પુ૦ ( ફા૦ **पय्गाम्बर** پیغامبر ઉપરથી **पय्गम्बर** پیغمبر=સંદેશો લઈ જનાર. **पय्गाम्**=સંદેશો+**बर**=લઈ જનાર **बर्दन**=લઈ જવું ઉપરથી ) માણસ માટે ઈશ્વરનો સંદેશો લઈ આવનાર.

'પીર પેગંબરો આવીને એને ભવિષ્ય કહી ન જતા.' ગુલાબસિંહ.

**પેગામ,** પુ૦ (ફા૦ **पय्गाम** پیغام=સંદેશો) કહેણ.

'દયાળુ છો, કૃપાળુ છો, પેગામ કે તાજા'
દી૦ સા૦

**પેચ,** પુ૦ ( ફા૦ **पेच** پیچ=પેચ. **पेचीदन**=ફેરવવું, લપેટવું ઉપરથી ) પેચ, દાવ, તાલ વગેરે. 'પણ ધૂર્તલાલ વિશ્વાસુ મંડળમાંથી દૂર ન પડતાં એના પેચથી ભોમીઓ રહેતો.' સ. ચં. ભા. ૩

**પેચદાર,** વિ૦ ( ફા૦ **पेच्दार** پیچدار=પેચવાળું ) આંટા આંટાવાળું.

**પેચી,** વિ૦ ( ફા૦ **पेची** پیچی=દાવપેચ જાણનાર ) છળકપટ જાણનાર.

**પેજાર,** સ્ત્રી૦ ( ફા૦ **पय्जार** پیزار=પગરખું **पय**=પગ+**जार** મળીને ) જુતી, મોજડી.

**પેદળ,** ન૦ ( ફા૦ **पियादह** پیاده=પગે ચાલનાર ) પગે ચાલનાર લશ્કર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પેદા,** વિ૦ ( ફા૦ **पयदा** پیدا=નવું થએલું, ઉપજેલું ) જન્મેલું, જાહેર થએલું.

**પેદાશ,** સ્ત્રી૦ ( ફા૦ **पयदाइश** پیدایش= કમાઇ, ઉપજ ) ઉત્પત્તિ, જન્મ.

**પેમાન,** ન૦ ( ફા૦ **पयमान** پیمان=કોલ-કરાર ) વાયદો.

'આવી સનમ જગાડી તું, ઇશ્ક પયમા દે ન દે.' ગુ. ગ.

**પેરણ,** ન૦ ( ફા૦ **पयराहां, पयराहन** કે **पयरहन** پیراهان پیراهن پیرهن= પહેરવાનું વસ્ત્ર ) કુરતું, કમીસ.

**પેરવી,** સ્ત્રી૦ ( ફા૦ **पयरवी** پیروی=અનુ-સરવું. **पय**=પાછળ+**रफ्तन**=જવું ઉપ-રથી **रवी**=જવાપણું) પાછળ જવું, તજવીજ. 'મુસલમાનોમાં હિંદની બહાર જોઇએ, તો નાતજાત નથી, ધનાઢ્યપણાને લીધે પેરવી છે.' નં. ચ.

**પેશ,** વિ૦ ( ફા૦ **पेश, पीश** پیش= આગળ ) મોખરે.

**પેશ કરવું,** સ૦ ક્રિ૦ ( ફા૦ **पेशकर्दन**= આગળ કરવું ઉપરથી ગુજરાતી ક્રિયાપદ) આગળ કરવું, રજુ કરવું. હાજર કરવું. 'તેણે સંસ્થાનોમાંથી આવેલા કાગળો સુબેદાર આગળ પેશ કર્યા.' બા. બા.

**પેશ પોહોંચાડવું,** સ૦ ક્રિ૦ ( ફા૦ **पेश** ઉપરથી ) આગળ લઇ જવું, આગળ પોહોંચાડવું, કામનો બદલો અપાવવો, ઠેઠ સુધી પાછળ પડવું. 'તેથી તેમનું કાર્ય પેશ પણ ન જાય.' આં. ન. ગ.

**પેશકદમી,** સ્ત્રી૦ ( ફા૦ **पेश+कदमी** અરબી, **कदम**=પગલું پیش قدمی=આગળ જવું ) સામે લેવા જવું.

'અરે આ પેશકદમીથી, કહે તુજ હાથ શું આવ્યું ?' કલાપી.

**પેશકસ,** પુ૦ ( ફા૦ **पेश्कश** پیشکش= નજરાણું, **कशीदन**=ખેંચવું ઉપરથી **कश**=ખેંચનાર, નજરાણું આપવાથી આ-ગળ જવું પડે છે ને મોટા માણસની મુલાકાત થાય છે માટે ) ભેટ, સોગાત, તોફો, ખંડણી.

**પેશકશી,** સ્ત્રી૦ (ફા૦ **पेश्कशी** پیشکشی આગળથી ભરવાનું મહેસુલ ) ખંડણી. 'પેશકશીના ચડેલા સુમારે રૂ. ૩૪૦૦૦ આપવાનો ઠરાવ કરી તેમની સંમતિ મેળવી.' રા. મા. ભા. ૧

**પેશકાર,** પુ૦ ( ફા૦ **पेश्कार** پیشکار= નોકર, ચાકર, શિષ્ય ) મજુર, મદદગાર, નજરની આગળ કામ કરનાર, મેહસુલ ઉઘરાવનાર અમલદાર.

'માજીસ્ટ્રેટોની એવફાઇ ને પેશકારોની હુશીઆરી વગેરેનો ચિતાર પોતાને બહુ પ્રિય હતો.' નં૦ ચ૦

**પેશગા,** સ્ત્રી૦ ( ફા૦ **पेश्गाह** پیشگاہ=ચબુ-તરો ) આંગણું, આંગણા કે તખ્ત ઉપર પાથરેલું પાથરણું.

**પેશગી,** સ્ત્રી૦ ( ફા૦ **पेश्गी** پیشگی= પહેલાંથી આપવું તે ) કામ કરાવવા માટે આગળથી અપાતું લવાજમ.

**પેશદસ્તી,** સ્ત્રી૦ ( ફા૦ **पेश्दस्ती** پیشدستی=બળાત્કાર, ચાલાકી ) આગળ થવું.

'ભલા તું પેશદસ્તીથી કરે કાં દખલ ઇઝરાઇલ.' ગુ૦ ગ૦

**પેશવા,** પુ૦ ( ફા૦ **पेश्वा, पीश्वा,** پیشوا= આગેવાન ) મુખ્ય પ્રધાન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પેશવાઈ**, સ્ત્રી૦ ( ફા૦ **पेश्वाई, पीश्वाई** پیشوائی=પેશ્વાઓનો રાજકાળ ) પેશ્વાનો અમલ.

**પેશવાજ**, પુ૦ ( ફા૦ **पीश्वाज़, पेश्वाज़,** پیشواز=મુસલમાન સ્ત્રીઓને પહેરવાનો એક પ્રકારનો જામો ) ઘેરદાર જામો.

**પેશાની**, સ્ત્રી૦ ( ફા૦ **पेशानी** پیشانی=કપાળ ) નસીબ, તકદીર, કિસ્મત.

**પેશાબ**, પુ૦ ( ફા૦ **पेशाब, पीशाब, पिशाब**=મૂતર ) પેશાબ.

**પેશી**, સ્ત્રી૦ ( ફા૦ **पेशी**=આગળનું ) આગળ, કેસ ચાલવો.

**પેશીનગોઇ**, સ્ત્રી૦ ( ફા૦ **पेशीन्गोई** پیشینگوئی=ભવિષ્ય કહેવું, **पेशीन**=આગળનું, **गोई** એ **गुफ्तन**=કહેવું ઉપરથી કહેવાપણું ) ભવિષ્યવાણી.

'તેના દુઃખની પેશીનગોઇ કરવા હમેશા તત્પર રહે છે.' નં. ચ.

**પેશો**, પુ૦ ( ફા૦ **पेशह** پیشه=હુનર ) કસબ, ધંધો, ઉદ્યોગ, કામ.
'એવી જાતનો પેશો ગંડુપુરીએ પકડયો હતો.' અં. ન. ગ.

**પેસ્તર**, વિ૦ ( ફા૦ **पेश्तर** پیشتر=પહેલાં. **पेश्**=આગળ + **तर**, અધિકતા વાચક પ્રત્યય ) વધારે પહેલાં.

**પેહેલદાર**, વિ૦ ( ફા૦ **पहलूदार** پهلودار=પહેલવાળો. **पहलू**=પડખું, બાજુ + **दार**=વાળો ) બાજુવાળો, પહેલવાળો.

**પૈજાર**, સ્ત્રી૦ ( ફા૦ **पय्ज़ार** پیزار=જોડો ) પગરખું, જુતી.

**પૈસાદાર**, વિ૦ ( ફા૦ **पय्सहदार** پیسه‌دار=ધનવાન ) માલદાર, ધનવાળો.

**પૈસો**, પુ૦ ( ફા૦ **पय्सह** پیسه=દોલત ) ધન, સમૃદ્ધિ.

**પોઇસ**, સ્ત્રી૦ ( ફા૦ **पोया** કે **पूश** پوش پویه=ચાલો, પગ ઉપાડો, ખસી જાઓ ઉપરથી ) ગાડાવાળા રાહદારીઓને ખસેડવા માટે બોલે છે તે.

**પોચું**, વિ૦ ( ફા૦ **पूच** پوچ=ખાલી ) ગર વગરનું, નાલાયક.

**પોત**, ન૦ ( ફા૦ **पूद** پود=વાણું ) વણવામાં સુતર નાખવું, લુગડું.

**પોતું**, ન૦ ( ફા૦ **पोतह** پوته=ખજાનો ) સરકારી ભરણું.

**પોરિયો**, પુ૦ ( ફા૦ **पूर** پور=છોકરો ) છૈયો.

**પોરી**, સ્ત્રી૦ ( ફા૦ **पूर** پور=છોકરો ) દીકરી, છોડી.

**પોરયો**, પુ૦ ( ફા૦ **पूर** پور=છોકરો ) છોકરો, દીકરો.

**પોલાદ**, ન૦ ( ફા૦ **पव्लाद** કે **फव्लाद** پولاد فولاد=કઠણ લોઢું ) ખરૂં લોઢું, ગજવેલ.

**પોશાક**, પુ૦ ( ફા૦ **पोशाक** پوشاک=ઢાંકનાર. **पोशीदन**=ઢાંકવું ઉપરથી ) વસ્ત્ર શરીરને ઢાંકનાર, લુગડાં.

**પોશાકી**, સ્ત્રી૦ ( ફા૦ **पोशाकी** پوشاکی=લુગડાં લત્તાં ) ખોરાકી, પોશાકી.

**પોષાકી**, સ્ત્રી૦ ( ફા૦ **पोशाकी** پوشاکی=વસ્ત્ર ) ખાનપાન, લુગડાંલત્તાં.

**પોસ**, પુ૦ ( ફા૦ **पोस्त** پوست=ચામડી ) છોડું.

**પોસ્તી**, ન૦ ( ફા૦ **पोस्तीम** پوستین=

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચામડાનું સીવેલું લુગડું) ઠંડા મુલકમાં શિયાળામાં પહેરે છે તે.

**પોસિદું**, વિ૦ (ફા૦ **पोशीदह** پوشیده= ઢાંકેલું ) ગુપ્ત.

**પ્યાજ**, ન૦ (ફા૦ **पियाज** پیاز=ડુંગળી) કાંદા.

**પ્યાજી**, વિ૦ (ફા૦ **पियाजी** پیازی= ડુંગળીના રંગ જેવું ) ડુંગળીના રંગ જેવું.

**પ્યાદી મહાત**, સ્ત્રી૦ ( ફા૦ **पियादह+मात** અરબી=મરી ગયો. پیادهمات=પ્યાદો મરી જાય તે ) શેત્રંજની રમતમાં વપરાય છે.

**પ્યાદું**, વિ૦ ( ફા૦ **पियादह** پیاده=પગે ચાલનાર ) પેદલ, લશ્કર.

**પ્યાલી**, સ્ત્રી૦ ( ફા૦ **पियालह** پیاله ) નાની પ્યાલી.

**પ્યાલું**, ન૦ ( ફા૦ **पियालह** پیاله ) પ્યાલું.

**પ્યાલો**, પુ૦ ( ફા૦ **पियालह** پیاله ) પ્યાલો. 'અરે કો પ્યાલામાં શરબત, ભર્યું તું તે પડી ગયું' કલાપી.

## ફ. फ.

**ફકરો**, પુ૦ ( અ૦ **फिक्रह** فقره=કરોડ નળીનું હાડકું, ગદ્ય લખાણનો કકડો. **फकर**=તોડ્યું ઉપરથી ) વાક્ય સમૂહ, ટુંકો લેખ.

**ફકીર**, પુ૦ ( અ૦ **फकीर** فقیر=પરમેશ્વરને યાદ કરનાર, તપસ્વી ) ત્યાગી, વેરાગી.

**ફકીરફકરૂં**, ન૦ ( અ૦ **फकीरफुकरा** فقیرفقرا **फकीर**નું બહુવચન **फुकरा** =ફકીર કે ફકીરો ) માગણ.

**ફકીરી**, સ્ત્રી૦ ( અ૦ **फकीरी** فقیری=ફકીરની હાલત ) ફકીરપણું.

**ફક્ત**, અ૦ ( અ૦ **फकत** فقط=ફક્ત, બસ. **फ**=હમણા ત્યારે, અરબી ઉપસર્ગ છે, **कत**=કાપવું. ઉપરથી **फकत**=બસ)માત્ર, કેવળ.

**ફજર**, સ્ત્રી૦ ( અ૦ **फज्र** فجر=સવાર, પરોઢીઉં ) વહાણું, મળસકું.
'આ વાય ફજરતણી હવા' કલાપી.

**ફજલ**, વિ૦ ( અ૦ **फज्ल** فضل=વધારો, બખ્શિશ) સુખી, આનંદી, કૃપા.

'અદલકર યા ફજલ કર તું, કંઇ તો ફેસલો દેવો' કલાપી.

**ફજેત**, વિ૦ ( અ૦ **फजीहत** فضیحت= બદનામ, બે આબરૂ ) વગોવાયલું, જેને માટે ખોટું બોલાતું હોય તેવું.

**ફજેતખોર**, વિ૦ ( અ૦ **फजीहत्+खोर** ફા૦ પ્ર૦ **फजीहत्खोर** فضیحتخور ગુ૦ પ્ર૦ ફજેત થએલો ) બદનામ.

**ફજેતી**, સ્ત્રી૦ ( અ૦ **फजीहती** فضیحتی =ફજેતી ) વગોણું, ચર્ચા, નિંદા.

**ફજેતો**, પુ૦ ( અ૦ **फजीहतह** فضیحته= ફજેતી, વગોણું ) ચર્ચા, નિંદા.

**ફડનવીસ**, પુ૦ ( અ૦ **फर्द्**=દફતર+**निवीस** ફા૦ લખનાર **निविश्तन**=લખવું ઉપરથી. **फर्द्निवीस**=દફતર લખનાર ) મહાલ વગેરેના મોટા અમલદારનો પહેલો કારકુન.

**ફતવાખોર**, વિ૦ ( અ૦ **फत्वा** فتوا=મુસલમાની ધર્મશાસ્ત્રનો હુકમ+**खोर** ફા૦ પ્ર૦ ગુજરાતી પ્રયોગ. ) પાખંડી, ફિતુરી, ઢોંગી.

'તેના પાડોશીઓ જાણતા હતા કે તે ફતવાખોર છે.' ૮૦ ૧૦૦ વા. ભા. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ફતવો,** પુ૦ ( અ૦ **फत्वा** فتوا=મુસલમાની ધર્મ શાસ્ત્રનો હુકમ ) ઢોંગ, ફેલ.
'મોતના ફતવાપર મોહોર કરી ચુકયા છે.' બા૦ બા૦

**ફતેહ,** સ્ત્રી૦ ( અ૦ **फत्ह** فتح=ખોલવું, ઉઘાડવું. જયારે કોઇ શહેરને ઘેરો ઘાલે છે, ત્યારે અંદરના માણસો દરવાજા બંધ કરી પોતાનું રક્ષણ કરે છે, ને બહારના માણસો દરવાજો ઉઘાડી અંદર જવાની કોશિશ કરે છે. જયારે દરવાજો ઉઘાડી અંદર દાખલ થાય છે ત્યારે ફતેહ થઇ કહેવાય છે, કેમકે દરવાજો ઉઘડે છે ) જીત, કોઇ કામમાં પાર પડવું.

**ફતેહમારી,** સ્ત્રી૦ ( અ૦ **फत्ह** ઉપરથી ) એક પ્રકારનું વહાણ.

**ફતેહમંદ,** વિ૦ ( અ૦ **फत्ह+मंद** ફારસી પ્રત્યય **फत्हमंद** فتحمند=યશસ્વી ) ફતેહ પામેલું, વિજયી.

**ફતેહમંદી,** સ્ત્રી૦ ( ઉપરના શબ્દને ઇ લાગવાથી **फत्हमंदी** فتحمندی=ફતેહ ) જીત, જય.

**ફના,** વિ૦ ( અ૦ **फना** فنا=નાશ. **फनी**=નાશ થવું ઉપરથી)નાશ પામેલું, પાયમાલ.
'સૃષ્ટિમાં અવિચલ કોઇ નથી, ફના ફાવે છે.' નં૦ ચ૦

**ફનાફાતીયા,** વિ૦ ( અ૦ **फनाफातिहह** فنافاتحه=**फातिहह**=ઉઘાડનારી. કુરાનમાં પહેલો અધ્યાય છે તેનું નામ 'ફાતેહા' છે. મુસલમાનોમાં શુભાશુભ પ્રસંગે એ અધ્યાયનો પાઠ કરવામાં આવે છે, ને તેનું પુણ્ય જેને માટે તે પાઠ કર્યો હોય તેને મળે એમ કહે છે. સાધારણ રીતે મરી ગએલાના પુણ્યાર્થે એનો પાઠ થતો હોવાથી ફાતેહાનો અર્થ ફના થઇ જવા સાથે સંબંધ રાખે છે, તેથી ફનાફાતીયા=સમૂળગો નાશ થએલો એવો અર્થ થાય છે ) નાશ પામેલું.
'ખિજરખાંની સાલગિરેહના વરઘોડાના ફનાફાતિયા પછીની કચડાટ વગેરે ઘણું જ અસરકારક વર્ણવ્યું છે.' નં૦ ચ૦

**ફનાફલશાહ,** વિ૦ ( અ૦ **फनाफिश्शय्ख** فنافی الشیخ=ગુરૂના ધ્યાનમાં લીન થઈ જવું. જેમાં યજમાન હમેશા પોતાના ગુરૂના ધ્યાનમાં ડુબેલો રહે એવો ફકીરીનો દરજો ) ગુરૂના ધ્યાનમાં લીન થઇ જવું.
'મુસલમાની ધર્મમાં પણ ફનાફિલશહના સિદ્ધાંતને માની માશૂકરૂપે પ્રભુપ્રાર્થના કરે છે, ત્યારે એ પણ શું મૂર્ત્તિપૂજા નથી?' સુ૦ ગ૦

**ફનાફિલ્લાહ,** વિ૦ ( અ૦ **फनाफिल्लह** فنافی الله=ખુદાની હકીકત ને ઓળખાણમાં ડુબી જવાનો ફકીરોનો ઉત્તમ માર્ગ ) ઇશ્વરમાં લીન થઇ જવું. 'ફનાફિલ્લા અને બકાબિલ્લા એવાં સાયુજ્ય અને પરમ સમાધિ કૈવલ્યરૂપ વિચાર સમજાવેલા છે.' સિ૦ સા૦

**ફરક,** પુ૦ ( અ૦ **फर्क** فرق=જુદાઇ, તફાવત ) ફેર, અંતર.
સ્વભાવમાં અને આચારવિચારમાં દેખાઇ આવે એવો ફરક હતો.' રા. મા. ભા. ૧

**ફરજ,** સ્ત્રી૦ ( અ૦ **फर्ज** فرض=અંદાજો કરવો, નક્કી કરવું, પરમેશ્વરનો હુકમ ) માણસોને નિયમાનુસાર અમુક કામ કરવું તે.

**ફરજંદ,** ન૦ ( ફા૦ **फर्जंद** فرزند=દીકરો દીકરી ) છોકરાં, સંતતિ, સંતાન.

**ફરજંદારી,** સ્ત્રી૦ ( ફા૦ **फर्जंद्दारी** فرزندداری=બાલબચ્ચાં હોવાપણું) એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી એક ફરજંદે ફરજંદ ચાલુજ રહે, વારસે ઉતર્યા કરે એવા ધારા.

'એમનાં ફરજંદદારી રાજ્યને એમણે ખાવાનું કર્યું.' સ. ચં. ભા. ૩

**ફરદ**, ન૦ (અ૦ **फर्द** فرد=એક, એક નંગ) જોડમાંનું એક.

**ફરબે**, વિ૦ (ફા૦ **फर्बेह** فربه=માંસાળ, તાજો, હૃષ્ટપુષ્ટ) તાજું, ચરબીદાર.

**ફરફર**, અ૦ (ફા૦ **फर्फर** فرفر=જલદી, ઉતાવળથી) તાકીદે 'ફરફર વાંચી જાય છે.'

**ફરમાન**, ન૦ (ફા૦ **फर्मान** فرمان=હુકમ, હુકમનામું, પરવાનો) સરકારી અથવા સત્તાવાળાનો હુકમ.

**ફરમાનબરદાર**, વિ૦ (ફા૦ **फर्मान बर्दार** فرمان‌بردار=ફરમાન ઉઠાવનાર, હુકમ માનનાર. **बर्दाश्तन**=ઉઠાવવું ઉપરથી **बर्दार**=ઉઠાવનાર) હુકમ પ્રમાણે ચાલનાર, આજ્ઞાંકિત.

**ફરમાવવું**, સ૦ ક્રિ૦ (ફા૦ **फर्मूदन** فرمودن=ફરમાવવું ઉપરથી ગુજરાતી ક્રિયાપદ) અમુક રીતે કરો અથવા વર્તો એમ સત્તા સાથે કહેવું.

**ફરમાસ**, સ્ત્રી૦ (ફા૦ **फर्माइश** فرمایش=ફરમાવવું, ભલામણ) સૂચના.

**ફરમાસી**, જુઓ ફરમાસુ.

**ફરમાસુ**, વિ૦ (ફા૦ **फर्माइशी** فرمایشی =ભલામણ કરીને કરાવ્યું હોય તે, સરસ) નવાઈ જેવું. ફરમાસુ કેરીઓ વગેરે.

**ફરસ**, સ્ત્રી૦ (ફા૦ **फर्श** فرش=પાથરણું) પત્થર, છાટ, ચોરસું. 'આરસની વિશાળ ફરશ પવિત્રતાનો ખ્યાલ સ્વયં ઉદ્દભવાવે.' નં૦ ચ૦

**ફરસબંધી**, સ્ત્રી૦ (ફા૦ **फर्शबंदी** فرش‌بندی=ફરશની બાંધણીનું) પત્થરનાં ચોસલાં બેસાડેલી જમીન.

'સામું વિશાળ ફરસબંધી તળાવ હોય.' નં૦ ચ૦

**ફરસુદ**, સ્ત્રી૦ (અ૦ **फुर्सत** فرصت=આરામ પામવું, વખત મળવો) નવરાશ.

**ફરહાદ**, પુ૦ (ફા૦ **फर्हाद** فرهاد=ઈરાનના એક પ્રખ્યાત આશિકનું નામ છે, જે શીરીન પર આશિક હતો) એક આશિકનું નામ છે.

'આ ફર્હાદની કબરે નથી શીરીન સૂવાની.' કલાપી.

**ફરહંગ**, પુ૦ (ફા૦ **फर्हंग** فرهنگ=બુદ્ધિ, વિદ્યા, વિવેક, મોટાઇ, ડાહાપણ, અર્થ જોવાનું પુસ્તક, કોશ) ડિકશનેરી.

**ફરાગત**, વિ૦ (અ૦ **फिराग** فراغ=છુટકો થવો ઉપરથી **फरागत** فراغت=છુટકો) કામથી પરવારેલું, નવરૂં, દિશાએ જવું.

'સેંકડો લોક ફરાગત થવા લોટા લઇ જતા હતા.' નં૦ ચ૦

**ફરામોસી**, સ્ત્રી૦ (ફા૦ **फरामोशी** فراموشی=ભૂલીજવાપણું) ભૂલકણાપણું.

**ફરાસ**, પુ૦ (અ૦ **फराश** فراش=પાથરણું પાથરનાર, મકાન સ્વચ્છ રાખનાર નોકર) દીવાબત્તી વગેરે કચેરીનું કામ કરનાર નોકર.

**ફરાસખાનું**, ન૦ (ફા૦ **फराशखानह** فراش‌خانه=ફરાશને બેસવા ઉઠવાનું તથા સામાન રાખવાનું ઠેકાણું) ફરાશનો ખંડ.

**ફરિયાદ**, સ્ત્રી૦ (ફા૦ **फर्याद** فریاد=મદદ માગવી, બૂમ પાડવી, આણ દેવી) પોતાને દુ:ખરૂપ થતી બાબત સામે બોલવું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ફરિયાદી,** સ્ત્રી૦ ( ફા૦ **फर्यादी** فریادی = ફર્યાદ કરનાર ) ફરિયાદ, અરજ, દાવો.

**ફરેબ,** સ્ત્રી૦ ( ફા૦ **फरेब, फिरीब** فریب = દગો ) ધોખો, ભૂલથાપ દેવી.

**ફરેબી,** વિ૦ (ફા૦ **फरेबी, फिरीबी** فریبی =દગાબાજ ) ભૂલથાપ દેનાર.

'ફરેબી સૌ બજારોમાં ફલાલોની દગાબાજી.' દી૦ સા૦

**ફરેસ્તો,** પુ૦ ( ફા૦ **फिरिश्तह** فرشته = મોકલેલો. મૂળમાં આ શબ્દ **फिरिस्तह** હતો જેનો અર્થ મોકલેલો થાય છે, ને તે **फिरिस्तादन**=મોકલવું ઉપરથી થયો છે. ખુદાની તરફથી મોકલેલો દૂત. (૨) **पुरस्तीदन**=પૂજવું ઉપરથી **पुरस्तह**= પૂજેલો. પરમેશ્વરનો કાસદ, પ્રકાશિત ) દેવતાઇ માણસ.

'તેમાંથી તેનું રક્ષણ કરવાને બે ફિરિસ્તા જાણે આકાશમાંથી ઉતર્યા' નં. ચ.

**ફલાણું,** વિ૦(અ૦ **फुलान** فلان =અમુક માણસ, ન જાણતા હોઇએ તેવો માણસ ) નામ, ગુણ વગેરેથી ઓળખવું.

**ફશ,** સ્ત્રી૦ ( ફા. **फश** فش =એકરાર ) પરાજય, પાછા હઠવું.

**ફસ** સ્ત્રી૦ ( અ૦ **फस्द** فصد =નસોમાંથી લોહી કાઢવાની ક્રિયા. ) નસ ઉઘડાવી લોહી કઢાવવું તે.

**ફસકીજવું,** અ૦ ક્રિ૦ ( અ૦ **फस्ख** فسخ =વિચાર ફેરવવો, અભિપ્રાય બદલવો ઉપરથી ગુજરાતી ક્રિયાપદ ) પાછા પડી જવું, હઠી જવું.

**ફસલ,** સ્ત્રી૦ ( અ૦ **फस्ल** فصل =ચાર મોસમમાંની કોઇ એક મોસમ, પુસ્તકનો કોઇ ભાગ જુદો કરવો ) અમુક પાક તૈયાર થવાનો જે કાળ તે,

'ગોપીચંદન માળાની ફસલ, ભરે છે નરસૈં બાવા; સોએક ચોર જો લુટે સામટા, હોય ઘરમાં નહિ કંઇ જાવા.'

શા. વિ.

**ફસલી,** વિ૦ ( અ૦ **फस्ली** فصلي = અકબર બાદશાહે હિજરી ૯૭૧ માં ઋતુઓને અનુસરીને એક સનનો આરંભ કર્યો હતો તે ) ફસલી વરસ.

**ફંદ,** પુ૦ ( અ૦ **फन** فن =વિદ્યા, દગો, ફરેબ, કપટ, હુનર, અભિપ્રાય ) કારસ્તાન, કાવતરું, ઢોંગ.

**ફંદી,** વિ૦ ( અ૦ **फनी** فني =ફન જાણનાર, દગાબાજ ) કપટી, ઢોંગી.

**ફંદીલું,** વિ૦ ( અ૦ **फनी** فني ઉપરથી) કપટી ઢોંગી.

**ફાચર,** સ્ત્રી૦ ( ફા૦ **पर्चह** پرچه =કકડો ) ફાડ, લાકડાની તડમાં ઠોકી બેસાડવાનો લાકડાનો કકડો.

**ફાજલ,** વિ૦ ( અ૦ **फाजिल** فاضل =સારૂં, વિદ્વાન, મોટી પદવીવાળો માણસ **फाजल**= તે ઉત્તમ હતો ઉપરથી ) વધેલું, બાકી રહેલું.

**ફાજેલ,** વિ૦ ( અ૦ **फाजिल** فاضل =સારૂં, વિદ્વાન. **फजल**=તે ઉત્તમ હતો ઉપરથી) વિદ્વાન, વિદ્યાવાન.

**ફાતમા,** સ્ત્રી૦ ( અ૦ **फातिमह** فاطمه = જેનું ધાવણ સુખરૂપ છુટયું હોય તે. હજરત મોહંમદ સાહેબની દીકરીનું નામ. એમના વંશમાં સૈયદો છે ) મુસલમાન સ્ત્રીઓમાં નામ હોય છે. ફતિમા સુલ્તાના બેગમ વગેરે ( કન્યા વાંચનમાળા ).

**ફાતિયા,** પુ૦ ( અ૦ **फातिहह** فاتحه = ખોલનાર સ્ત્રી, દીબાચો, કુરાનની શરૂઆતમાં જે અધ્યાય છે તે. મુએલા મા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણસની સંવત્સરી વગેરે વખતે ખાવાનું કરી તેનું પુણ્ય તેને મળે માટે જે ક્રિયા મુસલમાનો કરે છે તે) કુરાનનો અધ્યાય જે મુએલાની પાછળ પઢાય છે તે.

**ફાતિયો,** પુ૦ ( અ૦ **फातिहह** فاتحہ ) ફાતિયા શબ્દ જુઓ. કુરાનનો તે વિભાગ–અધ્યાય–કે જે મુએલાની શાંતિ માટે પઢાય છે.

**ફાનસ,** ( ફા૦ **फानूस** فانوس=વચન વીણુનાર, દીવાનો પ્રકાશ ફાનસ બહાર પાડે છે માટે ) પવન લાગે નહિ ને અજવાળું મળે એવી દીવો રાખવાની કરામત.

**ફાની,** વિ૦ ( અ૦ **फानी** فانی=ફના થનાર, નાશવંત, મરનાર. **फना**=નાશ કર્યો ઉપરથી ) નાશ પામે એવું.

**ફામ,** સ્ત્રી૦ ( અ૦ **फहम** فہم=બુદ્ધિ, સમજ, ડહાપણ. **फहम**=જાણ્યું ઉપરથી ) ફોમ, સ્મરણ, યાદ. 'વાડામાં નવીનચંદ્ર હતો તેની મૂર્ખદત્તને ફામ ન રહી.' સ૦ ચ૦ ભા. ૧

**ફાયદાકારક,** વિ૦ ( અ૦ **फाइदह्** فائدہ=નફો. **फयद**=ફાયદો ઉડાવ્યો ઉપરથી, કારક સં. પ્ર. ) કિફાયતી, લાભકારક.

**ફાયદેમંદ,** વિ૦ ( અ૦ **फाइदह** فائدہ+**मंद** ફા૦ પ્ર૦ ) ફાયદાકારક.

**ફાયદો,** પુ૦ (અ૦ **फाइदह** فائدہ=નફો) લાભ, પ્રાપ્તિ, ગુણ.

**ફારક,** વિ૦ ( અ૦ **फारिक** فارق=ફરક કરનાર, જુદું પાડનાર. **फरक**=જુદું કર્યું ઉપરથી ) ભિન્ન કરનાર, અલગ કરનાર.

**ફારગ,** વિ૦ ( અ૦ **फारिग** فارغ=નિવૃત્ત. નવરો ) છુટું, મુક્ત. 'કામથી ફારિગ હોય ત્યારે મદદ આપતા,' નં. ચ.

**ફારગત,** સ્ત્રી૦ ( અ૦ **फरागत** فراغت=નિવૃત્તિ, નવરાશ ) છુટકારો, મુક્તિ.

**ફારગતી,** સ્ત્રી૦ ( અ૦ **फारिग्+खत्ती=फारिग्खत्ती** فارغ خطی=નદાવો, સ્વતંત્રતાનામું, છુટકો, છુટા છેડા કરવા. આ શબ્દ હિંદુસ્તાનમાં વપરાય છે, ઇરાન, અરબસ્તાનમાં વપરાતો નથી ) બંધનમાંથી રાજીખુશીથી કે પતાવટ કરીને છુટા થઇ જવું તે.

**ફારસી,** વિ૦ ( ફા૦ **फार्सी, फारिसी** فارسی = ઇરાની ભાષા. **फारिस्+ई** મળીને. ફારસી ભાષાના ૭ પ્રકાર છે. ફારસી, પેહલવી ને દરી એ ત્રણ ભાષાનો ઉપયોગ વધારે થાય છે. હરવી, જાબુલી, સકજી ને સગદી એ ચાર ઓછી વપરાય છે ) ફારસી બોલી, ઇરાની બોલી.

**ફારૂક,** વિ૦ ( અ૦ **फारूक** فاروق=સત્યાસત્ય વચ્ચે ફેર પાડનાર. પેગંબર સાહેબ સ. અ. ના બીજા ખલીફા સાહેબનો ખિતાબ છે. એ મુસલમાન થયા તે દિવસથી મુસલમાની ઉઘાડી થઇ; ત્યાં સુધી મુસલમાનો ને મુસલમાની છુપાં હતાં. મુસલમાનો ખુલ્લી રીતે ઇબાદત કરી શકતા ન હતા. **फरक**=જુદું કર્યું ઉપરથી ) બે વસ્તુઓમાં ફેર કરનાર.

**ફારૂકી,** વિ૦ ( અ૦ **फारूकी** فاروقی=હજરત ઉમર ફારૂકના વંશના મુસલમાનો) મુસલમાનોમાં એક જાતના શેખ લોકો.

**ફાલ,** પુ૦ ( અ૦ **फाल** فال=શુકન. ભવિષ્યની છુપી વાતો કહેવી ) જ્યોતિઃશાસ્ત્રનો એક પ્રકાર.

'કંઇ મસ્તાન પોથી ફાલ કાજે, નિત વિચારી ગઈ.' દી૦ સા૦

**ફાલુદો,** પુ૦ ( ફા૦ **फालूदह, पालूदह** فالودہ پالودہ ) પાલુદો શબ્દ જુઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ફાસલો,** પુ૦ (અ૦ **फासिलह** فاصله=ફરક, સમય, મેદાન, છેટું. **फसल** ઉપરથી ) 'ગુલંદામ તેનાથી એક હાથના ફાસલા પર બેઠી હતી.' બા૦ બા૦

**ફિકર,** સ્ત્રી૦ ( અ૦ **फिकर, फिक्र,** فکر= સોચ, અંદેશો ) ચિંતા, ઉદ્વેગ.

**ફિતનો,** પુ૦ ( અ૦ **फित्नह** فتنه=ખરાબી ગાંડપણુ, આસક્ત) ફિતુર, ફેલ, ઢોંગ.

**ફિતુર,** ન૦ ( અ૦ **फुतूर** فتور=સુસ્તી, ખરાબી, નુકસાન ) બંડ, બળવો, દગો.

**ફિતુરી,** વિ૦ ( અ૦ **फुतूरी** فتوری=ફિતુર કરનાર ) બંડખોર, હુલ્લડ કરનાર.

**ફિદવી,** પુ૦ ( અ૦ **फिद्वी** فدوی=ફિદા થનાર, કોઇના બદલામાં પોતાનો જીવ આપનાર ) નોકર, ચાકર, દાસ.

'હતો બસ મોતનો પ્યાલો, ખુશીથી જાત પી ફીદવી.' કલાપી.

**ફિદા,** વિ૦ ( અ૦ **फिदा** فدا=કોઈના બદલામાં પોતાના પ્રાણ આપવા, ફિદા કરવાની વસ્તુ ) આસક્તિમાં ઘેલું ઘેલું થઇ ગએલું, કુરબાન.

'તે પર ફિદા આ શરીર વળી, હું પ્રેમ રવિપર ધરૂં અતિ.' કલાપી.

**ફિરકો,** પુ૦ ( અ૦ **फिर्कह** فرقه=કોમ, ટોળું, ધર્મનો ફાંટો ) લોક, એકજ રાજ્ય અને એકજ દેશના રહેવાસીઓ.

**ફિરદોસ,** સ્ત્રી૦ ( અ૦ **फिर्दव्स** فردوس= સ્વર્ગ. ફારસીમાં પર્દવ્સ શબ્દ છે તે ઉપરથી અરબીમાં ફિર્દવ્સ શબ્દ થયો છે. એનો અર્થ મેવાવાળો બગીચો, સ્વર્ગ થાય છે. પ્રાચીન કાળમાં પૃથ્વી ઉપર ફિર્દોસ નામનો એક મોટો બગીચો હતો, તે ઉપરથી સ્વર્ગનું નામ પણ ફિર્દોસ પડ્યું ) સ્વર્ગ. અમદાવાદની પાસે બાગે ફિર્દોસ ગામ છે જે અમરાઇના નામથી ઓળખાય છે.

'કંઇ ચીજમાં બહુ જાદુ છે, ફિર્દોસ દેખું શું દીઠે.' દી. સા.

**ફિરસ્તો,** પુ૦ ફરેસ્તો શબ્દ જુઓ.

**ફિરંગી,** પુ૦ ( ફા૦ **फिरंगी** فرنگی=યૂરોપના લોક ) પોર્ટુગાલનો રહેવાસી.

**ફિરાવન,** વિ૦ ( અ૦ **फिरअव्न** فرعون= બદલો લેનાર. અર્વાચીન કાળમાં જેમ મિસરના બાદશાહ ખેદિવ કહેવાય છે, તેમ પ્રાચીન કાળમાં ફિરઓન કહેવાતા હતા. પણ વલીદ બિન મુસઅબ કે જે પોતાને પરમેશ્વર કહેવડાવતો હતો તેને માટે હવે ફિરઓન શબ્દ વપરાય છે. તે હજરત મૂસા અ. સ. ના વખતમાં હતો. તે પોતાના લશ્કર સહિત નીલ નદીમાં ડુબી ગયો. ઇ. સ. પૂ. ૧૫૦૦ વર્ષ ઉપર આ બનાવ બન્યો છે. હાલ એ શબ્દ અહંકારી, મગરૂર, ગર્વિષ્ઠ, કોઇનું કહ્યું ન માનનાર, માથાનો ફરેલો, હઠીલો, મિજાજી વગેરે અર્થમાં વપરાય છે. ) માથાનો ફરેલો, મિજાજી, હઠીલો.

**ફિલસુફ,** પુ૦ ( ગ્રીક. **फील्सूफ** فیلسوف વિદ્યાનો મિત્ર. **फील**=વિદ્યા, **सूफ**=મિત્ર. વિદ્વાન, ડાક્ટર, ચાલાક, વક્તા ) તત્ત્વજ્ઞાની, તત્ત્વશોધક.

**ફિલસુફી,** સ્ત્રી૦ ( **फील्सुफी** فیلسوفی ગ્રીક ભાષાના 'થિઆ સફી' ઉપરથી સફા. અજ્ઞાન અરબોના સમયમાં સફા નામે એક ટોળી હતી, કે જેઓ દુન્યા ત્યજી દઇને ભક્તિ ને તપમાં લાગેલા રહેતા હતા, ને કાબાની પાસે બેસી રહેતા હતા. આ સૂફીયા લોકો ગવસ બિન મર્રાના વંશમાં હતા. કે જે તમીમ બિન મર્રાની એક શાખા હતી. પછી મુસલમાની ધર્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાલ્યા પછી જે લોકો એમના જેવા ગુણવાળા પેદા થયા તે પણ સૂફી કહેવાવા લાગ્યા ) વિજ્ઞાન શાસ્ત્ર.

'તેના સંસ્કાર સ્ફુરવાથી સંસારી વિષયોમાં પણ ઉંડી વિવેકબુદ્ધિ (ફીલસૂફી) ઉત્પન્ન થતી.' સ૦ ચં૦ ભા. ૧.

ફિસાદ, સ્ત્રી૦ ( અ૦ **फसाद** فساد=બીગાડ **फसद**=લુચ્ચો હતો ઉપરથી ) તોફાન, મસ્તી.

ફિસાદી, વિ૦ ( અ૦ **फसादी** فسادى= બિગાડ કરનાર ) ફિસાદ કરનાર, તોફાની.

ફુજુલ, વિ૦ ( અ૦ **फुजूल** فضول=વધારો કરવો, મોટાઈઓ ) વધારો,

'અગર એ માયનો અંદર, ફુજુલ ના બોલ ઇજરાઇલ.' ગુ૦ ગ૦

ફુદનો, પુ૦ (ફા૦ **पूदीनह** پودينه=ફુદીનો) ફુદીનાનાં પાંદડાં.

ફુદીનો, પુ૦ (ફા૦ **पूदीनह** پودينه=ફુદીનો) ફુદીનો.

ફુરકત, સ્ત્રી૦ (અ૦ **फुर्क़त** فرقت=વિયોગ, જુદાઇ) જુદા પડવું.

'ગણી ફુરક્તની આતશને, હમેશા હેતથી ટાઢી.' દી૦ સા૦

ફુરચો, પુ૦ ( ફા૦ **पुर्जह** پرزه=કડકો ) કડકે કડકા. ફુરચે ફુરચા. 'તેથી પેટમાંના સાપના ફુરચા ઉડી ગયા.' ટ. ૧૦૦ વા. ભા. ૩

ફુરજો, પુ૦ ( અ૦ **फुर्जह** فرضه=અંદર ઉપર વેપારીઓ પાસેથી કર લેવાનું ઠેકાણું ) વહાણો ઠેરવવાનું મથક. 'પ્રત્યેક જાતની વ્યાપારની જણસ માટે જુદા જુદા ફુરજા હતા.' ક૦ ઘે૦

ફુરસદ, સ્ત્રી૦ ( અ૦ **फुर्सत** فرصت=આરામ પામવો, વખત મળવો, નિવૃત્તિ ) નવરાશ, અવકાશ.

ફુલદારૂ, પુ૦ ( ફા૦ **दारू**=દવા. ) સખતદારૂ, ઊંચો દારૂ.

ફુલબાગ, પુ૦ ( ફા૦ **बाग**=વાડી ) ફૂલઝાડ માટેજ બનાવેલો બાગ.

ફુલુસ, પુ૦ ( અ૦ **फुलूस** فلوس=પૈસા. **फल्स**=પૈસો એનું બહુવચન ફુલૂસ ) નાણું, રૂપીઆ.

ફુવારો, પુ૦ (અ૦ **फव्वारह** فواره=પાણીનું ઝરણ, બહુ જોશ મારનાર ) એવો બનાવટનો પાણીનો કુંડ કે જેમાં પાણી ઊંચું ચડીને ધારા રૂપે ઉડે.

ફૈજ, પુ૦ ( અ૦ **फय्ज** فيض=પાણીની વૃદ્ધિ, પાણીનું પુર, કોઇની સાથે ભલાઈ કરવી ) હાલત, સ્થિતિ, અવસ્થા.

ફેરફરક, પુ૦ (અ૦ **फरक**=તફાવત, ભિન્નતા) અવળું સવળું.

ફેરબદલ, વિ૦ ( અ૦ **बदल** بدل=બદલો, અવેજ ) બદલેલું હોય તેવું.

ફેરબદલી, સ્ત્રી૦ ( અ૦ **बदल** بدل ઉપરથી ) ફેરફારી.

ફેરિસ્ત, સ્ત્રી૦ ( અ૦ **फिह्रिस्त** فهرست= યાદી, અનુક્રમણિકા ) યાદી, ટીપ.

'ગઇ રાતે મેં એની ફેરિસ્ત કરી રાખી છે.' બા૦ બા૦

ફેલ, પુ૦ ( અ૦ **फअ्ल** فعل=કામ ) પાખંડ, ઢોંગ, જુઠું.

ફેલખોર, વિ૦ ( અ૦ **फअ्ल+खोर** ફા૦ મ૦ **फअ्लखोर** فعلخور=કામ કરનાર. ગુ૦ પ્રયોગ છે ) પાખંડી, ઢોંગી.

ફૈલજામીન, પુ૦ ( અ૦ **फअ्लज़ामिन** فعلضامن=વર્તણુક માટે જામીન )

For Private And Personal Use Only

જુદું કે નઠારૂં આચરણ ન કરે અને સારી ચાલ રાખે તે માટે લેવામાં આવતો જામીન. 'પણ બે મહીના પછી તેનો બેરોદ પટો બેતલબ કરીને ફેલ-જામીન લઇને તેને રાજી કરી છોડી મૂક્યો.' રા. મા. ભા. ૧

**ફેસલ**, વિ૦ ( અ૦ **फयसल** فيصل=લડાઇ ચુકવવી, ન્યાય કરવો, **फसल**=વહેંચ્યું ઉપરથી ) અંત આવ્યો હોય તેવું, છેવટનું.

**ફેસલથવું**, અ૦ ક્રિ૦ ( ઉપરના શબ્દ ઉપરથી ગુજરાતી ક્રિયાપદ ) અંત આવવો.

'પંચાયતમાં નિર્જીવ દાવા મુકદ્દમા ફેસલ થશે' નં૦ ચ૦

**ફેસલો**, પુ૦ ( અ૦ **फयसलह** فيصله= લડાઈ ચુકવવી. **फसल**=વેંહેંચ્યું ઉપરથી) નિકાલ, નિવેડો, તોડ.

**ફોકીયત**, સ્ત્રી૦ ( અ૦ **फवकियत** فوقيت =વડાઇ, અહંકાર **फवक**=ઉપર, ઉપરથી ) ગર્વ, અહંકાર, આત્મશ્લાઘા.

**ફોજ**, સ્ત્રી૦ ( અ૦ **फवज** فوج=લશ્કર ) સેના.

**ફોજદાર**, પુ૦ ( અ૦ **फवज+दार** ફા૦ પ્ર૦ **फवज्दार** فوجدار=ફોજવાળો, ફોજનો ઉપરી ) કોટવાળ.

**ફોજદારી**, સ્ત્રી૦ ( ઉપરના શબ્દને **इ** લાગવાથી થએલો શબ્દ **फवज्दारी** فوجداری =ફોજદારપણું ) ફોજદારનું કામ.

**ફોત**, વિ૦ ( અ૦ **फवत** فوت=મરી જવું, નાશ થવો, ગુજરી જવું ) કતલ કરી મારી નાંખ્યું-હોય તેવું.

**ફોમ**, ફામ શબ્દ જુઓ.

**ફોર**, સ્ત્રી૦ (અ૦ **फवर** فور=જોશ મારવો, જલદી, વખત ) વાસ, સુગંધ, સોડમ.

## ब. બ.

**બકરીઇદ**, સ્ત્રી૦ ( અ૦ **बकरईद** بقرعيد **बकर**=ગાય, બળદ, **ईद**=વારંવાર આવનાર, ખુશીનો દિવસ. અરબીમાં એનું નામ **ईदेअदूहा** છે. **अदूहा**=પોહોર દહાડો ચડયો હોય તે સમય, કુરબાનીનો દિવસ, એ ઇદમાં પોહોર દહાડો ચડયા પછી નમાજ પઢાય છે ) મુસલમાની વર્ષના છેલ્લા મહીનાની ૧૦ તારીખે આવનારી ઇદ. મક્કાની હજ્જ થાય છે તે ઇદ.

**બકવા**, ( અ૦ **बुका** بكا=રડવું ઉપરથી ) બકબક કરવું. ઘોંઘાટ કરવો.

**બકાત**, વિ૦ ( અ૦ **बाकियात** باقيات= બચેલું. પાછળ રહેલું. **बाकी**નું બહુવચન ) વધેલું, વાપરતાં વધેલું.

**બકાબિલ્લાહ**, વિ૦ ( અ૦ **बकाबिल्लह** بقاءالله=ખુદામાં બાકી હોવું ) ઈશ્વરમાં બાકી રહેવું તે.

'મોક્ષ પરત્વે પણ ફનાફિલ્લા અને બકાબિલ્લા એવા સાયુજ્ય અને પર સમાધિ કૈવલ્ય રૂપ વિચાર સમજાવેલા છે.' સિ૦ સા૦

**બકાલ**, પુ૦ ( અ૦ **बक्काल** بقال=વનસ્પતિવાળો. વાણીઆ, વનસ્પતિ ખાનાર. ભાજીખાઉ. **बकल**=વનસ્પતિ ઉપરથી ) પરચુરણ શાકભાજી વગેરે વેચનાર.

'આંબાની કેરી તોડવાની આ બકાલે હિંમત કરી.' અં. ન. ગ.

**બકાલાપીઠ**, સ્ત્રી૦ ( અ૦ **बकलह** بقله= ભાજી, પાલો, પીઠ, ગુજરાતી ) શાકભાજી વેચવાનું ઠેકાણું. શાકમાર્કેટ.

**બકાલું**, ન૦ ( અ૦ **बकलह** بقله=ભાજીપાલો ) લીલોતરી, શાક.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બકોર,** પુ૦ ( અ૦ **बुका** بکا=રૂદન, રડવું ) ઘોંઘાટ, કોલાહલ.

**બક્ષવું,** સ૦ ક્રિ૦ ( ફા૦ **बख्शीदन**=આપવું ઉપરથી ગુજરાતી ક્રિયાપદ. بخشیدن= આપવું ) ખુશી થઇને આપવું તે.

'હવે તોબા સદા કરજે, ખુદા માફી તને બખ્શે.' કલાપી.

**બક્ષી,** પુ૦ ( ફા૦ **बख्शी** بخشی=પગાર વહેંચવાનું કામ કરનાર નોકર, દરિયાઇ-ખાતાનો નોકર ) લશ્કરને પગાર આપનાર અમલદાર.

**બક્ષીસ,** સ્ત્રી૦ ( ફા૦ **बख्शिश** بخشش= આપવું **बख्शीदन**=આપવું ઉપરથી ) ખુશી થઇને કાંઇ આપવું તે.

**બખતર,** ન૦ ( ફા૦ **बक्तर** بکتر=લડાઇમાં પહેરીને જાય છે તે લોઢાનો પોશાક ) ઝટકો વાગે નહિ કે તીર ભોંકાય નહિ તે માટે પહેરવાનો સૈનિકોનો પોલાદની કડીઓનો ડગલો, કવચ.

**બખતાવર,** વિ૦ ( ફા૦ **बख्तावर** بختاور= નસીબવાળો. **बख्त्**=નસીબ+**आवर**= વાળો ) ભાગ્યશાળી, નસીબદાર.

'હું મને પોતાને બખ્તાવર માનું છું.' બા૦ બા૦

**બખીઓ,** પુ૦ ( ફા૦ **बख्यह** بخیہ= મજબુત ને બારીક સીવણ ) દોરાની આંટી દઇને ભરવામાં આવતો આંટો.

**બખીલ,** વિ૦ ( અ૦ **बखील** بخیل= કૃપણ, કંજુસ, પોતે ખાય પણ બીજાને ખાવા ન દે તેવો માણસ. (૨) **लईम** لئیم=પોતે પણ ન ખાય ને બીજાને પણ ખાવા ન દે તેવો માણસ. (૩) **सखी** سخی=પોતે પણ ખાય ને બીજાને પણ ખવરાવે તેવો માણસ. (૪) **करीम** کریم=પોતે ન ખાય, પણ બીજાને ખવ-રાવે તેવો માણસ. ) કંજુસ, કૃપણ.

'કોઇને એંઠે પાણીએ પણ ન છાંટે એવો બખીલ હતો.' ટ. ૧૦૦ વા. ભા. ૩

**બખીલાઇ,** સ્ત્રી૦ ( અ૦ **बुख्ल** بخل= બખીલાઇ ઉપરથી ગુજરાતી પ્રયોગ ) કૃપણતા, કંજુસાઇ.

**બખોલ,** સ્ત્રી૦ ( ફા૦ **खोल** خول=છોડું, ઉપરનું પડ, પોલાણ ) ઝાડ, પહાડ જમીન વગેરેમાં પડેલું બાકું.

**બખ્તાવર,** વિ૦ જુઓ બખતાવર.

**બગદાદ,** ન૦ ( ફા૦ **बग्दाद** بغداد મૂળમાં આ શબ્દ **बागिदाद** باغداد હતો. **बाग्**=બગીચો+**दाद**=ફરિયાદ. ફરિયાદ સાંભળવાનો બગીચો. એ બાગમાં નવ-શેરવાન બાદશાહ દર અઠવાડિયામાં એક દિવસ બેસીને લોકોની દાદ સાંભળતો હતો, તે ઉપરથી એ બાગનું નામ બાગિ-દાદ પડયું, ને તે પરથી બગદાદ નામ થઇ ગયું ) ઇરાકે અરબમાં એક શહેર છે. ( ગુ. વાં. મા ).

**બગલ,** સ્ત્રી૦ ( ફા૦ **बगल** بغل=બગલ-કાખ ) ખભાની તળેનો હાથના મૂળ આગળનો ખાડો.

**બગલગીર,** વિ૦ ( ફા૦ **बगलगीर** بغلگیر= ગળે મળવું, ભેટવું. **गीरिफतन**=પકડવું ઉપરથી **गीर** ) આલિંગન આપવું.

'બહુ તરસાવી બગલગીર થયો છે ઐયાર.' દી૦ સા૦

**બગલગીરી,** સ્ત્રી૦ ( ફા૦ **बगलगीरी** بغلگیری=આલિંગન આપવાપણું ) ભેટ, કોટી, છાતી સાથે ચાંપવું તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બગીચો,** પુ૦ ( ફા૦ **बाग्चह** باغچہ=નાનો બગીચો. **चह** એ લઘુતા વાચક પ્રત્યય છે ) બાગ, વાડી, ઉપવન.

**બચકી,** સ્ત્રી૦ ( તુર્કી **बुक्चह** بقچہ= લુગડાં, પોટલી ) લુગડાં વગેરેની પોટલી.

**બચકું,** ન૦ ( તુર્કી **बुक्चह** بقچہ ઉપ-રથી ) લુગડાં વગેરેનું પોટલું.

**બચકો,** પુ૦ ( તુ૦ **बुक्चह** بقچہ ઉપરથી ) લુગડાં વગેરેનો પોટલો.

'મારાં વહાલાં લુગડાં બચકે બાંધી ધોળું વસ્ત્ર પહેરી ફરવું.' ક. ઘે.

**બચગી,** સ્ત્રી૦ ( ફા૦ **बच्गी** بچگی=બચ-પણ. **बच्चह**=બચ્ચું+**गी** =લઘુતા વાચક પ્રત્યય ) નાનપણ.

**બચ્ચડવાલ,** વિ૦ ( ફા૦ **बच्चह** بچہ=બાળક ઉપરથી ગુજરાતી પ્રત્યય ) બાલબચ્ચાં-વાળો, વિસ્તારી.

**બચપણ,** ન૦ ( ફા૦ **बच्चह** بچہ=બાળક ઉપરથી ગુજરાતી પ્રયોગ ) નાનપણ, બાળપણ.

**બચ્ચું,** ન૦ ( ફા૦ **बच्चह** بچہ=બાળક ) બાળક, છોકરૂં.

**બચ્ચો,** પુ૦ ( ફા૦ **बच्चह** بچہ=બાળક ) બાળક, છોકરો.

**બચારો,** વિ૦ બીચારો શબ્દ જુઓ.

**બજમેફાની,** વિ૦ ( ફા૦ **बज्म+फानी** અ૦ **बज्मिफानी** بزم فانی=નાશવંત મંડળી. **बज्म**=સભા, મંડળી, **फानी**=નાશવંત= દુનિયા ) ક્ષણભંગુર જગત.

**બજવાણી,** સ્ત્રી૦ ( ફા૦ **बजाआवुर्दन**= બજાવી લાવવું, કોઇનો હક અદા કરવો ) અમલમાં મૂકવું.

**બજવું,** ક્રિ૦ અ૦ ( ફા૦ **बजाआवुर्दन** بجا آوردن=બજાવી લાવવું, કોઇનો હક અદા કરવો ) અમલમાં આવવું.

**બજા,** વિ૦ ( ફા૦ **बजा** بجا=યોગ્ય. યોગ્ય સ્થળે, ખરૂં ) વાજબી.

'આપના દિલમાં જે શક રહ્યા કરે છે તે બજા છે' બા૦ બા૦

**બજાજ,** પુ૦ ( અ૦ **बज्जाज** بزاز=કાપડનો વેપારી, સામાન વેચનાર. **बज**=લૂગડું ઉપરથી ) દોશી વાણીઓ, કાપડનો વેપારી. 'જે ચૌદ લોકનો મહારાજ રે, મહેતા માટે થયો બજાજરે' વાઘો શોભે કેશર છાંટેરે, પાઘડી બાંધી અવળે આંટેરે.' મામેરૂં.

**બજાજી,** સ્ત્રી૦ ( અ૦ **बज्जाजी** بزازی= બજાજપણું ) વેચવાની ચતુરાઇ.

**બજાજીવેડા,** પુ૦ ( અ૦ **बज्जाजी** بزازی+ વેડા ગુ૦ પ્ર૦ બજાજીપણું ) રકઝકપણું.

**બજાર,** ન૦ ( ફા૦ **बाजार** بازار=બજાર. **बाज़आवुर्दन**=ફરી ફરીને લાવવું, બજા-રમાંથી ઘણી ઘણી વસ્તુ લાવવી પડે છે માટે. (૨) **इबा**=શોરવો, રસો ( પ્રવાહી શાક ) ઉપરથી **इबाजार**=શોરવો વેચવાની જગા. ) ચૌટું, પીઠું, ગુજરી.

**બજારગપ,** સ્ત્રી૦ ( ફા૦ **बाज़ारगप** بازارگپ =બજારમાં ચાલતી ગપસપ ) અફવા, લોકવાયકા.

**બજારભાવ,** પુ૦ ( **बाजार** بازار+ભાવ, ગુ૦શ૦=બજારમાં ચાલતો ભાવ ) જાહેર બજારમાં જે કીમત બોલાતી હોય તે.

**બજારૂ,** વિ૦ ( ફા૦ **बाजारी** بازاری= બજારનું ) સાધારણ, ખાસ બનાવટનું નહિ એવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બજાવણી**, સ્ત્રી० ( ફા० **बजाआवुर्दन** بجاآوردن=બજાવવું ઉપરથી ) બજવણી, કલમબંધી, ટાંચ.

**બજાવનાર**, વિ० ( ફા० **बजाआवुर्दन** بجاآوردن બજાવવું ઉપરથી=અમલમાં મૂકનાર ) અમલ કરનાર.

**બજાવવું**, સ० ક્રિ० ( ફા० **बजाआवुर्दन** بجاآوردن=બજાવવું ઉપરથી ગુ० ક્રિ० ) અમલમાં મૂકવું.

**બજીદ**, વિ० ( અ० **जिद** ضد હઠ, મમત, વિરૂદ્ધતા ) આગ્રહી, હઠીલું

**બડીફજર**, સ્ત્રી० ( અ० **फज्र** فجر=સવાર પ્રભાત ) મળસકું, પ્રભાત.

**બતક**, સ્ત્રી० ( અ० **बत** بط એને **क** લઘુતા-વાચક ફારસી પ્રત્યય લાગી **बतक**= બતકનું બચ્ચું, અથવા નાની સીરોહી ) એક પક્ષી, પાણીમાં રહેનાર ને કાદવમાં પણ રહેનાર પક્ષી. પાણી વગેરે ભરી રાખવાનું વાસણ.

'તેના હાથમાં દારૂની બતક હતી.' રા. મા. ભા. ૧

**બતકો**, પુ० ( અ० **बत** ઉપરથી ગુ० પ્ર० ) નાની બેઠા ઘાટની કુલ્લી.

**બતેલો**, પુ० ( અ० **बत** ઉપરથી ગુ० પ્ર० ) કિનારે કિનારે ફરનારૂં નાનું વહાણ. 'એક નાનો બેડો-દ્રવ્ય ભરેલો-જરી જરી દેખાય છે.' સ. ચં. ભા. ૪.

**બદ**, વિ० ( ફા० **बद** بد=ખરાબ. ફારસી ઉપસર્ગ પણ છે ) ખરાબ, નઠારૂં, ભૂંડું.

**બદકામ**, ન० ( ફા० **बद्+काम** ગુ०=નઠારાં કામ કરનાર ) ખરાબ કામ, વ્યભિચાર.



**બદખસલત**, સ્ત્રી० ( ફા० **बद्+खस्लत** અ० **बद्खस्लत** بدخصلت=નઠારી ટેવ, નઠારી ટેવવાળો ) ગેર વર્તણુક, ખરાબચાલ.

'બદ ખસલતના દીવાને જ્યારથી બદફેલી માંડી, ત્યારથી તો મારૂં કાળજું કપાઇ જાય છે.' ગં. ન. ગ.

**બદગોઇ**, સ્ત્રી० ( ફા० **बद्गोइ** بدگوئی= નઠારૂં બોલવું. **गुफ्तन**=બોલવું ઉપરથી **गोइ** ) ગીબત, નિંદા, કુથલી; 'તે લોકો જ્યાં ત્યાં નવાબ સાહેબની બદગોઇ કરતા ફરે.' સુ० ગ०

**બદચાલ**, સ્ત્રી० ( ફા० **बद्+चाल** ગુ० **बद्चाल**=નઠારી ચાલ ) નઠારી ચાલ, દુરાચરણ.

**બદજબાં**, સ્ત્રી० ( ફા० **बद्ज़बान** કે **बद्-ज़ुबान** بدزبان=નઠારી જીભવાળો ) નઠારી જીભ, ગાળ ગલોચ.

**બદવા**, સ્ત્રી० ( ફા० **बद्+दुआ** અરબી **बद्दुआ** بددعا=શાપ, નઠારી દુઆ ) આંતરડીનો કકળાટ, શાપ.

**બદદાનત**, સ્ત્રી० ( ફા० **बद्+दियानत** અ० **बद्दियानत** بددیانت=નઠારી નિષ્ઠા, નઠારી નિષ્ઠાવાળો ) દુરાશય, હરામ દાનત.

**બદન**, ન० ( ફા० **बदन** بدن=શરીર ) શરીર, અંગ, પહેરણના ઘાટનું પહેરવાનું વસ્ત્ર.

'તેં શું કર્યું તે આ બદન બોલી બતાવાતું નથી.' કલાપી.

**બદનજર**, સ્ત્રી० ( ફા० **बद्+नजर** અ० **बद्नजर** بدنظر=નઠારી દૃષ્ટિ ) કુદૃષ્ટિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બદનસીબ**, ન૦ ( ફા૦ **बद्+नसीब** અ૦ **बद्नसीब** بدنصيب=નઠારા નસીબ-વાળો ) ભાગ્યહીન, અભાગીઆપણું.

**બદનામ**, વિ૦ ( ફા૦ **बद्नाम** بدنام= નઠારા નામવાળો ) લાંછિત, કલંકિત.

**બદનામી**, સ્ત્રી૦ ( ફા૦ **बद्नामी** بدنامی =નઠારા નામપણું ) બટ્ટો, લાંછન, નામોશી, ફજેતી.

**બદપરહેજ**, વિ૦ ( ફા૦ **बद्पर्हेज** بدپرهيز= પરહેજ ન પાળનાર ) ગમે તે ખાનાર, ગમે તેવાં કામ કરનાર.

**બદપરહેજી**, સ્ત્રી૦ ( ફા૦ **बद्पर्हेजी** بدپرهيزی=પરહેજ ન પાળવાપણું ) ગમે તે ખાઇ લેવું, ગમે તે કામ કરવું.

**બદફેલ**, વિ૦ ( ફા૦ **बद्+फअ्ल** અ૦ કામ بدفعل=નઠારાં કામ કરનાર ) ગેરચાલનું, અનીતિમાન.

**બદફેલી**, સ્ત્રી૦ (ફા૦ **बद्+फअ्ली** بدفعلی =નઠારાં કામ ) અનીતિ.
'મારા વિના રાજ્યમાં આટલે સુધી બદફેલી ચલાવી શકે છે.' અં. ન. ગ.

**બદબખ્ત**, વિ૦ ( ફા૦ **बद्बख्त** بدبخت =નઠારા નસીબવાળો ) અભાગીઉં, કમનસીબ.

**બદબો**, પુ૦ ( ફા૦ **बद्बो** بدبو=નઠારો વાસ, દુર્ગંધ. **बूईदन**=સુંઘવું ઉપરથી બો ) નઠારો વાસ.

**બદબોઇ**, સ્ત્રી ( ફા૦ **बद्बोई** بدبوئی= નઠારો વાસ. ગુ૦ પ્રયોગ ) નિંદા, ગીબત, કુથલી.

**બદમાસ**, વિ૦ ( ફા૦ **बद्+मआश**, અરબી= જીવતા રહેવું, જીવતા રહેવાની વસ્તુઓ. **बद्मआश**=بدمعاش=નઠારાં કૃત્ય કર-નાર, નઠારી રીતે જીવનાર, ખોટી રીતે પેટ ભરનાર ) કાળાં કામ કરનાર, લુચ્ચો, હરામી. 'એવા બદમાશ લોકો રાજ્યની અંદર પગપેસારો કરી જ ન શકે.' અં. ન. ગ.

**બદલ**, અ૦ ( અ૦ **बदल** بدل=સાટે, બદલે ) અવેજ, બદલવું તે.

**બદલવું**, સ૦ ક્રિ૦ ( અ૦ **बदल** بدل ઉપરથી ગુજરાતી ક્રિયાપદ. બદલ=તે બદલ્યો ઉપરથી ) એકને ઠેકાણે બીજું લેવું, આપવું વગેરે.

**બદલામ**, જુઓ બદનામ.

**બદલાવવું**, સ૦ ક્રિ૦ ( અ૦ **बदल** بدل ) જુનું આપીને નવું લેવું.

**બદલાવું**, સ૦ ક્રિ૦ ( અ૦ **बदल** ઉપરથી ) ફરી જવું, એક સ્વરૂપમાંથી બીજામાં જવું.

**બદલી**, સ્ત્રી૦ ( અ૦ **बदल** ઉપરથી. **तब्दीली** تبديلی=બદલવું ) બદલાવવું, ફેરફાર, સ્થળાંતર.

**બદલે**, અ૦ ( અ૦ **बदल** ઉપરથી ) સાટે, એકને ઠેકાણે બીજું એમ.

**બદલો**, પુ૦ ( અ૦ **बदल** ઉપરથી **बद्लह**, **तबादिलह** تبادله، بدله=બદલો ) અદલબદલ કરવું તે.

**બદસીકલ**, વિ૦ ( ફા૦ **बद्+शक्ल** અરબી **बद्शक्ल** بدشكل=નઠારી સુરતવાળો, કદરૂપો ) વરવું, બેડોળ.

**બદસુરત**, વિ૦ ( ફા૦ **बद्+सूरत** અરબી. **बद्सूरत** بدصورت=નઠારા ચહેરાવાળો ) વરવું, કદરૂપું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બદહજમી,** સ્ત્રી૦ ( ફા૦ **बद्+हज़्मी** અ૦ **हज़्म**=પચવું ઉપરથી **बद्हज़्मी** بدہضمی=ખાધું ન પચે તે ) અપચો, અજીરણ.

**બદામ,** સ્ત્રી૦ ( ફા૦ **बादाम** بادام=એક મેવો છે ) એક સુકો મેવો, જેમાંથી તેલ નીકળે છે.

**બદામડી,** સ્ત્રી૦ ( ફા૦ **बादाम** بادام ઉપરથી ) બદામનું ઝાડ.

**બદામી,** વિ૦ ( ફા૦ **बादामी** بادامی= બદામના રંગ જેવું ) ભૂખરું લાલ.

**બદિયાન,** ન૦ ( ફા૦ **बदन** بدن=શરીર ઉપરથી ) બદન, કુડતું.

**બદી,** સ્ત્રી૦ ( ફા૦ **बदी** بدی=ખોટાઇ, ખોટું ) દુરાચરણ, અનીતિ, અધર્મ.

**બનફશા,** પુ૦ ( ફા૦ **बनफ़शह** بنفشہ= એક જાતનું ઘાસ છે ) દવાના કામમાં આવતું એક જાતનું ઘાસ. સળેખમ વગેરેમાં વપરાય છે. રેચક હોવાથી યુનાની હકીમો ઘણું કરીને દરેક રોગમાં એનો થોડા ઘણા પ્રમાણમાં ઉપયોગ કરે છે.

**બનુસ,** ન૦ ( અ૦ **बुर्नुस** برنس=ઊનનું બાણુ કે કાળું લુગડું ) ઊનના જાડા વણાટનો ઓઢવાનો ફાળ.

**બન્નુસ,** જુઓ બનુસ.

**બબરચી,** પુ૦ ( ફા૦ **बावर्ची** باورچی= રસોઇઓ ) રંધવારો.

**બબરચીખાનું,** ન૦ ( ફા૦ **बावर्चीखानह** باورچی خانہ=રસોડું ) રાંધણી.

**બયાન,** ન૦ ( અ૦ بیان=**बयान**=વર્ણન કરવું. **बान**=તે ગુણમાં ચઢીઆતો હતો, તે સમજાય એવું હતું. ઉપરથી ) વર્ણન, વિવેચન.

'જુદા ગીરફતારી અમારી, બયાન પણ એ થાય ના.' દી૦ સા૦

**બર,** પુ૦ ( ફા૦ **बर**=ઉપર, સાથ, બગલ ) પનો, પોહોળાઇ.

**બરઆવવું,** અ૦ ક્રિ૦ ( ફા૦ **बरआमदन** برآمدن બહાર આવવું ) પાર પડવી, આશા પુરી થવી.

'તમારી ઇચ્છા બર આવશે.' ૮. ૧૦૦ વા. ભા. ૩

**બરક,** પુ૦ ( ફા૦ **बरक** برک=ઊંટના વાળનું બનાવેલું લુગડું ) ઊંટના વાળ, ઊંટીઉં ઊન. બરકના ધાબળા.

**બરકત,** સ્ત્રી૦ ( અ૦ **बरकत** برکت= વિશેષતા, વિશેષપણું, **बरक**=આશીર્વાદ પામેલો હતો ઉપરથી ) વિભૂતિ, ભરપુરતા.

'આ લાભ સવાયાં, આ ખરે બરકત કહી તોલાં જોખવા માંડયાં.' ૮. ૧૦૦ વા. ભા. ૨

**બરકમદાર,** પુ૦ ( **बर्क्** અરબી વિજળી;+ **अंदाज़** ફા૦ નાખનાર. **बर्क़अंदाज़.** برق انداز=વિજળીની પેઠે તાકીદે હથીઆર ફેંકનાર, કુશળ. હિંદુસ્તાની ફારસી છે ) જેલનો ઉપરી, બરકમદાર.

**બરખાસ્ત,** વિ૦ ( ફા૦ **बर्खास्त** برخاست ઊઠવું, **बर्खास्तन**=ઊઠવું ઉપરથી ) વેરાએલું, વિખરાએલું, વિસર્જન.

'બાબરે મેહફીલ બરખાસ્ત કરવાની રજા આપી' બા૦ બા૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બરજોરી,** સ્ત્રી૦ ( ફા૦ **बर्जोरी** برزوری= શક્તિ વાપરવી ) જોરાવરી, જબરદસ્તી.

**બરતરફ,** વિ૦ ( **तरफ** અરબી. **बर्तरफ** برطرف=નોકરીથી દૂર થવું ) પાસેથી દૂર કરેલું, કાઢી મૂકેલું.
'સુબીએ એને બરતરફ કરાવ્યો.' સ. ચ. ૨

**બરતરફી,** સ્ત્રી૦ ( **तरफ** અરબી. **बर्तरफी** برطرفی ગુ૦ પ્ર૦ નોકરીથી દૂર કરવાપણું ) કામ પરથી રજા મળવી તે.

**બરદાશ,** સ્ત્રી૦ ( ફા૦ **बर्दाश्त** برداشت= સંભાળ. **बर्दाश्तन**=ઉઠાવવું ઉપરથી ) સંભાળ, જાળવણી.

**બરદાસ્ત,** સ્ત્રી૦ ( ફા૦ **बर्दाश्त** برداشت =સંભાળ ) ભાળ, કાળજી રાખવી.
'પાછી મારી કોણ બરદાસ્ત લેશે.' ક. ઘે.

**બરફ,** પુ૦ ( અ૦ **बर्फ** برف=આકાશમાંથી પાણી ઠરીને પડે છે તે. જમીન પરનું પાણી ઠરી જાય તેને **यख** કહે છે ) ઠરેલું પાણી, હિમ.

**બરફી,** સ્ત્રી૦ ( અ૦ **बर्फ** ઉપરથી ) બરફ જેવું ધોળું ને બરફ જેવું ઠંડું પકવાન. દૂધનો માવો ને ખાંડની ચાસણીથી બનાવેલી મિઠાઇ.

**બરફીચુરમું,** ન૦ ( અ૦ **बर्फ** ઉપરથી ) બરફીની સાફક ઠારીને ચકતાં પાડેલું ચુરમું.

**બરબત,** ન૦ ( ફા૦ **बर्बत** بربط=એક વાજીત્રનું નામ છે જે તંબુરા જેવું હોય છે ને તેનો અવાજ ઘણોજ પ્રિય લાગે છે ) એક જાતનું વાજીત્ર.
'ન બર્બત દસ્ત ઉસ્તાદી, તૂટયા તારો મિલાવી દે' ગુ૦ ગ૦

**બરબાદ,** અ૦ ( ફા૦ **बर्बाद** برباد=નકામું **बर**=ઉપર, **बाद**=હવા. હવાની ઉપર મિથ્યા ) રદ, બાતલ, નકામું.
'મારાં માબાપની ઇજ્જત તો બરબાદ કરીશ નહિ.' બા૦ બા૦

**બરબાદી,** સ્ત્રી૦ ( ફા૦ **बर्बादी** بربادی= ખરાબી ) વ્યર્થ જવું તે.

**બરહક,** વિ૦ ( **बर** ફા૦=ઉપર, **हक्क** અરબી. =સત્ય. **बहक्क** برحق=સત્ય ઉપર હોય તે, સત્ય ) સાચું. 'જહાંપનાહ જે કરે છે તે વાજબી તથા બરહક છે.' ક. ઘે.

**બરાત,** સ્ત્રી૦ ( ફા૦ **बरात** برات=વરની તરફથી વિવાહમાં જનાર માણસો, જાન ) વરઘોડાનું સાજન તે.
'જાન જે બરાત કહેવાય છે તેનો દિવસ નકી કરવામાં આવે છે.' રા. મા. ભા. ૨

**બરાતી,** પુ૦ ( ફા૦ **बराती** براتی= જાનૈયા ) જાનમાંનો માણસ.

**બરાબર,** વિ૦ ( ફા૦ **बराबर** برابر=એક ઉપર એક ગોઠવાયેલું, નિયમિત. **बर**= ઉપર ) સરખું, સમાન, ખરૂં, વાજબી.

**બરાબરી,** સ્ત્રી૦ ( ફા૦ **बराबरी** برابری= સમાનતા ) સરખાપણું સરખા થવું તે.

**બરાબરીઉ,** વિ૦ ( ફા૦ **बराबर** ઉપરથી ) સરખે સરખું, સમોવડીઉં.
'બહેક હુબતા તથા હુબવાની તૈયારી ઉપર આવેલા વહાણવાળાઓની ગાળ ખાઇને તથા તેઓની તરફથી અપમાન સહીને.. ક૦ ઘે૦

**બરીયાન,** સ્ત્રી૦ ( ફા૦ **बिर्यान** بریان= શેકેલું, રાંધેલું ) બાળવું, બાળેલું, બંદૂકને અગ્નિનો સ્પર્શ કરવો.
'એ ચાર દિવસ ઉપર ભરી રાખેલી બંદૂક બરીયાન મૂકીને છોડવા માંડી.' રા. મા. ભા. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બરોબર**, બરાબર શબ્દ જુઓ.

**બરોબરી**, બરાબરી શબ્દ જુઓ.

**બરોબરીઉં**, બરાબરીઉં શબ્દ જુઓ.

**બલ્કે**, અ૦ ( **बल** અરબી ઉપરથી **बल्कह** بلکه=ફારસી=સંદેહ કે સંશય બતાવનાર ક્રિયાવિશેષણ અવ્યય છે ) એથી પણ વધારે, એના કરતાં વિશેષ.

**બલગમ**, પુ૦ ( અ૦ **बलगम** بلغم=ગલફામાં પડતો જાડો ચીકણો પદાર્થ. શરીરમાં સોદા, બલ્ગમ, સફરા ને દમ એ ચાર વસ્તુઓ છે તેમાંની એક ) ગળફો.

**બલવો**, પુ૦ ( અ૦ **बलवह** بلوه=આફત, દુઃખ, બલા ) બંડ, તોફાન, રાજસત્તાની સામે હલ્લો કરવો તે.

**બલા**, સ્ત્રી૦ ( અ૦ **बला** بلا=પરીક્ષા કરવી, અજમાવવું ) દુઃખ, મુસીબત, માથાફોડ, પીડા.

'એ પ્રમાણે બલાની સામા તેણે હથીઆર બાંધી તેણે તે મુડદાનું આસન કીધું.' ક. ઘે.

**બલુચી**, વિ૦ ( તુર્કી **बिल्लूच** بلوچ=બલુચિસ્તાનના લોકો ) બલુચિસ્તાનનું.

**બવાસીર**, ન૦ ( અ૦ **बवासीर** بواسیر=એક પ્રકારનો રોગ ) ગુદામાં થતો મસાનો રોગ, હરસ મસાનો રોગ.

**બસ**, અ૦ ( ફા૦ **बस** بس=ઘણું, પુરતું ) થયું, એટલું જ, ઘણું.

**બસ્તો**, પુ૦ ( ફા૦ **बस्तह** بسته=ગાંસડી, પોટલી, પોટકું, **बस्तन**=બાંધવું ઉપરથી, બાંધેલું. ) ગાંસડી, પોટલી.

**બસાતી**, પુ૦ ( અ૦ **बिसाती** بساطی=રાચરચીલું વગેરે વેચનાર. **बिसात**=પાથરણું, સાદડી, રાચરચીલું વગેરે તે ઉપરથી) પરચુરણ સામાન વેચનાર વેપારી.

**બહુમન**, પુ૦ ( ફા૦ **बहमन** بہمن=એક પારસી મહીનાનું નામ, આદ્યબુદ્ધિ નામના ફિરિસ્તાનું નામ ) એક પારસી દેવતાનું નામ.

'આવી સંકલના મિસર ધર્મમાં તથા યાહુદી ધર્મમાં છે, તે શબ્દ બ્રહ્મને તેઓ 'લોગોસ' કહે છે. ઝંદ અવસ્તામાં તેને 'બહમન' કહે છે.' સિ૦ સા૦

**બહસ**, સ્ત્રી૦ ( અ૦ **बहस** بحث=જમીન ખોદવી, કોઈ વસ્તુ ખોળવી, કોઇની સાથે વાદવિવાદ કરવો ) તકરાર. 'અકલ બડી કે ભેંસ' એ કહેવતમાં ભેંસ શબ્દ 'બાહસ' ને ઠેકાણે છે એટલે 'અકલ મોટી કે વાદવિવાદ.'

**બહાદુર**, વિ૦ ( ફા૦ **बहादुर** بہادر=હિંમતવાન ) સાહસિક, શૂરવીર, મર્દ.

**બહાદુરી**, સ્ત્રી૦ ( ફા૦ **बहादुरी** بہادری=વીરતા ) બહાદુરપણું, સાહસ.

**બહાનું** ન૦ (ફા૦ **बहानह** بہانہ=મિષ) ઓઠું, નિમિત્ત.

**બહાર**, પુ૦ ( ફા૦ **बहार** بہار=વસંતઋતુ) લહેકો, શોભા, રંગ, મજા, ખૂબી.

**બહાલ**, વિ૦ ( અ૦ **हाल**, **ब** ફારસી. **बहाल** بحال=કાયમ ) જાયુનું રાખેલું હોય તે.

**બહાલી**, સ્ત્રી૦ ( અ૦ **हाली**+**ब** ફારસી **बहाली** بحالی=કાયમી ) મંજુરી, ચાલુ રાખવાપણું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બળજોરી,** સ્ત્રી० ( ફા० **जोरी**, બળ ગુજરાતી ) બહુ આગ્રહ કરવો.

**બળવાખોર,** વિ० ( અ० **बल्वह** + **खोर** ફારસી. **बल्वह्खोर** بلوه خور=બળવો કરનાર ) લડાયક, ફિસાદી, બંડખોર.

**બળવો,** પુ० ( અ० **बल्वह**, بلوه=દુઃખ, આફત, બલા ) બખેડો, બંડ, ફિસાદ.

**બંગ,** પુ० ( ફા० **बंग**, بنگ=ભંગ, જે પીવાથી નીશો થાય છે ને માણસને મસ્તી સૂઝે છે ) બુટ્ટો, તર્ક, તરંગ.

**બંદ,** પુ० ( ફા० **बंद**, بند **बस्तन** بستن= બાંધવું ઉપરથી. બંદ,) બંધન. 'બંદ' એ પ્રત્યય પણ છે જેમકે કમરબંદ, બાજારબંદ, દિલબંદ ) બેડી, બંધન.

**બંદગી,** સ્ત્રી० ( ફા० **बंदगी**, بندگی= સલામ, સ્તુતિ ) ઈશ્વરપ્રાર્થના, ભક્તિ. 'તેણે ખુદાની બંદગી કરી માગ્યું.' ટ. ૧૦૦ વા. ભા. ૪

**બંદર,** ન० ( ફા० **बंदर** بندر=દરિયાકાંઠે આવેલું શહેર ) બંદર. 'સુરત બંદરે મુબારક ઉપર અંગ્રેજી તથા મોગલાઇ બંને વાવટા તે વખતે સાથે ઉડતા હતા.' નં०ચ०

**બંદી,** પુ० ( ફા० **बंदी** بندی=કેદી. **बस्तन**=બાંધવું ઉપરથી ) બંદીવાન.

**બંદુક,** સ્ત્રી० ( અ० **बदूक** بندوق=બંદુક. **बंदक**=ગોફણનો ગોળો, તે ઉપરથી ) નલિકા, પિસ્તોલ.

**બંદેનવાજ,** વિ० ( ફા० **बंदहनवाज** بندہ نواز= સેવક ઉપર મહેરબાની કરનાર. **बंदह**=સેવક **नवाख्तन** કે **नवाजीदन** ઉપરથી **नवाज** ) નોકર ચાકર ઉપર કૃપા કરનાર. 'બંદેનવાજ એ સામંતસિંહ તો મેવાસનો રહેનાર છે.' રા. મા. ભા. ૧

**બંદેપરવર,** વિ० ( ફા० **बंदहपर्वर** بندہ پرور=સેવકને પાળનાર. **पर्वर्दन**=પાળવું ઉપરથી **पर्वर**.)સેવકને પાળનાર.

**બંદો,** પુ० ( ફા० **बंदह** بندہ=ચાકર, ગુલામ, સેવક ) બંધાએલો માણસ, સેવક, દાસ. 'ઠીક છે ત્યારે. જોઈએ આજ બંદાનાં પરાક્રમ.' સ० ચં० ૧.

**બંદોબસ્ત,** પુ० ( ફા० **बंदोबस्त** بندوبست=વ્યવસ્થા. **बस्तन**=બાંધવું ઉપરથી **बंद** અને **बस्त**, એ બેની વચ્ચે ઉભયાન્વયી અવ્યય 'વ' આવવાથી સંધિ થઇ બંદોબસ્ત ) નિયમ, નિયંત્રણ.

**બંધીખાનું,** ન० ( ફા० **बंदीखानह** بندی خانہ=કેદખાનું ) તુરંગ, જેલ.

**બંધીવાન,** પુ० ( ફા० **बंदी**=કેદી بندی. વાન, ગુ० પ્ર० ) કેદી. 'તેના શરીરને કંપ અને ખેદ એ બે જણે, બંધીવાન કરી દ્વારની બહાર ધકેલી કાઢયું.' સ० ચં० ભા. ૩

**બંબો,** પુ० ( અ० **मंबअ** منبع=પાણી નીકળવાની જગા. **नबुअ**=જમીનમાંથી પાણીનું નીકળવું, તે ઉપરથી પાણી નીકળે તે જગા ) પાણીનો નળ

**બાકળા,** પુ० ( અ० **बाकिलह** باقلہ= વનસ્પતિ, લીલોતરી) આખું બાફેલું કઠોળ, 'તેના ડોકા કે બાકળા બાફીને ખાવ.' અં. ન. ગ.

**બાકી,** સ્ત્રી० ( અ० **बाकी** باقی=હમેશા રહેનાર. **बका**=તે જીવતો રહ્યો, હમેશ રહ્યો ઉપરથી ) શેષ, અવશેષ, સિલક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બાગ**, પુ૦ ( અ૦ફા૰ **बाग** باغ =બગીચો ) બગીચો, ઉદ્યાન, ઉપવન.

**બાગબાન**, પુ૦ ( અ૦ **बाग्+बान** ફા૰ પ્ર૦ **बाग्बान** باغبان =માળી ) બગીચાનો રક્ષક.' 'મેં બાગબાન બનાવ્યો હતો.' બા૦ બા૦

**બાગવાન**, પુ૦ (અ૦ **बाग्+बान** ફા૦ પ્ર૦) બાગબાન શબ્દ જુઓ. 'બાગવાને તેમાંનાં કેટલાંક ફળ બાદશાહને ભેટ આપ્યાં.' ટ. ૧૯૦ વા. ભા. ૪

**બાગાયત**, સ્ત્રી૦ ( અ૦ **बाग** તેનું ફારસી રીતે બહુવચન **बागात** باغات =બગીચાઓ ) બગીચામાં થતી ખેતી, વાડીમાં થતો પાક, ફૂલઝાડ, શાકભાજી વગેરે.

**બાગાયતી**, વિ૦ ( અ૦ **बाग** ઉપરથી ફારસીમાં બહુવચન **बागात** ઉપરથી ) ફૂલઝાડ, શાકભાજી વગેરે થાય એવી ખેતી.

**બાચકો**, પુ૦ ( તુ૦ **बुक़चह** بقچه =લુગડાં વગેરેની પોટકી ) થોડો, પાંચ આંગળાં વચ્ચે ઝાલેલો જથો.

**બાજ**, પુ૦ ( ફા૦ **बाज**=એકજાતનું શિકારી પક્ષી. **बाख्तन**=રમવું ઉપરથી **बाज**= રમનાર. ફારસી પ્રત્યય પણ છે ) મોટી સમળી જેવું પક્ષી. 'મુરઘીનાં બચ્ચાંને મારવા બાજ ઉંચે ઉડતાં ઉડતાં તલપ મારે છે.' ક. ઘે.

**બાજંદાવેડા**, પુ૦ ( ફા૦ **बाजन्दह** بازنده રમનાર+વેડા ગુ૦ પ્ર૦=ચાલાકી ) ધૂર્ત્તતા ઢોંગાઈ. 'રૂપાળીએ બાજંદાવેડા કરવા માંડયા.' સ૦ ચં૦ ૧.

**બાજંદું**, વિ૦ ( ફા૦ **बाजंदह** بازنده = રમનાર ) ધૂર્ત્ત, ઢોંગું, પોંહોંચેલું.

**બાજી**, સ્ત્રી૦ ( ફા૦ **बाज़ी** بازی =રમત **बाख्तन**=રમવું ઉપરથી ) રમત, ખેલ, ચોસર.

**બાજીગર**, પુ૦ ( ફા૦ **बाज़ीगर** بازیگر = રમત કરનાર ) ખેલાડી, યુક્તિથી રમત રમી–રમાડી જાણનારો તે.

**બાજીગરી**, સ્ત્રી૦ ( ફા૦ **बाज़ीगरी** بازیگری =રમત ) ખેલ, તમાશો.

**બાજુ**, સ્ત્રી૦ ( ફા૦ **बाजू** بازو = તરફ ) છેડો, અંત.

**બાજુબંધ**, પુ૦ (ફા૦ **बाजूबंद** بازوبند = એક પ્રકારનું ઘરેણું ) હાથની કોણી ઉપર પહેરવાનું ઘરેણું.

**બાજે**, વિ૦ ( અ૦ **बअ़ज** بعض =કેટલાક. **बअ़ज**=તેણે ભાગ પાડયા ઉપરથી ) એકાદું, ગમે તે કોઇ એક.

**બાઝંદું**, વિ૦ બાજંદું શબ્દ જુઓ.

**બાતમી**, સ્ત્રી૦ ( અ૦ **बातिनी** باطنی = અંદરનો ભેદ, છાની ખબર, **बतन**=પેટ ઉપરથી ) છુપી ખબર, સમાચાર. 'એવી બાતમી નાગરાજને પણ મળી.' સ૦ ચં૦ ભા. ૩

**બાતમીદાર**, વિ૦ ( અ૦ **बातिनी+दार** ફા૦ પ્ર૦ **बातिनीदार**=છુપી ખબર લાવી આપનાર ) ભેદી, જાસુસ, ખબરપત્રી.

**બાતલ**, વિ૦ ( અ૦ **बातिल** باطل =જૂઠું. **बतल**=ખોટું હતું, તેણે સંતાડયું ઉપરથી) નિરૂપયોગી, નકામું. 'મળી માહીતી મુજને હવે બાતલ જહાંથી હું થયો.' કલાપી.

**બાતેન**, વિ૦ ( અ૦ **बातिन** باطن =છુપી વાત, **बतन**=પેટ ઉપરથી ) ખાનગી, ગુપ્ત, છુપું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બાદ,** સ્ત્રી૦ ( ફા૰ **बाद** باد=હવા) પવન,વા.

**બાદ,** વિ૰ ( અ૰ **बअद** بعد=પછી, **बअद**=દૂર હતો ઉપરથી ) પછી, કેડે, વળતી, બાતલ, કમ, ઓછું.

**બાદબાકી,** સ્ત્રી૦ ( અ૰ **बअद्बाकी** بعدباقی=ગુજરાતીમાં આ શબ્દ વપરાય છે. બાદબાકીને અરબીમાં **तफ्रीक** تفریق કહે છે **बुदन**=હોવું ઉપરથી **बाद**=બાકી રહેલું ) બાદ કરવું તે, બાકી રહેલું તે.

**બાદલું,** ન૦ (ફા૰ **बादलह** بادله=કસબ) રેશમ ઉપર ચડાવેલા કસબની આંટી, કસબનું ગુંછળું.

**બાદશાહ,** પુ૰ ( ફા૰ **बादशाह, पादशाह** بادشاه, پادشاه=હાકેમ, મુલકનો ધણી) મોટો મુસલમાન બાદશાહ.

**બાદશાહી,** સ્ત્રી૦ ( ફા૰ **बादशाही,** بادشاهی پادشاهی=બાદશાહનો અમલ ) મોટું મુસલમાની રાજ્ય.

**બાદિયાન,** ન૦ ( ફા૰ **बाद्यान** بادیان= અજમો ) સુંદ દાણા જેવું એક બી, એક જાતનું વસાણું.

**બાદી,** સ્ત્રી૦ ( ફા૰ **बादी** بادی=હવા ઉપરથી. **बाद**=હવા. મુસલમાનો પાણી, હવા, માટી ને દેવતાને મહાભૂત ગણે છે ) અજીરણ, અપચો, બદહજમી.

**બાન,** વિ૰ ( અ૰ **बयआनह** بیعانه= સાટામાં કાંઇ પૈસા પહેલેથી આપીએ તે. **बयअ**=વેપાર, વેચવું, અરબી+**आनह**, ફારસી પ્રત્યય) જામીન તરીકેનું,સાટાબદલ.

**બાનુ,** સ્ત્રી૦ (ફા૰ **बानू** بانو=બેગમ, ગૃહિણી, મુસલમાન સ્ત્રીઓના નામ સાથે માનવાચક એ શબ્દ લાગે છે. અર્જુમંદ બાનુ, શેહરબાનુ વગેરે ) બાઇ, સારા ઘરની આબરૂદાર સ્ત્રી.

**બાનું,** ન૦ ( ફા૰ **बहानह** بهانه=ખોટું કારણ) બહાનું, નિમિત્ત, મિષ.

**બાનું,** ન૦ ( અ૰ **बयआनह** بیعانه=સાટામાં કાંઇ પૈસા પહેલાંથી આપીએ તે. **बयअ**=વેપાર, વેચવું, અરબી શબ્દ છે એને **आनह** ફારસી પ્રત્યય લાગ્યો છે ) સોદાના સાટા પેટે પહેલેથી આપેલી રકમ.

**બાબ,** પુ૰ ( અ૰ **बाब** باب = દરવાજો, પ્રકરણ ) ભાગ, વિભાગ, વિષે.
'તે બાબે માંહોમાંહે સ્પર્ધા કરતા.' નં.ચ.

**બાબત,** સ્ત્રી૦ ( ફા૰ **बाबत** بابت=લીધે, માટે, સારૂ, કામ ) વિષય, કામ.

**બાબતી,** સ્ત્રી૦ (ફા૰ **बाबत** بابت ઉપરથી ) માલ વેચાણ વગેરે ઉપરનો વટાવ, હકસાઇ, દલાલી.

**બાબર,** પુ૰ ( તુર્કી **बाबुर** بابر=સિંહ ) હુમાયુંના બાપનું નામ.

**બાબલમાંડબ,** સ્ત્રી૦ ( અ૰ **बाबुलमंदूब** باب المندوب=આંસુના દરવાજા. બાબ= દરવાજો, મન્દૂબ=જેને રડી ચુકયા હોઇએ તે) એ નામની સામુદ્રધુની છે, જ્યાં આગળ વહાણોને હરકત પડવાથી ઘણી વખત લોકો રડતા હતા માટે.

**બાબસ્તા,** વિ૰ (ફા૰ **बाबस्तह** وابسته= બંધાએલો, સંબંધ, સગું ) સંબંધી. જોડાએલો, લાગેલો. 'નોકર ચાકરો મોટા અધિકારીઓના સગાવહાલા કે બેસ્તા બાબસ્તાજ હતા.' અં. ન. ગ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બાબા**, પુ૦ ( ફા૦ **बाबा** بابا=બાપ, દાદો, સરદાર ) વૃદ્ધ, મોટો.

**બાબાશાહી**, વિ૦ ( ફા૦ **शाही** شاہی ) બાબીઓના અમલમાં ચાલુ થએલો સિક્કો.

**બાબીલન**, ન૦ ( અ૦ **बाबिल** بابل= પ્રાચીનકાળમાં એક પ્રખ્યાત શહેર હતું, જ્યાં નમરૂદ અને જહહાકની ગાદી હતી. એનાં ખંડેરો ઇરાક અરબમાં યુફ્રેટીસના પૂર્વ કિનારા ઉપર બગદાદની નૈઋત્યખૂણામાં જણાય છે ) એશીઆઇ તુર્કસ્તાનમાં એક શહેર હતું.

**બાબુત્તિજારત**, ન૦ ( અ૦ **बाबुत्तिजारत** باب التجارت=વેપારનો દરવાજો. બાબ=દરવાજો, તિજારત=વેપાર ) સુરતનું ઉપનામ. 'સુરત બાબુલમક્કા કહેવાતું એટલુંજ નહિ પણ બાબુત્તિજારત પણ ગણાતું.' નં. ચ.

**બાબુલમક્કા**, ન૦ ( અ૦ **बाबुलमक्कह** باب المکہ=મક્કાનો દરવાજો) સુરત શહેર. 'સુરત બાબુલમક્કા કહેવાતું એટલુંજ નહિ, પણ બાબુત્તિજારત પણ ગણાતું.' નં૦ ચ૦

**બાબે**, અ૦ ( અ૦ **बाब** باب=દરવાજો, પ્રકરણ ) બાબતે, કારણે, વાસ્તે.

**બામદાદ**, પુ૦ ( ફા૦ **बाम्दादां** بامدادان= સવારનો વખત ) પ્રભાત, પરોઢીઉં.

**બાયસ**, પુ૦ (અ૦ **बाइस** باعث=કારણ) સબબ. 'દેવી કન્યાવસ્થાની બહાર નીકળવા યોગ્ય થવા છતાં શોકના બાયસથી તેનું લગ્ન કરવું અટકી પડયું હતું.' સ૦ ચં૦ ૧.

**બાર**, પુ૦ ( ફા૦ **बार** بار=દરવાજો ) મોટા માણસની ડેહેલી.

**બારકસ**, ન૦ (ફા૦ **बार्कश** بارکش=ભાર ખેંચનાર. બાર=ભાર,+કશીદન=ખેંચવું ઉપરથી કશ=ખેંચનાર ) માલ લઇ જનાર વહાણ, ભારખાનું લઇ જનાર વહાણ.

**બારગાહ**, સ્રી૦ ( ફા૦ **बार्गाह** بارگاہ= કચેરી, દીવાનખાનું ) દરબાર, મોટા માણસની હજુર.

**બારગીર**, વિ૦ ( ફા૦ **बार्गीर** بارگیر= બોજો ઉપાડનાર, જાનવર,) ઊંટ, ઘોડો, બળદ વગેરે; જે માણસને પોતાનો ઘોડો ન હોય પણ બીજા ઘોડા ઉપર નોકરી કરતો હોય તેવો ઘોડે સવાર નોકર. 'ધનજીએ એક બારગીરને પોતાનો પોશાક આપ્યો હતો તે માંહે મરાયો.' રા. મા. ભા. ૨.

**બારદાન**, ન૦ ( ફા૦ **बार्दान** باردان= કોઈ વસ્તુને જે વાસણમાં રાખે તે વાસણ ) ખાલી કોથળો, ખાલી માટલાં વગેરેનું વજન મળ વજનમાંથી કાપી આપે છે તે, બારદાન કાપવું.

**બારમાસી**, સ્રી૦ ( ફા૦ **निविश्तन** نوشتن=લખવું, ઉપરથી **निवीसी**=બાર મહીના સુધી કાગળો લખવાની ચોપડી) બહારથી આવતા કાગળો લખવાની ચોપડી.

**બારીક**, વિ૦ ( ફા૦ **बारीक** باریک= ઝીણું ) પાતળું.

**બારીકાઇ**, સ્રી૦ ( **बारीकी** باریکی= ઝીણાશ ) પાતળાપણું.

**બારીકી**, સ્રી૦ ( ફા૦ **बारीकी** باریکی= ઝીણાશ ) પાતળાપણું.

**બારૂત**, પુ૦ ( ફા૦ **बारुत** باروت=બંદૂકમાં ફોડવાનો દારૂ ) દારૂખાનામાં વપરાતો દારૂ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બારૂતદાન**, ન૦ (ફા૦ **बारूत्दान** باروتدان =દારૂ રાખવાનું વાસણ ) દારૂ રાખવાનું શીંગડું.

**બાલાતંગ**, પુ૦ ( ફા૦ **बालातंग** بالاتنگ =ઘોડાનો ઉપરનો તંગ. બાલા=ઉપર ) ઘોડાનો તંગ, ઘોડાના સામાનમાંની એક વસ્તુ. રિકાબ નાની મોટી, તંગ તુટેલા, બાલાતંગ તેર ગાંઠીવાળા, ડળી, રૂપડળી, બોગીર ધારશીઓ વગેરે પૂર્વજોએ ગુજરીમાંથી ખરીદેલા.' અં. ન. ગ.

**બાલાબર**, વિ૦ ( ફા૦ **बालाबर** بالابر= એક પ્રકારનું પરદાવાળું અંગરખું ) કાઠીઆવાડી લોકો પહેરે છે તેવું પરદાવાળું અંગરખું.

**બાલાશ**, સ્ત્રી૦ (ફા૦ **बालिश, बालाइश** بالش. بالایش =સંભાળ, રક્ષણ. બાલીદન=વધવું ઉપરથી ) જાળવણી, ખબર રાખવી, રક્ષણ કરવું, જાળવવું

**બાલાશી**, સ્ત્રી૦ ( ફા૦ **बालिश, बालाइश** بالایش. بالش =સંભાળ, રક્ષણ, બાલીદન=વધવું ઉપરથી ) જાળવણી, ખબર રાખવી, રક્ષણ કરવું, જાળવવું.

**બાસ્તો**, પુ૦ ( ફા૦ **बाफ्तह** بافته =એક જાતનું લુગડું **बाफ्तन**=વણવું ઉપરથી, વણેલું ) એક જાતનું સુતરાઉ લુગડું, મહેમદાવાદનો બાસ્તો વખણાતો હતો. એક તાસ્તો બાસ્તો, ગાય ગધેડી એક; ગોળ ખોળ સરખા ગણે, જે જન વના વિવેક. ક. દ. ડા.

**બાહોશ**, વિ૦ (ફા૦ **बाहोश** باهوش= હોશવાળો **बा**=સાથે ) હુસ્યાર, ચાલાક.

**બાહોશી**, સ્ત્રી૦ ( ફા૦ **बाहोशी** باهوشي. =હુશીઆરી ) ચાલાકી.

**બાંગ**, સ્ત્રી૦ ( ફા૦ **बांग** بانگ =સાદ, અવાજ, ) મસીદમાં પાંચ વખત નમાજ વખતે મુલ્લાં જે શબ્દો બોલે છે તે.

**બાંગા**, પુ૦ (ફા૦ **बांग** بانگ =અવાજ ઉપરથી ) જશ, કીર્તિ, વખાણ.

'એટલે બાંગા આપોઆપ ફુંકાશે.' નં. ચ.

**બિન**, પુ૦ ( ફા૦ **इब्न** ابن =દીકરો ઉપરથી, દીકરો ) મુહંમદ બિન કાસિમ=કાસિમનો દીકરો મહંમદ.

**બિનરોજગાર**, વિ૦ ( ફા૦ **रोज़गार; बिन** અં૦ વિના ઉપરથી=રોજગાર વિનાનો ) નવરો, કામધંધા વગરનો

**બિના**, સ્ત્રી૦ ( અ૦ **बिना** بنا =ઇમારતનો પાયો, **बनी**=તેણે બાંધ્યું ઉપરથી ) વર્ણન, હકીકત.

**બિમાર**, વિ૦ ( ફા૦ **बीमार** بیمار =માંદો. મૂળમાં આ શબ્દ **बीमआर** હતો. **बीम**= ધાસ્તી,+**आर**=લાવનાર. ધાસ્તી લાવનાર, ધાસ્તી રાખનાર, માંદા માણસને મરવાની ધાસ્તી હોય છે માટે ) માંદો, રોગી.

**બિમારી**, સ્ત્રી૦ ( ફા૦ **बीमारी** بیماری= મંદવાડ ) રોગ.

**બિયાન**, ન૦ ( અ૦ **बयान** بیان =વર્ણન) બયાન, વર્ણન વિવેચન.

**બિયાબાન**, પુ૦ (ફા૦ **बियाबान** بیابان= જંગલ, પાણી વિનાનો પ્રદેશ. **बे**=નહિ; **आब**=પાણી; **अन**=વાળું; સંધિ થઈને **बियाबान**) જંગલ, અરણ્ય, નિર્જન. 'ફરૂં નાગો બિયાબાને, ફકીરી હાલ મારો છે.' કલાપી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બિરયાની,** સ્ત્રી૦ ( ફા૦ **बिर्यानी** بریانی= એક જાતનું મુસલમાની જમણ. **बिर्यान**= શેકેલું, ભૂંજેલું ઉપરથી) ચોખા, કેસર, માંસ વગેરે નાખી ભૂંજેલું એક જાતનું જમણ.

**બિરાદર,** પુ૦ ( ફા૦ **बिरादर** برادر= ભાઈ) ભાઈ. ' બિરાદર એ બધા મારા, હમારા રાહ છે ન્યારા.' કલાપી.

**બિરાદરી,** સ્ત્રી૦ ( ફા૦ **बिरादरी** برادری= ભાઇપણું ) ભાઇ ચારો. ' ગયાજી સુધી પણ નવી બિરાદરીનો પ્રકાશ વિસ્તરવાનો છે.' ગુ. સિં.

**બિલકુલ,** અ૦ ( અ૦ **बिल्कुल** بالکل= બધું. **ब**=સાથે+**अल्कुल**=બધું, સંધિ થઇ બિલ્કુલ ) તદ્દન, બધું.

**બિલોર,** પુ૦ ( અ૦ **बिल्लूर** بلور=એક જાતનો ઉત્તમ કાચ) પાસાવાળો, અથવા જાડો કીમતી કાચ.

**બિલોરી,** વિ૦ ( અ૦ **बिल्लूरी** بلوری= બીલોરનો ) બીલોર જાતના કાચની વસ્તુ.

**બિલ્લસ,** સ્ત્રી૦ ( ફા૦ **बालिश्त**=વેંત, તસીઓ, ઓસીકું ) ત્રણ મુઠીની એક વેંત. ' ગાજીખાંની છાતીમાં ૧ાા બિલસ જેટલો છરો ઉતારી દીધો.' બા૦ બા૦

**બિશાત,** સ્ત્રી૦ ( અ૦ **बसात** بساط=બિસ્તરો. પાથરણું ) પુંજી, દોલત, ધન.

**બિસ્તરો,** પુ૦ ( ફા૦ **बिस्तर** بستر=પાથરણું ) પાથરવાનું, ગોદડાં ચાદર વગેરે. બીમારે ઇશ્કનાં બીસ્તર તબીબજીને ભુલાવી દો. ' દી. સા.

**બિસ્મિલ,** વિ૦ ( અ૦ **बिस्मिल** بسمل= જબે કરવું, ઝબે કરેલું જાનવર, તરફડતું.) બેચેન, તરફડીયાં મારતું, ' શરાબી બુતખાનામાં જવે મુર્દન સનમ બિસ્મિલ.' દી. સા.

**બિસ્મિલ્લા,** સ્ત્રી૦ ( અ૦ **बिस्मिल्लह** بسم اللہ=અલ્લાહના નામથી. મૂળ શબ્દો આ પ્રમાણે છે. **बिस्मिल्ला हिर्रे ह्मा निर्रहीम** بسم اللہ الرحمن الرحیم= બખ્શિશ કરનાર અને મહાન દયાળુ પરમેશ્વરના નામથી ) મુસલમાનો દરેક કામના આરંભમાં આ શબ્દનો ઉચ્ચાર કરે છે. ' બિસ્મિલ્લા હિર્રહેમાન નિર્રહીમ એટલું કહી તેણે તે ખંજર પોતાના કલેજામાં એટલા જોરથી માર્યું કે તેને પાછું કાઢવાનો પણ તેને વખત મળ્યો નહિ.' ક૦ ઘે૦

**બીચારો,** વિ૦ ( ફા૦ **बीचारह** بیچاره= નિરૂપાય **बी, बे**=નહિ **चारह** ઉપાય. ) ઉપાય વિનાનો, નાચાર.

**બીછાત,** સ્ત્રી૦ ( અ૦ **बसात** بساط=પાથરણું, મેદાન, અસબાબ) પાથરણું, બિછાનું. ' નીલા ઘાસ તણી બિછાત પર આ અંગો પડ્યાં શાંતિમાં.' કલાપી.

**બીનતકરાર,** સ્ત્રી૦ ( અ૦ **तकार** تکرار= તકરાર વિના , વાંધો કાઢ્યા વિના. ગણબંદી બોજા લાદે ને, ચાલું બીન તકરાર; કહો જન જાણે ક્યાં ઉપકાર, પશુમાં પડી એક તકરાર.' નવી વાં૦માળા.

**બીબી,** સ્ત્રી૦ ( ફા૦ **बीबी** بیبی=મુસલમાન સ્ત્રી ) મુસલમાન ઓરત.

**બીબીજાયું,** વિ૦ ( ફા૦ **बीबी** ) બીબીના પેટનું. મુસલમાન સ્ત્રીના પેટનું.

**બીરંજ,** પુ૦ ( ફા૦ **बरंज** برنج=ચોખા ) કેસરીઓ ભાત, જરદો. એમાં કેસર પડે છે માટે મુસલમાનો એને બિરંજે સુજ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અફ્ર [illegible] પણ કહે છે. વળી એનો રંગ પીળો હોવાથી જરદો પણ કહે છે.

**બુખારા**, પુ૦ ( ફા૦ **बुखार**=વિદ્યા ઉપરથી, કારણ કે એ શહેરમાં ઘણા વિદ્વાન થઇ ગયા છે. જેમકે ઇમામ ઇસ્માઇલ સાહેબ વગેરે. કેટલાક કહે છે કે **बुखार**=વરાળ, ગરમી. આ શહેરમાં ગરમી ઘણી પડે છે ને વરાળ ઘણી થાય છે માટે **बुखारा** بخارا ) એક શહેરનું નામ છે. (ગુ.વાં)

**બુજદિલ**, વિ૦ ( ફા૦ **बुज्दिल** بزدل= બીકણ. **बुज्**=બકરી+**दिल**=બકરીના જેવા દિલવાળો ) ડરી જાય એવો, હિંમત વિનાનો.

**બુજરગ**, વિ૦ ( ફા૦ **बुज़ुर्ग** بزرگ=મોટો, માન આપવા લાયક, પ્રતિષ્ઠિત) વૃદ્ધ, ઘરડું, ઘડપણના કારણથી માન આપવા યોગ્ય. ‘અહીં દરવેશ બધા બુજરગ, ખુદાના ઇશ્કખાનામાં.’ કલાપી.

**બુજરગી**, સ્ત્રી૦ ( ફા૦ **बुज़ुर्गी** بزرگی= મોટાઇ, પ્રતિષ્ઠા ) ઘડપણ, મોટાઇ, બુઢાપો.

**બુત**, ન૦ ( ફા૦ **बुत** بت=મૂર્તિ, પ્રિય ) મૂર્તિ, પ્રતિમા.

**બુતકું**, ન૦ ( ફા૦ **बुत** بت ઉપરથી ) કાળી ને લઠ્ઠ સ્ત્રી, રીંછણ.

**બુતખાનું**, ન૦ (ફા૦ **बुत्खानह** بتخانه= મૂર્તિ મુકવાનું સ્થળ ) મંદિર, દેવાલય. ‘શરાબી બુતખાનામાં જવે મુર્દન સનમ બિસ્મિલ.’ દી૦ સા૦

**બુતપરસ્ત**, વિ૦ ( ફા૦ **बुत्परस्त** بت‌پرست = મૂર્તિપૂજક. **बुत्**=મૂર્તિ+ **परस्त** એ **परस्तीदन**=પૂજવું ઉપરથી પૂજનાર ) મૂર્તિની પૂજા કરનાર, મૂર્તિને માનનાર, હિંદુ વગેરે. ‘હિંદુસ્તાનમાં વસતા પોતાના ભાઇઓ દેવભાવના કલ્પતાં બુતપરસ્ત થઇ ગયા.’ સિ૦ સા૦

**બુતપરસ્તી**, સ્ત્રી૦ ( ફા૦ **बुत्परस्ती** بت‌پرستی=મૂર્તિપૂજા ) મૂર્તિને પૂજવાપણું. ‘ઇસ્લામ ધર્મમાં બુતપરસ્તી (મૂર્તિપૂજા ) એ અધર્મનું કૃત્ય માનેલું છે.’ આ૦ નિ૦

**બુતશકની**, સ્ત્રી૦ ( ફા૦ **बुत्शिकनी** بت‌شکنی=મૂર્તિ ખંડન કરવા પણું. **शिकस्तन**=તોડવું ઉપરથી **शिकन**=તોડનાર ) મૂર્તિ ભાંગવા પણું.

‘આ ક્ષુબ્ધ અવસરને બુતશકનીનો જમાનો કહીએ તો ચાલે.’ નં૦ ચ૦

**બુતાન**, ન૦ (અ૦ **बुह्तान** بهتان=કલંક) દોષ, જૂઠ.

**બુતાનું**, ન૦ ( અ૦ **बितानह** بطانه=લુગડાની નીચે અસ્તર હોય છે તે ) બોતાનું, જુની પાઘડીનો મેલો કકડો.

**બુતાનો**, પુ૦ ( અ૦ **बितानह** بطانه= અસ્તર ) ઝીણી ફાટેલી પાઘડીનો કડકો.

**બુનિયાત**, વિ૦ ( ફા૦ **बुन्याद** بنیاد=જડ, અસલ ) કુલીન, ખાનદાન, અસલ જાત. ‘માણસો રાખવાં તે વિશ્વાસુ ને બુનીયાત હોવાં જોઇએ.’ સ૦ ચં૦ ૧

**બુનિયાતી**, સ્ત્રી૦ (ફા૦ **बुन्यादी** بنیادی= જડવાળું, અસલી) કુલીનપણું, ખાનદાની.

**બુનસ**, ન૦ ( અં૦ **बुर्नुस** برنس=ધોળા કે કાળા રંગનો ઊનનો કામળો ) ઊનનું જાડા વણાટનું લુગડું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બુરખેપોશ,** વિ૦ ( અ૦ **बुर्कअ्+पोश** ફા૦=ઢાંકનાર, **बुर्कअ्पोश** برقع‌پوش= બુરખાથી પોતાને ઢાંકનાર, બુરખો, પહેરનાર ) 'એવામાં એક માણસ બુરખે પોશ થઇ તેજ સ્થળે આવી લાગ્યો.' ગુ૦ સિં૦

**બુરખો,** પુ૦ ( અ૦ **बुर्कअ** برقع=મોં પર નાખવાનો પરદો) માથાથી પગસુધી આખું શરીર ઢંકાઇ જાય એવું કોથળા જેવું સીવેલું વસ્ત્ર. 'બુરખો નવો મુખપર ધરી, ડગલાં ભરે ત્રણચાર તે.' કલાપી.

**બુરજ,** પુ૦ ( અ૦ **बुर्ज** برج=ઘુમટ, મકાન, કિલ્લો, રાશિ, કિલ્લાના મથાળા ઉપર તોપ ગોઠવવા માટે કાઢેલી અગાશી જેવી રાવટી. 'એવો વિરાજતો છતાં પાલીતાણાના બુરજ અને મીનારા કરતાં પણ ઉંચો ઝોકાં ખાતો દેખાય છે.' રા. મા. ભા. ૧

**બુરજી,** વિ૦ ( અ૦ **बुर्ज** برج ઉપરથી ) શેત્રંજની રમતમાંની એક જીત, કે જેમાં ચોપટ ઉપર એકલા પ્યાદા ને પાદશાહજ રહેલાં હોય. બુરજીમહાત.

**બુરાખ,** સ્ત્રી૦ ( અ૦ **बुराक** براق=એક જાનવરનું નામ છે. ચોપગું, ઘોડાથી નાનું, ગધેડાથી મોટું. તાબુતોના દિવસોમાં કાઢે છે તે ) તાબુતોના દિવસોમાં ફરી કાઢે છે તે.

**બુરાખ,** ન૦ ( તુર્કી **बुलाक** بلاق=નાકમાં પહેરવાનું લટકતું ઘરેણું, મુસલમાન સ્ત્રીઓ પહેરે છે તે ) આખું, કાણું, ભોક, વિંધ, બુલાખ.

**બુરૂં,** ન૦ ( ફા૦ **बूरह** بوره=ધોએલી ખાંડ) ધોએલી ખાંડ.

**બુલબુલ,** ન૦ ( ફા૦ **बुल्बुल** بلبل=એક પક્ષી છે, એનું ગાયન ઘણુંજ સારૂં છે, ફૂલપર આસક્ત છે, બગીચામાં રહે છે, ઇરાનમાં બહુ થાય છે. ) મધુર અવાજે ગાનારૂં એક નાનું પક્ષી.

'ગુલશન તો તેજ છે, પણ તેમાં બુલબુલ ગાતાં બંધ થઇ ગયાં છે.' નં૦ ચ.

**બુલાખી,** પુ૦ ( તુર્કી **बुलाक** بلاق ઉપરથી. બુલાક પહેરનાર ) જેના છોકરા જીવતા નથી તે છોકરાનું નાક વીંધાવી તેમાં વાળી પહેરાવે છે ને પછી તેનું નામ બુલાખી કે નાથો, રાખે છે.

**બુલંદ,** વિ૦ ( ફા૦ **बुलंद** بلند=ઊંચું, લાંબું, ઘણું, વધારે ) ઊંચી યોગ્યતાવાળું.

**બુબક,** વિ૦ ( ફા૦ **बूबक** بوبک=કુંવારી દીકરી,) મૂર્ખ, અણસમજુ.

**બે,** ( ફા૦ **बे** بے ઉપસર્ગ છે. ધાતુ અને સિદ્ધ નામોને લાગે છે; જેમકે બેઇલ્મ, બેહયા વગેરે. કોઇ વખત એથી ઉલટું પણ થાયછે જેમકે બેસિપાસ ) ફારસી ઉપસર્ગ છે.

**બેઅક્કલ,** વિ૦ ( ફા૦ **बे+अक्ल** અરબી **बे-अक्ल** بےعقل=ઓછી બુદ્ધિવાળો, બુદ્ધિહીન ) સમજ વગરનું, અજ્ઞાન.

**બેઅદબ,** વિ૦ ( ફા૦ **बे+अदब** અરબી **बेअदब** بےادب=સભ્યતા વિનાનો ) અવિવેકી, અસભ્ય.

**બેઅદબી,** સ્ત્રી૦ ( ફા૦ **बे+अदबी** અરબી **बेअदबी** بےادبی=અસભ્યતા ) બેશરમપણું.

**બેઅસર,** વિ૦ ( ફા૦ **बे+असर,** અરબી **बेअसर** بےاثر=અસર વિનાનું ) ગુણ ન કરે એવું.

**બેઆબરૂ,** વિ૦ ( ફા૦ **बेआबरू** بےآبرو= પ્રતિષ્ઠાહીન ) આબરૂ વગરનું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બેઆરામ,** વિ૦ (ફા૦ **बेआराम** بے آرام = આરામ વિનાનું ) માંદું, રોગી.

**બેઇતબાર,** વિ૦ ( ફા૦ **बे+इअतिबार** અરબી **बेइअतिबार** بے اعتبار =ભરોસા વિનાનો ) જેનો વિશ્વાસ પડે નહિ એવું.

**બેઇતબારી,** સ્ત્રી૦ ( ફા૦ **बे+इअतिबारी** بے اعتباری =અણવિશ્વાસ) અવિશ્વાસ.

**બેઇનસાફ,** પુ૦ ( ફા૦ **बे+इन्साफ** અરબી **बेइन्साफ** بے انصاف =અન્યાય ) ઇન્સાફ નહિ તે.

**બેઇનસાફી,** સ્ત્રી૦ ( **बेइन्साफी** بے انصافی અન્યાય ) અન્યાયી, અવાજબી.

**બેઇમાન,** વિ૦ ( ફા૦ **बे+ईमान** અરબી **बेईमान** بے ایمان =ઇમાન વગરનો ) વિશ્વાસઘાતી, કૃતઘ્ની.

**બેઈમાની,** સ્ત્રી૦ (ફા૦ **बेइमानी** بے ایمانی =અપ્રામાણિક ) બોલ્યું નહિ પાળવાપણું, વિશ્વાસઘાત.

**બેઉમેદ,** વિ૦ ( ફા૦ **नाउंमीद** ناامید= નાઉમેદ ) નાઉમેદ.

**બેઉમેદી,** સ્ત્રી૦ (ફા૦ **नाउंमीदी** ناامیدی) નાઉમેદી.

**બેકદર,** વિ૦ ( ફા૦ **बे+कद्र** અરબી **बेकद्र** بے قدر=આબરૂ વિનાનો ) કદર વગરનું, અગુણજ્ઞ.

'એ ઇશ્ક હુસ્ન જે તણું, તે બેકદર નુરે-ખુદા.' કલાપી.

**બેકરાર,** વિ૦ ( ફા૦ **बे+करार** અ૦=બેચેન بے قرار ) બેઆરામ, વ્યગ્ર.

**બેકરારી,** સ્ત્રી૦ ( ફા૦ **बे+करारी** અરબી, **बेकरारी** بے قراری=બેચેની ) વ્યગ્રતા.

**બેકસુર,** વિ૦ ( ફા૦ **बे+कसूर** અરબી **बेकसूर** بے قصور =નિરપરાધી ) વાંક વિનાનો, કસુર વિનાનો.

**બેકાયદે.** અ૦ ( ફા૦ **बे+काइदह** અરબી **बेकाइदह** بے قاعدہ=કાયદેસર નહિ તે ) ગેરકાયદે, ગેરવાજબી રીતે.

**બેકાર,** વિ૦ ( ફા. **बेकार** بیکار=કામ વિનાનો ) ઉદ્યમ રહિત, નવરો.

'દિનરાત લેખન વાચનમાં પોતાનો વખત ગયેલો તે બેકાર કેમ ગમશે ? નં૦ચ૦

**બેકેદ,** વિ૦ ( ફા૦ **बे+कयद** અરબી **बेकयद** بے قید=છુટું, સ્વતંત્ર ) કોઇના દાબમાં નહિ તે.

**બેખબર,** વિ૦ ( ફા૦ **बे+खबर** અરબી بے خبر=જેને કાંઇ માહિતગારી ન હોય તે) અજાણ્યું, અણવાકેફ.

**બેગ,** વિ૦ ( તુર્કી **बेग** بیگ=સાહેબ, અમીર ) મુસલમાનોમાં વપરાતું માનનું વિશેષણ.

**બેગમ,** સ્ત્રી૦ ( તુર્કી **बेगुम** بیگم=બેગનું સ્ત્રીલિંગ, બેગની સ્ત્રી. ફારસી, ઉર્દુમાં 'બેગમ' વપરાય છે. બેગમ એ એકજ શબ્દ છે. **बे+गम** નથી. તેમજ એનો અર્થ 'બુદ્ધિવિનાની' કે 'શોકવિનાની' એવો નથી ) મોટા દરજ્જાની મુસલમાન સ્ત્રી, અમીરની સ્ત્રી.

**બેગડો,** વિ૦ ( તુર્કી **बेग** ઉપરથી ગુજરાતી રીતે લઘુતાવાચક અથવા મસ્કરીનું રૂપ **बेगडो** ) ગુજરાતના પાદશાહ મહમુદનું ઉપનામ.

**બેગરજ,** વિ૦ ( **बे** ફારસી+**गरज** અરબી **बेगरज** بے غرض=ગરજ વિનાનું)બેતમા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બેગરજાઉ,** વિ૦ ( **बे** ફારસી+**गरजो** અરબી **बेगरजी** بےغرضی=ઉપરથી ગુજરાતી પ્રયોગ ) બેતમા, નિઃસ્પૃહી.

**બેગાના,** વિ૦ ( ફા૦ **बेगानह** بیگانه=અ-જાણ્યો ) ઓળખાણ વિનાનો, ત્રાહિત.
'દે શુક્ર હો વાલી ખુદા, ગમખાર બેગાના પરે.' કલાપી.

**બેગુના,** વિ. ( ફા૦ **बेगुनाह** بےگناه=નિરપરાધી ) નિર્દોષ, બેતકસીર.

**બેજા,** વિ૦ ( ફા૦ **बेजा** بیجا **बे**=નહિ +**जा**=સ્થળ, યોગ્ય સ્થળે નહિ તે, ખોટું, અયોગ્ય ) કુઠામ. 'એ તમારો બેજા ખ્યાલ છે.' બા૦ બા૦

**બેજાજ,** વિ૦ ( ફા૦ **बेज़ार** بیزار=ધરાએલો, નારાજ ) ગભરાએલું, અકળાએલું.

**બેજાર,** વિ૦ ( ફા૦ **बेज़ार** بیزار=ધરાએલો, નારાજ. **बेज**=ધરાએલો ( જુની ફારસીમાં ) +**आर**=વાળો ) કંટાળેલું, કાયર થએલું.
'બેજાર હું આજે ફરૂં, ગુલતાન છું મને.' કલાપી.

**બેજારી,** સ્ત્રી૦ ( ફા૦ **बेजारी** بیزاری=નારાજી ) કંટાળો, હેરાની. 'હવે તો બેહયાઇની રહી બેજારીમાં બરકત.' કલાપી.

**બેડો,** પુ૦ ( અ૦ **बेरक** بیرق=નાની ફોજ, નાની ફોજની ધજા ) ઝહાજ, વહાણ.
'બેડો બાઇ બુડતો તારોરે, અંબે આઇ પાર ઉતારોરે.' (૨) નાની ફોજ.
'તે સર્વની વચ્ચે એક નાનો બેડો-દ્રવ્ય થી ભરેલો બતેલો-જરી જરી દેખાય છે.' સ. ચં. ભા. ૪

**બેત,** સ્ત્રી૦ ( અ૦ **बयत** بیت=ઘર, કવિતાની બે લીટીઓ, કવિતાની એક ટુક ) મનસુબો, વિચાર, યુક્તિ, દોહરાના જેવું બે ટુકનું ફારસી પદ્ય.
'લવે છે બેત નદીઓ જ્યાં.' કલાપી.
'મંત્રી કહે કરૂં તૈયારી, તમે રહો સચેત;
'રાગી, અનુરાગી, વૈરાગી, ત્યાગી, બેતકરો આવે સમેત.' શામળવિવાહ.
'તેમની પાસે જઇ ફારસી બેતો મોઢે કરતો.' સ. ચં. ૧

**બેતકસીર,** વિ૦ ( ફા૦ **बे+तक़सीर** અ૦ **बेतक़सीर** بےتقصیر=નિર્દોષ ) બે ગુનાહ, નિરપરાધી.

**બેતબાજી,** સ્ત્રી૦ ( અ૦ **बयत्+बाजी** ફા૦ **बयत्‌बाजी** بیت‌بازی=કવિઓનો સંવાદ, સામ સામે કવિતાઓ કહેવી ગુ૦ પ્રયોગ ) કવિતાઓ કરવી, બોલવી.
'બહેત બાજીનો લોકને બહુ શોખ હતો.' નં૦ ચ૦

**બેતમા,** વિ૦ ( ફા૦ **बे+तमअ** અરબી **बेतमअ** بےطمع=ગરજ વિનાનો, લાલચ વિનાનો ) તમા વગરનું, નિઃસ્પૃહી.

**બેતમીજ,** વિ૦ ( ફા૦ **बे+तमईज** અ૦=વિવેક, **बेतमईज** بےتمیز=વિવેક શૂન્ય સારાનરસાની બૂજ ન હોય તે ) અસભ્ય, અવિવેકી.
'ફરિસ્તા શું ખુદાના છે, તું જેવા બે તમીજ જાહિલ.' દી૦ સા૦

**બેતર,** અ૦ ( ફા૦ **बहतर** بہتر=સારૂં **बह** =સારૂં+**तर** અધિકતા વાચક પ્રત્યય ) વધારે સારૂં, ખાસું.
'બેહતર બોલવું પ્યારી નથી ને ના હતી યારી.' કલાપી.

**બેતરફી,** સ્ત્રી૦ ( ફા૦ **बर्+तरफी** અ૦ **बर्तरफी** برطرفی=નોકરીથી છુટા થવા પણું ) કાઢી મૂકવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બેતલબ,** વિ૦ (**तलब** અ૦=માગવું+**बे** ફા૦ ઉ૦=નહિ **बेतलब** بےطلب=માગ્યા વિના) માગી શકે નહિ એવો.

'પણ બે મહીના પછી તેનો બેરોદ પટો બે તલબ કરીને ફ્લજમીન લઇને તેને રાજી કરી છોડી મૂક્યો.' રા. મા. ભા.૨

**બેદ,** સ્ત્રી૦ (અ૦ **बयत** بیت=ઘર, કવિતાની ૨ લીટીઓ) મનસુબો, વિચાર, યુક્તિ.

'ગાયકવાડ પોતાના ભાઇને પકડવાના બેદમાં ફરતો હતો.' રા. મા. ભા. ૨

**બેદરકાર,** વિ૦ (ફા૦ **बेदर्कार** بےدرکار=દરકાર વગરનું) કાળજી વિનાનું, બેતમા.

'મૃદુથી બેપરવા યા બેદરકાર પ્રેમી જડાશો મા.' કલાપી.

**બેદરકારી,** સ્ત્રી૦(ફા૦ **बेदर्कारी** بےدرکاری બેતમાપણું) નિષ્કાળજી, કાળજી નહિ રાખવાપણું.

**બેદરદ,** વિ૦ (ફા૦ **बेदर्द** بےدرد=દરદ વગરનો, નિર્દય) દયાહીન, લાગણી વિનાનો.

**બેદરદી,** વિ૦ (ફા૦ **बेदर्दी** بےدردی=નિર્દયતા) રોગી ન હોય તેવું, અરસિક.

**બેદસ્તુર,** વિ૦ (ફા૦ **बेदस्तूर** بےدستور=ધારાથી ઉલટું) રિવાજથી ઉલટું, નિયમવિનાનું.

**બેદાણા,** પુ૦ (ફા૦ **बेदानह** بیدانه=જેમાં ઘણા દાણા ન હોય તે, જેમાં દાણા ન હોય તે) દાડમ, દ્રાક્ષ વગેરે, જેમાં ઓછા દાણા હોય તેને બેદાના કહે છે.

**બેદાણા,** પુ૦ (ફા૦ **बिहदानह** بهدانه=બિહીનું બી. પ્રખ્યાત દવા છે) સફરજનનું બી.

**બેદાદ,** વિ૦ (ફા૦ **बेदाद** بیداد=જેનો ઈન્સાફ ન થતો હોય તે) દાદ ફરિયાદ ન સંભળાતી હોય એવું.

**બેદાદી,** સ્ત્રી૦ **बेदादी** بیدادی=જેનો ઇન્સાફ ન થતો હોય તેવી સ્થિતિ) દાદ ફરિયાદ પ્રતિ જે બે દરકારી તે.

**બેદારમગજ,** વિ૦ (ફા૦ **बेदार्**=જાગ્રત+**मग्ज़**અરબી,મગજ.**बेदारमग्ज़** بیدارمغز=જાગતા મગજવાળો, હુશીઆર, દાના, ચાલાક) પ્રવીણ, ચાલાક.

'શૂરો, ક્રોધી, બેદારમગ્જ, ખુની, હોંસીલો, સિકંદર સાની થવાની કોશિશ કરનાર અલાઉદ્દીન ખીલજી હતો.' નં. ચ.

**બેદિલ,** વિ૦ (ફા૦ **बेदिल** بیدل=દિલ વિનાનું, દિલ ઉડી ગયું હોય તેવું) દિલગીર, નાખુશ. 'અરે બેદિલ હજી પણ મારાથી મોં છુપાવશે.' ગુ. સિં.

**બેદિલી** સ્ત્રી૦ (ફા૦ **बेदिली** بیدلی=દિલગીરી, બેદિલપણું) નાખુશી, મન ન હોય તેવું.

**બેદું,** ન૦ (અ૦ **बयज़ह** بیضه=ઇંડું) ઇંડું.

'ઇંટ, પત્થર, બેદાં વગેરેનો તમારા ઉપર માર ચલાવવો.' ક. વે.

**બેનમુન,** વિ૦ (ફા૦ **बेनमून** بےنمون=જેનો નમુનો ન હોય તેવું, સર્વોત્તમ) બધાથી સારૂં, નમુના વિનાનું.

**બેનયાજ,** વિ૦ (ફા૦ **बेनियाज** بےنیاز નિઃસ્પૃહી **नियाज**=ગરજ, પરવા) કોઈની પરવા ન રાખે તેવો, પ્રભુ.

**બેનસીબ,** વિ૦ (ફા૦ **बे**+**नसीब** અરબી **बेनसीब** بےنصیب=ભાગ્યહીન) અભાગિયું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બેનસીબી,** સ્ત્રી૦ ( ફા૦ **बे+नसीबी** અરબી **बेनसीबी** بےنصیبی =ભાગ્યહીનતા ) દુર્ભાગ્ય.

**બેપરવા,** વિ૦ (ફા૦ **बेपर्वा** بےپروا =બે દરકાર ] બે કાળજી, કોઇની પરવા ન રાખે તેવો, સ્વતંત્ર.

**બેપરવાઇ,** સ્ત્રી૦ ( ફા૦ **बेपर्वाइ** بےپروائی નિઃસ્પૃહતા ) પરવા નહિ રાખવી તે.

**બેફામ,** વિ૦(ફા૦**बे+फह्म**=અ૦અકલ **बेफह्म** بےفہم =બુદ્ધિ વિનાનો ) ધ્યાન રહિત, સમજ રહિત. 'દુર્બળસિંહને બેફામમાં મારી નાખનાર વીરસેન ઉપર વેર વાળવાનો તેણે નિશ્ચય કર્યો.' અં૦ ન૦ ગ૦

**બેફિકર,** વિ૦ ( ફા૦ **बे+फिक्र** અરબી **बेफिक्र** بےفکر=ફિકર વગરનું ) નફિકરું, નચિંત.

**બેફિકરું,** વિ૦ ( ફા૦ **बे+फिक्र** અરબી **बेफिक्र** بےفکر ઉપરથી) બેફિકર.

**બેબાક,** વિ૦ (ફા૦ **बेबाक** بےباک =નીડર. **बाक**=બીક) કોઇથી ડરે નહિ એવો, બહાદુર.

**બેબાક,** વિ૦ ( ફા૦ **बे+बाक** અરબી بےباق =કાંઇ બાકી ન રહેવાપણું) કાંઇ બાકી ન રહ્યું હોય તેવું.

**બેબુનિયાત.** વિ૦(ફા૦**बेबुन्याद** بےبنیاد કમજાત ) નીચ, હરામ જાદું.

**બેમાલમ,** વિ૦ ( ફા૦ **बे+मअ़्लूम** અ૦ **बेमअ़्लूम** بےمعلوم =માલમ ન પડે એવું ) ગુપ્ત, છુપું, અજ્ઞાત.

**બેમુનાસબ,** વિ૦ ( ફા૦ **बे+मुनासिब** અરબી **बेमुनासिब** بےمناسب =લાયક નહિ તે ) અયોગ્ય, અઘટિત.

**બેમુરવત,** વિ૦ ( ફા૦ **बे+मुरव्वत**=અરબી **बेमुरव्वत** بےمروت =બેશરમ ) નિગુંણી, અગુણજ્ઞ.

**બેરહેમ,** વિ૦ ( અ૦ **रह्म** رحم=મહેરબાની, બે ફા૦ ઉ૦ **बेरह्म** بےرحم=નિર્દય ) દયાવિનાનો. 'એ માશૂક બેહરમ–નિર્દય છે.' આ૦ નિ૦

**બેરંગ,** વિ૦ ( ફા૦ **बेरंग** بےرنگ=રંગ વગરનું ) રંગ ઉડી ગયો હોય એવું.

**બેરંગી,** વિ૦ ( ફા૦ **बेरंगी** بےرنگی= બેરંગપણું ) બેરંગું.

**બેરોજગાર,** વિ૦ ( ફા૦ **बेरोज्गार** بےروزگار =ધંધા વિનાનો. ફારસીમાં રોજગારનો **અર્થ** સમય, કાળ, અને વર્તમાન સમય થાય છે ) રોજગાર વિનાનું, બેકાર.

**બેરોજગારી,** સ્ત્રી૦ ( ફા૦ **बेरोज्गारी** بےروزگاری=નવરાઇ ) કામકાજ, ધંધો રોજગાર ન હોય એવી હાલત.

**બેરોનક,** વિ૦ ( ફા૦ **बे+रव्नक,** અ૦ રોનક, શોભા. بےرونق =શોભાવિનાનું) નિસ્તેજ.

**બેલદાર,** પુ૦ ( ફા૦ **बेल्दार** بیلدار= કોદાળી, પાવડાથી જમીન ખોદનાર. **बेल्**, =કોદાળી, પાવડો+**दार**=વાળો ) ચાંચવે જમીન ખોદનાર, કડીઆને મદદ કરનાર મજુર.

**બેલાશક,** અ૦ (અ૦ **बिला+शक** بلاشک= શકવગર. **बिला**=નહિ ) સંકોચ રાખ્યા વગર, બેધડક. 'તેથી ઉતરતે દરજ્જે પણ બેલાશક ફાયદો થાત.' નં૦ ચ૦

**બેવકર,** વિ૦ ( ફા૦ **बे+वक्र** અરબી=પ્રતિષ્ઠા بےوقر=પ્રતિષ્ઠા વિનાનો ) ભારબોજ વગરનું, પ્રતિષ્ઠાહીન.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બેવકુફ**, વિ૦ (ફા૦ **बे+बुकूफ** અરબી=જાણવું وقوف بے=મૂર્ખ, અજ્ઞાન) અક્કલ વગરનું, નાદાન.

**બેવકુફી**, સ્ત્રી૦ (ફા૦ **बेवुकूफी** بےوقوفی=અજ્ઞાનતા) નાદાની, મૂર્ખાઇ.

**બેવખત**, અ૦ (ફા૦ **बे+वक्त** અરબી بےوقت=કવેળા) ગમે ત્યારે, મરજીમાં આવે ત્યારે.

**બેવતન**, વિ૦ (ફા૦ **बे+वतन** અરબી بےوطن=જેને વતન ન હોય તે, પરદેશી) મુસાફર.

**બેવતની**, વિ૦ (ફા૦ **बे+वतनी** અરબી بےوطنی=દેશવટો) વતનનું નહિ એવું, વતન વગરનું.

**બેવફા**, વિ૦ (ફા૦ **बे+वफा** અરબી=ભરોસો **बेवफा** بیوفا=વિશ્વાસ ન રખાય એવો) બેઈમાન, દ્રોહી, કૃતઘ્ની.

**બેવફાઈ**, સ્ત્રી૦ (ફા૦ **बे+वफाइ**, અરબી=અવિશ્વાસ بیوفائی) બેઈમાની, દ્રોહ. 'પરંતુ બે વફાઇના ઉપર નિશાન ફરકે છે.' કલાપી

**બેવફાદાર**, વિ૦ (ફા૦ **बे+वफा**=વિશ્વાસ ન રખાય એવો بیوفا **दार** પ્રત્યય નકામો છે) બેવફા, દ્રોહી.

**બેવફાદારી**, સ્ત્રી૦ (ફા૦ **बे+वफाइ, दारी** પ્રત્યય નકામો છે=અવિશ્વાસ) બે ઇમાની, દ્રોહી.

**બેવારસ**, વિ૦ (ફા૦ **बे+वारिस** અરબી. **बेवारिस,लावारिस** بےوارث لاوارث =જેનો વારસ ન હોય તે) નવારસી.

**બેવારસી**, વિ૦(ફા૦**बे+वारिसी,लावारिसी** بےوارثی لاوارثی=વારસ વિનાનું) નવારસી.

**બેશ**, વિ૦ (ફા૦ **बेश** بیش=સારૂં) ખાસું, મજેનું, સુંદર. 'વૃથા વનિતાને કહે જઇએ, શું આપી વીસર્યા તે લઇએ; ગરજે સ્ત્રીએ કીધા ઘણા વેષ, (ખોટી) દયા આણી નહિ કંઇ બેશ.' શા. વિ.

**બેશક**, અ૦ (ફા૦ **बे+शाक** અરબી=શક વગર) અલબત્ત, ખરેખર, નિઃસંશય.

**બેશરમ**, વિ૦ (ફા૦ **बेशर्म** بےشرم=શરમ વિનાનો) નિર્લજ, લાજ વગરનો.

**બેશરમું**, વિ૦ (ફા૦ **बेशर्म** بےشرم=શરમ વિનાનો) નિર્લજ, લાજ વગરનો.

**બેશુમાર**, વિ૦ (ફા૦ **बेशुमार** بےشمار=અગણિત) બહુજ, અસંખ્ય.

**બેસબર**, વિ૦ (ફા૦ **बे+सब्र** અરબી=ધીરજ **बेसब्र** بےصبر=ધીરજ વિનાનો) ધૈર્ય વગરનો.

**બેસબુરી**, સ્ત્રી૦ (ફા૦ **बे+सब्री** بےصبری =અધિરાઇ) ધીરનહિ તેવી સ્થિતિ.

**બેસુમાર**. વિ૦ (ફા૦ **बेशुमार** بےشمار=અગણિત) બહુજ અસંખ્ય.

**બેહક**, વિ૦ (ફા૦ **बे+हक्क** અરબી=હકવિનાનું) જેમાં આપણો હક ન પહોંચતો હોય એવું.

**બેહજુર**, અ૦ (ફા૦ **ब+हुजूर** અરબી **बहुजूर** بحضور=........ની હજુરમાં, ફલાણાની હજુરમાં, સેવામાં) બંને પક્ષની હાજરી વચ્ચે, બેઉની હાજરીમાં.

**બેહદ**, વિ૦ (ફા૦ **बे+हद्द** અરબી=હદવિના بیحد) અસીમ, બેશુમાર, અપાર.

**બેહયા**, વિ૦ (ફા૦ **बे+हया** અરબી بیحیا લાજ વિનાનું) બેશરમ, નફટ.

**બેહયાઇ**, સ્ત્રી૦ (ફા૦ **बे+हयाई** અરબી بیحیائی=નિર્લજતા) બેશરમી, નફટાઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'હવે તો બેહ્યાઇ ને, રહી બેજારીમાં બ-રકત.' કલાપી.

**બેહેર**, સ્ત્રી૦ ( અ૦ **बह्र** بحر=દરીઓ, મોટી નહેર, ફારસી અરબી કવિતાના જે ૧૯ જુદા જુદા માપ છે તે દરેકને પણ બહ્ર કહે છે ) ફારસી અરબી કવિતાના જુદા જુદા માપ.

'કહેતી સ્મરૂં હા ઘડી ઘડી, તારી ગજ-લની હર બહર.' ગુ૦ ગ૦

**બેહાલ**, વિ૦ (ફા૦ **बे+हाल** અરબી **बेहाल** بےحال=નઠારી સ્થિતિ ) ખરાબ હાલત, ભુંડી હાલત. હેરાન.

**બેહાલી**, સ્ત્રી૦ ( ફા૦ **बे+हाली** અરબી بےحالی=નિર્બળ હાલત) નઠારી સ્થિતિ.

**બેહુરમત**, વિ૦ ( ફા૦ **बे+हुर्मत** અરબી **बेहुर्मत** بےحرمت=બે આબરૂ ) માન ભંગ થએલું.

**બેહુરમતી**, સ્ત્રી૦ ( ફા૦ **बे+हुर्मती**=માન ભંગ થવું ) આબરૂ જવી તે.

'મારી બેગમની બેહુરમતી થાય.' બા.બા.

**બેહુદું**, વિ૦ ( ફા૦ **बेहूदह** بیہودہ=જે-નાથી કાંઇ ફાયદો ન થાય તે ) નિરૂપયોગી, નકામો. 'મૂર્ખાઇ ભરેલી બેહુદી માંગણી કરનારના આવા હવાલ થાય.' ૮. ૧૦૦ વા. ભા. ૧

**બેહેતર**, વિ૦ ( ફા૦ **बह्तर** بہتر=સારૂં. **बह्**=સારૂં+**तर** અધિકતા વાચક પ્રત્યય, વધારે સારૂં ) મુનાસબ, બેશ.

'રણમાં ઝુમી મરણને શરણ થવું એ બેહેતર છે.' ૮. ૧૦૦ વા. ભા. ૪

**બેહેતરી**, સ્ત્રી૦ ( ફા૦ **बह्तरी** بہتری=સારાપણું ) મુનાસબપણું. ભલાઇ, ફાયદો.

**બેહેરખ**, સ્ત્રી૦ ( અ૦ **बेरक** بیرق=નાની ફોજ, નાની ફોજની ધજા) તાંસું ને ડુમ-કાંની જોડ, નગારાં, પોતાના વાવટા ને પોતાના વાજા વાળી એકાદ ટુકડી તે.

**બેહેસ્ત**, ન૦ ( ફા૦ **बिहिश्त,** بہشت=સ્વર્ગ ) સ્વર્ગ. 'હતું જે બહિસ્ત, થઇ જહાન્નમ, ફકીરી હાલ મારો છે.' કલાપી

**બેહેસ્તનશીન**, વિ૦ ( ફા૦ **बिहिश्तनि-शीन** بہشت نشین=સ્વર્ગમાં બેઠેલો. **निशिस्तन**=બેસવું ઉપરથી) સ્વર્ગવાસી, મરહુમ.

'પછી બેહેસ્તનશીન થયાં.' ક. વાં. મા.

**બેહેસ્તી**, વિ૦( ફા૦ **बिहिश्ती** بہشتی=સ્વર્ગવાસી ) મરહુમ.

**બેહોશ**, વિ૦ ( ફા૦ **बेहोश** بیہوش=હોશ વિનાનો ) શુદ્ધિ વગરનું, ગાફેલ.

**બેહોશી**, સ્ત્રી૦ ( ફા૦ **बेहोशी** بیہوشی=અચેતના ) ગાફેલપણું.

**બો**, સ્ત્રી૦ ( ફા૦ **बो,** **बू** بو=ગંધ, વાસ ) ગંધ, વાસ.

**બોકી**, સ્ત્રી૦ ( ફા૦ **बोसह** بوسہ=ચુમી. **बोसीदन**=ચુમવું ઉપરથી) ચુંબન, બચ્ચી.

**બોખાર**, પુ૦ ( ફા૦ **बुखार** بخار=તાવ, બાષ્પ, ગરમી ) જ્વર, તપત, તાવ.

**બોગદું**, ન૦ ( ફા૦ **बग** بغ=મૂર્તિ, ખોદેલી કબર ) ગાબડું, ભગદાળું, ભોયરૂં, સણંગ.

**બોતાન**, ન૦ ( અ૦ **बुह्तान** بہتان=દોષ ) કલંક, આળ, તોહમત.

'તારો ધણી પણ મંત્ર વિદ્યા જાણતો હતો, એવું તેને માથે બોતાન છે.' રા. મા. ભા. ૨

**બોરાક**, સ્ત્રી૦ ( અ૦ **बुराक** براق=જે સ્વ-ર્ગીય ખચ્ચર ઉપર બેસીને હજરત મો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હંમદ સાહેબ સ૦ અ૦ આકાશની સેલ કરવા ગયા હતા તે ) તાબુતમાં પરી કાઢે છે તે. જેનું ધડ ઘોડા જેવું ને ચેહેરો માણસ જેવો હોય છે તે. 'હજરત મોહંમદ બુરાક ઉપર બેસીને સાતમા આસમાન સુધી જઇ આવ્યા.' ક. ઘે.

**બોલબાલા,** વિ૦ ( ફા૦ **बाला** بالا=ઉપર, બોલ,ગુ૦ બોલબાલા=એમનું બોલવું ઉત્તમ) એમના બોલની ચડતી થાઓ, કોઇનાં વખાણ કરતી વખતે કહેવાય છે. 'આવતાના બોલબાલા તથા જતાનું મોં કાળું કહેનારા આ વખતે કોઈ માધવને ઘેર ફરકયાજ નહિ.' ક. ઘે.

**બોરી,** સ્રી૦ ( ફા૦ **बूर्यह** بوريه=સાદડી ) થેલી, સાદડી, કોથળો, ખાંડ વગેરે ભરે છે તેના કોથળાને બોરી કહે છે.

**બ્હાસ,** સ્રી૦ ( અ૦ **बह्स** بحث=ખોદવું, કોઇ વાતની સત્યતા ખોળવી. તકરાર કરવી ) સંવાદ, વાદવિવાદ.

**બોસવું,** સ૦ ક્રિ૦ ( ફા૦ **बोसीदन**=ચુમવું ઉપરની **बोसह**=ચુંબન, તે ઉપરથી ગુજરાતી ક્રિયાપદ=ચુંમવું ) ચુંબન કરવું. 'ક્ષમ તુજ બોસવા ગભરૂ, પડ્યો તો પેરમાં તારા.' કલાપી.

**બોસો,** પુ૦ ( ફા૦ **बोसह** بوسه=ચુંબન ) ચુમી, બચ્ચી. 'તો પણ અમુક પાષાણ આદિને બોસા લેવાનો રિવાજ હજ કરનારાઓને પરિચિતજ છે.' સિ. મા.

**બ્યાન,** ન૦ ( અ૦ **बयान** بيان=કહેવું, કોઈ વાત જાહેર કરવી ) વર્ણન, હકીકત, એહવાલ. 'પણ યથાસ્થિત બ્યાન કરવાને તો કોઇ કવિરાજ અથવા ચિત્રવિદ્યામાં કુશળ પુરૂષ જરૂર જોઇએ.' ક. ઘે.

## ભ. ભ

**ભસ્તો,** પુ૦ (ફા૦ **बिहिश्त**=સ્વર્ગ بهشت ઉપરથી) સ્વર્ગ.

**ભંગ,** સ્રી૦ (ફા૦ **बंग** بنگ=ભાંગ, લીલાગર ) ભાંગ.

**ભંગી,** વિ૦ (ફા૦ **बंगी** بنگی=ભાંગપીનાર) ભંગીઓ.

**ભંગીજંગી,** વિ૦ ( ફા૦ **बंगीजंगी** بنگی جنگی=ભાંગ પીનાર ને લડનાર) ભાંગનો વ્યસની, ને જંગલી જેવો માણસ.

**ભારબરદારી,** સ્રી૦ ( ફા૦ **बारबर्दारी** باربرداری **बार**=ભાર, **बर्दारी**=ઉઠાવવા પણું, **बर्दाश्तन**=ઉઠાવવું ઉપરથી ) ભાર ઉચકવો.

**ભિસ્તી,** પુ૦ ( ફા૦ **बिहिश्ती** بهشتی= સ્વર્ગનો ) પાણી પાવાનું કામ પુણ્યનું છે માટે એ કામ કરનારને સ્વર્ગનો માણસ ગણ્યો છે.

**ભોળો,** વિ૦ **अब्लह** ابله=બેવકૂફ, નાદાન, ભોળો, નિષ્કપટી, સીધો, સાદો. એનું બહુવચન **बुलहह** بلهه ) ભોળો, નિષ્કપટી

**ભોળું,** વિ૦ ( અ૦ **अब्लह**નું બહુવચન **बुलहह** بلهه=નાદાન) ભોળો, નિષ્કપટી.

## મ. મ.

**મક્કમ,** વિ૦ ( અ૦ **मुह्कम** محکم=મજબુત, દઢ ) મજબૂત, જબરૂં.

**મક્કમપણું,** ન૦ (અ૦**मुह्कम** محکم= મજબુત, દઢ ઉપરથી) ધીરતા, મજબુતાઇ.

**મક્કર,** મકર શબ્દ જુઓ.

**મકતબ,** સ્રી૦ ( અ૦ **मक्तब** مکتب=સ્કૂલ, નિશાળ. **कतब**=તેણે લખ્યું ઉપરથી ) નિશાળ, પાઠશાળા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'શિક્ષણ માત્ર નિશાળમાં કે મકતબમાં થોડું ઘણું મળતું.' નં૦ ચ૦

**મકતો,** પુ૦ ( અ૦ **मक्तअ** مقطع=કાપવું. ગજલની છેલ્લી બેત, જેમાં કવિ પોતાનું નામ–તખલ્લુસ–દાખલ કરે છે તે. **कतअ** =તેણેકાપ્યું ઉપરથી ) ગજલની છેલ્લી ટુંક.

**મકબરો,** પુ૦ ( અ૦ **मक्बरह** مقبره= કબરસ્તાન ) કબરોનું ઠેકાણું.

'એમની લાશોને દિલ્હીના શાહી મકબરામાં દફનાવી.' બા૦ બા૦

**મકર,** પુ૦ ( અ૦ **मक्र** مکر=દગો, ફરેબ, દાવ ) ઢોંગાઇ, છળકપટ, ફેલ.

**મકરેજના,** સ્ત્રી૦ ( અ૦ **मक्र+जनान** ફા૦ **जन**=સ્ત્રીનું બહુવચન. **मक्रिजनान** مکرزنان=સ્ત્રીઓની ફરેબ, સ્ત્રીચરિત્ર ) સ્ત્રીઓનો દાવપેચ, દાવપેચ કરનાર સ્ત્રી.

**મકરબાજ,** વિ૦ ( અ૦ **मक्र+बाज** مکرباز મકર કરનાર ) દંભી.ફેલકરીને ધૂતી ખાનારો.

**મકરબો,** પુ૦ ( અ૦ **मक्बरह** مقبره= મુડદાં દાટવાનું ટેકાણું. **कबर** ઉપરથી.કબરસ્તાન ) 'જ્યારે ઓરતો મકરબામાં જાય' રા. મા. બા. ૧

**મકરાણી,** વિ૦ ( ફા૦ **मुक्रानी** مکرانی ઇરાનની દક્ષિણમાં **मुक्रान** મુલક છે ત્યાંના લોકો ) કાઠિઆવાડમાં વસતી એક જાત. ઇરાનમાં મુક્રાન એક શહેર પણ છે, જ્યાં એક નદી વહે છે, તેના ઉપર પત્થરનો પુલ બાંધેલો છે. જે એક અદ્ભુતપણા માટે પ્રખ્યાત છે. જે માણસ એ પુલ ઉપર થઇને જાય છે તેને ઉલટી થયા વિના રહેતી નથી. પુલ ઉતર્યાં છતાં ઉલટી ન થાય એવા ઘણાએ ઉપાય લોકોએ કર્યા પણ ઉલટી થયાવિના રહેતીજ નથી.

**મકસદ,** સ્ત્રી૦ ( અ૦ **मक्सद** مقصد= મતલબ, મુરાદ, ઇચ્છા. **कसद**=ઇરાદો કર્યો ઉપરથી ) ઇરાદો, હેતુ, ધારણા, ઉદ્દેશ. 'અહીં રહેવામાં મારી એક મકસદ સમાએલી છે.' બા૦ બા૦

**મકસુદ,** અ૦ ( અ૦ **मक्सूद** مقصود= ઇચ્છા, કરેલી ઇચ્છા **कसद**=ઇરાદો કર્યો ઉપરથી ) મુદ્દામ, ખસુસ, ખાસ જાણીબુજીને, હેતુસર.

**મક્કા,** ન૦ ( અ૦ **मक्कह** مکه=અરબસ્તાનમાં હિજાજ પરગણામાં એક શહેર છે. જ્યાં 'કાબા' નામે ઇમારત છે, ને જ્યાં મુહંમદ સાહેબ (સ. અ) ઈ. સ. ૫૭૦ માં જન્મ્યા હતા. મુસલમાનોનું તીર્થનું સ્થળ છે. હજજ ત્યાં જ થાય છે ) મુસલમાનોનું હજજનું પવિત્ર શહેર.

'મક્કા શરીફના યાત્રાળુનો ચિતાર ખડો થાય છે.' નં૦ ચ૦

**મકાત,** સ્ત્રી૦ ( અ૦ **मकातिअ** مقاطع= ઇજારે રાખનાર ) આવક ઉપર લેવાતી જકાત. દાણ લેવાનો એકહથ્થુ હક.

**મકાતી,** વિ૦ ( અ૦ **मकातिअ** مقاطع= ઇજારે રાખનાર ) હાંસલ વસુલ કરવાનો જેણે એકલે હાથે ગયો ઇજારો રાખ્યો હોય તે.

**મકાન,** ન૦ ( અ૦ **मकान** مکان=ઘર, મેકાન,સ્થળ ) રહેવાનુ ઠેકાણું, ઘર, ઇમારત.

**મખમલ,** સ્ત્રી૦ ( અ૦ **मख्मल** مخمل= એક પ્રકારનું લુગડું,) એક જાતનું રેશમી વસ્ત્ર.

'બે વ્યક્તિઓનો પોશાક કાળી મખમલનો હતો.' બા. બા.

**મખમુર,** વિ૦ ( અ૦ **मख्मूर** مخمور દારૂડીઓ, દારૂ પીધેલો માણસ. **खमर**=

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દારૂ ઉપરથી ) દારૂનો નશો ચડેલો હોય તેવો માણસ, દારૂ પીને મસ્ત થએલો માણસ. 'મુશ્કેલી મખમૂરની ચાહે તો દૂર કર.' દી૦ સા૦

**મગજ,** ન૦ ( ફા૦ **मग्ज** مغز=દરેક વસ્તુની અંદરનો ગર ) માથાની ખોપરીમાંનો સમજણ અને જુસ્સાને લગતા તંતુઓનો સમૂહ.

**મગજી,** સ્ત્રી૦ ( ફા૦ **मग्जी** مغزی=અંગરખા વગેરેમાં મગજી મૂકે છે તે ) અમુક એકજ રંગના કપડાને સાંધો લેતાં વચમાં બીજા રંગના કપડાની ચીંદરડીની ઝીણી પાતળી કિનાર લેવી તે.

**મગદુર,** સ્ત્રી૦ ( અ૦ **मक्दूर** مقدور= તાકત, શક્તિ, **कद्र**=તે શક્તિમાન હતો ઉપરથી ) શક્તિ, તાકત, ગજું 'અને તલપત બથાવી પડેલા વાંટાદારો પાસેથી દરેક જગાની મગદુર તપાસીને તે પ્રમાણે ખંડણી ઉઘરાવે છે.' રા. મા. ભા. ૨

**મગર,** અ૦ ( ફા૦ **मगर** مگر=પણ, સિવાય ) પણ, લેકિન.

'મગર તે જામને ભરતાં કહે તું જ હાથ શું આવ્યું?' કલાપી.

**મગરમસ્ત,** વિ૦ ( ફા૦ **मस्त** مست= મસ્તીવાળો, બહેકેલો ) હૃષ્ટપુષ્ટ, જાડું.

**મગરીબ,** સ્ત્રી૦ ( અ૦ **मग्रिब** مغرب= સંધ્યાકાળ ) સંધ્યાકાળનો સમય, સૂર્યાસ્તનો સમય, સૂર્યાસ્ત વખતે જે નમાજ પઢાય છે તે.

'હું પાછો મગરિબની નમાજ પછી તને મળીશ.' બા. બા.

**મગરૂબ,** વિ૦ ( અ૦ **मग्रूर** مغرور=અહંકારી, અભિમાની ) ગર્વિષ્ઠ, હુંપણુમાં મસ્ત તે.

**મગરૂબી,** સ્ત્રી૦ ( અ૦ **मग्रूरी, गुरूर** مغروري غرور=અહંકાર ) અભિમાન.

**મગરૂર,** વિ૦ ( અ૦ **मग्रूर** مغرور=અહંકારી) અભિમાની, ગર્વિષ્ઠ, હુંપણુમાં મસ્ત તે.

'અમે મગરૂર મરતાના, બીયાબાંમાં રઝળનારા.' કલાપી.

**મજકુર,** પુ૦ ( અ૦ **मज्कूर** مذکور=જેની વાત થઇ ચુકી છે તે, જેની જિકર થઇ ચુકી છે તે. **जिक्र**=સંભારી રાખવું ઉપરથી ) બીના, હેવાલ, હકીકત, વર્ણન.

**મજનુ,** વિ૦ ( અ૦ **मज्नून** مجنون= જેને 'જુનૂન' એટલે ગાંડપણ છે તે, ગાંડો; લેલીનો આશક. લેલા મજનૂન કહેવાય છે, એનું મૂળ નામ **कयस** હતું, ને નજદનો રહેનાર હતો ) પ્રેમઘેલું.

'તમારા માર્ગમાં મજનુ અને લેલી શીરીં ફર્હાદ. કલાપી.

**મજબુત,** વિ૦ ( અ૦ **मज्बूत** مضبوط= જબરૂં ) તુટે નહિ એવું, ટકે એવું, ટકાઉ.

**મજબુતી,** સ્ત્રી૦ ( અ૦ **मज्बूती** مضبوطی =જબરાઇ, ટકાઉપણું ) મક્કમપણું, દ્રઢતા.

**મજબુર,** વિ૦ ( અ૦ **मज्बूर** مجبور= લાચાર કરેલો, જેના ઉપર બળાત્કાર થયો હોય તે ) લાચાર, નિરૂપાય.

'તે સબબે મને હિંદુસ્તાનમાં આવવા મજબૂર કરી નાખી છે.' બા. બા.

**મજમલે,** અ૦ ( અ૦ **मिन्जुम्लह** من جملہ =તમામ, બધું ) કુલ સરવાળો, જુમલે, એકંદરે.

**મજમું,** વિ૦ ( અ૦ **मज्मूअ** مجموع= જમા કરેલું, સંપૂર્ણ ) ભાગિયા, ભાગવાળું, સહીઆરૂં, મજીયારૂં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મજમુદાર**, પુ૦ ( અ૦ **मज्मून+दार** ફા. પ્ર. مضمون دار=મતલબવાળો વિષયવાળો. (૨) **मज्मूअह्**=મહેસુલ+**दार** ફારસી પ્રત્યય مجموعه دار=મહેસુલનો હિસાબ રાખનાર ) પરગણાનો હિસાબ રાખનારો, મહાલકારી. 'અવલકારકુન ને દેસાઈ મજમુદાર સાથે મોકલે.' અં. ન. ગ.

**મજમુદારી**, સ્ત્રી૦ ( અ૦ **मज्मूअह्+दारी** مجموعه داری=મહેસુલનો હિસાબ રાખવાનું કામ ) મજમુદારનું કામ અને ઓહદ્દો, પંત્યાળું.

**મજમુન**, પુ૦ ( અ૦ **मज्मून** مضمون= મતલબ, બાબત ) વિષય, બીના.

**મજરે**, અ૦ ( અ૦ **मुज्रा** مجرا **मज्रा**= જારી થવું ઉપરથી, માગતામાં વાળી લેવું, કાપી લેવું ) પાછળથી ભેગું ગણી લેવું એમ, પેટે, સાટે.

**મજરો**, પુ૦ (અ૦ **मुज्रा** مجرا=સલામ કરવી, અમીરોની મુલાકાત ), સલામ.

'કૃપાળુ કૃપા તું કરી, મજરો લઇ મજ રોગ લે હરી.' ક. દ. ડા.

**મજલ**, સ્ત્રી૦ ( અ૦ **मंजिल** منزل=ઉતરવાની જગા, મકાન, ઘર, એક દિવસની મુસાફરી, કેમકે દિવસે ચાલીને રાત્રે એક સ્થળે મુકામ કરવો પડે છે ) પગપાળો સ્વાર કે ગાડાવાળો એક ઠેકાણેથી મુસાફરી શરૂ કરી સાંજરે જ્યાં જઇને ઉતારો લે તેટલું અંતર તે. મજલ, ટપ્પો.

**મજલીસ**, સ્ત્રી૦ ( અ૦ **मज्लिस** مجلس =મંડળી ) બેઠક, સભા.

'મજિલસની તરફ પુંઠ કરીને બેસતો.' નં૦ ચ૦

**મજલો**, પુ૦ ( અ૦ **मंजिलह** منزله= માળ, ખંડ; **नजल**=ઉતરી આવ્યો ઉપરથી ) માળ, મેડો.

**મજહબ**, પુ૦ ( અ૦ **मज्हब** مذهب=ધર્મ, રસ્તો ) પંથ, ઈશ્વર સંબંધી અમુક તરેહનું જે મંતવ્ય તે.

'રામજણીઓ સીઆ મજહબની કેમ હોય છે.' નં. ચ.

**મજા**, સ્ત્રી૦ જુઓ મઝા.

**મજાક**, સ્ત્રી૦ ( અ૦ **मजाक** مذاق=ચાખવું, સ્વાદ, શોખ અને ખુશીની વાતો કરવી ) ઠઠ્ઠામશ્કરી. ચેષ્ટા.

'શું તમે મારી મજાક કરો છો.' ટ. ૧૦૦ વા. ભા. ૩

**મજારવાડો**, પુ૦ ( અ૦ **मजार** مزار= કબર+વાડો ગુ૦ પ્ર૦ કબ્રસ્તાન ) મડદાં દાટવાનું ઠેકાણું.

**મજાલ**, ન૦ ( અ૦ **मजाल** مجال=મેદાન, શક્તિ, જોગ, **जवल**=પરિઘમાં જવું ઉપરથી ) શક્તિ, બળ, જોર.

'રે લફ્જ કહેવા ઇશકના મારી ન કાંઇએ મજાલ.' કલાપી.

**મજુર**, પુ૦ ( ફા૦ **मज्दूर** مزدور=મજુરીવાળો **मुज्द्**=મજુરી+**वर**=વાળો, મળીને **मुज्द्वर** તે ઉપરથી **मज्दूर** ) અમુક દામ લઇને મહેનતનું કામ કરનાર.

**મજુરણ**, સ્ત્રી૦ ( ફા૦ **मज्दूर** مزدور ઉપરથી ગુજરાતી નારીજાતિનું રૂપ ) મજુરી કરનાર સ્ત્રી.

**મજુરી**, સ્ત્રી૦ ( ફા૦ **मज्दूरी** مزدوری =મજુરપણું ) ભાર ઉપાડવો, ખોદવું, ભરવું વગેરે મહેનતનું કામ, ને તે બદલ મળતા પૈસા.

**મજેનું**, વિ૦ ( ફા૦ **मजह** مزه=સ્વાદ, ચસ્કો ઉપરથી ) સારૂં, સુંદર.

**મજો**, સ્ત્રી૦ ( ફા૦ **मजह** مزه=સ્વાદ, ચસ્કો) મજા, આનંદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મઝા,** સ્રી૦ ( અ૦ **मिज़ाह** مزاح=હસવું, રાજી થવું, ખુશી કરવી ) ગંમત કરવી, મોજ કરવી.

**મઝાનું,** વિ૦ ( અ૦ **मिज़ाह** مزاح અથવા ફારસી **मज़ह** مزه ઉપરથી ) દિલ ખુશ કરે એવું.

**મઝેદાર,** વિ૦ ( ફા૦ **मज़हदार** مزه‌دار=સ્વાદવાળું ) સુંદર, લજ્જતવાળું.

**મઝેદારી,** સ્રી૦ ( અ૦ **मिज़ाह्+दारी** ફારસી પ્રત્યય داری مزاح=મઝા કરવી) ગંમત કરવી, આનંદ કરવો.

**મઠો,** પુ૦ ( ફા૦ **मास्त** ماست=દહીં, છાશ ઉપરથી ) દહીંમાં થોડું પાણી નાખી બનાવેલું ગાઢું પેય; પાણી નિતાર્યા વગર દહીંને છણીને બનાવેલી જાડી છાશ. ' ભાટીઆએ મઠો ખાટો કર્યો. ' નં. ચ.

**મડદું,** ન૦ ( ફા૦ **मुर्दह** مرده=મરેલું. **मुर्दन**=મરવું ઉપરથી ) મૃતદેહ, શબ.

**મડધો,** પુ૦ ( ફા૦ **मीरिदिह** میرده: **मीर**=ઉપરી, **दिह**=ગામડું. ગામડાનો ઉપરી. મુસલમાનોમાં એક જાત છે ) કાળુપુરમાં મીરધાવાડ એક ફળીઉં છે. શરીરે હૃષ્ટપૃષ્ટ જાડું, ને જોરાવર હોય તે.

**મણ,** પુ૦ ( ફા૦ **मन** من=૪૦ શેર વજન) ચાળીશ ભાર વજન.

**મતલબ,** સ્રી૦ ( અ૦ **मत्लब** مطلب=ઇચ્છા ) અર્થ, સમજણ, ઉદ્દેશ, આશય, હેતુ.

**મતલબી,** વિ૦ ( અ૦ **मत्लबी** مطلبی=ઇચ્છાવાળો ) અર્થસાધુ, સ્વાર્થી.

**મતા,** સ્રી૦ ( અ૦ **मताअ** متاع=પુંજી, સોદાગરીનો સામાન ) માલમિલ્કત, પુંજી, ધન. ' આગળ જતાં ઝાલાની મતા થઇ પડી. ' રા. મા. ભા. ૧

**મતાદાર,** પુ૦ ( અ૦ **मताअ्+दार** ફારસી પ્રત્યય متاع‌دار=માલવાળો) જેને સાક્ષી તરીકે સહી કરવાનો હક-અધિકાર હોય તે, પટેલ.

**મતાદારી,** સ્રી૦ ( અ૦ **मताअ+दारी** ફારસી પ્રત્યય متاع‌داری=મતાદારનું કામ ) મતાદારપણું.

**મતારો,** પુ૦ ( ફા૦ **मतारह** متاره=ટોટીવાળી ઝારી, નાળચાવાળી ઝારી ) ખાધેલપીધેલ ઘરડો બુદ્દ: વૃદ્ધ, ઘરડો, ડોસો.

**મદત,** સ્રી૦ ( અ૦ **मदद** مدد=કુમક, સહાય ) સહાયતા, કુમક.

**મદતિયું,** વિ૦ ( અ૦ **मदद** مدد ઉપરથી ગુ૦ પ્ર૦ ) મદદ કરનાર, સહાયકારક.

**મદદ,** સ્રી૦ ( અ૦ **मदद** مدد=સહાય ) કુમક, આશરો.

**મદદગાર,** વિ૦ ( અ૦ **मदद्+गार** ફારસી પ્રત્યય, مددگار=મદદ કરનાર) સહાયક.

**મદદનીશ,** વિ૦ ( અ૦ **मदद्+निवीस**=લખનાર. مددنویس=મદદ આપનાર. **निविश्तन**=લખવું ઉપરથી ) મદદગાર.

**મદરેશા,** સ્રી૦ ( અ૦ **मद्रसह** مدرسه=પાઠ આપવાનું ઠેકાણું, નિશાળ, સ્કૂલ ) પાઠશાળા, નિશાળ. ' તે વિના ( સને ૧૬૩૦ માં ) અમદાવાદમાં મદ્રેસાને માટે એક ઇમારત બાંધી હતી, ત્યાર પછી તેને કેદખાનાની જગા ઠરાવીને તેનું કદ હલકું પાડી નાંખ્યું છે. ' રા. મા. ભા. ૧

**મદાર,** પુ૦ ( અ૦ **मदार** مدار=આકાશી પદાર્થને ફરવાની જગા, જે વસ્તુ ઉપર બધો આધાર હોય તે, આધાર ) આધાર, આશ્રય, ભરોસો, વિશ્વાસ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મદારત**, સ્ત્રી૦ ( અ૦ **मुदारात** مدارات= મહેરબાની કરવી, મિત્રતા કરવી, પરોણાચાકરી કરવી, નમ્રતાથી વર્તવું, **दरी** અથવા **दरा**=હાંકી જવું ઉપરથી ) બરદાસ્ત, પરોણાચાકરી, ખાતરદારી.

**મદારી**, પુ૦ ( અ૦ **मदारी** مداری; હજરત બદીઉદ્દીન મદાર સાહેબ સાથે સંબંધ રાખનાર એક જાતના ફકીર. ) રીંછ, માંકડાં વગેરે પશુઓને કેળવી લોકોને તેના ખેલ કરી બતાવનાર, કલંદર.

**મદારૂલમહામ**, પુ૦ ( અ૦ **मदारुलमहाम** مدارالمہام=અઘરાં કામનો આધાર જેના ઉપર છે તે, વજીર, એક પદવી છે. **मदार**=આધાર **मुहिम**=અઘરૂં કામ એનું બહુ વચન **महायम** ઉપરથી **महाम** મુસલમાની રાજયના વજીર.

**મદીના**, ન૦ ( અ૦ **मदीनह** مدینہ= શહેર. **तमद्दुन**=વસ્તી કરીને રહેવું, નાગરિકપણું તે ઉપરથી મદીના; અરબસ્તાનમાં શહેર છે. જ્યાં હજરત મહંમદ ( સ. અ. ) ની કબર છે, મક્કાથી હિજરત કરીને આપ અહીં આવીને વસ્યા ત્યારથી એનું નામ 'મદીના' પડયું પહેલાં એનું નામ **यस्त्रिब** હતું ) અરબસ્તાનમાં મુસલમાનોનું તીર્થસ્થાન.

**મદ્દેનજર**, સ્ત્રી૦ ( અ૦ **मद्दिनजर** مدنظر દૃષ્ટિપાત.**मद**=ખેંચવું+**नजर**=દૃષ્ટિ.નજર કરવા જેવું, જોવા જેવું, ) કંપનીઓ નીકળે છે, ત્યારે જે હુંડીઓ વેહેંચાય છે તેને મદ્દેનજર કહે છે.

**મનસબ**, પુ૦ ( અ૦ **मन्सिब** منصب= કાયમ થવાની જગા ) પદવી દરજ્જો.

**મનસબદાર**, પુ૦ ( અ૦ **मन्सिब + दार** ફારસી પ્રત્યય,**मन्सिब्दार** منصبدار= પદવીવાળો ) લશ્કરની ટુકડીનો ઉપરી, લશ્કરી અમલદાર. 'સંભાળ રાખવી કે મુનસબદા. કદી કબજે પામે નહિ.' રા. મા. ભાગ ૨.

**મનસબદારી**, સ્ત્રી૦ ( અ૦ **मन्सिब+दारी** ફા૦પ્ર૦**मन्सिब्दारी** منصبداری=પદવીને લગતું કામ ) મનસબદારનું કામ.

**મનસબી**, સ્ત્રી૦ ( અ૦ **मन्सिबी** منصبی= પદવીપણું,) મનસબપણું.

'ન લેતું આ જિગરનો તો હજો એ મનસબી તારી.' કલાપી.

**મનસુબો**, પુ૦ (અ૦ **मन्सूबह** منصوبہ= વિચાર, ધારણા. **नसब**=ગોઠવ્યું ઉપરથી ) કામ કરવા માટે વિચાર કરવો તે,

**મનસુર**, પુ૦ ( અ૦ **मन्सूर** منصور) અનલહક શબ્દ જુઓ. 'અમો મનસુરના ચેલા, ખુદાથી ખેલ કરનારા.' કલાપી.

**મના**, સ્ત્રી૦ (અ૦ **मनअ** منع=ના પાડવી રોકવું **मनअ**=ના પાડી ઉપરથી) નકારો અટકાવ, પ્રતિબંધ.

**મનાઈ**, સ્ત્રી૦ (અ૦ **मनाही** مناہی; **मन्ही** =જે કામ કરવાની શાસ્ત્રોમાં ના પાડી છે તે, તેનું બહુ વચન, અથવા **मना+ई** લાગવાથી ગુજરાતી પ્રયોગ ) મના, બંધી, નિષેધ.

**મનારો**, પુ૦ (અ૦ **मीनार**, **मनारह**, **मनार** منار مناره منار=દીવો રાખવાની જગા, સ્તંભ, મસ્જિદના ટોડા ) મનારો, થાંભલા જેવું ઉંચું ચણતર.

**મને**, અ૦ ( અ૦ **मनअ** منع=નાપાડવી) મના, મનાઈ.

**મફત**, અ૦ ( અ૦ **मुफ्त** مفت=વગર કીમતે ) બદલા વગર, ફોકટ, અમસ્તું.

**મફતિયું**, વિ૦ ( ફા૦ **मुफ्त** مفت=ઉપરથી ) મફતનું, ફોકટીઉં.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મફ્રર**, સ્ત્રી૦ ( અ૦ **मुफर्रिह** مفرح=જે દવા ખાધાથી મન આનંદમાં રહે તે ) મનને ખુશ કરનાર દવા.

'એવું સાંભળીને લાલકુંવરે અફીણ ચડાવા માંડયું, તે ઉપર મફ્રર ને માજમ ખાધી.' રા. માં. ભા. ૧.

**મફ્લેસ**, વિ૦ ( અ૦ **मुफ्लिस** مفلس=ગરીબ, **फल्स**=પૈસા ઉપરથી ) ગરીબ, કંગાલ.

**મબલક**, વિ૦ ( અ૦ **मब्लग** مبلغ=પહોંચવાનું ઠેકાણું, હદ, વિશેષ, જથો ) ઘણું, અતિશય, પુષ્કળ.

'ફળવૃક્ષ પણ મબલક હતાં.' પ્રીય દર્શના.' 'એક શેઠીઆ પાસે મબલક પૈસો હતો.' ૮. ૧૦૦ વા. ભા. ૪.

**મબારખી**, સ્ત્રી૦ (અ૦ **मुबारक** مبارک=વધારો મળેલો છે તેવો, નેક બખ્તીવાળો, ભાગ્યશાળી, સુખી, ઉપરથી થએલો શબ્દ) નાનાં છોકરાંને થતો એક પ્રકારનો રોગ. ઢોરને પણ આ રોગ થાય છે.

**મભમ**, વિ૦ ( અ૦ **मुब्हम** مبهم=વહેમ પડે એવી વાત, નક્કી ન થઈ શકે એવી વાત, બંધ બારણું, અનિશ્ચિત.**बहम**=ગમે તેમ ભેળસેળ ગોઠવાયું ઉપરથી ) બાંધેભારે, અસ્પષ્ટ, સંદિગ્ધ.

**મય**, પુ૦ (ફા૦ **मय** مے=મદ્ય) પીવાનો દારૂ. 'જે પરપ્રેમરૂપી મદ્ય છે, જે મય ઇશ્ક છે, શુદ્ધ પ્રેમનો મય છે.' આ૦ નિ૦

**મયત**, વિ૦ ( અ૦ **मैयित** میت=મરેલો) મરી ગએલો. 'મયત રાણાના પિત્રાઈ ભૂપસિંહને ત્રણચાર વર્ષ થયાં ગાદી મળી હતી.' સ. ચં. ભા. ૧.

**મય્યત**, ન૦ (અ૦ **मैयित** میت=મરેલો) મરણું, મરણ.

**મયાન**, ન૦ ( અ૦ **नयाम** نیام=તલવાર વગેરેનું મીણીઉં ) તલવાર જેમાં રાખે છે તે મીણીઉં.

**મરઘી**, સ્ત્રી૦ ( ફા૦ **मुर्ग** مرغ=પક્ષી ઉપરથી ) કુકડી, મરઘડી.

'મુરઘીનાં બચ્ચાંને મારવા બાજ ઉંચે ઉડતાં ઉડતાં તલપ મારે છે.' ક. ઘે.

**મરઘું**, ન૦ ( ફા૦ **मुर्ग** مرغ=પક્ષી ઉપરથી ) કુકડું, મરઘડું.

**મરઘો**, પુ૦ ( ફા૦ **मुर्ग**=પક્ષી ઉપરથી ) કુકડો, મરઘો.

**મરજ**, પુ૦ ( અ૦ **मरज़** مرض=રોગ, બીમારી ) આજાર, વાવર, વ્યાધિ.

'કૌવત ગયું ને મર્જ ચોંટયો, ગઇ સનમ તો દૂર દૂર; કલાપી.

**મરજબાન**, પુ૦ ( ફા૦ **मर्जबान** مرزبان=જમીનદાર, સરહદનો માલિક, હાકેમ, બાદશાહ, નિઘેબાન, સરદાર. અરબીમાં **मर्ज़बान** શબ્દનો અર્થ પારસીઓનો બુજાુર્ગ, પારસી વિદ્વાન થાય છે ) પારસીઓમાં અટક હોય છે.

**મરજી**, સ્ત્રી૦ ( અ૦ **मर्ज़ी** مرضی=ઇચ્છા. **रज़ब**=ખુશી થયો ઉપરથી ) ઇચ્છા, ખુશી, ખાહેશ.

**મરતબો**, પુ૦ ( અ૦ **मर्तबह** مرتبه=દરજો, પદવી, **रतब**=તેણે એક પછી એક મોકલ્યો ઉપરથી ) દરજો, પદવી, અધિકાર, મોભો

'પાસે પાથરેલી ગાદીનો મર્તબો નહિ સાચવતાં સુંવાળી ગાદીઓ ઉપર પોતાને ઘેર બેસે એવી રીતે બેસી ગયા.' અં. ન.

**મરદ**, પુ૦ ( ફા૦ **मर्द** مرد=પુરૂષ ) નર, પુરૂષ, પતિ, ધણી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મરદાઇ,** સ્ત્રી. ( ફા૦ **મર્દ** ને ગુજરાતી 'આઇ' પ્રત્યય લાગી થએલો ગુ. શબ્દ ) મરદપણું, પુરૂષાતન.

**મરદાનગી,** વિ૦ ( ફા૦ **મર્દાનહ્+ગી** મ-ળીને **મર્દાન્ગી** مردانگی=પુરૂષત્વ ) મરદપણું, બહાદુરી.

**મરદાના,** વિ૦ ( ફા૦ **મર્દાનહ** مردانه= પુરૂષો સંબંધી, પુરૂષોને લગતું. ) 'મર્દાના પોશાકમાં પણ તેના સૌંદર્યની અદ્ભુત છટા દેખાતી હતી.' બા૦ બા૦

**મરદાની,** વિ૦ ( ફા૦ **મર્દાનહ** مردانه= પુરૂષો સંબંધી ) મરદને શોભે તેવું, મરદને યોગ્ય.

**મરદામી,** સ્ત્રી૦( ફા૦ **મર્દુમી** مردمی=પુ-રૂષત્વ ) મરદાઈ, પુરૂષાતન, બહાદુરી. 'કોઈ મરદ શી મરદામી કરશે, ખચીત આળસ ખોઇને' દ. કા. ભા. ૨.

**મરદી,** સ્ત્રી૦ ( ફા૦ **મર્દી** مردی=મરદપણું) પુરૂષાતન, વીરપણું.

**મરદુમી,** સ્ત્રી૦ ( ફા૦ **મર્દુમી** مردمی= પુરૂષાતન) મરદાઇ, બહાદુરી.

**મરદેઆદમી,** પુ૦ ( ફા૦ **મર્દિ આદમી** مرد آدمی=આબરૂવાળો,બહાદુર માણસ) વીરનર.

**મરફો,** વિ૦ **મરફ્ફહ** مرفه=સુખી, આ-સુદો, સારી સ્થિતિનો, નવરો ) એક જાતનું વાજું. 'ઠેઠ પોળ પાસે જઇને આરબોને કહ્યું કે મરફો બજાવો.' રા. મા. ભા. ૨

**મરવ,** પુ૦ ( અ૦ **સફા મર્વહ** صفا مروه= સફામર્વા નામની બે ટેકરીઓ મક્કામાં કાબાના દરવાજાની પાસે છે. હજજને દિવસે તે બે ટેકરીઓની વચ્ચે હાજીઓ દોડે છે. ) મક્કામાં બે ટેકરીઓ છે. ગુ૦ વાં૦ મા૦

**મરવત,** સ્ત્રી૦ ( અ૦ **મુરવ્વત** مروت= મરદાનગી, ઉપકાર ) સ્નેહ, પ્રીતિ.

**મરસિયા,** પુ૦ ( અ૦ **મર્સિયહ** مرثیه= મરનાર માણસનું વર્ણન કવિતામાં એવી રીતે કરવામાં આવે કે જેથી સાંભળના-રને રડવું આવે, મરનારનાં વખાણ. **મરસી**=વિલાપ કર્યો ઉપરથી ) શોકનાં ગીત, વિલપન, પરજીયા. 'શીયા લોક તો મરસીયા બનાવે છે.' નં. ચ.

**મરહબા,** અ૦ ( અ૦ **મર્હબા** مرحبا=ભલે પધાર્યા ) માનવાચક શબ્દ, સ્વાગતમ્. 'આફ્રીન, મર્હબા આપના જેવા દુની-આમાં થોડાજ હશે.' બા. બા.

**મરહમ,** ન૦ ફારસી ઉપરથી અરબી **મર્હમ** مرهم=જખમ મટાડવા માટે જે દવા લગાડે છે તે ) મલમ. 'મરહમની ના પરવા ભલે, સીનામાં જખમ કારી છે.' આ. નિ.

**મરહુમ,** વિ૦ ( અ૦ **મર્હૂમ** مرحوم=જેના ઉપર પરમેશ્વરની કૃપા થઇ ચુકેલી છે તે, મરેલા માણસને આશીર્વાદ રૂપે એ શબ્દ લગાડવામાં આવે છે.) સ્ત્રી હોય તો **મર્હૂમહ** مرحومه કહેવાય છે, મરણ પામેલું, મરી ગએલું.

**મરામત,** સ્ત્રી૦ ( અ૦ **મરંમત** مرمت દુરસ્ત કરાવવું, રીપેર કરાવવું, **રમ**=ઘ-ડવું, દુરસ્ત કરવું ઉપરથી) ઠીક ઠાક કરા-વવું, મરામત કરવું, ભાગ્યું તુટયું સમું કરાવવું.

**મરામતી,** વિ૦ ( અ૦ **મરંમત** مرمت=

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરથી ) મરામતનું, ઠીકઠાક કરાવવું પડે એવું.

**મરાસ,** ન૦ ( અ૦ **मीरास** میراث=મુએલાનો જે માલ વારસોને હાથ લાગે તે) વારસો, કુટુંબીઓમાં જે ખરા હકનો ભોક્તા હોય તે.

**મર્દ,** વિ૦ ( ફા૦ **मर्द** مرد=પુરૂષ) બહાદુર, હુશયાર, શૂરવીર.

**મલકુત,** પુ૦ ( અ૦ **मलकूत** ملکوت=સત્તા, કબજો, ફિરશતાઓનો મુલક, ફિરિસ્તાઓના રહેવાનું સ્થળ) દેવલોક.

'નાસુત, મલ્લાકૂત, જબ્રૂત, ફના, એમ શરીઆ, તરીકા, મારિફ્રા, હકીકા એ ચાર જાણનાર, પાળનારના ચાર ક્રમ છે.' સિ. સા.

**મલકુસ્તી,** સ્ત્રી૦ ( ફા૦ **कुश्ती** کشتی=મલ લોકોની લડાઇ **कुश्तन**=મારવું ઉપરથી ) મલ્લયુદ્ધ.

**મલમ,** ન૦ ( ફારસી ઉપરથી અરબી **मर्हम** مرہم=જખમ મટાડવા માટે જે દવા લગાડે છે તે ) ઘારાં અને ગડગુમડ ઉપર લગાડવાનું ઔષધિવાળું મીણ.

'નહિ જખમો નહિ ખોસા તણો મર્હમ મને દેતા.' કલા૦

**મલમપટી,** સ્ત્રી૦ ( **मर्हम** مرہم **पटी** ગુજરાતી ) ઘારાં અને ચાંદાં વગેરે ઉપર ચોઢવા મલમ લગાડેલી કાગળ કે કપડાની નાની કાગળી.

**મલાઈ,** સ્ત્રી૦ ( ફા૦ **बालाइ** بالائی=દૂધને ઉકાળતાં તેના ઉપર તરી આવે છે તે. **बाला**=ઉપર તે ઉપરથી ઉપર આવનાર) સત્ત્વ, સાર, તત્ત્વ.

**મલાજો,** પુ૦ ( અ૦ **मुलाहजह** ملاحظہ=જોવું, અદબ, વિવેક ) મોટાનું મોટપણ અને અદબ રાખવી તે.

**મલિકા,** સ્ત્રી૦ ( અ૦ **मलिक**=બાદશાહ, **मलिकह**=રાણી ملکہ) રાણી, રાજકતી.

**મલિદો,** પુ૦ ( ફા૦ **मालीदह** مالیدہ=મસળેલું, ચુરમું. **मालीदन**=મસળવું ઉપરથી ) ચુરમું.

'મારો મલીદો કર્યા પછી કાઢી નાંખે.' રા. મા. ભા. ૧

**મલુક,** વિ૦ ( અ૦ **मलूक** ملوک=બાદશાહો. **मलिक**=બાદશાહનું બહુવચન ) સારૂં, ઉત્કૃષ્ટ. મલુકચંદ નામ હોય છે.

**મલેક,** પુ૦ ( અ૦ **मलिक** ملک=બાદશાહ ) મુસલમાનોમાં એક જાત છે.

**મલંગ,** વિ૦ ( **मलंग** ملنگ=માથું અને પગ ઉઘાડા હોય એવો માણસ, એકલો માણસ, બેહોશ, મસ્ત, ગાંડા જેવો ) મલંગ, ફકીર.

**મવકુફ,** વિ૦ (અ૦ **मवकूफ** موقوف=બંધ) બંધ કરવું.

'તમ હાજર હોત જો ભ્રાત, એવી મહેનત મવકુફ થાત.' દ. કા. ભા. ૨.

**મવેશર,** વિ૦ ( અ૦ **मुयस्सर** میسر=સહેલું, સહેલાઇથી મળે એવું ) મળતર, મળવું.

**મશક,** સ્ત્રી. ( ફા૦ **मश्क** مشک=પાણી ભરવાની ચામડાની કોથળી ) પીઠ પર લઇ જવાય એવો પાણી ભરવાનો ચામડાનો કોથળો.

**મશગુલ,** વિ૦ ( અ૦ **मश्गूल** مشغول=કામમાં લાગેલો, **शगल**=તે કામે લાગ્યો ઉપરથી ) રોકાયલો, કામમાં નિમગ્ન હોય એવો.

'પછી સંતતિ વિવાહની તોડજોડમાં મશગુલ રહેતી.' ન. ગ્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મશરૂ**, પુ૦ ( અ૦ **मश्रूअ** مشروع=જેની મુસલમાની શરેએ રજા આપી છે તેવું લુગડું, **शरअ्** મુસલમાની ધર્મ, તે ઉપરથી મશ્રૂઅ=મુસલમાની ધર્મ પ્રમાણે; રેશમી લુગડું મુસલમાન પુરૂષોએ પહેરવાનો હુકમ નથી, પણ મશરૂમાં રેશમ ને સુતર હોવાથી તેની ધર્મશાસ્ત્ર પ્રમાણે રજા છે. ) વચમાં ધોળા લીટાવાળું એક જાતનું સુંદર રેશમી વસ્ત્ર.

' અતલસ અને મુલ્તાર મશરૂ, માલ એશ મંગાવજો.

વળી ધર દિશે વરસાદ પહેલાં; આપ વહેલા આવજો; દ૦ કા૦ ડા૦

**મશાહદ**, ન૦ ( અ૦ **मश्हद** مشهد=ધર્મની લડાઈમાં મરણ પામેલા મુસલમાનોને દાટવાની જગા ( ઈરાનમાં એક શહેર છે જ્યાં ૧૨ ઇમામો પૈકી એક ઇમામ હજરત મુસારિજા સાહેબ ( ર૦ અ૦ ) ની કબર છે તેથી એ શહેરને 'મશહદ' ( મશદ ) કહે છે.

**મશાહુર**, વિ૦ ( અ૦ **मश्हूर** مشهور=પ્રખ્યાત, **शहर**=તેણે જાહેર કર્યું ઉપરથી) જાણીતું, નામાંકિત.

**મશાગત**, સ્ત્રી૦ ( અ૦ **मशक़्क़त** مشقت=મહેનત, દુઃખ, કષ્ટ, ) મહેનત, મજુરી.

**મશાલ**, ( અ૦ **मश्अल** مشعل=પ્રકાશ આપનાર ) લાકડા ઉપર ચીંથરાં વીંટાળીને બનાવેલો મોટો કાકડો. ...વટદાર,

**મશાલચી**, પુ૦ ( અ૦ **मश्अल**+**ची** તુર્કી પ્રત્યય, **मश्अलची**. مشعلچی મશાલવાળો ) મશાલ લઈને ચાલનાર માણસ.

**મશાલી**, પુ૦ ( અ૦ **मश्अल** مشعل ઉપરથી ) મશાલ રાખનારો, મશાલચી.

**મશાલો**, પુ૦ ( અ૦ **मसालिह** مصالح **मस्लहत**નું બહુવચન=ભલાઈઓ. આ શબ્દ ફારસીવાળા એકવચનમાં વાપરે છે, અને એનો અર્થ 'સામાન' થાય છે. એવી વસ્તુ કે જેથી કોઈ બીજી વસ્તુ સુધરી જાય. લાકડાં, ઇંટ, ચુનો વગેરે ઇમારતનો મસાલો કહેવાય છે, તેવીજ રીતે ધાણાજીરૂં વગેરે શાકનો મસાલો કહેવાય છે ) મસાલો, મીઠું, મરચું, બદામ પસ્તાં વગેરે.

**મશ્કરી**, સ્ત્રી૦ ( અ૦ **मस्खरी**, તથા ફારસી **गी**–પ્રત્ય લાગીને **मस्खर्गी** مسخری مسخرگی=હસવું, ઠઠ્ઠા મશ્કરી કરવી. **तस्खीर**=તાબે કરવું ઉપરથી ) મજાક, ઠઠ્ઠો, ચેષ્ટા, ડોળ.

**મશ્કરો**, પુ૦ ( અ૦ **मस्खरह** مسخره=જેની મશ્કરી કરીએ તે ) મશ્કરી કરનારો, ટોળી માણસ, વિદૂષક.

**મસકો**, પુ૦ (ફા૦ **मस्कह** مسکه=માખણ) મસ્કો, નવનીતસાર, તત્ત્વ.

**મસજીદ**, સ્ત્રી૦ ( અ૦ **मस्जिद** مسجد=માથું નમાવવાની જગા ) મુસલમાનોએ બંદગી કરવા માટે બાંધેલું મોટું મકાન.

**મસ્ત**, વિ૦ ( ફા૦ **मस्त** مست=બેહોશ, બે શુદ્ધ ) મસ્તાન, માતેલું.

**મસ્તાન**, વિ૦ ( ફા૦ **मस्तान** مستان=મસ્ત જેવો, મદમત્ત, માતેલું. ' પરિવાર મારો હું જ છું. મસ્તાન છું મને'. કલાપી.

**મસ્તી**, સ્ત્રી૦ ( ફા૦ **मस्त**+**ई** مستی=બેહોશી, બેશુદ્ધપણું ) મસ્તપણું, મસ્તી.

**મસ્તીખોર**, વિ૦ ( ફા૦ **मस्तीखोर** مستی‌خور=મસ્તી કરનારો. ગુજરાતી પ્રયોગ ) મસ્તી કરે એવો તોફાની. ' મેઘ પેલો મસ્તીખોરો મુજને રંજાડવા. ' સ. ચં: ભા. ૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મસનદ**, સ્ત્રી૦(અ૦ **मस्नद** مسند=તકીઓ, તકીઓ દેવાની જગા, ગાદી ) તખ્ત, સિંહાસન. 'દોલતખાં ગુસલખાના અથવા હંમામમાંથી ગુસલ કરીને હમણા પોતાના ખાનગી ઓરડામાં આવી મસનદ પર કાવો પીતો બેઠો હતો.' બા. બા.

**મસનવી**, સ્ત્રી૦ ( અ૦ **मस्नवी** مثنوی= દરેક દોહરામાં બે કાફીઆ હોય એવી કવિતા ) કવિતાનો એક પ્રકાર. 'દિલ્લીના કવીશ્વર અમીર ખુસરવ તૂતીએ હિંદ પાસે મસનવીએ ઇશ્કિયા લખાવશે.' નં.ચ.

**મસનદનશીન**, વિ૦ ( અ૦ **मस्नद्+निशी-न**=બેસનાર મળીને **मस्नद्‌निशीन** مسندنشین=ગાદી ઉપર બેસનાર ) ગાદીએ બેઠેલો, સરદાર.

'ડરે છે કેમ મજનું તખ્તનો મસ્નદનશીં થઇ તું.' ગુ. ગ.

**મસલત**, સ્ત્રી૦ ( અ૦ **मस्लहत** مصلحت =સારી સલાહ, સારી તજવીજ, ભલાઇ, સલાહ. **सलह**=તે બરાબર થયું ઉપરથી ) બે અથવા વધારે માણસોએ એકઠા થઈ એક બીજાનો મત મેળવવો તે. 'આ માણસ અફગાનિસ્તાન તથા ખોરાસાનમાં જમા થતાં મુસલમાન ટોળાંના શહેનશાહ સાથે મસલહતમાં હતો.' ગુ. સિં.

**મસલતીયો**,પુ૦( અ૦ **मस्लहत** مصلحت ઉપરથી સલાહ આપનાર ) મસલત કરનારો, સલાહ આપનાર. 'રાવ અને તેના મસલહતીઆ એકાએક ચઢી આવ્યા.' રા. મા. ભા. ૧

**મસલેહત**, જુઓ મસલત શબ્દ.

**મસાત**, સ્ત્રી૦ ( અ૦ **मिसाहत** مساحت =સાંકળ વગેરેથી જમીનની માપણી કરવી તે ) ખેડવાની જમીનનો આકાર.

**મસાલો**, જુઓ મશાલો.

**મસી**, સ્ત્રી૦ ( ફા૦ **मिस्सी** مسی=દાંતે ઘસવાની એક દવા, એથી દાંત કાળા થાય છે ). એક જાતનું દંતમંજન.

**મસીદ**, સ્ત્રી૦ ( અ૦ **मस्जिद** مسجد=માથું નમાવવાની જગા ) મુસલમાનોને નમાજ પઢવાને બાંધેલી જગા.

**મસીહા**, પુ૦ ( અ૦ **मसीहा** مسیح ઉપરથી ફારસીમાં **मसीहा** مسیحا હજરત ઈસા અ. સ. ઇસુખ્રીસ્ત.) 'ઉઠે મસીહ, રામ, કૃષ્ણ, બુદ્ધ, ને મીરાં; મસીહ, સનમ વાય વાંસરી કહીં કહીં.' આ. નિ.

**મસ્તાઇ**, સ્ત્રી૦ ( ફા૦ **मस्ती** مستی=બેહોશી ) મસ્તી, ધીંગાણું.

**મસ્તાન**, વિ૦ ( ફા૦ **मस्तान** مستان=મસ્ત જેવો ) મદથી ઉન્મત્ત, વિફરેલો.

**મસ્તાની**, વિ૦ ( ફા૦ **मस्त** مست=બેહોશ, મસ્ત ) મસ્તી, ચકચૂર.

**મસ્તી**, સ્ત્રી૦ ( ફા૦ **मस्ती** مستی=બેહોશી) મસ્તી, ધીંગાણું.

**મસ્તીખોર**, વિ૦ ( ફા૦ **मस्त** ઉપરથી ગુ. પ્રયોગ મસ્તી કરનાર,) તોફાન કરનાર.

**મસ્નદ**, સ્ત્રી૦ (અ. **मस्नद** مسند=તકીઓ, તકીઓ દેવાની જગા, ગાદી) બેઠક, ગાદી, સિંહાસન, પાટ.

**મહકુબ**, વિ૦ ( અ૦ **मुअक्कब** معقب=પાછળ નાખી દીધેલું ) મુલતવી, બંધ રાખેલું, થોડા દિવસ પછી હાથ ધરવા માટે તરત વેળા બંધ રાખેલું, પડતું મૂકેલું, ઢીલમાં રાખેલું. ( રેવિન્યુમાં વપરાય છે ).

**મહતાબ**, પુ૦ ( ફા૦ **माहताब**, **महताब** ماهتاب; مهتاب**माह**, **मह**=ચંદ્ર+ તાફતન=પ્રકાશવું ઉપરથી **ताब**=પ્રકાશનાર, પ્રકાશિતચંદ્ર ) ચંદ્ર, ચંદ્રમા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મહમદીઅન,** પુ૦ (અ૦ **मुहंमदी** محمدی=મુસલમાન) મુસલમાન, મુહંમદ સાહેબ સાથે સંબંધ રાખનાર. 'જ્યાં મહમદીયન જોર જણાયું આકરૂં' દ. કા. ભા. ૨.

**મહર,** સ્ત્રી૦ (ફા૦ **मिह्र** مهر==મહેરબાની) કૃપા, દયા.

**મહશુર,** વિ૦ (અ૦ **मश्हूर** مشهور=જાણીતું) પ્રખ્યાત.

**મહાજમ,** સ્ત્રી૦ (અ૦ **मअ्जून** معجون=કેળવેલું, દવાઓને વાટી, ખાંડી છાણીને મધ અથવા ખાંડની ચાસણીમાં મેળવે છે તે) ભાંગમાંથી બનાવેલો ખૂબ કેફી પદાર્થ.

**મહાત,** સ્ત્રી૦ (અ૦ **मात** مات=મરી ગયો, હારી ગયો, મરણ, હાર) હાર, જોર તોડી નાખવું.

**મહાબો,** પુ૦ (અ૦ **मुहाबा** محابا=સહાય કુમક, કોઇનો પક્ષ કરવો) ભાર, વક્કર, બોજ.

**મહારત,** સ્ત્રી૦ (અ૦ **महारत** مهارت=આવડત, ઉસ્તાદી) ચાલાકી, અનુભવ, કામ કરવાની ઉકેલ.

**મહાલ,** પુ૦ (અ૦ **महाल** محال=પરગણું, **महल**નું બહુવચન) તાલુકાનો એક ભાગ.

**મહાલકારી,** પુ૦ (અ૦ **महाल्+कारी** ફારસી **महाल्कारी** محالکاری=મહાલનો ઉપરી અધિકારી) મહાલનો વહીવટદાર, મામલતદાર.

**મહાવરો,** પુ૦ (અ૦ **महावरह** محاوره=સંભાષણ કરવું; જવાબ આપવો, રૂઢિ પ્રમાણે બોલવું) અભ્યાસ, વહીવટ, ચાલુ કામ.

**મહિનો,** પુ૦ (ફા૦ **महीनह, माह्यानह** ماهیانه ماهینه=મહીનો. **माह**=ચંદ્ર ઉપરથી) માસ, બે પખવાડીઆં.

**મહેતલ,** સ્ત્રી૦ (અ૦ **मुह्लत** مهلت=ફુરસદ, વાર, ઢીલ) અમુક જવાબ દેવા કે કામ પુરૂં કરી આપવાને અપાતો વખત તે. '૭ માસની મને મહેતલ આપો.' રા. મા. ભા. ૧

**મહેતાબ,** પુ૦ (ફા૦) મહતાબ શબ્દ જુઓ। ચંદ્રમા.

**મહેનત,** સ્ત્રી૦ [અ૦ **मिह्नत** محنت=મહેનત.] કામ કરવામાં તનમનને જોર આપવું તે.

**મહેનતાણું,** ન૦ [અ૦ **मिह्नत्+आनह** ફા૦=પ્ર૦ **मिह्नतानह** محنتانه=મજુરી] મહેનતનો બદલો, પગાર, દરમાયો.

**મહેનતુ,** વિ૦(અ૦ **मिह्नत** محنت ઉપરથી **मिह्नती**) ખૂબ ખંતથી મહેનત કરનારૂં.

**મહેમાન,** પુ૦ (ફા૦ **मह्मान** مهمان=બીજાને ઘેર જઇને ઉતરનાર માણસ, પરોણો. **मह्**=મોટો+**मान**=જેવો. (૨) **मह**=ચંદ્ર+**मान**=જેવો, ચંદ્રમા જેવો વહાલો) પરોણો, અતિથિ.

**મહેમાની,** સ્ત્રી૦ (ફા૦ **मह्मानी** مهمانی=મહેમાનગીરી) આતિથ્ય, પરોણાચાકરી, જમણ કરવું તે.

**મહેર,** સ્ત્રી૦ (ફા૦ **मिह्र** مهر=મહેરબાની) દયા, કૃપા, 'સમુદ્રકેરો પાર વાંચ્છે, ચરકલી જેણી પેર; એણી પેર મંદ મતિ માહરી કરો મોહન મે'ર', માં. આ.

**મહેરબાન,** વિ૦ (ફા૦ **मिह्रबान** مهربان=કૃપાળુ) દયાળુ, કૃપાવંત.

**મહેરબાની,** સ્ત્રી૦ (ફા૦ **मिह्रबानी** مهربانی=કૃપા) માયા, દયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મહેબુબ**, વિ૦ (અ૦ **महबूब** محبوب= વહાલો) પ્રિય.

**મહેરમ**, વિ૦ (ફા૦ **महम** محرم=જેની સાથે લગ્ન કરવું નાદુરસ્ત હોય તે, પાસેનું, જાણીતું,) મનથી માનેલું તે.

**મહેરાબ**, સ્ત્રી૦ (અ૦ **मिहराब** محراب= મસ્જિદમાં કાબાની તરફ પશ્ચિમ દિશાએ એક કમાન હોય છે તે. **हर्ब**=લડાઇનું હથીઆર તે ઉપરથી, કેમકે નમાજ મહેરાબમાં પઢાય છે, તે શેતાન સાથે લડાઇ કરવાનું એક હથીઆર છે માટે) ચણતરમાં પાડેલી કમાન, કમાનદાર લાકડાનું કે ચણતરનું કામ.

**મહેલ**, પુ૦ (અ૦ **महल्ल** محل=મકાન) રાજાને રહેવાનું મોટું માળવાળું મકાન. રાજમંદિર.

**મહેલ્લો**, પુ૦ (અ૦ **महल्लह** محله=ઉતારવાની જગા, ફળીઉં) મોહોલ્લો, વાસ, પોળ.

**મહેસુલ**, વિ૦ (અ૦ **महसूल** محصول= મેળવેલું, આવક ઉપજ, ખંડણી) સરકાર તરફથી જમીન ઉપર લેવાતો કર.

**મહેસુલી**, વિ૦ (અ૦ **महसूली** محصولی =મહેસુલ સંબંધી, મહેસુલ ઉઘરાવનારને અરબીમાં **मुहस्सिल** محصل=કહે છે) મહેસુલ ઉઘરાવનાર અમલદાર.

**મહોર**, સ્ત્રી૦ (ફા૦ **मुहर** مهر=સિક્કો) સોનાનો ચલણી સિક્કો, સોનૈયો.

**મહોરું**, ન૦ (ફા૦ **मुहरह** مهره=કોડી. શંખ, શેત્રંજનાં મોહરાં) રમકડું પુતળું.

**મહોલ્લો**, પુ૦ (અ૦ **महल्लह** محله=ઉતરવાની જગા, ફળીઉં) મોહોલ્લો, વાસ, પોળ.

**મંગ**, પુ૦ (ફા. **मंग** منگ=જુગારખાનું, જુગાર, બડબડવું, ચોર, લુટારો) મંગ, મહાર એક જાત છે.

**મંજનીક**, સ્ત્રી૦(અ૦ **मंजनीक** منجنیق= ગોફણ, જેમાં મોટા મોટા પથરાઓ મુકીને કોટ પાડવાનું કામ લેવામાં આવે તે ગોફણ) ગોફણ.

'મુસલમાનો મંજનીકની ગોઠવણમાં ફાવી શક્યા નહિ,' રા. મા. ભા. ૧

**મંજીલગાહ**, સ્ત્રી૦ (અ૦ **मंज़िल**+**गाह** ફારસી, સ્થળવાચક પ્રત્યય. **मंज़िलगाह** منزلگاه=ઉતરવાનું ઠેકાણું) ઉતારો, સરા, ધર્મશાળા.

'આપણે કયી મંજીલગાહમાં ઉતરીશું.' બા૦ બા૦

**મંજુર**, વિ૦ (અ૦ **मंज़ूर** منظور=દૃષ્ટિ કરેલા, પસંદ, કબુલ, **नज़र**=દૃષ્ટિ ઉપરથી) કબુલ, માન્ય, પસંદ, બહાલ.

**મંજુરી**, સ્ત્રી૦ (અ૦ **मंज़ूरी** منظوری= પસંદગી) કબુલત, હા પાડવી.

**મંદ**, ફારસી પ્રત્યય છે مند એનો અર્થ 'વાળો' થાય છે).

**મંદિલ**, ન૦ (અ૦ **मंदील** مندیل=રૂમાલ, પાઘડી. કેડે બાંધવાનું લુગડું, કસબી બારીક વણાટનું શેલું, મોળીયું.

'તમણે સાહેબને એક ઘોડો, કીનખાબનું મોળીયું, એક તાંકા, મંદીલ ઇત્યાદિ ભેટ કરી.' રા૦ મા૦ ભા. ૨

**માઆઝમા**, વિ૦ (અ૦ **मुअज़्ज़मह** معظمه=મોટા દરજ્જાવાળી સ્ત્રી) મોટું, મહાન.

**માએનો**, પુ૦ (અ૦ **मअनी** معنی=અર્થ) અર્થ.

**માકુલ**, વિ૦ (અ૦ **मक़ूल** معقول= જેને અકલ કબુલ કરે એવું, પસંદ કરવા લાયક) યોગ્ય, વાજબી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'અલાઉદ્દીનને આ અરજ ઘણી માકુલ જણાઇ નહિ.' ક. ઘે.

**માજમ**, જુઓ માઝમ.

**માજરો**, પુ૦ ( અ૦ **माजरा** ماجرا=હકીકત, વીતેલું, જે થઇ ચુક્યું હોય તે, હાલ જે થાય છે તે, **जरी**=એકદમ પસાર થયું ઉપરથી ) હકીકત, વર્ણન.

**માજી**, વિ૦ ( અ૦ **माज़ी** ماضی=ભૂતકાળ, ગએલો વખત ) મરહૂમ, થઇ ગએલું, આગલું, ભૂતકાળનું.

**માજુફળ**, ન૦ ( ફા૦ **माज़ू** مازو=એક જાતનું ફળ ) માચું.

**માજુમી**, વિ૦ (અ૦ **मअ़्जूनी** معجونی=માજુમનો વ્યસની ) માઝમ ખાવાની ટેવવાળો.

**માજુર**, વિ૦ ( અ૦ **मअ़्ज़ूर** معذور=બહાનાવાળો, લાચાર, અપંગ, આંધળો ) આંધળો.

**માઝમ**, સ્ત્રી૦ ( અ૦ **मअ़्जून** معجون=કેળવેલું. દવાઓને વાટી ખાંડી છાણીને મધ કે ખાંડની ચાસણીમાં મેળવે છે તે) ભાંગના સત્ત્વમાં બીજાં વસાણાં મેળવીને બનાવેલો કેફી પદાર્થ.

'એવું સાંભળીને લાલકુંવરે અફીણ ચડાવવા માંડ્યું, ને ઉપર મફરને માજમ ખાધી.' રા. મા. ભા. ૧

**માઝો**, પુ૦ ( અ૦ **मलाहज़ह** ملاحظہ=ત્રાંસી આંખે જોવું, આંખ ફેરવીને જોવું) મુલાજો, મર્યાદા, અદબ, હદ, સીમા.

**માત**, સ્ત્રી૦ ( અ૦ **मात** مات=મરી ગએલો, હારી ગયો, મરણ, હાર ) હાર, જોર તોડી નાંખવું.

'કારણ કે પ્રત્યેક પ્રાંત દેશ કે ગામના એવા મુખ્યને માત કરવાથીજ સરકાર એકંદરે પોતાનો દાબ સર્વ પ્રજા ઉપર બેસારી શકેલી છે.' સુ૦ ગ૦

**માતબર**, વિ૦ ( અ૦ **मुअ़्तबर** معتبر=જેના ઉપર લોકો વિશ્વાસ કરે એવો, પૈસાવાળો ) તાજું, ભરપૂર, શ્રીમંત. 'આપે માતબરને બહુ માન, તેની તરફ રાખે સૌ ધ્યાન.' દ. કા. ભા. ૨

**માતબરી**, સ્ત્રી૦ ( અ૦ **मुअ़्तबर** معتبر ઉપરથી ) માતબરપણું, ધનાઢ્યતા.

**માતમ**, ન૦ ( ફા૦ **मातम** ماتم=કોઇના મરણ વખતે જે શોક દર્શાવવામાં આવે તે ) શોક, વિલપન, રડાકૂટ.

'હું જેટલો ગમથી માતમ કરૂં તેટલો થોડો છે.' બા૦ બા૦

**માતહત**, વિ૦ ( અ૦ **मातहत** ماتحت=હાથ નીચે, તાબામાં ) તેહનાતમાં.

'હિંદુસ્તાનનો હાકેમ મારો માતહત ને જેરદસ્ત રહે, એજ મારી તમંના છે.' બા૦ બા૦

**માદર**, સ્ત્રી૦ ( ફા૦ **मादर** مادر=મા ) માતા, જનની.

'એ તો હમારી માદરે પાયું, હમોને જન્મતાં.' કલાપી.

**માદરપાટ**, પુ૦ ( ફા૦ **मादर** مادر=મા+પાટ ગુ૦=માઓએ પહેરવા લાયક લુગડું ) ઘરવણાટનું સુતરાઉ કાપડ.

**માદરબખત**, વિ૦ ( ફા૦ **मादर्+बख़ता** مادربخطا=જેની મા ભૂલવાળી હોય તે, જેની મા કલંકવાળી હોય તે. **मादर**=મા, **ब**=સાથે, **ख़ता**=ભૂલ, કલંક,) બેબદાર, નીચ, એક પ્રકારની ગાળ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**માદા,** સ્ત્રી૦ ( ફા. **मादह** مادہ=સ્ત્રી ) મા, સ્ત્રી, પશુની માદા.

**માદો,** પુ૦ ( અ૦ **मिअ़्दह** معدہ=જઠર) અન્ન પચે છે તે કોથળી.

**માધોરી,** સ્ત્રી૦ ( અ૦ **मअ़्ज़ूरी** معزوری =લાચારી, પાક ન થતો હોય તેવી જમીન સરકારને સોંપી દેવી તે. **उज्र**=બહાનું ઉપરથી ) જમીનમાં પાક ન થાય, છતાં તેનો વેરો ભરવો પડે, તો તેવી જમીન સરકારમાં સોંપી દે છે તેને માધોરી આપી કહે છે.

**માનતા,** સ્ત્રી૦ ( અ૦ **मिन्नत** منت=ઉપકાર, ભલાઈ, ભલાઇ કરવી, ઉપકાર દેખાડવો ) બાધા, માનતા માનવી તે.

**માનમરતબો,** પુ૦ ( અ૦ **मर्तबह** مرتبہ= પદવી,) માન, આબરૂ પ્રતિષ્ઠા.

'કોઇને માનમરતબો મેળવવા પ્રેરે છે.' નં. ચ૦

**માનશુકન,** પુ૦ ( ફા૦ **शुगुन, शुगून** شگن شگون ઉપરથી ) અપશુકન, નઠારાં શુકન.

**માફ,** સ્ત્રી૦ ( અ૦ **मुआफ** معاف=ક્ષમા **अफव**=તેણે તેને તંદુરસ્તી આપી ઉપરથી ) દોષ, મુક્તિ.

**માફક,** વિ૦ ( અ૦ **मुवाफिक** موافق= અનુકૂળ ) જેવું જોઇએ તેવું, મનગમતું.
'અખિરશ હાલ સૂનો છું, ન કોઇ છે કનો મુશફિક.

'ન કોઈ આવતું પુછવા, પડયો છું આસીયા માફક. ગુ. ગ.

**માફી,** સ્ત્રી૦ ( અ૦ **मुआफा** معافی=ક્ષમાપણું. ) ગુનેહગારને તેના ગુનાહ બદલ સજા નહિ કરતાં જવા દેવો તે.

**માફી જમીન,** સ્ત્રી૦ ( અ૦ **मुआफी+जमीन** ફા૦ معافی زمین=માફીમાં મળેલી જમીન ) પસાયતું, જેની ઉપર સરકારી કર, વજે ન હોય તેવી જમીન.

**માફો,** પુ૦ ( અ૦ **मुआफह** અથવા **मुहफ्फह** محافہ محفہ=અંબાડી, પાલખી, ડોલી, સ્ત્રીઓને બેસવાની ગાડી ) રથ, દેરાજેવી છત્રીવાળી ગાડી.

**માબર,** ન૦ ( અ૦ **मआबर** معابر=હોડીઓ, નદીની પાર ઉતારવાની જગા ) નાવડીઓ, હોડકાં.

'એક તરફ રેશમી દોરીએ બાંધેલું દારૂનું માબર લટકતું હતું.' અં. ન. ગ.

**મામલત,** સ્ત્રી૦ ( અ૦ **मुआमलह** અથવા **मुआमलत** معاملت معاملہ=સાથે મળીને કોઇ કામ કરવું, કામકાજ, જાહેરકામ, **अमल**=તેણે કર્યું ઉપરથી ) માલમતા, કીમતી ચીજ, મૂલ્યવાન ચીજ.

**મામલતદાર,** પુ૦ ( અ૦ **मुआमलत्+दार** ફા૦ પ્ર૦ معاملت دار=માલમતા જેના કબજામાં હોય તે ) પરગણાની મામલત, ઉઘરાણી ઉઘરાવનાર અધિકારી.

**મામલતદારી,** સ્ત્રી૦ ( અ૦ **मुआमलत्+दारी** પ્રત્યય. معاملتداری=મામલતદારપણું ) મામલતદારીનું કામ.

**મામલો,** પુ૦ ( અ૦ **मुआमलह** معاملہ= સાથે મળીને કાંઈ કામ કરવું તે. **अमल** =તેણે કર્યું ઉપરથી ) કટાકટી કે દુઃખનો જે સમય તે.

**મામુલ,** ન૦ ( અ૦ **मअ़्मूल** معمول=રોજ કરવાનું કામ, અમલ કરેલું, **अमल**= તેણે કર્યું ઉપરથી ) ચાલુ વહેવાર, રીવાજ, રવૈયો.

For Private And Personal Use Only

**મામુલી,** વિ૦ ( અ૦ **मअमूली** معمولی= રોજ કરવાનું કામ તે. ) વ્યાવહારિક, વહેવારૂ.

'સ્યામળું પણ મામુલી મુખ ન હતું.' નં. ચ.

**માયનો,** પુ૦ ( અ૦ **मअनी** معنی=અર્થ) અર્થ, મતલબ, ભાવ, સાર.

'લગ્નનો માયનો કેવલ પ્રેમ સંબંધ વિના બીજો નથી.' ના. પ્ર૦

**માયા,** સ્ત્રી૦ ( અ૦ **मायह** مایه=મુડી, મુદ્દલ ) અસલ, દોલત.

**મારકો,** ( અ૦ **मअरिकह** معرکه=લડાઈ, મેદાન ) રણસંગ્રામ ખરો વખત.

**મારફત,** સ્ત્રી૦ ( અ૦ **मअरिफत** معرفت =ઓળખાણ. **अरफ**=તેણે ઓળખ્યો ઉપરથી ) કોઇને વચમાં રાખી કામ કરવાની રીત.

'મૃત્તિકાગ્રહો અગ્નિની મારફતે પંચ ભૂતમાં મળી ગયાં.' ક. ઘે.

**મારફતિયું,** વિ૦ ( અ૦ **मअरिफत** معرفت=ઓળખાણ ઉપરથી ) મારફતથી થએલું.

**મારફતિયો,** પુ૦ ( અ૦ **मअरिफत** معرفت=ઓળખાણ ઉપરથી ) મારફતનું કામ કરનાર.

**મારીફત,** સ્ત્રી૦ ( અ૦ **मअरिफत** معرفت =ઓળખાણ, બ્રહ્મજ્ઞાન ) પરમેશ્વરને ઓળખવો તે.

'જ્ઞાનને મારીફ્ત કહે છે. તે ઉપરથી જ્ઞાનમાર્ગ--અદ્વૈત માર્ગને મારીફત કહે છે.' સિ. સા.

**માલ,** પુ૦ ( અ૦ **माल** مال=પુંજી ) વેપારની વસ્તુ, ચીજો.

**માલકરી,** જુઓ મહાલકારી.

**માલકી,** સ્ત્રી૦ ( અ૦ **मालिकी** مالکی= ધણીપણું ) માલિકપણું.

**માલગુજારી,** સ્ત્રી૦ ( અ૦ **माल+गुजारी** ફારસી. **गुजाश्तन** گزاشتن=છોડવું ઉપરથી. مالگزاری=વસુલ ઉઘરાવવાપણું ) ઉપજ વસુલ કરવી.

'જમીનની માલગુજારી તો સીધી વર્ષમાં બે વખત લેવાય.' નં. ચ.

**માલજાદી,** સ્ત્રી૦ ( અ૦ **माल+जादी**=જન્મેલી ફારસી **जादन**=જણવું,જન્મ આપવો ઉપરથી ગુજરાતી પ્રયોગ છે ) વેશ્યા કસબણ, 'માલજાદી રાંડ તારા બાપને તે વેળાએજ મેં મારી નાંખ્યોછે.' રા.મા.

**માલજાગીન,** પુ૦(અ૦**मालजामिन** مالضامن =માલનો જામિન ) સારા ખોટા માલની જેણે આંટ રાખેલી હોય તે.

**માલદાર,** વિ૦ ( અ૦ **माल्+दार** ફા૦ પ્ર૦ **माल्दार** مالدار=માલવાળો ) સત્તાવાળું, પૈસાદાર, તવંગર.

**માલધણી,** પુ૦ ( અ૦ **माल**) માલીક, ધણી.

**માલમ,** પુ૦ ( અ૦ **मुअल्लिम** معلم=જાણનાર **अलम**=તેણે જાણ્યું ઉપરથી ) વહાણમાંના માલનો હિસાબ રાખનારો ખલાસીઓનો ઉપરી,

**માલમતા;** સ્ત્રી૦ ( અ૦ **मालोमताअ** مال و متاع=ધનદોલત, સમૃદ્ધિ ) મિલ્કત, ધન, જમીન.

**માલમસ્ત,** વિ૦ ( અ૦ **माल्+मस्त** ફા૦ **माल्मस्त** مالمست=માલથી મસ્ત થએલો ગુ૦ પ્ર૦ ) માલથી છકી ગએલો.

**માલમિલ્કત,** સ્ત્રી૦ ( અ૦ **माल्मुल्कत** કે **माल्मिल्कत** مال ملکت=માલ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને મિલકત ) માલમતા, ધન, જમીન.

**માલિક,** પુ૦ ( અ૦ **मालिक** مالک=ધણી ) સ્વામી, શેઠ.

**માલિકી,** જુઓ માલકી.

**માલીયાત,** ન૦ ( અ૦ **मालियत** مالیت=કીમતી વસ્તુ ) માલ વગેરે. શેરડી, આદુ વગેરે ઉંચી જાતનું બાગાયત તૂલ.

**માલુમ,** વિ૦ ( અ૦ **मअ्लूम** معلوم=જાણેલું, જ્ઞાન થયું હોય તેવી વસ્તુ ) જાણ.

**માલુમક,** વિ૦ ( અ૦ **मअ्लूम** معلوم=ઉપરથી ) જાણમાં આવેલું હોય તે.

**માલેતુજ્જાર,** વિ૦ ( અ૦ **मलिकुत्तुज्जार** ملک التجار=વેપારીઓનો બાદશાહ. શાહ વેપારી. **मलिक**=બાદશાહ **तुज्जार** વેપારીઓ **ताजिर**=વેપારીનું બહુ વચન ) મોટો વેપારી.

'એક માલેતુજ્જાર ને બુજુર્ગ સોદાગર કાબુલમાં આવ્યો હતો.' બા૦ બા૦

**માલિસ,** સ્ત્રી૦ ( ફા૦ **मालिश** مالش=ઘોડાને મસળવો, માલેશ કરવી, જીવ સુંથાય તે. **मालीदन**=મસળવું ઉપરથી ) ઘોડાને મસળવો, ખરેરો કરવો. થાક ઉતરવા માટે ઘોડાને હાથે કે ખરેરાવડે ઘસે છે તે.

'આ અસ્પોને અસ્તબલમાં લઈ જઇ ઘાસદાણો આપી માલીશ કર.' બા. બા.

**માવજત,** સ્ત્રી૦ ( અ૦ **मुहाफिजत** محافظت=જાળવણી, રક્ષણ, **हफज**=તેણે સંભાળ રાખી ઉપરથી ) સંભાળ, બરદાસ, સરભરા.

'મારી માવજત તે બધાં કરતા' નં. ચ.

**માશાલ્લાહ,** અ૦ ( અ૦ **माशाअल्लह** ماشاءالله=ખુદા ચાહે તો, ખુદાની મરજી હોય તો ) કાંઇ કામ કરતી વખતે ખુદાની સ્તુતિનું આ વચન બોલાય છે.

**માશુક,** સ્ત્રી૦ ( અ૦ **मअ्शुक** معشوق=જેને ઇચ્છીએ તે, જેના ઉપર પ્રીતિ હોય તે, **इश्क** ઉપરથી ) પ્રિયા, લલના.

'હજારો ઓલીયા, મુર્શિદ ગયા માશુકમાં ડુલી.' સુ. ગ.

**માસલો,** પુ૦ ( અ૦ **मसल** مثل=......ના જેવું, ઉપરથી ) નમુનો, વાનગી.

**માસો,** પુ૦ ( ફા૦ **माशह** ماشه=આઠ રતિ ભાર વજન ) તોલાનો બારમો ભાગ.

**માહ,** પુ૦ ( ફા૦ **माह** ماه=ચંદ્ર ) ચંદ્રમા.

**માહરૂ,** વિ૦ ( ફા૦ **माहरू** ماهرو=ચંદ્રમુખી. **माह**=ચંદ્ર+**रू**=મુખ) ચંદ્રના જેવું જેનું મોં છે તે.

'પોતાની એક માહરૂ બાંદીને ચાલી જવાની રજા આપે નહિ.' બા. બા.

**માહતમ,** ન૦ ( ફા૦ **मातम** ماتم=કોઇના મરણ માટે જે શોક દર્શાવવામાં આવે છે તે ) વિલપન, દિલગીરી, શોક.

**માહવારી,** વિ૦ ( ફા૦ **माह** ماه=મહીનો+**वारी** واری=માસિક ) મહીનાનું, મહીનાવાર.

**માહાત,** સ્ત્રી૦ ( અ૦ **मात** مات=મરેલો ) મરવું, હારવું, હાર, હરાવવું.

**માહિત,** વિ૦ ( અ૦ **माहिय्यत** ماهیت=કોઇ વસ્તુની અસલ. માહિય્યત એ બનાવટી અરબી ધાતુ છે ) જાણમાં આવી ગએલું. 'માહીત ભણતર મહીપતિ, નહિ માહીત ચડીમાર.' દ. કા. ભા. ૨.

**માહિતગાર,** વિ૦ ( અ૦ **माहिय्यत्+गार** ફા૦ પ્ર૦ ماهیتگار=ગુ૦ પ્ર૦ જાણનાર ) જાણીતું, ભોમીયું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**માહિતગારી**, સ્ત્રી૦ ( અ૦ **माहिय्यत+गारी** ફા. પ્ર. ماهیتگاری ગુ. પ્ર. જાણવાપણું. ) વાકેફગારી.

**માહિતી**, સ્ત્રી૦ ( અ૦ **माहिय्यत** ماهیت =જાણ ) વાકેફગારી.

**માહી**, સ્ત્રી૦ ( ફા૦ **माही** ماهی=માછલી ) મત્સ્ય.

**માહીગીર**, વિ૦ (ફા૦ **माहीगीर** ماهی گیر =માછલાં પકડનાર. **गिरिफ्तन**=પકડવું ઉપરથી **गीर**=પકડનાર ) માછી, ભોઇ.

**માહીમરાતબ**, વિ૦ (ફા૦ **माही**=માછલી **मरातिब** અરબી=પદવીઓ **मर्तबह**=પદવીનું બહુ વચન. જેની પદવી માછલીના નિશાનથી જણાતી હોય તે ) બાદશાહી વખતમાં અમીરોની એક પદવી હતી. કચ્છના નામદાર રાઓ સાહેબ માહીમરાતબ છે.

**માહે**, પુ૦ ( ફા૦ **माह** ماه=એટલે મહીનો એને છઠી વિભક્તિનો પ્રત્યય **इ** લાગવાથી **माहि** એટલે **माहिमोहर्रम**=મોહોરમનો મહીનો ) અમુક મહીનો. માહે માર્ચ=માર્ચનો મહીનો.

**માહેર**, વિ૦ (અ૦ **माहिर** ماهر=ઉસ્તાદ, ચાલાક, વાકિફ ) જાણીતું, જાણકાર. 'ડોશી પાસે ઘર કામમાં માહેર થઇ હતી.' સ. ચં. ભા. ૧

**માંદગી**, સ્ત્રી૦ ( ફા૦ **मांदगी**, **दर्मांदगी** ماندگی درماندگی=થાક **मांदन**=રહેવું, છોડવું ઉપરથી ) બીમારી, મંદવાડ.

**માંદું**, વિ૦ ( ફા૦ **मांदह**, **दर्मांदह** مانده درمانده=થાકેલો. **मांदन**=રહેવું, છોડવું ઉપરથી ) મંદવાડવાળું, આજારી.

**મિજબાન**, વિ૦ ( ફા૦ **मेज़्बान** میزبان=જેને ઘર જમવા જઇએ તે માણસ. **मेज़**=ટેબલ+**बान**=વાળો ) પરોણો, મહેમાન. (જમવા આવે તેને મહેમાન કહે છે, ને જેને ઘેર જમે તેને મિજબાન કહે છે ) 'કહીં આનંદ છે મારો, અહુ મીજમાન એ પ્યારો.' કલાપી.

**મિજબાની**, સ્ત્રી૦ ( ફા૦ **मेज़्बानी** میزبانی ઘરધણી પરોણાની ચાકરી કરે તે) ઉજાણી, સ્નેહીઓએ મળીને ખાનપાન કરી ગમત કરવી તે.

**મિજરાફ**, ન૦ ( અ૦ **मिज़्राब** مضراب=તંબુરો વગાડવાનું ઓજાર, **ज़रब**=તેણે માર્યું ઉપરથી ) તંબુરો વગાડનાર આંગળીમાં તારની વીંટી પહેરે છે, અથવા હાથીદાંતની કે એવી કોઇ વસ્તુની ચાંપ કે કડકાથી તંબુરો વગાડે છે તે.

**મિજલસ**, સ્ત્રી૦ ( અ૦ **मज्लिस** مجلس મંડળી, બેસવાની જગા, **जलस** તે ટોળામાં બેઠો ઉપરથી ) ગમતનો મેળાવડો, રાવણું.

**મિજલસિયા**, પુ૦ (અ૦ **मज्लिस** مجلس મંડળી ઉપરથી ) મીજલસમાં એક બીજાની સાથે બેસનારા.

**મિજાજ**, પુ૦ ( અ૦ **मिज़ाज** مزاج=મિશ્રણ, સ્વભાવ ) મનની જે અમુક હાલત તે, સ્વભાવ, પ્રકૃતિ, ટેવ.

**મિજાજી**, વિ૦ ( અ૦ **मिज़ाजी** مزاجی=ટેવ પડી ગએલો માણસ ) અહંકારી, ઘડીઘડીમાં સ્વભાવ બદલાઇ જાય એવો, ચીઢીયું.

**મિજાજેઇશક**, વિ૦ ( અ૦ **इश्किमजाज़ी** عشق مجازی=ખરું નહિ, માની લીધેલું ) જગતનો પ્રેમ, ખરો પ્રેમ નહિ તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'મિજાજે ઇશ્કના રસ્તા, બડા બારીક છે અહીંઆં.' આ. નિ.

**મિજાન**, ન૦ ( અ૦ **मीज़ान** میزان=ત્રાજવું, કાંટો, માપ. ) અંદાજ, શુમાર. 'બજાવવાની કલામાં તે એકકો હતો, શોકીન લોક પોતાને રૂચે, તેવા વિષયનું એની પાસે ગાન કરાવતા, તેથી એના મનમાં સ્વાભાવિક તરંગ કોઇ મિજાન પર રહેતા.' ગુ. સિ.

**મિજાનસર**, વિ૦ ( અ૦ **मीज़ान्+सर** ફા૦ પ્ર૦ میزان سر=માપ પ્રમાણે ) જોઇતું હોય તેટલું.

**મિનતજારી**, સ્ત્રી૦ (અ૦ **मिंनत्+व+जारी** ફા૦ **मिंनतोजारी** منت وزاری=આજીજી, **मिंनत**=ઉપકાર માનવો,ઉપકાર દેખાડવો+ **जारी**=રડવું. ) આજીજી, કાલાવાલા.

**મિનાકારી**, સ્ત્રી૦ ( ફા૦ **मीनाकारी** میناکاری=નકશી કામ. **मीना**=જડાવ-કામ+**कारी** ) સોનારૂપાના દાગીના ઉપર પાડેલી રંગીન વેલબુટ્ટી.

**મિનાકેસો**, પુ૦ ( અ૦ **मुनाकशह** مناقشه= લડાઇ, લડાઇ કરવી ) ખાર, કીનો, દ્વેષ.

**મિનારો**, પુ૦ અ૦ **मीनार, मनारह, मनार** مینار منارہ منار=દીવો રાખવાની જગા, સ્તંભ ) મનારો, ટોડો, બુરજ. 'મસ્જિદના મીનાર પરથી મુલ્લાંની અજાન સાંભળવામાં આવી.' બા. બા.

**મિનો**, પુ૦ ( ફા૦ **मीना** مینا=જડાવકામ ) પાના જેવો સોના પર રંગ પૂરવો તે.

**મિયાન**, ન૦ ( ફા૦ **मियान** میان=કમર, કેડ, વચલો ભાગ, **नियाम** نیام=છરી, તલવાર વગેરેનું મીણીયું ) છરી, તલવારની ખોલી 'મિયાનમાંથી તલવાર કાઢીને તેણે જુસ્સાથી કહ્યું.' અં. ન. ગ.

**મિરજા**, પુ૦ ( ફા૦ **मीर्ज़ा** میرزا=સરદાર, અમીરનો દીકરો. **अमीर** અરબી+**ज़ादह** ફા૦=છોકરો **अमीर्ज़ादह** ઉપરથી **मीर्ज़ादह** ને તે પરથી **मीर्ज़ा** ) મુસલમાનોમાં ખિતાબ છે; અમીર, ઉમરાવ, મુસલમાનમાં એક જાત છે.

**મિરજાન**, ન૦ ( અ૦ **मर्जान** مرجان=પરવાળું ) માળાનો એક ભાગ.

**મિરાત**, સ્ત્રી૦ ( અ૦ **मिर्अत** مرأت= દર્પણ. **राई**=જોયું ઉપરથી.) થાપણ,મુડી. મીરાતે અહમદી, મીરાતે સિકંદરી વગેરે પુસ્તકોમાં મીરાત એટલે દર્પણ અર્થ છે. મીરાતરામ નામ પણ હોય છે.

**મિરાસ**, સ્ત્રી૦ ( અ૦ **मीरास** میراث= મુએલાનો જે માલ વારસોને હાથ લાગે તે ) વારસો.

**મિરાસી**, સ્ત્રી૦ ( અ૦ **मीरास** میراث= મુએલાનો જે માલ વારસોને હાથ લાગે તે, તે ઉપરથી ) વારસામાં મળેલો પૈસો.

**મિલકત**, સ્ત્રી૦ ( અ૦ **मिल्कत** કે **मुल्कत** ملکت=દોલત ) ધનમાલ વગેરે.

**મિસકીન**, વિ૦ ( અ૦ **मिस्कीन** مسکین= ઘણો જ અશક્ત, જેનામાં ચાલવા ફરવાની પણ શક્તિ ન હોય તેવો, નિર્ધન, નાદાર. **सकन**=સ્થિર હતું ઉપરથી, સ્થાયી રહે તેવું ) ગરીબ, ભીખારી. 'મિસ્કીનથી મિસ્કીન છું જહાંગીર છું મને.' કલાપી.

**મિસર**, ન૦ ( અ૦ **मिस्र** مصر=શહેર ) આફ્રિકાની ઉત્તરમાં મુલક છે.

**મિસરી**, વિ૦ ( અ૦ **मिस्री** مصری=મિસર સાથે સંબંધ રાખનાર. મિસ્રી=સાકર. સાલમમિસરી=એક જાતની દવા ) મીસરના, મીસરથી આવતી વસ્તુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મિસરો,** પુ૦ ( અ૦ **मिस्रअ्** مصرع= ફારસી અરબી વગેરે કવિતાની એક લીટી ) કવિતાની ટુક.

**મિસલ,** સ્ત્રી૦ ( અ૦ **मिस्ल** مثل=સમાન ) રીત, જુગતી, તરેહ.

**મિસકાલ,** પુ૦ ( અ૦ **मिस्काल** مثقال= ૨૮ રતિ વજન ) હીરામોતી તોલવાનું માપ.

'તેનું વજન ૮ મીસકાલ એટલે ૨૨૪ રતિ અથવા ૬૭૨ કેરેટ હતું.' બા૦ બા૦

**મિસાલ,** સ્ત્રી૦ ( અ૦ **मिसाल** مثال= ...ના જેવો, છબી, સમાન, બાદશાહનો હુકમ, કાજીનું હુકમનામું, રજાચિઠ્ઠી વગેરે ) રીત, તરેહ.

'ધણીને માથે પસ્તાળ પાડતી, ધુંધવાતા છાણાની મિસાલે તોબરા જેવું મોં કરીને સૂઇ ગઇ.' અં. ન. ગ.

**મિસ્સી,** સ્ત્રી૦ ( ફા૦ **मिस्सी** مسی=દાંતોને કાળા કરવા માટે ઘસવાની એક દવા ) મેશ, કાળપ આણનાર ભૂકો.

'મગર એ દાંતની મીસ્સી સનમના હાથમાં દેતો.' કલાપી.

**મીડઘો,** પુ૦ ( ફા૦ **मीरिदिह** میرده= ગામનો ઉપરી. **मीर**=ઉપરી+**दिह**=ગામ ) હૃષ્ટપુષ્ટ માણસ. મુખી, આગેવાન, અગ્રેસર.

**મીનહુન,** વિ૦ ( અ૦ **मिन्हु** منه=તેમાંથી, તેજ, તે; તારીખ ૧૫ મી માહે મીનહુન એમ સરકારી કાગળોમાં લખાય છે ) ચાલુ માટે મીનહુન, એટલે ચાલુ મહીનો.

**મીનો,** પુ૦ ( ફા૦ **मीना** مینا=ચાંદીસોનાના જેવર પર એક રંગ કરે છે તે, જડાવ કામ ) ધાતુ ઉપરતું રંગીત ચિત્રકામ.

**મીના,** પુ૦ ( અ૦ **मीना** مینا=મક્કામાં એક પહાડ છે જ્યાં કુરબાની કરે છે ) મક્કામાં એક પહાડ છે. ગુ. વાં.

**મીર,** વિ૦ ( ફા૦ **मीर** میر=સરદાર, હાકેમ, અરબી **अमीर** ઉપરથી ) મુસલમાન રાજા, અમીર, ઉમરાવ.

**મીરઅદલ,** વિ૦ ( ફા૦ **मीर+अद्ल** અરબી. **मीरिअद्ल** میرعدل=ન્યાયાધીશ ) અદલ કરનારો મોટો જજ.

**મીરાસી,** વિ૦ ( અ૦ **मीरासी** میراثی= વંશપરંપરાથી જે ચાલતા આવે તે ) ગવૈયા—મુસલમાન—ની એક જાત છે.

**મુકદ્દર,** ન૦ ( અ૦ **मुकद्दर** مقدر=નસીબ, અંદાજે કરેલો, **कद्र**=માપવું ઉપરથી ) નસીબ, ભાગ્ય.

'મુકદ્દરમાં હતું તેવું બન્યું તુજ હાથમાં માલિક' કલાપી.

**મુકનો,** પુ૦ ( અ૦ **मिक्नअह** مقنعه= બુરખો, મોં પર નાખવાનો પરદો ) બુરખો, સ્ત્રીઓનું ઓઢણું.

'ચાવડીએ મુકનો ( ઓઝલ પડદો—બુરખો ) નાખી મુખ ઢાંકયું.' રા. મા. ભા. ૧

**મુકમ્મલ,** વિ૦ ( અ૦ **मुकम्मल** مکمل= પુરૂં ) સંપૂર્ણ, પુરેપુરૂં.

**મુકરદમ,** પુ૦ (અ૦ **मुकद्दम** مقدم=આગળ થનાર, આગેવાન, મુખી ) નાયક, ગજ્જર.

**મુકરદમી,** સ્ત્રી૦ ( અ૦ **मुकद्दमी** مقدمی આગળ થવાપણું) આગેવાની, મુખીપણું, અગ્રેસરપણું.

**મુકરદમો,** પુ૦ ( અ૦ **मुकद्दमह** مقدمه= આગળ જનાર, લશ્કરની આગળ ચાલનારી થોડીક ફોજ, દીબાચો, કેસ ) દાવો, કજીઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'પંચાયતમાં નિર્જીવ મુકરદમા ફેસલ થશે.' નં ચ.

**મુકરમ**, વિ૦ (અ૦ **मुकर्रम** مکرم=આબરૂ વધારનાર, **मुक्रिम**=મહેરબાની કરનાર, આપનાર) માન આપનાર.

**મુકર્રર**, વિ૦ (અ૦ **मुकर्रर** مقرر=નક્કી કરવું) ઠરાવેલું, ખચીત.

**મુકરવું**, સ૦ ક્રિ૦ (અ૦ **मुकिर** مقر= કરાર કરનાર, હા પાડનાર એને ફારસીનો ઉપસર્ગ લાગી **नामूकिर** نامقر ના પાડનાર. તે ઉપરથી ગુજરાતી ક્રિયાપદ) ના પાડવી, ભૂલી જવું, કહીને ફરી જવું, ઇકરાર કરીને ના કહેવી.

**મુકાદમ**, પુ૦ (અ૦ **मुकद्दम** مقدم=આગળ થનાર, આગેવાન) મુખી, નાયક, ગજ્જર.

'ધણીની આગળ પોસ આંસુ પાડી રૂએ, અને મનમાં ને ઘરમાં મુકાદમ.' સ. ચં. ભા. ૨

**મુકાબલ**, વિ૦ (અ૦ **मुकाबिल** مقابل= સામાવાળીઓ હરીફ, દુશ્મન, શત્રુ) મેળવેલું, અસલ સાથે સરખાવેલું.

**મુકાબલો**, પુ૦ (અ૦ **मुकाबलह** مقابله= બરાબરી કરવી, સાથે થવું) તુલના કરવી, સરસાઇ, સરખામણી.

**મુકામ**, પુ૦ (અ૦ **मुकाम** مقام=સ્થળ, જગા) ઉતારો, પડાવ, છાવણી.

**મક્કર** વિ૦ (અ૦ **मुकर्रर** مقرر=નક્કી કરવું) ઠરાવેલું, ખચીત.

**મુખજુબાની**, સ્ત્રી૦ (ફા૦ **ज़ुबान जबान** زبان=જીભ ઉપરથી જુબાની) મોઢાની સાક્ષી તે.

**મુખતેસર**, વિ૦ (અ૦ **मुख्तसर** مختصر= નાનું ટુંકું, સંક્ષિપ્ત, **खसर**=તેણે ટુંકું કર્યું ઉપરથી, સાર રૂપ, થોડામાં.

**મુખત્યાર** વિ૦ (અ૦ **मुख्तार** مختار= સત્તા આપેલી હોય તે) પોતાની મરજીમાં આવે તેમ કરવાને સત્તા અપાએલું તે.

**મુખત્યારનામું**, ન૦ (અ૦ **मुख्तार+नामह** ફા૦ **मुख्तारनामह** مختارنامه=સત્તા આપેલો કાગળ પોતાની તરફથી બીજાને બોલવા લખવા વગેરેનો હક આપવા સંબંધી લેખ.

**મુખત્યારી**, સ્ત્રી૦ (અ૦ **मुख्तारी** مختاری =મુખત્યાર પણું, આપ અધિકાર, સ્વસત્તા.

**મુગલ**, વિ૦ (તુર્કી **मुगुल** અથવા **मुगोल** مغول مغل=સાદા, લાંઠ, તુર્કસ્તાનની એક ઊંચી જાત. 'યાફ્સ બિન નૂહ' ની છઠ્ઠી પેઢીએ 'મુગલ' નામે એક માણસનો જન્મ થયો તેના વંશજો'મુગલ' કહેવાયા. 'રૂસૂમેહિંદ=હિંદના રીતરીવાજો' ઉપરથી, ઇરાન અને તાતાર તરફના મુસલમાનોની એક જાત.

**મુગલાઇ**, સ્ત્રી૦ (તુર્કી **मुगल** ઉપરથી) મુગલ રાજાઓની કારકીર્દી.

**મુચરકો**, પુ૦ (તુર્કી **मुचलकह** مچلکه= કરારનામું) ફરીને કરૂં અથવા મુદ્દતે હાજર ન થાઉં તો જે દંડ કે શિક્ષા થાય તે ભોગવું એવો ગુનેહગારે કરી આપવાનો લેખ તે. 'મનાઇનો મુચરકો સામંતની પાસે છે.' સ. ચં. ભા. ૮

**મુજબ**, અ૦ (અ૦ **मूजिब** موجب=પ્રમાણે) પેઠે, માફક, પ્રમાણે.

**મુજમુદાર**, જુઓ મજમુદાર.

**મુજરે**, અ૦ (અ૦ **मुज्रा** مجرا=જારી થવાનું સ્થળ) વળતર, માગતામાં વાળી લેવું.

**મુજરો**, પુ૦ (અ૦ **मुज्रा** مجرا=સલામ કરવી, અમીરોની મુલાકાત) નમન, વંદન. 'મુજરો લઇ મુજ રોગ લે હરી' ક. દ. ડા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મુજહામત,** સ્ત્રી૦ ( અ૦ **मुजाहिमत** مزاحمت =રોકવો, અટકાવ કરવો, **जहम**=તેણે હાલે ચાલે નહિ તેવો કર્યો ઉપરથી) અટકાવ, પ્રતિબંધ, ટીકા, વિવેચન.

**મુજાખો,** પુ૦ ( અ૦ **मुजायकह** مضایقه= તંગી, અટચણ, પરવા ) મહત્વ, વજન, બોજ.

**મુજાફત,** સ્ત્રી૦ ( અ૦ **मुजाअफ** مضاعف =બેવડું, ડબલ ) દુપટ, બમણો. રેવિન્યુ ખાતામાં વપરાય છે.

**મુજાવર,** પુ૦ (અ૦ **मुजाविर** مجاور= પાડોશી, દરગાહોમાં કામ કરનાર, રોજામાં કામ કરનાર, **जवर**=પાસે હોવું ઉપરથી ) કબર ઉપર ફૂલ ચડાવનારો.

'પીરનો મહિમા મુજાવર વધારે, ને મહાદેવના ગુણ ભરડો જાણે.' ગુ. કહેવત. દા. 'એક જરીના પડદા. પછવાડે મુજાવર તરીકે બેઠો હતો.' રા. મા.

**મુડદાલ,** વિ૦ ( ફા૦ **मुर्दार** مردار=મડદું લાશ, નાપાક, **मुर्दन**=મરવું ઉપરથી ) મરીગએલા જેવું, અશક્ત, નિર્માલ્ય.

**મુડદું,** ન૦ ( ફા૦ **मुर्दह** مرده=મરેલું **मुर्दन**=મરવું ઉપરથી ) ચૈતન્ય વગરનું કલેવર, લાશ, લોથ.

કબજ આ રૂહ થાશે ત્યારે જમીનમાં ગારશે મુરદું.' કલાપી.

**મુતલક,** અ૦ ( અ૦ **मुत्लक** مطلق=સ્વતંત્ર, અબાધ ) તદ્દન, બિલકુલ, તમામ.

**મુતસદ્દી,** વિ૦ ( અ૦ **मुत्सद्दी** متصدی= આગળ આવનાર, આગળ કામ કરનાર **तसद्दी**=આગળ આવવું ઉપરથી, હિંદુસ્તાનમાં વપરાય છે. ઇરાનમાં મીરજા કહે છે ) લખનારો, વિદ્વાન.

'જાતે મુત્સદ્દી ઠર્યા.' નં. ચ.

**મુતાબિક,** વિ૦ ( અ૦ **मुताबिक** مطابق= માફક, બરાબર) મળતું આવવું, અનુકૂળ.

**મુતાલિક,** પુ૦ ( અ૦ **मुतअल्लिक** متعلق= સંબંધી, **तलक**=લટકયો ઉપરથી ) નાયબ દીવાન, દીવાનથી ઉતરતો.

'તેઓના પ્રથમ મુતાલીક અમલદાર પીલાજી ગાયકવાડ હતો.' રા. મા. ભા. ૨

**મુદઇ,** ન૦ ( અ૦ **मुद्दइ** مدعی=દાવો કરનાર, વાદી ) શત્રુ, દુશ્મન, પ્રતિપક્ષી.

**મુદત,** સ્ત્રી૦ ( અ૦ **मुद्दत** مدت=અરસો, સમય ) અમુક વખત, અમુક નક્કી કરેલો વખત.

'શિષ્ય મુદત માગી ગયો,ગુરૂ પાસે પસ્તાય, ગુરૂએ આવ ઉગારિયો,અદભુત કરીઉપાય.' ક૦ દ૦ ડા૦

**મુદ્દલ,** ન૦ ( અ૦ **मुदल्लल** مدلل=જેના ઉપર દલીલ લાગુ પડી શકે તે, મૂળ નાણાં ) વેપાર ધંધા માટે કાઢેલી મૂળ થાપણ.

**મુદ્દામ,** વિ૦ ( અ૦ **मुद्दअन** مدعا=ખાસ જરૂરી કામ માટે, ખાસ એકજ કામ માટે **मुद्दआ**=જરૂરી વસ્તુ ઉપરથી ) ખામોખા, ઘણા વખતનું, ખાસ.

'તેણે પ્રપંચ પારેખને બોલાવવા મુદ્દામ માણસો મોકલ્યા.' અં. ન. ગ.

**મુદ્દો,** પુ૦ ( અ૦ **मुद्दआ** مدعا=જરૂરની વસ્તુ. **दअव**=માગ્યું, બોલાવ્યું ઉપરથી) પુરાવો, સાબીતી.

**મુનશી,** પુ૦ ( અ૦ **मुन्शी** منشی=શરૂ કરનાર, કોઇ નવી વસ્તુ પોતાના મનમાંથી ઉઠાવનાર, **नशअ**=તે થયો, તે ઊંચે ચડયો ઉપરથી ) ઉર્દૂ, ફારસી અરબી વગેરેનો શિક્ષક, લખાણનું કામ કરનાર.

**મુનસફ,** પુ૦ ( અ૦ **मुन्सिफ** منصف= અર્ધું અર્ધું કરનાર, ન્યાય કરનાર, **निस्फ**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



=અર્ધું ઉપરથી. ન્યાય કરનાર બંને ભાગ સરખા કરે છે માટે) દીવાની કજીઆ સાંભળી ન્યાય આપનાર ન્યાયાધીશ.

**મુનસફી**, સ્ત્રી૦ ( અ૦ **मुन्सिफी** منصفی ન્યાય ) મુનસફનું કામ, 'ઉઠાવી મુસીબત દીલે, નથી તો મુનસફી તારી.' દી. સા.

**મુનસરીમ**, પુ૦ ( અ૦ **मुन्सरिम** منصرم =બંદોબસ્ત કરનાર, સંપૂર્ણ કરનાર ) એક ઓહદો છે.

**મુનાસબ**, વિ૦ ( અ૦ **मुनासिब** مناسب =સંબંધ રાખનાર ) વાજબી, યોગ્ય, ઘટિત.

'તેઓને સજા કરવી મુનાસીબ છે કે નહિ ? ક. ઘે.

**મુનીમ**, પુ૦ ( અ૦ **मुनीब** منیب મદદગાર) પેઢીનું કામ કરનાર મુખ્ય ગુમાસ્તો.

**મુનીમી**, સ્ત્રી૦ ( અ૦ **मुनीब** منیب =ઉપરથી મદદગારી ) મુનીમગીરી, મુનીમનું કામ.

**મુફત**, વિ૦ ( ફા૦ **मुफ्त**=કીમત વગર ) વગર મૂલ્યે.

'ના કરતું મુફત અફસોસી મળશે દાદ ના અહીંઆં'. કલાપી.

**મુફતી**, પુ૦ ( અ૦ **मुफ्ती** مفتی =મુસલમાની ધર્મ પ્રમાણે કેસનો ફેસલો આપનાર )મુસલમાન પંચાતીઓ.'મુફતીઓની સાથે સુલતાને તંબુ મોકલ્યો.' મિ. સિ.

**મુફલસ**, વિ૦ ( અ૦ **मुफ्लिस** مفلس =ગરીબ, નિર્ધન. **फलस**=પૈસા ઉપરથી ) ગરીબ, દીન, લાચાર, કંગાલ.

'મારે નથી ચાકર કે નફર, હું તો ઘણો ગરીબ મુફલિસ હાલે છું.' ગુ. શિ.

**મુફલસી**, સ્ત્રી૦ ( અ૦ **मुफ्लिसी** مفلسی ગરીબી, નિર્ધનતા ) ગરીબી, દીનતા.

**મુફસીલ**, ન૦ ( અ૦ **मुफस्सल** مفصل= ભાગલા, ભાગ પાડેલા) બહારગામ, પરદેશ

**મુફાસલો**, પુ૦ ( અ૦ **मुफासिलह** مفاصله છેટું, જુદાઇ, અંતર **फसल** ઉપરથી ) છેટું, અંતર.

**મુબારક**, વિ૦ ( અ૦ **मुबारक** مبارک= વધારો મળેલો છે તેવો, નેકબખ્તીવાળો, ભાગ્યશાળી, સુખી ) ભલું,ભલું હો એવું, આબાદ.

'પરંતુ તેમ કરતી કરતીએ મારા પશ્ચાત્તાપની નિશાનીમાં મારા મુબારક રાજાને માટે માર્ગ સરલ કરતી જાઉં.' કાન્તા. પૃ૦ ૧૧૧

'મુબારક હો તમોને આ તમારા ઇશ્કના રસ્તા.' કલાપી.

**મુબારકબાદી**, સ્ત્રી૦ ( અ૦ **मुबारक+बाद्** +**ई** ફારસી. મળીને **मुबारकबादी** مبارکبادی=ખુશાલી બતાવવી, એકનું સારૂં થવાથી બીજાએ તેને આશિષ દેવી તે. **बरक**=તે આશીર્વાદ પામ્યો ઉપરથી) સારૂં થયા બદલ પ્રસન્નતા, ખુશાલી બતાવવી તે.

'પાદશાહ તથા શાહજાદાને મુબારકબાદી આપવાને સઘળા અમીર, ઉમરાવો એકઠા થયા હતા.' ક. ઘે.

**મુમકીન**, વિ૦ ( અ૦ **मुम्किन** ممکن= શક્ય, થઈ શકે એવું ) બની શકે એવું.

'નથી મુમકીન અયે દિલબર, નિયત બદલે જરા મારી.' ગુ. ગ.

**મુમ્કેનલવજુદ**, પુ૦ ( અ૦ **मुम्किनुल्वुजूद** ممکن الوجود=જેનું હોવું ન હોવું સ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માન હોય તે ) જેના અસ્તિ નાસ્તિ સમાન હોય તે.

'અવર્ણ્ય બ્રહ્મને સત્‌રૂપે જણાવતાં વાજબઉલવજુદ કહેલું છે, અને મુમકેન ઉલવજુદ, મુમતને ઉલવજુદ ઈત્યાદિ માયા (મઆદા) શશવિષાણ જેવા તર્કને વિચારતાં બહુ સારા કર્યા છે.' સિ. સા.

**મુમનો**, પુ૦ ( અ૦ **मुअमिन** مؤمن=ઈમાની, ઈમાનવાળો, ઈમાનદાર ) મુસલ્લાની ધર્મમાં ગયેલા હિંદુની એક જાતિ.

**મુમાનીઅત**, સ્ત્રી૦ ( અ૦ **मुमानिअत** ممانعت=મના કરવી, રોકવું, ના પાડવી ) અટકાવ કરવો, ના કહેવી.

'તેમના પિસરને જનાનખાનામાં આવવાની મુમાનીઅત નહિ હોય.' બા. બા.

**મુમ્મૈ**, સ્ત્રી૦ ( અ૦ **मूमिया**, **मूमियाइ** مومیائی مومیا=કાળા રંગની એક દવા છે, કેટલાક કહે છે કે ખાણમાંથી નીકળે છે, ને કેટલાક કહે છે કે બનાવટી છે, એક ચીકણી વસ્તુ, જે દવામાં વપરાય છે ) માણસની ચરબીની મેળવણીથી બનાવેલી એક દવા, કચરાએલા શરીર ઉપર લગાડવાના કામમાં આવે છે.

**મુરઘાબી**, સ્ત્રી૦ [ ફા. **मुर्गाबी** مرغابی=જળકુકડી. **मुर्ग**=પક્ષી+**आबी**=પાણીનું ] જળકુકડી.

**મુરઘી**, સ્ત્રી૦ ( ફા૦ **मुर्ग** مرغ=પક્ષી,) કુકડી, મરઘડી.

'મુરઘીનાં બચ્ચાંને મારવા બાજ ઉંચે ઉડતાં ઉડતાં તલપ મારે છે.' ક. ઘે.

**મુરઘો**, પુ૦ ( ફા૦ **मुर्ग** مرغ=પક્ષી ) કુકડો, મરઘડો.

**મુરબ્બી**, વિ૦ ( અ૦ **मुरब्बी** مربی=પાલનાર, **रबब**=માબાપ સિવાય બીજાની સંભાળથી ઉછરેલો ' ઉપરથી ) કુટુંબનો મોટો આગેવાન, વૃદ્ધ.

**મુરબ્બો**, પુ૦ ( અ૦ **मुरब्बह** مربه=ખાંડ સાકરની ચાસણીમાં પાયેલી વસ્તુ. **रबब**=માબાપ સિવાય બીજાની સંભાળથી ઉછરેલો, ઉપરથી ) ચાસણી પાએલો ફળ ને કચુંબરનો આથો.

'કે મુરબ્બાની બરણીમાં ફળ એકને ચાંટી પડે.' કલાપી.

**મુરવત**, સ્ત્રી૦ ( અ૦ **मुरव्वत** مروت=મરદપણું, ઉપકાર ) ભાર બોજ, વજન.

'મતલબની મુરવ્વત જ્યાં, ખુશામદના ખજાના જ્યાં.' કલાપી.

**મુરશીદ**, પુ૦ ( અ૦ **मुर्शिद** مرشد=સારો રસ્તો દેખાડનાર, રશદ= તેણે તેને ખરે રસ્તે દોર્યો ' ઉપરથી ) ગુરૂ, ધર્મનો ઉપદેશ કરનાર.

'હજારો ઓલીયા મુર્શિદ, ગયા માશુકમાં ડુલી, ન ડુલ્યા તે મુઆ એવી, કલામો સખ્ત ગાઈ છે.' સુ. ગ.

**મુરસદ**, પુ૦ ( અ૦ **मुर्शिद** مرشد=સારો રસ્તો દેખાડનાર. **रशद**=તેણે તેને ખરે રસ્તે દોર્યો ઉપરથી ) ગુરૂ, ધર્મનો ઉપદેશ કરનાર.

'મગર મુરશીદ કરો તો તો હમે ચેલા થનારાઓ.' કલાપી.

**મુરાતબ**, સ્ત્રી ( અ૦ **मुरातिब** مراتب=પદવીઓ. **मर्तबह**=પદવીનું બહુવચન ) ગૌરવ, પ્રતિષ્ઠા, મોભો, વજન.

**મુરાદ**, સ્ત્રી૦ ( અ૦ **मुराद** مراد= ઇચ્છા, **रवद**=પૂછયું ઉપરથી) ઇચ્છા, આશા, ઉમેદ.

'મગર આ જિંદગાનીની મુરાદે કોણ પરવાર્યું.' કલાપી.

**મુરીદ**, પુ૦ ( અ૦ **मुरीद** مرید=શિષ્ય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચેલો, ઇરાદો રાખનાર, **रवद**= પૂછ્યું ઉપરથી ) શિષ્યા, ચેલી.

**મુલક**, પુ૦ ( અ૦ **मुल्क** ملک=દેશ ) દેશ, પ્રદેશ.

'રૂડો રૂડો મુલક ગુજરાત રૂડો ! નવલ૦

**મુલકગીરી**, સ્ત્રી૦ ( અ૦ **मुल्क्**+**गीरी** ફા૦ પ્ર૦ **मुल्कगीरी** ملک‌گیری=મુલકમાં ફરવા નીકળવું ) દેશના વડાએ વસુલાતના તેમજ બંદોબસ્તના કામ માટે પોતાના તાબાના મુલકમાં આમ તેમ ફરવું તે.

**મુલકી**, વિ૦ ( અ૦ **मुल्की** ملکی=મુલક સંબંધી ) મુલકને લગતું.

**મુલતવી**, અ૦ ( અ૦ **मुल्तवी** ملتوی= વાર કરવી, વાળનાર, બાકીમાં રાખવું ) અદ્ધર, અદબદ, મોકુફ.

**મુલાઇમ**, વિ૦ ( અ૦ **मुलाइम** ملائم= યોગ્ય, અનુકૂળ, એકઠું થનાર, નરમ, સુંવાળું, પોચું ) નરમ, કુંમળું.

'તેમનું હૈયું મીણ જેવું મુલાયમ હતું.' નં. ચ.

**મુલાકાત**, સ્ત્રી૦ ( અ૦ **मुलाकात** ملاقات =મળવું ) મેળાપ, ભેટ.

**મુલાજો**, પુ૦ ( અ૦ **मुलाहजह** ملاحظہ= જોવું ) અદબ, વિવેક.

'કાંઇ પણ મુલાયજા વગર ચોરી ને ડાકુનું કામ કરતા હતા.' મિ૦ સિ૦

**મુલામ**, વિ૦ ( અ૦ **मुलम्मअ** ملمع=ચાંદી સોનાથી પ્રકાશિત કરવાપણું, જેનો એક મિસરો ફારસી ને બીજો અરબી હોય તેવી કવિતા ) રસનું, ઢોળ ચડાવવો.

**મુલ્લાં**, પુ૦ ( અ૦ **मुल्ला** ملا=ભરેલો, વિદ્વાન, વિદ્યાથી ભરેલો **मलऊन** પરથી **मुलाअ** ને તે પરથી **मुल्ला** ) મુસલમાનોનો પંડિત, મુસલમાનોનો ધર્મગુરૂ.

'મુલ્લા નીસર્યો માર્ગે, મેં જોયું તે દિશ;
પાણી અધિક તેથી પડયું, રાજા છાંડો રીસ.
ક૦ દ૦ ડા૦

**મુવજન**, જુઓ મોઝીન,

**મુવાજેબ**, પુ૦ ( અ૦ **मवाजिब** مواجب પગાર, વજીફો ) મહેનતાણું, બદલો.

**મુવાળો**, પુ૦ ( ફા૦ **मू** مو=વાળ ઉપરથી ) નીમાળો, કેશ, વાળ, બાલ.

**મુશ્ક**, સ્ત્રી૦ ( ફા૦ **मुश्त** مشت=મુઠી ) મુક્કી, મુક્કો મારવો.

'સારો વર મળશે નહિ, ને મારૂં ચાલશે નહિ તો મુશ્કે મારી ગમે તેને પરણાવશે તો ભાગ્ય પ્રમાણે વર્ત્તવું પણ પડશે.' સ૦ ચં૦ ભા૦ ૪

**મુશ્કેલ**, વિ૦ ( અ૦ **मुश्किल** مشکل=અઘરૂં **शाकल**=કઠણ ઉપરથી ) અઘરૂં, કઠણ, દુઃસાધ્ય.

**મુશ્કેલી**, સ્ત્રી૦ ( અ૦ **मुश्किल** مشکل ઉપરથી અઘરાપણું ) કઠણ, મુસીબત.

**મુશતાક**, વિ૦ ( અ૦ **मुश्ताक** مشتاق= ઇચ્છનારો, જેને શોખ હોય તે ) આતુર, ઇચ્છાવાન.

**મુશફીક**, વિ૦ ( અ૦ **मुश्फिक** مشفق= મહેરબાની કરનાર ) કૃપા કરનાર, મિત્ર, ભાઇબંધ.

'અખીરશ હાલ સુનો છું, ન કોઇ છે કને મુશ્ફિક,
ન કોઇ આવતું પુછવા, પડયો છું આસીયા માફક. ગુ. ગ.

**મુશાઇરો**, પુ૦ ( અ૦ **मुशाइरह** مشاعره કવિમંડળ, શાઇરોની મંડળી ) કવિઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભેગા થઇ કવિતાની ચર્ચા કરે તે મંડળી. 'લખનૌ તથા દિલ્લીમાં મુશાયરા મળતા.' નં૦ ચ૦

**મુસદ્દી**, વિ૦ ( અ૦ **मुत्सद्दी** متصدی= આગળ આવનાર, **तसद्दी**=આગળ આવવું, ઉપરથી. મુન્શી, દારોગો ) મુસદ્દો બનાવી જાણનાર, લખાણમાં કાબેલ તે.

**મુસદ્દો**, પુ૦ ( અ૦ **मुसव्वदह** مسودہ= કાળું, રફ લખાણ, પ્રથમ કોપી, એ ઉપરથી સારે અક્ષરે બીજી કોપી થાય. **अस्वद**=કાળું ઉપરથી ) ઊંડા અર્થવાળી ઇબારતનું લખાણ તે, ખરડો.

'મુત્સદ્દા લખવા સમજવામાં ઝીણવટ આવે છે.' સ. ચં. ભા. ૧

**મુસલમાન**, પુ૦ ( ફા૦ **मुसलमान** مسلمان આ શબ્દની વ્યુત્પત્તિ માટે ઘણા મતભેદ છે. કોઇ કહે છે કે **मुस्लिम्+मान** છે. **मुस्लिम्** અરબી શબ્દ છે ને તેનો અર્થ 'માનનાર' થાય છે. **मान** ફા૦ પ્ર૦ નો અર્થ 'જેવો' થાય છે. ( ૨ ) **मुस्लिम** શબ્દનું ફારસી રીતે બહુ વચન છે. પણ એક વચનમાં વપરાય છે. પણ જો આ વ્યુત્પત્તિ ખરી ગણીએ તો આ શબ્દ '**मुस्लिमान** હોય. પરંતુ એવો શબ્દ કોઇ ઠેકાણે વપરાયો જોયો નથી. તેથી છેવટે એ નક્કી થાય છે, કે **मुसलमान** શબ્દ ફારસી છે, અરબી '**मुस्लिम**' શબ્દને ફારસી '**मुसलमान**' શબ્દ સાથે કાંઇ સંબંધ નથી,) ઇસ્લામ ધર્મ માનનારા.

**મુસલમાની**, વિ૦ (ફા૦ **मुसलमानी** مسلمانی=મુસલમાનનું) ઇસ્લામી, મુસલમાની ધર્મ.

**મુસલીમ**, પુ૦ ( અ૦ **मुस्लिम** مسلم= મુસલમાન ) ઇસ્લામી ધર્મવાળો.

'આ વખતે ભરૂચના પારસી મુસલીમ ઝઘડા માટે પોતે કહેતા.' નં. ચં.

**મુસલ્લો**, પુ૦ ( અ૦ **मुसल्ला** مصلی=નમાજ પઢવાનું કપડું ) નમાજ પઢવાની ચટાઇ, મુસલમાનનું તિરસ્કારરૂપ.

'મુસલ્લો એટલે નમાજ વખતે જમીન પર પાથરીને તે ઉપર ઉભા રહેવા ને બેસવા માટે જમીનપોશ.' બા૦ બા૦

'ઘણો માર ખાતાં ખાતાં મુસલ્લો ઠેકાણે આવ્યો.' સ. ચં. ભા. ૧

**મુસ્તનદ**, વિ૦ [ અ૦ **मुस्तनद** مستند= જે વસ્તુ ઉપર તકીઓ દેવામાં આવે તે, ભરોસાપાત્ર, વિશ્વસનીય) માનવા લાયક, આધારભૂત.

'મુસ્તનદ સફરનામાની હાર ને હાર કબાટમાં ગોઠવાએલી' નં. ચ.

**મુસાફર**, પુ૦ ( અ૦ **मुसाफिर** مسافر= મુસાફરી કરનાર )વટેમાર્ગુ, પ્રવાસી, પંથી.

**મુસાફરી**, સ્ત્રી૦ ( અ૦ **मुसाफिरी** مسافری =દેશાટન ) દેશ પરદેશ ફરવું તે, પ્રવાસ, પંથ.

**મુસાફરખાનું**, ન૦ ( અ૦ **मुसाफिर+खानह** ફા૦ પ્ર૦ **मुसाफिरखानह** مسافرخانہ=મુસાફરોને ઉતરવાનું ઠેકાણું ધર્મશાળા) પડાવ, મુસાફરો ઉતરે તે જગા.

**મુસારો**, પુ૦ ( અ૦ **मुशाहिरह** مشاہرہ= માસિક પગાર, **शह्र**=મહીનો ઉપરથી ) દરમાયો, દિવસ અથવા મહીનાનો પગાર.

'જોઇએ તેટલો મુશારો મળતો હોય.' ક. ઘે.

**મુસાહિબ**, પુ૦ ( અ૦ **मुसाहिब** مصاحب =સાથે બેસનાર, મિત્ર, **सुहबत** સોબત ઉપરથી ) સાથે રહેનાર, મિત્ર, સાથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'મારો મુસાહબ એ બની, બે આરામ તો એ એકલો.' ગુ. ગ.

'હું મારા મુસાહિબો સાથે ત્યાંથી રવાના થયો.' બા૦ બા૦

**મુસીબત,** સ્ત્રી૦ ( અ૦ **मुसीबत** مصیبت =દુ:ખ ) મુશ્કેલી, મહેનત, કઠણુ.

**મુસ્તકીન,** વિ૦ ( અ૦ **मुस्तकीम** مستقیم =સીધો, પાધરો) મક્કમ, મજબુત.

'પછી કોઇ પણ જાતના મુસ્તકીન ઇરાદા પર આવી શકાય.' બા૦ બા૦

**મુહાજિર,** પુ૦ ( અ૦ **मुहाजिर** مهاجر= હિજરત કરનાર, મક્કેથી મદીને જનાર, પેગંબર સાહેબના જે અનુયાયીઓ મક્કેથી મદીને ગયા તે ) હિજરત કરનાર, બીજે દેશ જઇને રહેનાર, જુદા પડનાર.

**મૂંજી,** વિ૦ ( અ૦ **मूज़ी** موذی=ઇજા દેનાર દુ:ખ આપનાર **ईज़ा** ઉપરથી,) કંજુસ, કૃપણ, બખીલ.

'હશે મૂજી કો મારતો ભૂમિ ભારે,
નથી દેશની દાઝ જેને લગારે;
સદા શુષ્ક હૈયું રહે વજ્ર જેવું,
કશું કેમ જાણે નથી લેવું દેવું.' વાં. માળા.

**મૂસા,** પુ૦ ( અ૦ **मूसा** موسی=યહુદી ધર્મ પ્રવર્તક પેગંબર સાહેબ ( અ. સ.) નું નામ, અરબી ભાષામાં 'મૂસા' નો અર્થ 'અસ્તરો' થાય છે. સુર્યાની ભાષામાં 'મૂ'=જનાજાની પેટી, અને 'સા'= પાણી તે પરથી મૂસા=કેમકે એમને પેટીમાં બંધ કરી પેટી પાણીમાં મૂકી દીધી હતી તે તરતી તરતી ફીરઔન મિસરના બાદશાહને હાથ લાગી. 'કબ્તી' ભાષામાં 'મૂ' પાણી અને 'સા' વૃક્ષ ઉપરથી મૂસા કેમકે પોતે પાણીની અંદરથી ઝાડની પાસેથી મળ્યા હતા. અરબી ભાષામાં 'શ' નો 'સ' થઇ 'મૂસા' નામ થયું. ) યહુદી ધર્મ ચલાવનાર પેગંબર સાહેબ.

**મેખ,** સ્ત્રી૦ ( ફા૦ **मेख** میخ=લોઢા કે લાકડાનો ખીલો, ખીલી, લાકડાનો જમીન અથવા ભીંત વગેરેમાં ઠોકી બેસાડાય એવો ખીલો.

'ભાઇ, સોનાની થાળીમાં લોઢાની મેખ' ન ખમાય.' સ. ચં. ભા. ૧

**મેખચુ,** જુઓ મેચકુ.

**મેચકું,** ન૦ ( ફા૦ **मेख** میخ=લોઢા કે લાકડાનો ખીલો ઉપરથી ) ખીલાની પેઠે, જમીનમાં ઠોકી બેસાડાય એવી દીવી.

'મૂળાના ચોરને મેચકાનો માર પડે.' અં. ન. ગ.

**મેજ,** ન૦ ( ફા૦ **मेज** میز=ખાવા બેસતી વખતે જે લુગડું પાથરવામાં આવે તે. પ્રાચીન ફારસી ) ટેબલ, ખુરસીમાં બેસી લખાય એવી ઉંચી પાટીઆની ઘોડી.

**મેજર,** પુ૦ ( અ૦ **महज़र** محضر=કાજીએ નક્કી કરેલા ફેસલાનો કાગળ ) ઘણી સહીઓ સાથે અરજી કરેલી હોય તે અરજી.

**મેજરનામું,** ન૦ (અ૦ **महज़र+नामह** ફા૦ કાજીએ નક્કી કરેલા ફેસલાનો કાગળ ) ઘણી સહીઓથી અરજી કરી હોય તે.

**મેદાન,** ન૦ ( ફા૦ **मय्दान** میدان=સપાટ જમીન ) ટેકરા, ઝાડ કે મકાન રહિત ખુલ્લી સપાટ જમીન.

**મેદો,** પુ૦ ( ફા૦ **मय्दह** میده=ઝીણો લોટ ) ઘઉંને પલાળી દળી તે લોટમાંથી કાઢેલો ઝીણો લોટ.

**મેનાકાર,** વિ૦ ( ફા૦ **मिनाकार** میناکار

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



=જડાવકામ કરનાર ) જડાવ કામ કરેલું, જડાવવાળું.

'પલંગ રૂડા રંગનો કરેલ મેનાકાર.'
દ. કા. ભા. ૨

**મેમા**, સ્ત્રી૦ (ફા૦ **महमानी** مهمانی ઉપરથી ) મહેમાની, પરોણાગત.

**મેમાન**, પુ૦ (ફા૦ **मह्मान** مهمان= બીજાને ઘેર જઈને ઉતરનાર માણસ, પરોણો. **मह्**=મોટો+**मान**=જેવો (૨) **मह्**=ચંદ્ર+**मान**=જેવો, ચંદ્રમા જેવો ) મેમાન, પરોણો, અતિથિ.

**મેમાનગીરી**, સ્ત્રી૦ (ફા૦ **मह्मान्गीरी** مهمانگیری=પરોણાચાકરી. ગુ. પ્રયોગ) અતિથિ સત્કાર.

'તેમની મેમાનગીરી તે પૂર્ણ પ્રેમથી કરતો.'
૮. ૧૦૦ વા. ભા. ૩

**મેરાબદાર**, વિ૦ (અ૦ **मिह्राब्+दार** ફા૦ પ્ર૦ محرابدار=કમાનવાળું) વાંકુ, અર્ધ ગોળાકાર કમાનવાળું 'મોટા મેરાબદાર મોતીડે છાયો રે માંડવો.' દ. કા. ભા. ૨

**મેવાત**, પુ૦ (અ૦ **मेवात** میوات=જેમાં કાંઇ પાકતું ન હોય, ને જેનો કોઇ ધણી ન હોય એવી જમીન) અણઘડ લોકનો વસવાટવાળો ડુંગરી પ્રદેશ.

**મેવાતી**, વિ૦ (અ૦ **मेवाती** میواتی= મેવાતના રહેનાર ) મેવાત સંબંધી.

**મેવાસ**, જુઓ મેવાત.

**મેવાસી**, જુઓ મેવાતી.

**મેવો**, પુ૦ (ફા૦ **मेवह** میوه=મેવો. **मे**=રસ+**वह**=વાળો=રસિક ) ખાવા લાયક લીલાં કે સુકાં મીઠાં ફળ.

**મેશી**, ન૦ (ફા૦ **मेशी** میشی=ઘેટાનું ચામડું **मेश**=ઘેટું ઉપરથી ) ઘેટાનું ચામડું.

**મેસુર**, ન૦ (અ૦ **मह्सूर** محصور=સીમાવાસી, હદ બાંધી લીધેલી હોય તે, પરિમિત ) એક જાતની મિઠાઇ, ચણાના લોટની સુખડી.

**મેહતલ**, સ્ત્રી૦ (અ૦ **मुह्लत** مهلت= ફુરસદ, વાર, ઢીલ )વખત આપવો, મુલ્તવી રાખવું.

'મેહતલ ન કાં પુરી બને.' કલાપી.

**મેહતાબ**, પુ૦ (ફા૦ **मह्ताब** مهتاب= ચંદ્ર **मह्**=ચંદ્ર+**ताब**=ચમકનાર. **ताफ्तन** =ચમકવું ઉપરથી. પ્રકાશિત ચંદ્ર ) ચંદ્રમા.

**મેહલાયત**, સ્ત્રી૦ (અ૦ **महल्लात** محلات =ઘણા મહેલો, ઘણી જગાઓ, ઘણાં મુકામ ) મહેલ, અંદરનાં અંતઃપુર વગેરે. 'સ્વર્ગના મેહલાતની રીજવાન રખવાળી કરે.' ગુ૦ ગ૦

**મેહલ્લો** પુ૦ (અ૦ **महल्लह** محله=ઉતરવાનું ઠેકાણું, આશ્રમ) મોહોલ્લો, પોળ, વાસ.

**મેહેફિલ**, સ્ત્રી૦ (અ૦ **मह्फिल** محفل= માણસોને એકઠા થવાની જગા ) મંડળી, મિજલસ.

'તેહેવાર ટાંકણે મેહેફીલે બહુ જતા.'
નં૦ ચ૦

**મેહેમીજ**, સ્ત્રી૦ (ફા૦ **मिह्मेज** مهمیز= ઘોડેસ્વારના બુટની એડી આગળ ખીલા જેવું હોય છે તે ) ઘોડાને તેજ ચલાવવા માટે બુટમાં ખીલા જેવું હોય છે તે.

**મેહેર**, સ્ત્રી૦ (અ૦ **मह्र** مهر=સ્ત્રીને લગ્નપ્રસંગે જે રકમ પલ્લા પેટે કરાવાય છે તે ) પલ્લું, પલ્લાની રકમ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મૈયત**, સ્ત્રી૦ ( અ૦ **मैइत** میت=મોત ) મરણું, મરણ, મૃત્યુ.

'ન્યાતમાં મૈયતની વખતે બધા જુવાની-આઓ અશ્વનિકુમાર જતા.' નં. ચ.

**મૈલ**, પુ૦ ( અ૦ **मील** میل=૪૦૦૦ કદમ જેટલું અંતર ) મૈલ, ૫૨૮૦ ફીટ. અંગ્રેજી મૈલ.

**મોઆજીમ**, પુ૦ ( અ૦ **मुअज्जम** معظم= મોટો, મોટાઇ પામેલો) પ્રતિષ્ઠિત, આબરૂદાર.

**મોઆવીઆ**, પુ૦ ( અ૦ **मुआवियह** معاویه=હજરત પેગંબર સાહેબ ( સ. અ ) ના એક મિત્રનું નામ છે. જે હઝરતઅલી (ર. અ)ના સમયમાં તેમની વિરૂદ્ધ થઇ કેટલીક લડાઇઓ કરી એશિઆઇ તુર્કસ્તાનના બાદશાહ થયા. તાબુત જેમની સંભારણામાં કાઢવામાં આવે છે તે ઇમામ-હુસેન (ર. અ)ને એ જ મોઆવીઆ (ર. અ) ના દીકરા યજીદે શહીદ કર્યા હતા.

**મોકમ**, અ૦ ( અ૦ **मुहकम** محکم=મજબુત, દૃઢ ) બાંધેભારે, ખાસ, નામઠામ દીધા વગર.

**મોકાસદાર**, પુ૦ (ફા૦ **मुकास्दार** مکاس دار =રાહદારી પાસેથી મેહસુલ ઉઘરાવનાર. **मुकास**=રાહદારી મેહસુલ ) રસ્તે જનારા પાસેથી લેવાનો કર વસુલ કરનાર.

**મોકુફ**, અ૦ ( અ૦ **मवकूफ** موقوف=ઊભું કરેલું, કાયમ કરેલું) બંધ પાડેલું, રહેવા દીધેલું.

**મોકુફી**, સ્ત્રી૦ ( અ૦ **मवकूफी** موقوفی= કાયમ કરવાપણું ) બંધી, બંધ પાડી દેવું તે.

**મોકો**, પુ૦ ( અ૦ **मवकअ** موقع=જાહેર થવાની જગા, લાગ, તાલ.

'અને પરવરદીગારે અમને અમારી નીમકહલાલી બતાવવાનો મોકો આપ્યો છે.' બા૦ બા૦

**મોખ**, પુ૦ ( અ૦ **मवकअ** موقع=સ્થળ, કામ કરવાનું સ્થળ, જગા ) લાગ, તાલ, અનુકૂળતા.

**મોગલ**, પુ૦ મુગલ શબ્દ જુઓ.

**મોગલાઈ**, સ્ત્રી૦ ( તુર્કી **मुग्लियह** مغلیه= મુગલાઇને લગતું ) મોગલોનો અમલ, મોગલશાઇ.

**મોગલી**, વિ૦ ( તુર્કી **मुग्ली** مغلی=મુગલ સંબંધી. મુગ્લી બેગમ સ્ત્રીઓનું નામ પણ હોય છે ) મોગલાઇ.

**મોઘમ**, અ૦ ( અ૦ **मुब्हम** مبهم=વહેમ પડે એવી વાત, નક્કી ન થઇ શકે એવી વાત, બંધ બારણું, અનિશ્ચિત; **बहम**= ગમે તેમ ભેળસેળ ગોઠવ્યું ઉપરથી ) બાંધે ભારે, નામઠામ લીધા વગર.

'ને તેથીજ શાસ્ત્રોએ મોઘમ રીતે ઋતુકાલ ઉપર ઘર માંડવાનો આધાર રાખ્યો છે, તેમાં બહુ ડહાપણ વાપરેલું છે.' સુ. ગ.

**મોજ**, સ્ત્રી૦ ( અ૦ **मव्ज** موج=પાણીની લહેર, પાણીનાં મોજાં ) વૈભવ, સુખ.

**મોજડી**, સ્ત્રી૦ ( ફા૦ **मवज़ह** موزه=હાથ પગનાં મોજાં ઉપરથી ) જરીઅલ પાવડી, ખાસડીઓ, કપડાનાં પગરખાં. 'અને રાતી ભરેલી મોજડીઓ.' સ. ચં. ભા. ૧.

'હરિને ચરણે મોજડી ચમકતી, ઘૂઘરી બંને પાય; એક લંગર શોભે રામને, જેની સમોવડ નહિ થાય.' ૨૦ હ૦

**મોજડું**, ન૦ ( ફા૦ **मवज़ह** موزه=હાથપગનાં મોજાં ઉપરથી ) પગરખું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મોજા**, પુ૦ ( ફા૦ **मव्ज़ह** موزه=હાથપગનાં મોજાં ) મોજા.

**મોજી**, વિ૦ ( અ૦ **मव्ज** موج=પાણીની લહેર, પાણીનાં મોજાં ઉપરથી ) મોજ કરનાર, આનંદી. વિલાસી.

**મોજીલું**, વિ૦ ( અ૦ **मव्ज** موج=ઉપરથી ) આનંદી, વિલાસી.

**મોજૂદ**, અ૦ (અ૦ **मव्जूद** موجود=હાજર ) તૈયાર, હાજર.

**મોજું**, ન૦ ( અ૦ **मव्ज** موج=પાણીની લહેર ) પાણીનું મોજું, વૈભવ, સુખ.

'હું ભવસાગરનું એક અગોચર મોજું થઇ મનસ્વીપણે સંસારમાં એકલો અને અપ્રખ્યાત અથડાઇશ.' સ. ચં. ભા. ૧

**મોજે**, અ૦ ( અ૦ **मव्जअ** موضع=રાખવાની જગા, સ્થળ, ગામ ) અમુક ગામ.

**મોજેજો**, પુ૦ ( અ૦ **मुअजिजह** معجزه=ચમત્કાર, અદ્દભુત બનાવ ) અદ્દભુત લીલા, દૈવી બનાવ.

**મોજો**, પુ૦ ( ફા૦ **मव्ज़ह** موزه=હાથપગનાં મોજાં ) મોજા.

**મોઝિન**, પુ૦ ( અ૦ **मुवज्जिन** موذن=બાંગ દેનાર, બાંગી ) મસીદમાં બાંગ દેનાર, મુલ્લા.

'જે વેળાએ બંદગીનો મોઝિન ભણીથી ઉત્તર મળતો બંધ થવા આવ્યો.' રા. મા. ભા. ૧

**મોટો પૈસો**, પુ૦ ( ફા૦ **पयसह** پيسه મોટો ગુજરાતી શબ્દ ) દોઢ પૈસો.

**મોત**, ન૦ ( અ૦ **मवत** موت=મરણ ) મરણ, મૃત્યુ.

**મોતાજ**, વિ૦ ( અ૦ **मुह्ताज** محتاج=જરૂરવાળો ) ગરીબ, નિર્ધન, કંગાલ.

'તાજીમ ન મારકે લીધી, મોહતાજ હું તે ક્યાં બન્યો.' કલાપી.

**મોતાજી**, સ્ત્રી૦ ( અ૦ **मुह्ताजी** محتاجي=જરૂર હોવાપણું ) ગરીબી, નિર્ધનતા, કંગાલપણું.

**મોદી**, પુ૦ ( અ૦ **मुवद्दी** مودي=અદા કરનાર, પોંહોંચાડનાર ) અનાજ, ગોળ, ઘી વગેરે ખાવાની વસ્તુઓ વેચનાર વેપારી.

**મોદીખાનું** ન૦ ( અ૦ **मुवद्दी+खानह** ફા૦ ઠેકાણું مودي خانه=અદા કરવાનું ઠેકાણું, પોંહોંચાડવાનું ઠેકાણું ) લશ્કરને દાણોદુણી ખોરાક પુરો પાડનારૂં ખાતું.

**મોફસલ**, ન૦ ( અ૦ **मुफस्सल** مفصل=ભાગલા, ભાગ પાડેલા ) બહારગામ, પરદેશ.

'કોકસની રીત મોફસલવાસીને માલુમ ન હતી.' નં. ચ.

**મોબેદ**, પુ૦ ( ફા૦ **मूबिद, मूबद** موبد=વિદ્વાન, સૂર્યપૂજક, પારસીઓનો ધર્મગુરુ) પારસીઓની ધર્મક્રિયા કરાવનાર ગોર.

**મોબેદ**, સ્ત્રી૦ ( અ૦ **मअबिद** معبد=ઇબાદત કરવાનું ઠેકાણું, મસ્જિદ ) ભક્તિમંદિર.

**મોબેદ**, પુ૦ ( અ૦ **मुअब्बिद** معبد=ઇબાદત કરનાર ) ભક્તિ કરનાર.

'વેદના ઋષિઓ અને ઇરાનના મોબેદો સૂર્યને ઉંચું મોં કરી કરીને નમન કર્યા કરે છે.' સિ. સા.

**મોભો**, પુ૦ ( ફા૦ **मुहाबह** مهابه=બીક, ડર, રોબ ) ભાર બોજ, વજન, ઇજ્જત.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મોભાદાર,** પુ૦ ( ફા૦ **मुहाबह्+दार** مهابه‌دار=રોબવાળો ) વજનદાર, પ્રતિષ્ઠિત.

**મોમ,** ન૦ ( ફા૦ **मोम, मूम** موم=મીણ ) મધપુડામાંથી નીકળતું મીણ.

**મોમનો,** પુ૦ ( અ૦ **मुअमिन** مؤمن=ઇમાનવાળો ) એક જાતના મુસલમાન.

**મોરકસ,** પુ૦ ( ફા૦ **मुहरकश** مهرکش=લુગડાંને ઘુંટી શોભીતું કરનાર. મોહોરો આણનાર ) મુસલમાનની એક જાત છે.

**મોરખ,** પુ૦ ( અ૦ **मुवर्रिख** مورخ=ઇતિહાસકર્ત્તા) ઐતિહાસિક પુસ્તક લખનાર.
'એકલા મુસલમાન મોર્રિખો એટલે ઇતિહાસ લેખકોએ જ બાબરની પ્રશંસા કરી હોત.' બા૦ બા૦

**મોરચો,** પુ૦ ( ફા૦ **मोर्चह** કે **मोर्चल** مورچه، مورچل=કિલ્લો લેવા માટે તેની ચારે તરફ જે ખાડો ખોદે છે તે ). શત્રુનો હલ્લો ઝીલી તેને મહાત કરાય એવી મોખરા ઉપર કરવામાં આવતી વ્યૂહરચના.
'અને દક્ષિણનો મોરચો પકડીને ઉભો રહ્યો.' રા. મા. ભા. ૧

**મોરી,** સ્ત્રી૦ ( ફા૦ **मोरी** موری=પાણી નીકળવાની નીક ) ગંદું મેલું પાણી જવાની નીક.

**મોરૂં,** ન૦ ( ફા૦ مهره=કોડી, શંખ, શત્રંજનાં મોહરાં ) પ્યાંદુ, સોગઠું.

**મોરો,** પુ૦ ( ફા૦ **मुहह** مهره=કોડી, શંખ, મોહોરૂં ) સાપના મોંમાં તાળવામાં રહેનો ગોળ ચકતી જેવો પદાર્થ તે.

**મોલદ,** વિ૦ ( અ૦ **मवल्लद** مولد=અરબસ્તાનમાં ઉછરેલો વિદેશીય માણસ) બીજા દેશનો માણસ અરબસ્તાનમાં ઉછરીને મોટો થાય તે.
'બાપ ખરો આરબ, ને મા આ દેશની કોઇ બીજી જાતની હોય તે વડે થએલ સંકર પ્રજા જેને મોલદ કહે છે.' અં. ન. ગ.

**મોલવી,** પુ૦ ( અ૦ **मव्लवी** مولوی=સરદાર. **मव्ला**=સાહેબ+**ई** મળીને થએલો શબ્દ ) મુસલમાની કાયદા પ્રમાણે ન્યાય કરનાર, મુસલમાન વિદ્વાન, મુસલમાની શરેનું જેને સારૂં જ્ઞાન હોય તે, કથાકાર.
'મોલવી અને પંડિતોને તે વખતે ગદ્ય અને પદ્યમાં પુસ્તકો લખવાનું કહેવામાં આવ્યું.' નં. ચ.

**મોલા,** પુ૦ ( અ૦ **मव्ला** مولا=સ્વતંત્રતા આપનાર, મદદગાર, ઉપરી, સરદાર, માલિક ) ધણી, માલિક.
'મૌલા હમારો નેક છે, તો બીક શી વ્યવહારની.' દી. સા.
'મગર મૌલા ખુદાઇમાં, અધુરો કાંઇ એ છે ના.' કલાપી.

**મોલ્લેદાર,** પુ૦ ( અ૦ **महल्लह्+दार** ફા૦ પ્ર૦ محله‌دار=મહેલ્લાવાળો ) મોહોલ્લાનો ઇજારદાર.

**મોલેસલામ,** પુ૦ ( અ૦ **मुवय्यिदिइस्लाम** مؤید اسلام=ઇસ્લામનો મદદગાર. મુવય્યિદ=મદદગાર ) એક જાતના મુસલમાન.
'અને પછી તે મોલેસલામ થયો.' રા. મા. ભા. ૨

**મોલ્લો,** પુ૦ ( અ૦ **महल्लह** محله=ઉતરવાની જગા, ફળીઉં ) મહેલ્લા, શેરી, પોળ, ફળીઉં.

**મોવક્કલ,** પુ૦ ( અ૦ **मुवक्किल** موکل=જેને કાંઇ કામ સોંપ્યું હોય તે ) જેના

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાબામાં કામની સોંપણી કરી હોય તે, સંભાળનાર.

**મોવાળો,** પુ૦ ( ફા૦ **मू, मूए** موے مو= વાળ ઉપરથી ) વાળ.

**મોસમ,** સ્ત્રી૦ (અ૦ **मव्सिम** موسم=ઋતુ) ઋતુ, અમુક કાલ, પાક, રત.

**મોસલ,** પુ૦ (અ૦ **मुहस्सिल** محصل=ઉઘરાવનાર, એકઠું કરનાર ) સરકારના હુકમથી તેડવા આવેલો ને તાકીદ કરનારો એલીફ.
'ત્યારે તાલુકદારના ઉપર અમુક રકમનો મોસલ કરવામાં આવતો હતો.' રા. મા. ભા. ૨

**મોહકમ,** વિ૦ ( અ૦ **मुह्कम** محکم= મજબૂત, દૃઢ ) ઘણું મોટું, ભારે, પુષ્કળ.

**મોહતમમ,** વિ૦ ( અ૦ **मुहतमिम** مہتمم= બંદોબસ્ત કરનાર ) ખાતાનો બંદોબસ્ત કરનાર.
'ભીમભાઇ તે વખતે સુરતમાં ખજાનાના મુહતમીમ હતા.' નં. ચ.

**મોહબત,** સ્ત્રી૦ ( અ૦ **महब्बत** محبت= પ્રીતિ ) પ્યાર, સ્નેહ પ્રીતિ. 'માણસની તો મોહોબત અને કવિનાં વચન બીજા લોકોના ઉપયોગમાં આવે છે.' દ. કા. ભા. ૨

**મોહંમદ,** પુ૦(અ૦ **मुहंमद** محمد=મુસલમાનોના પેગંબર સાહેબ. સ. અ. ) અરબસ્તાનના પ્રખ્યાત કુટુંબ કુરેશમાં પેદા થયા હતા. હજરત ઇસ્માઈલ (અ. સ.) બિન હજરત ઇબ્રાહીમ ( અ. સ. )ના વંશમાં ૩૦ મી કે ૬૦ મી પેઢીએ પોતે છે. તા. ૧૦ મી નોવેંબર ઇ. સ. ૫૭૧ ને દિવસે મક્કામાં પેદા થયા. ૪૦ વર્ષની ઉમરે પેગંબરીનો દાવો કર્યો. ૬૩ વર્ષની ઉમરે મદીનામાં ગુજરી ગયા. ગુ. વાં. મા.

**મોહર,** સ્ત્રી૦ ( ફા૦ **मुह्र** مہر=સિક્કો, સીલ ) મોહોર, છાપ.
'દોલતખાંએ મોહર તોડીને કાગળ વાંચવા માંડયા.' બા. બા.

**મોહરમ,** ન૦ (અ૦ **मुहर्रम** محرم=હિજરી વર્ષનો પહેલો મહીનો, પ્રાચીન સમયમાં અરબ લોકો એ મહીનામાં લડાઈ કરતા ન હતા, માટે એ નામ પડયું. **हरम**= મનાઇ કરી, નિષેધ કર્યો ઉપરથી. એવા લડાઇ માટે નિષેધ કરેલા મહીના ચાર છે. જીકઅદ, જીહજજ, મુહર્રમ, ને રજબ ). હિજરી વર્ષનો પહેલો મહીનો.

**મોહોરૂં,** ન૦ ( ફા૦ **मुहरह** مہرہ=કોડી, શંખ, શતરંજનાં મોહોરાં ) મોહોરૂં, રૂપ, ગુણ.

**મોહોલ,** પુ૦ ( અ૦ **महल्ल** محل=મકાન ) મહેલ, રાજમંદિર, હવેલી.

**મોહોલાત,** સ્ત્રી૦ ( અ૦ **महल्लात** محلات= મહેલનું બહુવચન ) ઘણા મહેલ.
'હું મારી મોહોલાતમાં બેઠો છું, તેનું મારે પ્રાયશ્ચિત કરવું પડશે.' રા. મા. ભા. ૧

**મ્યાન,** ન૦ ( ફા૦ **मियान** میان=કમર, કેડ, વચલો ભાગ; **नियाम** نیام=છરી તલવાર વગેરેનું મીણીયું, છરી તલવારની ખોળી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## य. ય.

**યકીન,** ન૦ ( અ૦ **यकीन** یقین=બેશક ) નક્કી, વહેમ વગર, ખાતરી, વિશ્વાસ.
'એવું અમને અમારા દિલમાં યકીન-આકીન-નિશ્ચય થયું છે.' આ. નિ.

**યખ,** પુ૦ ( ફા૦ **यख** یخ=જમીનપરનું પાણી ટાઢથી ઠરી જાય તે ) બરફ, હિમ.

**યજદાં,** પુ૦ ( ફા૦ **यज़्दान** یزدان=ખુદા, ઈશ્વર ) પરમેશ્વર, પારસીઓમાં આ શબ્દ વિશેષ વપરાય છે.
'યજદાન પર ભરોસો રાખો.' બા. બા.

**યતીમ,** ન૦ ( અ૦ **यतीम** یتیم=જે બાળકની મા મરી જાય તે બાળક, અથવા બાપ મરી જાય કે બંને મરી જાય તે બાળક ) અનાથ, માબાપ વિનાનું બાળક.
'નવાબી દસ્તના લીધે યતીમ યારોથી શું યારી.' ગુ૦ ગ૦

**યતીમખાનું,** ન૦ (અ૦ **यतीम्+खानह** ફા૦ પ્ર૦ یتیم‌خانہ=યતીમોને રહેવાનું ઠેકાણું, **यतीम्खानह**=અનાથાશ્રમ ) અનાથોને રહેવાનું ઠેકાણું.

**યમન,** પુ૦ ( અ૦ **यमन** یمن=અરબસ્તાનમાં એક પ્રાંત છે. **यमीन**=જમણી તરફ. એ પ્રાંત કાબાની જમણી તરફ છે માટે ). અરબસ્તાનમાં એક પ્રાંત છે.

**યા,** અ૦ (અ૦ **या** یا=હે) સંબંધનનો પ્રત્યય છે. યા અલ્લાહ=હે ઈશ્વર.

**યા,** અ૦ ( ફા૦ **या** یا=અથવા, વા) અથવા, કે, વા.
'મૃદુથી બેપરવા યા બેદરકાર પ્રેમી જડાશે માં.' કલાપી.

**યાકુત,** ન૦ ( અ૦ **याकूत** یاقوت=એક પ્રકારનું જવાહીર છે લાલ, પીળા, વાદળી ને ધોળા રંગનું હોય છે ) માણેક, એક જાતનો કીમતી પથ્થર, રત્ન.

**યાકુતી,** સ્ત્રી૦ ( અ૦ **याकूती** یاقوتی=એક પ્રકારની દવા છે ) ભાંગના ઘીમાં મસાલો ભેળવીને તૈયાર કરેલું માદક દ્રવ્ય, એક જાતનો કેફી પાક.

**યાદ,** સ્ત્રી૦ (ફા૦ **याद** یاد=યાદી, સ્મરણ) સ્મરણ, સ્મૃતિ, સરત.

**યાદગીરી,** સ્ત્રી૦ (ફા૦ **यादगीरी** یادگیری=યાદ રાખવાપણું, સ્મરણમાં રહેવા માટે કોઇ વસ્તુ આપવી તે ) યાદ, સ્મરણ.

**યાદદાસ્ત,** સ્ત્રી૦ (ફા૦ **याद्दाश्त** یادداشت=યાદ રાખવાપણું. **दाश्तन**=રાખવું ઉપરથી **दाश्त** ) સ્મરણશક્તિ, આગળ જોએલી કે સાંભળેલી બાબત ફરીને મન આગળ ઉભી કરવાની શક્તિ તે.

**યાદદાસ્તી,** સ્ત્રી૦ ( ફા૦ **याद्दाश्त** یادداشت=યાદ રાખવાપણું ) સ્મરણ શકિત, યાદ કરવાની શક્તિ.

**યાદી,** સ્ત્રી૦ ( ફા૦ **यादी** یادی=સ્મરણ) વસ્તુઓની ટીપ, યાદગીરી, યાદ રાખવા માટે લખી આપેલું ટાંચણ તે.

**યાને,** અ૦ ( અ૦ **यअ़्नी** یعنی=મતલબ, મુરાદ, અર્થ ) અથવા, વા, બદલે.
'વિચાર યાને સિદ્ધાંત અને આચાર યાને પ્રયોગમાં શો ફર્ક છે ? નં. ચ.

**યાબુ,** પુ૦ ( ફા૦ **याबू** یابو=ટટ્ટુ, એક પ્રકારનો ઘોડો, ઘોડાની એક જાત છે.
'કોઇએ પણ તુર્કી ઘોડો યાબુ અથવા ખુરાસાની ઘોડો નોંધાવ્યો હોય.' મિ. અ.

**યાર,** પુ૦ ( ફા૦ **यार** یار=મદદગાર, ઓળખાતો મિત્ર ) દોસ્ત, મિત્ર, આશક,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રીતમ. 'સલામરે દિલદાર, યારની કબુલ કરજે; રાખીશ મા દરકાર, સાર દેખી ઉર ધરજે.' સ. ચં. ભા. ૪

**યારબાજ**, વિ૦ ( ફા૦ **यार्बाज** یاربار= વ્યભિચારિણી સ્ત્રી, બાખ્તન=રમવું ઉપરથી. યારની સાથે રમનાર ) પ્રેમઘેલું, કોડીલું.

**યારબાજી**, સ્ત્રી૦ (ફા૦ **यार्बाज़ी** یاربازی= યારની સાથે રમવાની રમત, વ્યભિચારી સ્ત્રીનાં કામો ) પ્રેમની રમતો.

**યારી**, સ્ત્રી૦ (ફા૦ **यारी** یاری=મદદગારી) પ્રેમબંધન.

'બહેતર બોલવું પ્યારી, નથી ને ના હતી યારી.' કલાપી,

**યાલ**, સ્ત્રી૦ ( તુર્કી **याल** یال=ડોક, ઘોડાની ડોકપર જે વાળ હોય છે તે ) કેશવાળી. ક્રૂર પશુઓનો આ મહારાજ ઘડી ઘડી યાળ ફેંકારતો હતો.' સ. ચં. ભા. ૨

**યાહુ**, ત૦ ( ફા૦ **याहू** یاہو=કબુતરની એક જાત છે,) કબુતરની એક જાત. જંગલી, યાહુ, શીરાજી, લેટણ, ગીરેબાજ, કાસદીઆં વગેરે કબુતરોની જાતો છે.

**યાહુદી**, વિ૦ (અ૦ **यहूदी** یہودی=હજરત મૂસા પેગંબર સાહેબ ( અ. સ. ) ને માનનારા લોકો ) બની ઇસ્રાઇલ, હિબ્રુ, જ્યુ.

**યુનાન**, પુ૦ ( ફા૦ **यूनान** یونان=ગ્રીસ ) ગ્રીસ દેશ.

**યુનાની**, વિ૦ ( ફા૦ **यूनानी** یونانی=ગ્રીસનું ) યુનાન દેશનું.

---

## ર. ર.

**રઇયત**, સ્ત્રી૦ ( અ૦ **रईय्यत** رعیت= કોઇપણ હાકેમના તાબાની પ્રજા, ગોવાળીઓ જેનું રક્ષણ કરે તે ટોળું, દુનીઆના લોકોનું પણ બાદશાહ રક્ષણ કરે છે–માટે રૈયત. **रई**=તેણે રક્ષણ કર્યું ઉપરથી ) રૈયત, પ્રજા.

**રઇસ**, વિ૦ ( અ૦ **रईस** رئیس=ગૃહસ્થ, રિયાસતવાળો, આગેવાન સરદાર ) રહેવાસી, વતની.

'શહેરના ઈજ્જતદાર રહીસોને બોલાવ્યા.' બા. બા.

**રકમ**, સ્ત્રી૦ ( અ૦ **रकम** رقم=લખવું=રૂપીઆનો આંકડો ) ગણતરીવાળો અમુક આંકડો તે.

**રકાન**, પુ૦ ( અ૦ **रुक्न** رکن=થાંભલો ) ધારો, નિયમ, કાનુન.

**રકાબ**, પુ૦ ( અ૦ **रिकाब** رکاب=ઘોડાનું પેગડું. **रकब**=તેને લઇ જવામાં આવ્યો. તેણે ઘુંટણથી માર્યો ઉપરથી ) પેંગડું.

**રકાબદાર**, પુ૦ ( અ૦ **रिकाब्+दार** ફા૦ પ્ર૦ رکابدار=સવારીમાં સાથે ચાલનાર માણસ, હલવાઇ, હલવો બનાવનાર, મીઠાઇ બનાવનાર, કંદોઈ) ખીજમતગાર. 'બીજા એક ઘોડા પર મલિક ખુબાન રકાબદાર સવાર થયો.' મિ. સિ.

**રકાબા**, ન૦ ( અ૦ **रक्बह** رقبہ=ગામને લગતી જમીન, ક્ષેત્રફળ, ખેડાતી જમીનનો તે ભાગ કે જેમાં તુલ બરાબર ઉગતું ને ઉછરતું હોય નહિ તે ) ખેતર કે જમીનની આસપાસની જગા. 'જેથી તેનો રકબો સરકારી સિરસ્તાથી જણાતો નથી.' મિ. અ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રકાબી**, સ્ત્રી૦ ( ફા૦ **रकाबी** ركابى=લાંબું અને અષ્ટકોણ વાસણ, થાળી ) નાની છાછર થાળી.

**રકીબ**, વિ૦ ( અ૦ **रकीब** رقيب=રક્ષક, એક માશુકના બધા આશકો પરસ્પર રકીબ કહેવાય છે ) એક વસ્તુને ચાહનાર બધા માણસો. ' અમે જે તારા, રફીક-દોસ્ત-આશક તેમના ઉપર એ દૃષ્ટિ ન નાખતાં એ દૃષ્ટિ કદાપિ આપણા જે રકીબ-દુશ્મન-નિંદા કરનાર-વિરોધી છે તેમના ઉપરજ નાખે. ' આ. નિ.

**રકેબી**, સ્ત્રી૦ ( ફા૦ **रकाबी** ركابى=લાંબું તે અષ્ટકોણ વાસણ, થાળી ) નાની છાછર થાળી.

**રક્કો**, પુ૦ ( અ૦ **रुक्अह** رقعه=થીગડું, ચિઠ્ઠી, ખતપત્ર, **रकअ**=તેણે થીગડું માર્યું ઉપરથી ) રૂક્કો, ચિઠ્ઠી; ટુંકો લેખ.

**રગ**, સ્ત્રી૦ ( ફા૦ **रग** رگ=નસ ) નાની નાડી, નસ, રક્તવાહિની.

**રઘબત**, સ્ત્રી૦ ( અ૦ **रग्बत** رغبت=ખાહેશ, ઇચ્છા ) પસંદગી, શોખ. ' તે પહેલાં સંસાર સુધારા તરફ પોતાને અથાગ રૂઘબત હતી. ' નં. ચ.

**રજક**, પુ૦ ( અ૦ **रिज़्क** رزق=ખોરાક, ખાવું, રોજી ) સરજિત, નિર્માણ. ' કેટલાક લોકો દીકરાના, રજકના વગેરે સમ ખાય છે. ' રા. મા. ભા. ૧

**રજબ**, પુ૦ ( અ૦ **रजब** رجب=મુસલમાની ૭ મો મહીનો ) મુસલમાની વર્ષનો સાતમો મહીનો.

**રજા**, સ્ત્રી૦ ( અ૦ **रिज़ा** رضا=રાજીપણું, છુટી ) છુટ, છુટી.

**રજાક**, પુ૦ ( અ૦ **रज़्ज़ाक** رزاق=રજક આપનાર, પોષણ કર્તા, ઇશ્વર ) પાલનહાર, આજીવિકા આપનાર. ' વખતપર રજ્જાક જે કાંઇ રિજક આપે તેને શુકરાના ગુજારીને માન આપવું. ' બા. બા.

**રજાકજા**, સ્ત્રી૦ **रिज़ाक़ज़ा** رضاقضا=અકસ્માત ) મોત, મરણ. ' રણમાં જઇએ છીએ અને રજાકજા થાય તો કુટુંબને તમે પાળજો. '

**રજાળુ**, વિ૦ ( અ૦ **रज़ील** رذيل=કમજાત, ઓછુંપાત્ર ) નીચ, હલકટ, બેશરમ.

**રજી**, વિ૦ ( અ૦ **रज़ी** رضى=રાજી થએલો ) ખુશ થએલો.

**રજુ**, વિ૦ ( અ૦ **रुजूअ** رجوع=ફરવું, ધ્યાન દેવું ) મોં સામે ધરેલું, નજર આગળ લાવી મૂકેલું. ' તેનો હિસાબ આપવાને રાજાની હજુરમાં રજુ થયા. ' અં. ન. ગ.

**રજુઆત**, સ્ત્રી૦ ( અ૦ **रुजूअ** رجوع ઉપરથી ) રજુ કરવાપણું, મોં, નજર આગળ લાવી દેખાડવું તે.

**રડતી સુરત**, વિ૦ ( અ૦ **सूरत** صورت=ચહેરો, મોં ) રડતા અથવા ઉદાસી ચહેરાનું, તેજી વગરનું માણસ.

**રણજંગ**, પુ૦ ( ફા૦ **जंग** جنگ=લડાઇ ) મોટી અને સખ્ત લડાઇ, મોટું યુદ્ધ.

**રતલ**, પુ૦ ( અ૦ **रत्ल** رطل=શેર, જેમાં શેર માય એવો દારૂનો પ્યાલો ) અમુક ભારનું એક માપ. ૩૭ા રૂપીઆભાર જેટલું વજન, સુરતી શેર.

**રદ**, વિ૦ ( અ૦ **रद्द** رد=ન માનવું **रद्द**= ફેંકી દીધેલું ઉપરથી.) નકામું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રદ કરવું**, સ૦ ક્રિ૦ ( અ૦ **रद्द** رد ઉપરથી ગુ૦ ક્રિ૦ ) કાઢી નાખવું, બાતલ કરવું.

**રદ બદલ**, સ્ત્રી૦ (અ૦ **रद्दोबदल** ردوبدل = બદલી નાખવું ) એકના બદલામાં બીજી વસ્તુ આપવી, એક રદ કરી બીજી પસંદ કરવી.

**રદ બાતલ**, વિ૦ ( અ૦ **रद्द + बातिल** મળીને ردباطل = રદ=ન માનવું, રદ=ફેંકી દીધેલું ઉપરથી. બાતિલ=જૂઠ, જુઠું ) ફોકટ, નકામું. ‘ જે કાંઇ નિશાન રાખેલાં હશે તેને હું રદ બાતલ સમજું છું. ’ અં. ન. ગ.

**રદિયો**, પુ૦ ( અ૦ **रद्द** رد ઉપરથી **रद्द**= ફેંકી દીધેલું ઉપરથી ) એક વાતને રદ કરે એવી તેની સામે રજુ કરેલી જે બીજી વાત તે.

**રદી**, વિ૦ ( અ૦ **रद्द** رد ઉપરથી=રદ કરવા જેવું ) નકામું, નિરૂપયોગી.

**રદીફ**, સ્ત્રી૦ ( અ૦ **रदीफ** ردیف = તે સવાર જે બીજા સવારની પાછળ બેઠો હોય, ગજલમાં દરેક બેતની પાછળ વારંવાર આવનાર શબ્દ ) ગજલની જે દરેક ટુંકનો છેલ્લો શબ્દ વારંવાર આવે છે તે, કાફીઆની પછી વારંવાર આવનાર શબ્દ.

‘ રદિફ અને કાફિયા કવચિત નહિ પણ હોય. ’ આ. નિ.

**રફત**, સ્ત્રી૦ ( અ૦ **रब्त** ربط=બાંધવું, સંબંધ ) માયા, પ્રીતિ, સ્નેહ, મેળાપ.

**રફતે રફતે**, અ૦ ( ફા૦ **रफ्तहरफ़्तह** رفته رفته = જતાં જતા, ધીમે ધીમે. **रफ्तन**=જવું ઉપરથી ) આસ્તે, આસ્તે, થોડે થોડે.

**રફાઈ**, સ્ત્રી૦ ( અ૦ **रफअ** رفع=ઊઠાવવું, ઊંચું કરવું ઉપરથી ) મુસલમાન લોકો ગુરજ, સોયા વગેરે શરીરમાં ભોંકે છે તે.

‘ દીવાના મારતું હૃદયે, સનમ સાદી રફાઇ છે. ’ ગુ૦ ગ૦

‘ સનમના હાથની છેલ્લી, હકીકતની રફાઇ છે. ’ સુ. ગ.

**રફીક**, પુ૦ ( અ૦ **रफीक** رفیق=સંગાથી, સાથે મુસાફરી કરનાર, મિત્ર, સ્નેહી, ) ભાઇબંધ.

‘ રફીબથી રમી રફીકને જબાન દે ન દે.’ આ. નિ.

**રફુ કરવું**, સ૦ ક્રિ૦ ( અ૦ **रफू** رفو=ફાટેલા લુગડા વગેરેને એવી રીતે શીવવું કે જેથી તે ફાટેલું જણાય નહિ, તુણવું એ ઉપરથી ગુજરાતી ક્રિયાપદ ) તુણવું.

**રફુગર**, વિ૦ ( અ૦ **रफू+गर** ફા૦ પ્ર૦ رفوگر=રફુ કરનાર ) તુણનાર.

**રફેતફે**, અ૦ ( અ૦ **रफ़अ् दफ़अ**=જતું રહેવું, દૂર કરવું ) આમ તેમ વીખેરી નાખેલું. ‘ તેના પહેલાં તો ખેતરોમાંથી પાકેલો ફાલ રફેતફે કરવામાં આવે. ’ રા. મા. ભા. ૧

**રફેદફે**, અ૦ ( અ૦ **रफ़अ् दफ़अ** رفع دفع =જતું રહેવું, દૂર કરવું ) આમ તેમ વિખેરી નાખેલું.

‘ આપની મિલ્કત રફેદફે થશે.’ સ. ચં. ભા. ૩.

**રબ**, પુ૦ ( અ૦ **रब्ब** رب=ખુદા, ઇશ્વર) પરમેશ્વર, પાલક. ‘સબુર કર ડર અગર રબથી, ન કર ગલતી અગે ગાફિલ.’ દી. સા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રબારણ,** સ્ત્રી૦ ( ફા૦ **राह्बारी** راهباری =રસ્તામાં જે માણસ આપણો સામાન ઉપાડી ચાલે તે. આ શબ્દ હિંદી ફારસી છે, ઇરાનમાં વપરાતો નથી. એ ઉપરથી નારી જાતિનું રૂપ ) રબારીની સ્ત્રી.

**રબારી,** પુ૦ ( ફા૦ **राह्बारी** راهباری= રસ્તામાં જે માણસ આપણો સામાન ઉપાડી ચાલે તે. આ શબ્દ હિંદી ફારસી છે, ઇરાનમાં વપરાતો નથી ) રબારી, ગાયો, ભેંસો, ઘેટાં વગેરે, દુધાળ જનાવરો રાખનાર અને પાળનાર એક જાતિ.

**રબી,** વિ૦ ( અ૦ **रबीअ** ربیع=બહારની મોસમ, વસંતઋતુ, વૈશાખ અને જેઠ મહીનો, રબીપાક=વૈશાખ ને જેઠમાં થતો પાક ) ભેજે, ઝાકળ અને તાપથી ઉછરતું તથા પાકતું એવું. 'પોષે બીજો પાક રબીનો થાય છે, રૂનાં કાલાં ફાટી થાય સમાંજજો; જુની બંધી દૂર કરી છે આ સમે, પણ તે માત્ર નવી ચલાવા કાજ જો.'

રા. મા. ભા. ૧

**રબીઉલઅવલ,** પુ૦ (અ૦ **रबीउल्अव्वल** ربیع الاول=મુસલમાની ત્રીજો મહીનો ) મુસલમાની વર્ષનો ૩ જો મહીનો.

**રબીઉલઆખેર,** પુ૦ ( અ૦ **रबीउल्आखिर** ربیع الآخر=મુસલમાની ચોથો મહીનો ) મુસલમાની વર્ષનો ચોથો મહીનો.

**રમજાન,** પુ૦ ( અ૦ **रमजान** رمضان= મુસલમાની ૯ મો મહીનો, ઉપવાસનો મહીનો. **रमज**=તેણે બાળ્યું, તે ઉપરથી રમજાન=બાળનાર, એ મહીનામાં મુસલમાનો ઉપવાસ કરે છે તેથી તેમનાં પાપ બળી જાય છે માટે ( ૨ ) **रम्ज** =જમીનપરની ગરમીથી પગનું દાઝવું એ ઉપરથી, કેમકે એ મહિનામાં ભૂખ તરસની ઘણી વેદના વેઠવી પડે છે. (૩) જ્યારે એ મહીનો પ્રથમ આવતો હશે ત્યારે ઉનાળામાં આવતો હોય તે પરથી પણ એ નામ પડયું હોય. ચાંદ્રવર્ષ ૩૫૪ દિવસનું હોવાથી મુસલમાની મહીનાઓ એકજ અમુક ઋતુમાં આવતા નથી. ) હીજરી સન ૯ મો મહીનો.

**રમળ,** પુ૦ ( અ૦ **रम्ल** رمل=રેતી, જ્યોતિષ વિદ્યા, **रमल**=તેણે વણ્યું ઉપરથી) ભવિષ્ય કહેનારાઓ પાંચ ધાતુનો પાસો રાખે છે તે.

**રમલી,** વિ૦ ( અ૦ **रमल** رمل = રેતી, જ્યોતિષ વિદ્યા, **रमल**=તેણે વણ્યું ઉપરથી ) રમલનો પાસો નંખાવી લાભાલાભ કહેનાર જોશી.

**રમુજ,** સ્ત્રી૦ ( અ૦ **रमूज** رموز=ઇશારાઓ, ભેદ **रम्ज**=ઇશારો એનું બહુ વચન ) મન ખુશ થાય એવી બાબત તે. 'મોજ આપીને રમોજ કોણ માણનાર છે.' દ. કા. ભા. ૨

**રમુજી,** વિ૦ ( અ૦ **रमूजी** رموزی=જેમાં રમુજ હોય તે ) ગમતી, વિનોદી.

**રયાસત,** સ્ત્રી૦ ( અ૦ **रियासत** ریاست =સરદારી, હકુમત **रास**=મુખ્ય ઉપરથી) જાગીર, દેશ.

'બીજી રયાસત ભોગવવામાં સઘળી દોલત ખરચીશું.' ક. ઘે.

**રવા,** વિ૦ ( ફા૦ **रवा** روا=દુરસ્ત, મુનાસબ ) યોગ્ય, ઘટિત.

**રવાદાર,** પુ૦ ( ફા૦ **रवादार** روادار=કબુલ રાખનાર. **दाश्तन**=રાખવું ઉપરથી **दार**) કબુલ રાખનાર, માન્ય રાખનાર.

**રવાદારગી,** સ્ત્રી૦ ( ફા૦ **रवादार्गी** روادارگی=રવાદારી ) તરફદારી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રવાદારી**, સ્ત્રી૦ (ફા૦ **रवादारी** روادارى = રવાદારી ) તરફદારી.

**રવાનગી**, સ્ત્રી૦ ( ફા૦ **रवानह+गी** મળીને **रवान्गी** روانگى = જવાપણું ) વિદાયગીરી.

**રવાના**, અ૦ ( ફા૦ **रवानह** روانه = જવું ) વિદાય, મોકલવું, જવાદેવું તે.

**રવાને**, અ૦ ( ફા૦ **रवानह** روانه = જવું ) વિદાય, મોકલવું, જવાદેવું.

**રવાનાચીઠી**, સ્ત્રી૦ ( ફા૦ **रवानह** روانه = જવું ) માલ, બહાર લઇ જવાની પાવતી.

**રવાજ**, ન૦ ( અ૦ **रवाज** رواج = ફારસીમાં **रिवाज** વપરાય છે. દસ્તુર. **रवज**=તે સહેલાઇથી વેચાવા લાયક હતું ઉપરથી ) શિરસ્તો, ધારો, ચાલ,

**રવાયો**, પુ૦ ( અ૦ **रविय्यह** رويه = કાયદો, દસ્તુર, નિયમ, વર્તણુક ) ધારો ચાલ, રૂઢિ.

**રવાલ**, સ્ત્રી૦ ( ફા૦ **रह्वार** رهوار = ઘોડા ઘોડાની એક પ્રકારની ચાલ. **राह**=રસ્તો + **वार**=જેવો ) ઘોડા અને બળદ વગેરેની ચાલની એક તરેહ.

'મણિરાજ ઘોડાની રવાલથી ચાલ્યો જાય,' સ. ચં. ૩

**રવાલદાર**, વિ૦ ( ફા૦ **राह्वार** راهوار = ઘોડા ઉપરથી. રાહ=રસ્તો+વાર= જેવો+દાર=વાળો=સારી ચાલથી ચાલનાર ઘોડો) સારી ચાલથી ચાલનાર ઘોડો:

'રવાલદાર ઘોડાઓ ઉપર બેઠેલા સવારો એ રીતે ચારેક ગાઉ ચાલ્યા હશે.' સ. ચં. ૨

**રવી**, વિ૦ ( અ૦ **रबीअ** ربيع = બહારની મોસમ, વસંતઋતુ, વૈશાખ અને જેઠ મહીનો ) શિયાળુ પાક, ઝાકળ, ભેજ અને તાપને લીધે પાકનારૂં.

**રવેશ**, પુ૦ ( ફા૦ **रविश** روش = તરીકો, કાયદો, ધારો, બગીચામાં ફરવાનો રસ્તો. **रफतन**=જવું ઉપરથી ) ઘર–મકાનના આગલા ભાગના મેડા પરથી બહાર ઝુલતો રહે એવો ધસી પડેલો ભાગ.

'તેથી જે રવેશ થયા હતા, તેની નીચે ટેકા ઘણાજ નકશીદાર હતા.'

અં. ન. ગ.

**રવૈયો**, પુ૦ ( ફા૦ **रविय्यह** رويه = કાયદો,) દસ્તુર, નિયમ, વર્તણુક, ધારો, ચાલ, રૂઢિ.

**રસદ**, સ્ત્રી૦ ( ફા૦ **रसद** رسد = ભાગ,) અનાજની વળતર.

'તેમાં જ્યારે ફોજ પસાર થાય ત્યારે રસદ પુરી પાડવી.' નં. ચ.

**રસમ**, સ્ત્રી૦ ( અ૦ **रस्म** رسم = લખવું, રીત, કાયદો, ચીતરવું, તરીકો, દસ્તુર, ટેવ ) રિવાજ, પદ્ધતિ, ધારો.

**રસાલદાર**, પુ૦ (**रिसालह्+दार** رساله دار = રિસાલાનો ઉપરી, હિંદુસ્તાની ફારસી છે. ઇરાનમાં આ શબ્દ વપરાતો નથી ) ઘોડેસવાર પલટણનો ઉપરી.

**રસાલો**, પુ૦ ( ફા૦ **रिसालह** رساله = સવારોની ટોળી. હિંદુસ્તાની ફારસી છે. ઇરાનમાં વપરાતો નથી ) ઘોડેસ્વાર પલટણ.

'રસાલા લઇ બે ઘડીમાં પાછા આવો.' સ. ચં. ૩

**રસાલો**, પુ૦ ( અ૦ **रिसालह** رساله = નાનું પુસ્તક, કાગળ. **रसल**=તેણે મોકલ્યું ઉપરથી ) કિતાબ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રસીદ,** સ્ત્રી૦ ( ફા૦ **रसीद** رسید=પોંહોચ્યું. **रसीदन**=પોંહોચવું ઉપરથી. હિંદુસ્તાની ફારસી છે. ઇરાનમાં વપરાતો નથી ) પાવતી, પોંહોંચ.

**રસુલ,** પુ૦ ( અ૦ **रसूल** رسول=જે પેગંબર ખુદાની તરફથી નવી કિતાબ લઇને આવે તે. પેગંબર,કાસદ, એલચી, **रसल**=તેણે મોકલ્યું ઉપરથી ) પેગંબર.

**રસ્તો,** પુ૦ ( ફા૦ **रास्तह** راستہ=બજારની દુકાનોની હાર, સીધો એક સરખો રસ્તો ) માર્ગ, વાટ, રાહ.

**રહીમ,** પુ૦ (અ૦ **रहीम** رحیم=રહેમ કરનાર, મહેરબાન, કૃપાળુ; **रहम**=તેણે દયા કરી ઉપરથી ) કૃપાળુ, દયાળુ.

**રહીશ,** વિ૦ ( અ૦ **रईस** رئیس=ગૃહસ્થ, રિયાસતવાળો ) રહેવાસી, વતની.

**રહેમ,** સ્ત્રી૦ ( અ૦ **रहम** رحم=મહેરબાની કરવી. **रहम**=તેણે દયા કરી ઉપરથી ) મહેરબાની, કૃપા.

**રહેમનજર,** સ્ત્રી૦ ( અ૦ **रहम् + नजर** رحم نظر=દયાની દષ્ટિ ) કૃપાદષ્ટિ.

**રહેમિયત,** સ્ત્રી૦(અ૦ **रह्मत** رحمت=મહેરબાની, દયા ) રહેમ, કૃપાદષ્ટિ.

**રહેવર,** પુ૦ ( ફા૦ **राहूबर, रहबर** راہبر رہبر=રસ્તો દેખાડનાર. રાહ=રસ્તો, બરદન=લઇ જવું ઉપરથી બર=લઇ જનાર, રસ્તે લઇ જનાર ) ભોમીઓ.

'ત્યારથી રહેવરો તપાસ રાખતા હતા, કે રખેને તેઓ રાવ અરજનદાસને મળી જઇને આપણી જગ્યા ઉપર નજર કરે.'

રા. મા. ભા. ૧

**રંગ,** પુ૦ ( ફા૦ **रंग** رنگ=રંગ, રસ, શોભા, મઝા, રમુજ, આનંદ, ખુશી, કેફ, નીસો, અમલ, તુરંગ, ચિન્હ, નિશાની વગેરે ઘણા અર્થ છે ) વર્ણ, કાળો, ધોળો, લાલ વગેરે ભેદ.

**રંગણું,** ન૦ ( ફા૦ **रंग** ઉપરથી ) રંગ લગાડવાનું ઓજાર, પીંછી.

**રંગદાર,** વિ૦ ( ફા૦ **रंगदार** رنگدار=રંગીન ) રંગવાળું, રંગિત.

**રંગપાણી,** ન૦ ( ફા૦ **रंग**=કેફ ઉપરથી ) કેફી પેય બનાવી પીને આનંદમાં રહેવું તે.

**રંગબહાર,** પુ૦ (ફા૦ **रंगबहार** رنگ بہار=આનંદ, અને વસંતઋતુ ) તમાસો.

**રંગબાજી,** સ્ત્રી૦( ફા૦ **रंगबाजी** رنگبازی=રંગની રમત) મોજમજા, ખુશી, ખુશાલી.

**રંગબેરંગી,** વિ૦ ( ફા૦ **रंग्बरंगी** رنگ برنگی=જાતજાતના રંગવાળું ) ચિત્રવિચિત્ર.

**રંગમહેલ,** પુ૦ ( ફા૦ **रंग्+महल** અરબી **रंग्महल** رنگ محل=રમતગમત માટેનો મહેલ ) આનંદ માણવા માટે બનાવેલું મકાન.

**રંગરેજ,** પુ૦ ( ફા૦ **रंग्रेज़** رنگریز=વસ્ત્રોને રંગવાનો ધંધો કરનાર. **रेख्तन**=રેડવું ઉપરથી રેડનાર ) ભાવસાર, રંગારો.

**રંગવું,** સ૦ ક્રિ૦ ( ફા૦ **रंग** ઉપરથી ) રંગ ચઢાવવો.

**રંગાવવું,** સ૦ ક્રિ૦ ( ફા૦ **रंग** ઉપરથી ) રંગ કરાવવો.

**રંગી,** વિ૦ ( ફા૦ **रंगी** رنگی=રંગીલું ) રંગવાળું.

For Private And Personal Use Only

**રંગીન**, વિ૦ ( ફા૦ **रंगीन** رنگین=રંગેલું ) રંગવાળું.

**રંજ**, સ્ત્રી૦ ( ફા૦ **रंज** رنج=દિલગીરી. **रंजीदन**=દુઃખી થવું ઉપરથી ) પીડા, દુઃખ, સંકટ.

'એને માટે વિચારવાન લોકોને બહુ રંજ થાય છે, અને શો ઉપાય કરવો તે કાંઈ સુજતું નથી.' સુદર્શન ગદ્યાવલિ.

**રંજીદા**, વિ૦ ( ફા૦ **रंजीदह** رنجیده= દિલગીર **रंजीदन**=દુઃખી થવું ઉપરથી ) કાયર, ગભરાયલું.

**રંદો**, પુ૦ ( ફા૦ **रंदह** رنده=લાકડું સાફ કરવાનું ઓજાર. **रंदीदन**=રંદો દેવો ઉપરથી ) લાકડાં સુંવાળાં કરવાનું સુથારનું ઓજાર.

**રંધો**, પુ૦ ( ફા૦ **रंदह** رنده=લાકડું સાફ કરવાનું ઓજાર, **रंदीदन** રંદો દેવો ઉપરથી ) લાકડાં સુંવાળાં કરવાનું સુથારનું ઓજાર.

**રાકીમ**, પુ૦ ( અ૦ **राक़िम** راقم=લખનાર, **रक़म**=ઉપરથી ) લિખિતંગ, લખનારો.

'નહિ કોઇ મરજનો મારા મળે, **અહ**વાલનો રાકીમ.' ગુ૦ ગ૦

**રાજ**, પુ૦ ( ફા૦ **राज़** راز=ગુપ્ત વાત, મર્મ ) ભેદ, છુપી વાત, રહસ્ય.

'મર્દમાં પણ આવું હુસ્ન અને નજાકત હોઇ શકે છે, એ રાજ તો આજેજ મારા જાણવામાં આવ્યો.' બા૦ બા૦

**રાજકરવો**, ક્રિ૦ સ૦ ( અ૦ **राज** راض= રાજી કર્યો ઉપરથી, દીવો ઓલવવો) દીવો બુઝાવવો.

**રાજદરબાર**, પુ૦ ( ફા૦ **दर्बार** دربار= સભા ) રાજાને રહેવાનું અને દરબાર-સભા ભરવાનું મોટું મકાન.

**રાજદરબારી**, વિ૦ ( ફા૦ **दर्बारी** درباری= દરબાર સાથે સંબંધ રાખનાર ) રાજાનું અને રાજ્યસંબંધી.

**રાજી**, વિ૦ ( અ૦ **राज़ी** راضی=ખુશ. **रज़व**=તે સંતોષી હતો ઉપરથી ) મનને ગમતી રીતે, કબુલ.

**રાજીનામું** ન૦ ( અ૦ **राज़ी+नामह** ફારસી راضی نامه=ખુશીથી કોઇ બાબત અથવા કામ ઉપરથી હાથ ઉઠાવી લેવો તે ) નોકરી છોડી દેવાની અરજ.

**રાજીયો**, પુ૦ ( અ૦ **राज़ी** راضی ઉપરથી ) રાજીપણું, રાજીખુશી તે.

**રાજીરજામંદી**, સ્ત્રી૦ ( અ૦ **राज़ीरिज़ा+मंदी** ફા૦ પ્ર૦ راضی رضامندی= રાજીખુશીથી ) દસ્તાવેજમાં આ શબ્દ લખાય છે.

**રાતબ**, સ્ત્રી૦ ( ફા૦ **रातब** راتب=દરરોજનો નિયમ, રોજનો ખોરાક) સીધું, ભત્થું.

'રાતબ રાણીને આપવા, આવે તંબોળી ઘેર; બીડાં બાસઠ પાનનાં, પચાસ પોંહોંચાડે ફેર.' સા૦ વિ૦

'તેણે ઘોડાને રાતબ ચંદી ખવરાવી.' રા. મા.

**રાન**, સ્ત્રી૦ ( ફા૦ **रान** ران=જાંઘ ) જાંઘ.

**રાબેતો**, પુ૦ ( અ૦ **राबितह** رابطه= વાસ્તો, સંબંધ, **रबत** તે બંધાયો ઉપરથી ) નિત્યનિયમ, ચાલ, ધારો. 'તેના રોજના ખાવાનો રાબેતો જેનો એક શેર ૧૫ પહેલુઇની બરાબર થાય છે તેવો એક ગુજરાતી મણનો હતો.' મિ. સિ.

**રામશગીર**, પુ૦ (ફા૦ **रामिश्गर** رامشگر= વાજું વગાડનાર ) ગાનાર, વગાડનાર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરેક રામીશગર પાસે બબ્બે નોકર રહેતી." મિ. સિ.

**રામશગીરી,** સ્ત્રી૦ ( ફા૦ **रामिश्गरी** رامشگری=વાજું વગાડવાપણું ) વાજું વગાડવાનો ધંધો, ગાવાનો ધંધો.

**રામોસી,** પુ૦ ( ફા૦ **रामिशी** رامشی= ગવૈયો ) સિપાઇ, પટાવાળો.

**રાય,** સ્ત્રી૦ ( ફા૦ **राय** رأی=અકલ, તજવીજ, અભિપ્રાય ) મન, ધારણા વિચાર. 'આ બાબતમાં આપ નામદારની શી રાય છે.' બા૦ બા૦

**રાયત,** સ્ત્રી૦ ( અ૦ **राहत** راحت=સુખ, ચેન. **रवह**=તેણે શ્વાસ લીધો ઉપરથી ) આરામ, આસાએશ, વીસામો.

**રાયત,** સ્ત્રી૦ ( અ૦ **रिआयत** رعایت= તરફદારી, પક્ષ કરવો, નજર રાખવી ) પક્ષપાત, વગ, વસીલો.

**રાયત,** ન૦ ( અ૦ **रायत** رأیت=ભાલો ) લશ્કરનો વાવટો.

**રાવજી,** પુ૦ ( અ૦ **राफिज़ी** رافضی= મુસલમાની ધર્મનો એક ફીરો છે તેને માનનાર ) શીઆ મતનો એક ભાગ છે, તેને અનુસરનાર લોકો તે.

**રાવત,** પુ૦ ( અ૦ **रायत** رأیت=ભાલો ઉપરથી ) ઘોડેસવાર, લડવૈયો, શૂરવીર, બાહોશ, ચાલાક.

**રાશ,** પુ૦ ( ફા૦ **राश** راش=ઢગલો ) ઢગ. 'મીઠાના રાશ ધોવાઇ ન જાય માટે તેના ઉપર ઘાસ ઢાંકીને તે ઘાસને બાળી મૂકે છે.' જુની વાંચનમાળા.

**રાશી,** વિ૦ ( અ૦ **राशी** راشي=રૂશ્વત આપનાર, લાંચ આપનાર, લાંચ આપવી એ નઠારૂં કૃત્ય છે માટે લાંચ આપનાર રાશી ઉપરથી નઠારૂં ) નઠારૂં, ખરાબ, નબળું, નરસું.

**રાસ,** સ્ત્રી૦ ( અ૦ **रास** راس=ભૂશિર. **रास**=તે પ્રમુખ થયો ઉપરથી. **रासलहद** અરબસ્તાનમાં ભૂશિર છે ) ભૂશિર.

**રાસ,** સ્ત્રી૦ (અ૦ **रासुलमाल** راس المال= વેપારની મુડી) વ્યાજ અને મુદ્દલ મળીને જે રકમ થાય તે.

**રાસી,** વિ૦ રાશી શબ્દ જુઓ.

**રાસ્ત,** વિ૦ ( ફા૦ **रास्त** راست=સીધું, જમણો હાથ, દુરસ્ત ) સત્ય, સાચું, વાજબી, યોગ્ય.

**રાસ્તી,** સ્ત્રી૦ ( ફા૦ **रास्ती** راستی= દુરસ્તી, સત્યતા ) રાસ્તપણું, ઇમાનદારી.

**રાસ્તીમુલક,** પુ૦ ( ફા૦ **रास्ती+मुल्क** અરબી **रास्तीमुल्क**=راستی ملک=વસ્તી વાળો મુલક ) આબાદીવાળો દેશ.

'એક રાસ્તી ગામમાં તે જઇ ચઢી.' ૮. ૧૦૦ વા. ભા. ૪

**રાહ,** પુ૦ ( ફા૦ **राह** راه=રસ્તો ) રસ્તો, માર્ગ, ચાલ, ઢાળ.

'એ રાહમાં હૃદય આ તુજને મળ્યું તું.'
'અમારો રાહ ન્યારો છે, તમોને જે ન ફાવ્યો તે.' કલાપી.

**રાહત,** સ્ત્રી૦ ( અ૦ **राहत** راحت=સુખ, ચેન, રવહ=તેણે શ્વાસ લીધો ઉપરથી ) આરામ, આસાએશ, વિસામો.

'પરેશાની જ છે રાહત, ફકીરી હાલ મારો છે.' કલાપી.

**રાહદારી,** સ્ત્રી૦ (ફા૦ **राहदारी** راهداری= માર્ગે જવાપણું ) વટેમાર્ગુ, પ્રવાસી, રસ્તે જનાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રાહબર**, પુ૦ (ફા૦ **राहबर** راهبر=રસ્તો દેખાડનાર, ભોમીઓ. **बर्दन**=લઇ જવું ઉપરથી) ભોમીઓ, માર્ગ દેખાડનાર, વળાવીઓ.

'છે રાહબર મારી સનમ.' ગુ. ગ.

**રાહરસમ**, સ્ત્રી. (**राह** ફા૦ રસ્તો=+**रस्म** અ૦ રીતરીવાજ મળીને **राहोरस्म** راه و رسم=રીતરિવાજ) દસ્તુર. 'ધર્મની આજ્ઞા તથા રાહરસમ શીખવાનું ફરમાવ્યું.' મિ. સિ.

**રાંગ**, સ્ત્રી૦ (ફા૦ **रान** ران=જાંઘ) રાંઘ, કોટ કિલ્લાની દિવાલને લગતો નીચલો ભાગ.

**રિકાબ**, પુ૦ (અ૦ **रिकाब** رکاب=ઘોડાનું પેંગડું. **रकब**=તેને લઇ જવામાં આવ્યો, તેણે ઘુંટણથી માર્યો ઉપરથી) પેંગડું.

'રિકાબ નાની મોટી, તંગ તૂટેલા, બાલાતંગ તેર ગાંઠોવાળા, ડળી, રૂપડળી, ખોગીર, ઘાસીઓ વગેરે પૂર્વજોએ ગુજરીમાંથી ખરીદેલા.' અં. ન. ગ.

'આ તો રિકાબમાં પહેલો પગ ઘાલવા બરાબર છે.' નં૦ ચ૦

**રિકાબી**, સ્ત્રી૦ (ફા૦ **रिकाबी** رکابی=લાંબું અને અષ્ટકોણ વાસણ) રીકાબી, છીછું.

**રિયાસત**, સ્ત્રી૦ (અ૦ **रिसायत** ریاست=સરદારી, હકુમત **रास**=મુખ્ય ઉપરથી) જાગીર, દેશ.

'જે ભય અરદેશર કોતવાલની રીયાસતમાં કમ થયો હતો.' નં૦ ચ૦

'હિંદુસ્તાનમાંથી મુસલમાની રીયાસતની જડ હમેશ માટે ઉખડી જશે.' બા૦ બા૦

**રિવાજ**, પુ૦ (અ૦ **रवाज** رواج=દસ્તુર. ફારસીમાં **रिवाज** વપરાય છે. **रवज**=તે સહેલાઇથી વેચાવા લાયક હતું ઉપરથી) ચાલ, ધારો, નિયમ.

**રિશ્તેદાર**, વિ૦ (ફા૦ **रिश्तह+दार** رشته دار=સગું, સંબંધી. **रिश्तह**=દોરો+**दार**=વાળો) સગુંવહાલું.

'તમે મારા જાંનિસાર દોસ્ત અથવા અજીજ રિશ્તેદાર છો.' બા. બા.

**રિશ્તેદારી**, સ્ત્રી૦ (ફા૦ **रिश्तह्दारी** رشته داری=સગાઈ) સગપણ.

'પોતાની રિશ્તેદારીમાં તે આવો પથરો નાખે એમ નથી.' બા. બા.

**રિસ્વત**, સ્ત્રી૦ (અ૦ **रिश्वत** رشوت=લાંચ આપવી. **रशव**=તેણે લાંચ આપી ઉપરથી) રૂશ્વત, લાંચ.

**રૂએ**, અ૦ (ફા૦ **रू** رو=ચહેરો, મોં, કારણ, બનાવટ, આશા, ખોળવું વગેરે. કાયદાની રૂએ એટલે કાયદા પ્રમાણે. **अजरूए क़ाइदह** ازروئے قاعده = કાયદા પ્રમાણે) રીતે, પેંઠે, પ્રમાણે.

'સુલતાનના ફરમાનની રૂએ અમને સોંપી દો.' બા૦ બા૦

**રૂઆબ**, પુ૦ (અ૦ **रुअब, रुउब** رعب=બીક, ધાસ્તી, ડર, **रअब**=તે ડર્યો ઉપરથી) રોફ, ભપકો, અધિકાર. 'પરંતુ તેવાઓને પણ તેના રૂઆબ આગળ લાચાર દિલના બની જવું પડતું.' સ૦ ચં૦ ૧

**રૂક્કો**, પુ૦ (અ૦ **रुक्अह** رقعه=થીગડું ચિઠ્ઠી, ખતપત્ર, **रकअ**=તેણે થીગડું માર્યું ઉપરથી) સંક્ષેપમાં લખેલી કોઇ મતલબ.

ગજવામાં રાખેલો રૂક્કો હતો, તે કાઢીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેણે ગુમાસ્તાને આપ્યો.' ટ૦ ૧૦૦ વા૦ ભા૦ ૩.

**રૂખ**, સ્ત્રી૦ ( ફા૦ **रुख** رخ=મોં, ચહેરો, ગાલ ) સમય સમયનો વા–ઘાટ–વિચાર, વલણ, ભાવ, તાલ.

'ઉભયપક્ષ પરસ્પરની રૂખ રાખે.' સ૦ ચં૦ ભા૦ ૧.

**રૂખસત**, સ્ત્રી૦ ( અ૦ **रुख़सत** رخصت= છુટ્ટી, રજા, **रख़**=તેણે રજા આપી ઉપરથી ) રજા, છુટ્ટી.

'ફરમાન રૂખસતનું મળ્યું. હું તોય કાં ઉભો રહ્યો.' કલાપી.

**રૂજવાત**, સ્ત્રી૦ ( અ૦ **रुजूअ** رجوع=રજુ થવું પરથી ) રજુવાત કરવી.

**રૂતબો**, પુ૦ ( અ૦ **रुत्बह** رتبه=દરજ્જો, પદવી. **रतब**=તે બરાબર બેઠો ઉપરથી ) પદવી, પ્રતિષ્ઠા, દરજ્જો.

**રૂબરૂ**, અ૦ ( ફા૦ **रूबरू** روبرو=મોઢામોઢ. **रू**=મોં, **ब**=સાથે+**रू**=મોં. મોં પર મોં ) સન્મુખ, હજુરમાં.

**રૂબાબ**, ન૦ (અ૦ **रबाब** رباب=એક પ્રકારની સારંગી) સારંગી જેવું એક વાજીંત્ર ફકીર લોકો રાખે છે તેવું. 'એક જડીઆએ ઘણી મહેનત લઇ રૂબાબ (ગીતાર જેવું) પર જડાવ કામ કર્યું હતું.' મિ. સિ.

**રૂબાયત**, સ્ત્રી૦ ( અ૦ **रुबाई** رباعی=અમુક માપની ચાર પદવાળી અરબી, ફારસી, ઉર્દૂ કવિતા. **रुबअ**=ચાર ઉપરથી ) ચોપાઇ.

'રૂબાયત ઇશ્કની ગા તું, હમારૂં પ્રેમનું બુલબુલ.' ગુ૦ ગ૦

**રૂમ**, પુ૦ ( અ૦ **रूम** روم=યુરોપી તુર્કસ્તાન) યુરોપી તુર્કસ્તાન. એશિઆઇ તુર્કસ્તાનને 'શામ' કહે છે.

**રૂમાલ**, પુ૦ ( ફા૦ **रूमाल** رومال=મોં લુછવાનું લુગડું. **रू**=મોં+**मालीदन**=મસળવું ઉપરથી **माल**. હિંદુસ્તાની ફારસી છે; ઇરાનમાં **दस्तमाल**=હાથ લુંછવાનું લુગડું વપરાય છે ) હાથ મોં લુછવાનો કકડો.

**રૂમાલી**, સ્ત્રી૦ ( ફા૦ **रूमाली** رومالی= નાનો રૂમાલ, મુસલમાન સ્ત્રીઓ માથે નાનું ઓઢણું ઓઢે છે તે ) ઘરમાં માથે ઓઢવાનું નાનું વસ્ત્ર.

**રૂમેમસ્તકી**, સ્ત્રી૦ ( અ૦ **रूमीमुस्तकी** رومی مصطکی=ગુંદર જેવી એક દવા, એક જાતનો ગુંદર ) એક ઔષધિ, એક જાતનો ગુંદર.

**રૂવાન**, ન૦ ( ફા૦ **रवान** روان=જીવ ) શબ, મડદું.

**રૂશનાઇ**, સ્ત્રી૦ ( ફા૦ **रोश्नाइ** روشنائی= લખવાની શાહી ) શાહી, રૂશનાઇ.

**રૂશવત**, સ્ત્રી૦ ( અ૦ **रिश्वत** رشوت= લાંચ આપવી. **रशव**=તેણે લાંચ આપી ઉપરથી ) લાંચ, લાલચ.

**રૂશવતખોર**, વિ૦ ( અ૦ **रिश्वत+खोर**= ખાનાર, ફારસી પ્રત્યય. **रिश्वतखोर** رشوت خور=રૂશ્વત ખાનાર ) લાંચીઓ.

**રૂસ્તમ**, પુ૦ ( ફા૦ **रुस्तम** رستم=ઇરાનનો પ્રખ્યાત પહેલવાન. એ 'જાલ' બિન 'સામ'નો દીકરો હતો, અને 'જાબુલિસ્તાન'નો હાકેમ હતો. એવું કહેવાય છે કે એના જન્મ વખતે એની માને એટલું બધું કષ્ટ પડયું કે, એના જીવવાની તદ્દન આશા રહી નહિ. છેવટે મહા મુસીબતે જન્મ થયો. ત્યારે તેની માએ કહ્યું કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'रुस्तम' ( रस्तन=છૂટવું ઉપરથી ' હું છૂટી ' ) તે ઉપરથી એનું નામ रस्तम પડ્યું ને रुस्तम નામથી પ્રખ્યાત થયો) પારસીઓમાં નામ હોય છે. દરેક પહેલવાનને પણ રૂસ્તમ કે રૂસ્તમ જેવો કહે છે.

**રૂસવા**, વિ૦ ( ફા૦ **रुस्वा** رسوا=બે આબરૂ, નીચ ) હલકો, ફજેત. ' આજે જલીલ અને રૂસવા થવાનો અને મોહોબ્બતનો બદલો ઇન્તેકામથી મેળવવાનો વખત આવી લાગ્યો છે. ' બા૦ બા૦

**રૂસવાઇ**, સ્ત્રી (ફા૦ **रुस्वाइ** رسوائی=ફજેતી બદનામી)બે ઇજ્જતી. 'કોઇ પણ પ્રાણીની એણે રૂસવાઇ કરી નથી.' મિ. સિ.

**રૂહ**, ન૦ ( અ૦ **रूह** روح=આત્મા ) પ્રાણ, જીવ, જીવાત્મા.

' દિલે કમજોર ધીદવીને રૂહે કૌવત ટકાવી દે. ' દી૦ સા૦

**રૂહાની**, વિ૦ ( અ૦ **रूहानी** روحانی= આત્મા સંબંધી ) પ્રાણ સંબંધી, જીવાત્મા સંબંધી.

' શાહેનશાહતમાં રૂહાની આસાએશનો અંશ પણ નથી. ' બા૦ બા૦

**રેખતો**, પુ૦ ( ફા૦ **रेख्तह** ریختہ=બે અથવા વિશેષ ભાષાની મેળવણીથી થએલી વાતચીત; ઉર્દૂ કવિતા. **रेख्तन**=રેડવું ઉપરથી. ભરતરથી બનાવેલી વસ્તુ ) ફારસી અને ઉર્દૂ કવિતાનો એક ઢાળ, રાગનો લહેકો. ' કબીરના ગ્રંથો બીજક, સુખનિધાન, ગોષ્ટી, રેખ્તા, સાખી તરાપદ ઘણા ગૂઢ ભાવનાં બોધક છે.' સિ૦સા૦

**રેજ**, ( ફા૦ **रेज** ریز=ફારસી પ્રત્યય છે. **रेख्तन**=રેડવું ઉપરથી. **रेजंदह**=રેડનાર તે ઉપરથી **रेज़**=રેડનાર. જેમકે રંગરેજ) ફારસી પ્રત્યય છે.

**રેજી**, ( ફા૦ **रेजी** ریزی=રેડવાપણું. ફારસી પ્રત્યય છે ) ફારસી પ્રત્યય છે.

**રેજો**, ( ફા૦ **रेजह** ریزہ=કકડો ) સુતરાઉ અથવા રેશમી કકડાનો એક કકડો. ખંડ.

**રેવંચી**, સ્ત્રી૦ ( ફા૦ **रीवंदचीनी** ریوندچینی=એક દવા છે. **रेवंद** પણ કહેવાય છે ) એક વનસ્પતિનો ગુંદર.

**રેશમ**, ન૦ ( ફા૦ **अब्रेशुम** ابریشم=રેશમ) એક જાતના કીડાઓના લાળના તંતુ.

**રેશમી**, વિ૦ (ફા૦ **अब्रेशुमी** ابریشمی= રેશમી ) રેશમનું, હીરાગળ.

**રેસા**, પુ૦ ( ફા૦ **रीशह** ریشہ=ઝાડની પાતળી જડો, પાઘડીનો છેડો ). તાર, તંતુ, નસ.

**રેહમ**, સ્ત્રી૦ ( અ૦ **रह्म** رحم=મહેરબાની કરવી. **रहम**=તેણે દયા કરી ઉપરથી ) કૃપા, દયા, મહેરબાની.

**રેળ**, સ્ત્રી૦ ( અ૦ **रहल** رحل=રહેવાનું ઠેકાણું, ઉતારો, સામાન. લાકડાંનાં બે પાટીઆંથી બનાવેલી એક વસ્તુ જેના ઉપર પુસ્તક મુકીને વાંચે છે તે) પુસ્તક મૂકીને વાંચવાનો લાકડાનો ઘોડો.

**રૈયત**, સ્ત્રી૦ ( અ૦ **रईयत** رعیت=કોઇ પણ હાકેમના તાબાના લોકો, ગોવાળીઓ જેનું રક્ષણ કરે તે ટોળું, દુનીઆના લોકોનું પણ બાદશાહ રક્ષણ કરે છે માટે એ અર્થ થયો. **रई**=તેણે રક્ષણ કર્યું ઉપરથી ) જનસમૂહ, પ્રજા.

**રોકું**, વિ૦ ( ફા૦ **रुख** رخ=મોં ઉપરથી ) અમુકનાં જેવું, સરખું, સમાન. મળતું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રોખ,** વિ૦ ( ફા૦ رخ=મોં ) વિચાર, ઇચ્છા.

**રોખું,** વિ૦ ( ફા૦ **रुख** رخ=મોં ઉપરથી ) અમુક જેટલી કીમતનું.

**રોગાન,** પુ૦ (ફા૦ **रवगन** روغن=તેલ) ઘી, તેલ, મીણ અને લાખ વગેરેની એક જાતની મેળવણીનું પ્રવાહી.

**રોગાની,** વિ૦ ફા૦ **रवगनी** روغنی=તેલ, ઘી વાળી વસ્તુ ) રોગાન ચડાવેલું, રોગાન ચઢાવનાર.

**રોજ,** પું૦ ( ફા૦ **रोज़** روز=દિવસ ) દહાડો, દિવસ.

**રોજ,** પુ૦ ( ફા૦ **रोजानह** કે **रोज़ीनह** روزانہ روزینہ=એક દિવસનો પગાર ) મજુરનો એક દિવસનો મુસારો.

**રોજેકયામત,** વિ૦ ( ફા૦ **रोज+कियामत** અ૦ **रोजि कियामत** روزقیامت= કિયામતનો દહાડો ) મુઆ પછી જે એક દિવસ ન્યાય થવાનો છે તે દિવસ.

**રોજગાર,** પુ૦ ( ફા૦ **रोज्गार** روزگار=જમાનો, સમય, નવરાશ, નોકરી, ધંધો ) રોજનો ધંધો, વેપાર, આજીવિકા.

**રોજગારી,** સ્ત્રી૦ (ફા૦ **रोज्गारी** روزگاری રોજગારપણું ) ધંધો, વેપાર, નોકરી.

**રોજનામું,** ન૦ ( ફા૦ **रोज्नामह** روزنامہ =રોજનો હિસાબ ) રોજમેળ, રોજ ને રોજ લેખાનો હિસાબ.

**રોજનિશી,** સ્ત્રી૦ ( ફા૦ **रोज्नवीसी** روزنویسی=રોજના બનાવ લખવા તે. **निविश्तन**=લખવું ઉપરથી ) રોજ ને રોજના કામની નોંધપોથી તે.

**રોજમેળ,** પુ૦ ( ફા૦ **रोज**=દિવસ روز ઉપરથી ) જેમાં રોજની રોજ જમા ખરચ રકમો લખાતી હોય તે.

**રોજરોજ,** અ૦ ( ફા૦ **रोज्रोज** روزروز= હમેશા ) સદા, નિત્ય.

**રોજિંદું,** વિ૦ ( ફા૦ **रोज़ीनह** કે **रोज़ानह**=દરરોજનું ) હમેશનું.

**રોજી,** સ્ત્રી૦ ( ફા૦ **रोजी** روزی રોજનું, આજીવિકા ) જે ધંધો ઉપર ગુજરાન ચાલતું હોય તે.

**રોજો,** પુ૦ ( અ૦ **रवजह** روضہ=બાગ, બગીચો, પવિત્ર માણસની કબર ઉપર બાંધેલી ઇમારત, **रवज़**=તેણે પોતાને રાજી કર્યો ઉપરથી ) મોટા ને ધાર્મિક મુસલમાનની સમાધ.

**રોજો,** પુ૦ ( ફા૦ **रोजह** روزہ=મુસલમાનો ઉપવાસ કરે છે તે ) મુસલમાની ધર્મમાં કહેલો દિવસનો ઉપવાસ તે.

**રોનક,** સ્ત્રી૦ ( અ૦ **रुनक** رونق=શોભા પ્રકાશિત. **रनक**=ચોકખું હતું ઉપરથી ) છટા, મકાન અને મંડપનો ભપકાદાર દેખાવ.

**રોનકદાર,** વિ૦ ( અ૦ **रवनक+दार** ફા૦ પ્ર૦ **रवनकदार**=رونقدار=શોભાવાળું, પ્રકાશવાળું ) ઝલેદાર, સુશોભિત.

**રોફ,** પુ૦ ( અ૦ **रुउब** કે **रुअब** رعب= બીક, ધાસ્તી, ડર. **रअब**=તે ડર્યો ઉપરથી ) ભપકો ડોળ.

**રોફી,** વિ૦ ( અ૦ **रुअब** કે **रुउब** رعب= બીક. ધાસ્તી ઉપરથી ) ભપકો રાખનાર, ટાપટીપીઉ.

**રોશન,** વિ૦ ( ફા૦ **रवशन** روشن=પ્રકાશિત. જાહેર માલૂમ પડવું ) ચળકતું, ચકચકિત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રેશનાઇ**, સ્ત્રી૦ (ફા૦ **रवशन** روشن ઉપરથી **रोशनाइ** روشنائي=શાહી. હિંદુસ્તાની ફારસી છે. ઇરાનમાં શાહીને 'મુરક્કબ' કહે છે.) તેજનો ભભુકો, દીવાઓ કરી ખૂબ અજવાળું કરવું તે. શાહી.

**રેશની**, સ્ત્રી૦ ( ફા૦ **रवशनी** روشني= પ્રકાશ ) તેજ, પ્રકાશ, જ્યોતિ.

---

## લ. ल.

**લકવો**, પુ૦ ( અ૦ **लक्वह** لقوه=એક પ્રકારનો રોગ, જેમાં મોં વાંકું થઇ જાય છે ) શરીરના અમુક અંગની સંજ્ઞા જતી રહેવી તે, અર્ધાંગવાયુ, પક્ષાઘાત.

**લક્કી**, વિ૦ ( અ૦ **लिक्का** لقا=કબુતરની એક જાત છે ) કબુતરની એક જાત. ગિરેબાજ, લોટણ, ચન્દુ, લક્કી, કાસદીયાં વગેરે.

**લકુંબો**, પુ૦ ( અ૦ **लुक्मह** لقمه=કોળીઓ, ગ્રાસ ) નીતરતા સત્ત્વવાળો નવાલો.

**લગામ**, સ્ત્રી૦ ( ફા૦ **लगाम** لگام=લગામ ) પશુને કબજે રાખવા અને ધાર્યા પ્રમાણે ચલાવવા તેના મોં અથવા નાકમાં જે નથદોરી ઘાલવામાં આવે છે તે.

**લજ્જત**, સ્ત્રી૦ ( અ૦ **लज्जत** لذت=સ્વાદ મજા, સ્વાદ.

'એના ગાનમાં એક નવી તરેતી ખુબી ને લજ્જત સ્વાભાવિક રીતેજ પ્રકટ થઇ આવતી.' ગુલાબસિંહ.

**લટકસલામી**, સ્ત્રી૦ (અ૦ **सलामी** سلامي =સલામ કરનાર, સલામ કરવાપણું. એને 'લટક' શબ્દ લાગી થએલો શબ્દ) ઉપર દિલથી સલામ કરવી. ખરા અંતઃકરણથી નહિ તેવી સલામ.

'પછી ધીમે ધીમે હું વીન્સેનથી એટલો જુદો પડયો કે મારે તો એની સાથે માત્ર લટક સલામીઓ વ્યવહાર છે.' કાંતા.

**લતીફ**, વિ૦ ( અ૦ **लतीफ** لطيف=સદ્‌ગુણી, પવિત્ર, ઉત્તમ) આબરૂદાર, બારીક, મહેરબાન.

'આપના જેવી લતીફ તબીઅતનો સરદાર અહીં કોઇ આવ્યો નથી.' બા. બા૦

**લતીફો**, પુ૦ (અ૦ **लतीफह** لطيفه=ભલાઇ ખુબી. કોમળ ને નાજુક વસ્તુ, મજા પડે એવો ટોલ ટપ્પો **लतफ**=અનુકૂળ હતું ઉપરથી. ) હસવું આવે એવી વાતચીત, ટોલ ટપ્પો.

**લતું**, ન૦ ( ફા૦ **लत्तह** لته=કકડો ) લુગડું લતુ બોલાય છે, લુગડાની સાથે જોડાઇને વપરાતો એક શબ્દ.

**લત્તો**, પુ૦ (ફા૦ **लत्तह** لته=કકડો-શહેરનો લત્તો ) શહેરનો ભાગ, મહેલ્લો, ફળીઉં, વાસ, પોળ.

**લપ્પો**, પુ૦) અ૦ **लफ** لف=વીંટાળેલું ગડી કરીને રાખેલું, વાળેલું) એક જાતનું કીમતી લુગડું. એક બીજાની અડોઅડ કસબી બુટ્ટા હોય એવી કિનખાબની એક મોંઘી જાત. 'એક લાખ રૂપીઆનો સામીઆનો (ચંદરવો) મખમલના લપ્પાના સાયબાન સોના ચાંદીના થાંભલાવાળો હજુરમાં મોકલવામાં આવ્યો હતો.' મિ. અ.

**લફાફો**, પુ૦ ( અ૦ **लिफाफह** لفافه=ઉપરનું પડ, કવર) કાગળ નાખવાની કોથળી, પરબીડીઉં.

**લફંગો**, પુ૦ ( અ૦ **लाफ् जन** ફા૦ પ્ર૦ મળીને **लाफज़न** અથવા **लाफ**+**संग** મળીને **लाफसंग**.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



لافزن لاف زن=ડીંગ મારનાર, શેખી મારનાર, નકામું બોલનાર) જુઠું, નિર્લજ નીતિભ્રષ્ટ.

**લબ**, પુ૦ ( ફા૦ **लब** لب=હોઠ, ) હોઠ, લાળ, મુખમાંથી નીકળતું પ્રવાહી.
'ન સાગર દૂર હો લબથી હુઆ એ હો દીવાનાની.' દી. સા.
'સનમના હાથમાં જામો લબોથી ચુમતા જાશું.' કલા.

**લબલબ**, અ૦ ( ફા૦ **लब** لب=હોઠ ઉપરથી ) ઉતાવળે ચાટતાં થતો એવો અવાજ.

**લબાચિયો**, વિ૦ ( ફા૦ **लबाद** કે **लुबादह** لباده لباد અથવા અરબી **लुबादह** لباده=વરસાદમાં પહેરવાનું લુગડું ઉપરથી ) ચીંથરીઓ, લુગડાંનાં ચીંથરાં રાખનારો.

**લબાચો**, પુ૦ ( ફા૦ **लबाद** لباده لباد અથવા અરબી **लबादह** لباده=વરસાદમાં પહેરવાનું લુગડું ) મેલાં ફાટેલાં લુગડાંના લોચાનો જથો.

**લબાદો**, જુઓ લબાચો.

**લબ્બેક**, અ૦ ( અ૦ **उल्लिबोलकल्वाइन**નું ટુંકું રૂપ **लब्बयक** لبيك=હું તારી સેવામાં હાજર છું, ઊભો છું, મોજુદ છું. હાજર છું હું આપની સેવામાં. આ શબ્દ સ્વીકારનો છે. જ્યારે સ્વામી બોલાવે ત્યારે સેવક લબ્બેક કહે છે. હાજી લોકો અહરામ બાંધ્યા પછી હજનાં લુગડાં પહેર્યા પછી—વારંવાર એ અને એને મળતા શબ્દો ઉચ્ચારે છે, કે જેમાં પરમેશ્વરની સ્તુતિ, તેની પ્રૌઢતા, તેનું ઐક્ય વગેરે હોય છે. કોઇ માણસ પોકારે ત્યારે આપણા લોકો હાસાહેબ કે જીસાહેબ કહે છે તેમ અરબોમાં લબ્બેક કહે છે. કાબાની ઇમારત બંધાવ્યો પછી હજરત ઇબ્રાહીમ સાહેબ ( અ. સ. ) ને પરમેશ્વરનો હુકમ થયો કે તમે બધા લોકોને પોકારીને કહી દો કે તેઓ કિયામત સુધી આ જગાની હજ કરવાને આવે. તે ઉપરથી તેમણે સાદ કર્યો હતો. હવે હાજી લોકો લબ્બેક કહે છે, તે જાણે તેમના પોકારવાના જવાબમાં કહે છે, અર્થાત્ હું આપની સેવામાં હાજર છું) હું હાજર છું.
'દીધા ચુમી દબાતા દિલ, કહ્યું લબ્બેક ઇઝરાઇલ.' ગુ૦ ગ૦

**લયાકત**, સ્ત્રી૦ ( અ૦ **लियाकत** لياقت =આવડત ) લાયકી, યોગ્યતા.
'જુઠી લયાકતને નમી કુરનીશ હજારો મેં કરી.' કલાપી.

**લયાનત**, સ્ત્રી૦ ( અ૦ **लअनत** لعنت= ધિક્કાર ફિટકાર, કૃપાથી છેટું, ) ગેરીઅત, શરમ, લાજ.

**લવજ**, પુ૦ ( અ૦ **लफ्ज** لفظ=મોંમાંથી બહાર કાઢવું, બોલવું, વાત, કહેણ, શબ્દ) શબ્દ, બોલ.
'રે લફ્જ કહેવા ઇશ્કના, મારી ન કાંઇએ મજાલ.' કલા૦

**લવાજમ**, ન૦ ( અ૦ **लवाजिम** لوازم= માણસને જોઇતી જરૂરી વસ્તુઓ. **लाजिम**નું બહુવચન ) અમુક મુદ્દતે આપવાની રકમ તે, વસુદ.

**લવાદ**, પુ૦ ( અ૦ **लवाज** لواذ=એક બીજાનો પરસ્પર આશ્રય લેવો તે ) પક્ષકારો વચ્ચે પડેલો વાંધો પતાવી આપનાર. 'લવાદોને કાયદા રૂએ અધિકાર ન હતો.' અં૦ ન૦ ગ.

**લવાદી**, સ્ત્રી૦ ( અ૦ **लवाजी** لواذی= એક બીજાનો પરસ્પર આશ્રય ) લવાદનું કામ તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**લશ્કર**, ન૦ ( ફા૦ **लश्कर** لشکر=લડવૈયાનું ટોળું ) લડનારા માણસોનો સમૂહ તે.

**લશ્કરી**, વિ૦ ( ફા૦ **लश्करी** لشکری= લશ્કર સંબંધી ) સૈનિક, ફોજનું.

**લહેકો**, પુ૦ ( અ૦ **लह्जह** لهجه=ઉચ્ચારણ, શબ્દોનો અવાજ, બોલવાનો લહેકો ) ચાળો, મરોડ.

**લહજો**, પુ૦ ( અ૦ **लह्जह** لحظه=થોડો સમય, એક વખત જરા નજર કરીને જોવું. **लहज**=તપાસ્યું ઉપરથી ) થોડોક સમય, થોડીવાર.

**લહે**, સ્ત્રી. (અ૦ **लह्जह** لهجه=ઉચ્ચારણ શબ્દનો અવાજ, બોલવાને લહેકો) તાણી ઝુલાવી ચાંપીને બોલવું તે." 'જંગલમાં ભજનની લહેમાં ઉન્મત્ત પડતા, પગના ધબકારા'. સ. ચં. ભા. ૨

**લહેકો**, પુ૦ ( અ૦ **लह्जह** لهجه=ઉચ્ચારણ, શબ્દોનો અવાજ, બોલવાનો લહેકો ) તાણી ઝુલાવી ચાંપીને બોલવું તે.

•**લંગડી**, વિ૦ ( ફા૦ **लंग** لنگ=લંગડો) લુલો, પાંગળો.

**લંગર**, ન૦ ( ફા૦ **लंगर** لنگر=ભારે વજનનું લોઢું જે વડે વહાણને ચાલતાં રોકી રખાય છે તે, ગરીબોને ખાવાનું અપાય તે ઠેકાણું, સદાવ્રત) ગરીબોને ખાવાનું આપે તે ઠેકાણું વહાણની બીલાડી.

**લંગરખાનું**, ન૦ ( ફા૦ **लंगर** لنگر= સદાવ્રત, ગરીબોને ખાવાનું આપવાનું સ્થળ ) સદાવ્રત.

**લંગરવા**, ન૦ ( ફા૦ **लंगर** لنگر=વહાણને રોકવાને માટે લોઢાનું વજન) વહાણ રોકવાની બીલાડી.

**લંગરવું**, સ૦ ક્રિ૦ ( ફા૦ **लंगर** ઉપરથી ગુજરાતી ક્રિયાપદ ) જમીનમાં ખુંપી બેસે એવા દાંતવાળું દોરને છેડે બાંધેલું વજન, બિલાડી-નાંગર-નાખીને વહાણને થોભાવવું.

**લંગરિયાં**, ન૦ ( ફા૦ **लंगर** ઉપરથી ) ઘુઘરીઓવાળાં પગનાં આંબળીયાં.

**લંગરિયું**, ન૦ ( ફા૦ **लंगर** ઉપરથી ) ઝાંઝર, આંબળીયું.

**લંગરી**, સ્ત્રી૦ ( ફા૦ **लंगरी** لنگری=મોટો થાળ ) ઘુઘરીઓવાળું પગનું ઘરેણું. 'સુંદર બાળક રૂપ રૂપાળું ચરણ લંગરી વાગેરે.' દયા૦

**લંગાર**, સ્ત્રી૦ ( ફા૦ **लंगर** ઉપરથી ) સાંકળી, એક એકને અંકોડે ગંઠાએલું હોય તેવું.

**લા**, અ૦ ( અ૦ **ला** لا=નહિ, અરબી ઉપસર્ગ છે ) નહિ. જેમકે લાઇલાજ.

**લાઇલાજ**, વિ૦ ( અ૦ **लाइलाज** لاعلاج= જેનો ઇલાજ ન થઇ શકે તેવો ) લાચાર, નિરૂપાય.

**લાઇલાજી**, સ્ત્રી૦ (અ૦ **लाइलाजी** لاعلاجي= નિરૂપાયપણું ) ઇલાજ ન થઇ શકે એવી સ્થિતિ.
'જ્યાં લાઇલાજી સર્વની, ત્યાં કોણ કોને હાથ દે.' કલાપી.

**લાઇલાહાઇલ્લલ્લાહોમુહંમદુર્રસૂલુલ્લાહ**, પુ૦ ( અ૦ **लाइलाहइल्लल्लाहमुहंमदुर्रसूलुल्लाह** لا اله الا الله محمد رسول الله= ઈશ્વર એક છે, ને મુહંમદ-સ૦ અ૦-તેના રસુલ છે. ) મુસલમાનોનો પહેલો કલમો. જેમાં ખુદાનું ઐક્ય ને મુહંમદ-સ. અ. સાહેબના નબીપણાનો ઇકરાર છે. 'લાઇલાહાઇલ્લલ્લાહોમુહંમદુર્રસુલુલ્લાહનો કલામ સઘળે પથરાવવો.' ક. વે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**લાઉલશ્કર,** ન૦ ( ફા૦ **लश्कर** ) સાધનવાળું લશ્કર.

**લાએક,** વિ૦ ( અ૦ **लाइक** لائق=યોગ્ય. **लाक**=ઘટિત હતું ઉપરથી ) લાયક, યોગ્ય.

**લાઓલાદ,** વિ૦ (અ૦ **लाअव्लाद** لااولاد ઓલાદ વગરનો ) વાંઝીઓ.

**લાચાર,** વિ૦ ( ફા૦ **नाचार** ناچار=નિરૂપાય **ना** નહિ, **चार**-ઉપાય. 'ચાર' ફારસી શબ્દ છે એને 'લા' અરબી ઉપસર્ગ લાગી લાચાર શબ્દ થયો છે ને તે પણ વપરાય છે પણ પ્રયોગ ખોટો છે. ખરો શબ્દ **नाचार** છે, કેમકે 'ના' ઉપસર્ગ ફારસી છે ) નિરૂપાય, કાંઇ ન થઇ શકે એવો.

**લાચારી,** સ્ત્રી૦ ( ફા૦ **नाचारी** ناچاری= કાંઇ બની ન શકે એવી હાલત ) નિરૂપાયપણું, દીનતા.

**લાજમ,** વિ૦ (અ૦ **लाजिम** لازم=આવશ્યક) ઘટિત, યોગ્ય લાયક.

'અયે દિલકૃત, અયે બેગમ;
લીધી દિલબર, હતું લાઝિમ. કલાપી.

**લાદવા,** પું૦ ( અ૦ **लादअ्वा** لادعوا દાવો ન રાખવાપણું ) હાથ ઉઠાવવો.

**લાનત,** સ્ત્રી૦ ( અ૦ **लअनत** لعنت= ફિટકાર, ધિક્કાર ) ધુતકાર.

'મગર લાનત સદા હીજરાઇ લેતાં કોણ પરવાર્યું, કલાપી.

**લાફલાફ,** સ્ત્રી૦ ( ફા૦ **लाफ** لاف=શેખી, વડાઇ, આત્મશ્લાઘા ) ડીંગ મારવી, મોટાઇ કરવી. ફૂલ, ફુલાશ, બડાશ.

**લાફાવેડા,** પું૦ ( ફા૦ **लाफ** لاف=શેખી, વડાઇ ઉપરથી ) ઉડાઉવેડા.

**લાફો,** પું૦ ( ફા૦ **लाफ** لاف=શેખી ઉપરથી ) લપડાક, તમાચો.

**લાયક,** વિ૦ ( અ૦ **लाइक** لائق=યોગ્ય. **लाक**=ઘટતું હતું ઉપરથી ) યોગ્ય, ઘટિત, અનુરૂપ, સમાન.

**લાયકાત,** સ્ત્રી૦ ( અ૦ **लियाकत** لیاقت =લાયકી. ) યોગ્યતા, પાત્રતા.

**લાયકી,** સ્ત્રી૦ ( અ૦ **लियाकत** لیاقت ઉપરથી=લાયકી ) લાયકપણું, પાત્રતા.

**લાલ,** પું૦ ( ફા૦ **लअल** لعل=એક પ્રકારનું જવાહીર ) લાલ જવાહીર.

**લાલા,** પું૦ ( ફા૦ **लालह** لالہ=એક પ્રકારનું ધોળું ફૂલ, જે ફૂલની અંદર ડાઘો હોય તે ફૂલ ) એક પ્રકારનું ફૂલ.

'ગુલ લાલા સમ છોકરીઓ,
ગાલ લાલ તજી તેહ,
તરૂણા વાટિકા થાય છે,
જંગલ જેવી જેહ. ગુ. વા. મા.

**લાવલશ્કર,** ન૦ લશ્કર શબ્દ જુઓ.

**લાશ,** સ્ત્રી૦ ( તુર્કી **लाश** لاش=મડદાનું શરીર, લોથ ) શબ, મડદું.

**લાસ,** સ્ત્રી૦ ( તુર્કી **लाश** لاش=મુડદાનું શરીર ) શબ, મડદું, બરબાદ, નકામું.

**લાસાની,** વિ૦ ( અ૦ **लासानी** لاثانی= અનુપમ. **ला**=નહિ, **सानी**=દ્વિતીય=જેની જોડ ન હોય તે ) ઉત્તમ, અદ્વિતીય.

**લાંગર,** ન૦ ( ફા૦ **लंगर** لنگر=વહાણ થોભાવી રાખવાની લોઢાની બિલાડી લંગર.

**લાંબીનજર,** સ્ત્રી૦ (અ૦ **नजर** نظر=દૃષ્ટિ) દૂરનો વિચાર કરવો તે.

**લિબનાન,** પું૦ (અ૦ **लुब्नान** لبنان=એક પર્વત છે ) એશિઆઇ તુર્કસ્તાનમાં એક પર્વત છે.

**લિલમ,** ન૦ ( ફા૦ **नीलम** نیلم=એક પ્રકારનું જવાહીર છે, જે દક્ષિણ ને લંકામાંથી આવે છે ) કીમતી રત્ન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**લિલ્લા**, અ૦ ( અ૦ **लिल्लह** لله=ખુદાને માટે ) પ્રભુપ્રીતે, નિષ્કામ.

**લિહાજ**, પુ૦ ( અ૦ **लिहाज़** لحاظ=નજર, અદબ, શરમ ) માન રાખવું, વિવેક, અદબ.
'ઉત્તર વજનનો લિહાજ રાખીને આપવો' નં. ચ.

**લીંબુ**, ન૦ ( અ૦ **लीमुं** ليمون=લીંબુ ) લીંબુ.

**લુકમાન**, પુ૦ ( અ૦ **लुक़मान** لقمان=એક મોટા વિદ્વાન હતા. કુરાનમાં એમનું વર્ણન છે) એક વિદ્વાનનું નામ છે.

**લુગત**, ન૦ ( અ૦ **लुग़त** لغت=જેના અર્થની સાધારણ રીતે ખબર ન હોય તેવો શબ્દ. એનું બહુવચન. **लुग़ात** لغات=કોશ. **लग़व**=બોલ્યો ઉપરથી ) શબ્દકોશ, સમૂહ.

**લુણહરામ**, વિ૦ ( અ૦ **हराम**=અયોગ્ય. લુણ, ગુ૦ મીઠું ) ખાઇને ખોટું કરે એવો. કૃતઘ્ની.

**લુતરી**, સ્ત્રી૦ ( ફા૦ **लुत्रा** لترا=બે માણસોએ ગોઠવેલી એક ખાસ ભાષા કે જેને ત્રીજો સમજી શકે નહિ. જેના પેટમાં કાંઈ વાત ન રહી શકે તેવો માણસ, વાત ફેલાવનાર ) ચાડી ખાનાર, લડાવી મારનાર.

**લેકીન**, અ૦ ( અ૦ **लाकिन** لاكن. ફારસીમાં **लेकिन** ليكن=પણ, મગર ) પણ, તોય, તથાપિ.
"વો સબતો અચ્છા લેકિન આપન જાવે કીધરસે? સ. ચં. ભા. ૧

**લેકો**, પુ૦ ( અ૦ **लहजह** لهجه=ઉચ્ચારણ શબ્દનો અવાજ ) બોલવાની ઢબ.
'ચોકના બીજા ભાગમાં કોઇ લ્હેકા કરી ગાતો હતો.' સ. ચં. ભા. ૪

**લેજત**, સ્ત્રી૦ ( અ૦ **लज़्ज़त** لذت=સ્વાદ ) મજા.

**લેજમ**, સ્ત્રી૦ ( ફા૦ **लेज़म** ليزم=એક પ્રકારની નરમ ને સ્થિતિસ્થાપક કમાન જેમાં લોઢાની સાંકળો ને લોઢાની ચકતીઓ હોય છે તે ) અખાડામાં વપરાતી એક કમાન.

**લેઝો**, પુ૦ ( અ૦ **लहज़ह** لحظه=થોડો સમય, એક વખત જરા નજર કરીને જોવું ) નિમેષ, આંખ ઉઘડે ને બંધ થાય એટલો સમય.

**લેબાસ**, પુ૦ ( અ૦ **लिबास**, لباس=પોશાક. **लबस**=શરીરને લુગડાથી ઢાંક્યું ઉપરથી ) પોશાક, પહેરવેશ.
'કોઇ વખત મરદનો લેબાસ પહેરી જમાલખાનને હાથે વળગી ગેલ કરતી કરતી રાત્રે ફરવા પણ જાય.' સ. ચં. ભા. ૧

**લેલતુલકાદર**, સ્ત્રી૦ ( અ૦ **लय्‌लतुल्क़द्र** ليلة القدر=એક પવિત્ર રાતનું નામ, જે વર્ષમાં એકજ વાર આવે છે. આ એક રાત્રે જે ભક્તિ કરવામાં આવે છે તેનું પુણ્ય ૧૦૦૦ મહીનાની ભક્તિની બરાબર ગણાય છે તેથી એની કદર કરવામાં આવે છે. એ રાત ક્યારે આવે છે તેની ખબર નથી. પણ ઘણાઓનું માનવું એવું છે કે રમજાનમાં આવે છે. કુરાનમાં આ રાત વિષે એક અધ્યાય પણ છે) એક પવિત્ર રાત.
'તરીકતમાં તું ગાતું તે, હકીકતમાં થયું જાહેર; હજારો માસથી મોંઘી, સુહાગી લેલતુલ્કાદર. દી૦ સા૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**લેલી,** સ્રી૦ ( અ૦ **लय्ला, लय्ली** ليلا ليلى=કાળા રંગની, શામળી, મજનૂની પ્રિયા ) મજનુની પ્રિયા. લેલી મજનુ કહેવાય છે. બંને આશિક માશૂક હતા.

**લેલેમજનું,** ન૦ ( અ૦ **लय्लामज्नुं**= આશક માશુક થઇ ગયાં છે. ) લેલી અને મજનું.

**લહેજત,** સ્રી૦ ( અ૦ **लज्जत** لذت= સ્વાદ ) મજા.

**લહેજો,** પુ૦ ( અ૦ **लह्जह** لحظه=થોડો સમય. એક વખત, નજર કરીને જોવું તે ) આંખ મિચાઇને ઉઘડે એટલે અલ્પ સમય. 'અતિ સુખતણા લહેજા, કિન્તુ ન દીર્ઘ બની શકે.' કલાપી.

**લોબાન,** પુ૦ ( અ૦ **लूबान** لوبان=એક પ્રકારનો ગુંદર જે આગ પર મૂકવાથી સુગંધ આપે છે ) ધૂપ કરવાના ને દવાના કામમાં આવે છે તે ગુંદર.

**લ્યાનત,** સ્રી૦ ( અ૦ **लअ्नत** لعنت= ધિક્કાર ) ફિટકાર, તુચ્છકાર.

## **व. વ.**

**વકફ,** વિ૦ ( અ૦ **वकफ** وقف=આરામ, પુણ્યાર્થે આપેલી વસ્તુ ) સાર્વજનિક, જેનો કોઇ ખાસ માલિક ન હોય તે. 'જ્યારે આખું કુરાન લખાઇ રહેતું ત્યારે તેને વકફ તરીકે મક્કા કે મદીને મોકલતો.' મિ. સિ.

**વકાલત,** સ્રી૦ ( અ૦ **वकालत** وكالت= પોતાનું કામ બીજા પર નાખવું. **वकल** =સોંપ્યું ઉપરથી ) વકીલનું કામ, વકીલનો ધંધો. 'વકાલત યા દલાલતની ન કાબેલી કયામત પર.' દી. સા.

**વકાલતનામું,** ન૦ ( અ૦ **वकालत्+नामह** ફા૦ **वकालत्नामह** وكالتنامه=પોતાનું કામ બીજા ઉપર નાખવાનો લેખ ) વકાલત કરવાની સત્તાનો લેખ.

**વકી,** સ્રી૦ ( અ૦ **वाकिअ** واقع=થનાર, આશા, નક્કી ) ધારણા, ઉમેદ, સંભવ, જોગ.

**વકીલ,** પુ૦ ( અ૦ **वकील** وكيل=પોતાનું કામ બીજાને સોંપવામાં આવે તે, **वकल** =સોંપ્યું ઉપરથી ) પર રાજાના દરબારમાં પોતાનો રાખેલો માણસ, એલચી, આડતીયો, મુખ્તારઆર.

**વકીલેમુતાલીક,** વિ૦ ( અ૦ **वकीलिमुतअल्लिक** وكيل متعلق=**मुतअल्लिक**= સંબંધ રાખનાર ) અમુકની સાથે સંબંધ રાખનાર વકીલ. વકીલ મુતાલકે સરકાર=સરકાર સાથે સંબંધ રાખનાર વકીલ.

**વકીલાત,** સ્રી૦ ( અ૦ **वकालत** وكالت= વકીલનું કામ ) વકીલનો ધંધો.

**વકીલાતનામું,** ન૦ ( અ૦ **वकालत्+नामह** ફા૦ **वकालत्नामह** وكالتنامه=વકીલ પણાની સત્તા આપવી તે ) આપણે વકીલ કરાવીએ તે માટે આપણે લખી આપીએ તે કાગળ.

**વકુફ,** સ્રી૦ ( અ૦ **वुकूफ** وقوف=જાણવું, જ્ઞાન **वकफ**=તે ઉભો ઉપરથી ) સમજ, અક્કલ, ડહાપણ.

**વક્કર,** પુ૦ ( અ૦ **वक्र** وقر=આબરૂ, ઇજ્જત, પ્રતિષ્ઠા, **वकर**=ભારે હતું ઉપરથી ) ભારબોજ, માન મરતબો.

**વખત,** પુ૦ ( અ૦ **वक्त** وقت=સમય ) કાળ, મોસમ, ઋતુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વખતબેવખત**, પુ૦(**वक्तबवक्त** એમાંબફારસી છે. **वक्त** અરબી છે وقت بوقت =ઘડી ઘડી, વારંવાર, અવારનવાર ) ગમે ત્યારે, જરૂર પ્રસંગે.
'ઉપાડે બોલ્યા બોલ, વખત બે વખને.'
ગુ. ક. વાં. મા.

**વખો**, પુ૦ ( અ૦ **वाकिअह** واقعه=લડાઇ, સખ્તી, મુસીબત, મરણ, દુઃખ, કષ્ટ ) વિપત્તિ, ભૂખનું દુઃખ.

**વગર**, અ૦ ( અ૦ **बिगय्र** بغير=સિવાય ) વિના, વીણ.

**વગવસીલો**, પુ૦ ( અ૦ **वसीलह** وسيله= વાસ્તો, આધાર. વગ એ ગુજરાતી શબ્દ છે ) સહવાસથી ઉત્પન્ન થએલો સુસંબંધ

**વગેરે**, અ૦ ( અ૦ **वगय्रह, वगय्रहु** وغيره وغيرہ; **व**=અને, **गय्र**=સિવાય, **हु**=આ, આ સિવાય બીજા, ઇત્યાદિ ) અમુક અને બીજું, ઉપલક, બધું ઇત્યાદિ.

**વજદ**, પુ૦ ( અ૦ **वज्द** وجد=મસ્તી, જોશ, બેશુદ્ધિ ) હાલ, સરમસ્તી, ખુશી.
ઇશ્ક, વસ્લ, વજદ, ઇત્યાદિ વાતોનું રહસ્ય કેવળ પરમૈક્ય રૂપતા પરત્વેજ છે.
સિદ્ધાંતસાર.

**વજન**, ન૦ ( અ૦ **वज्न** وزن=ભાર ) ભારેપણું, બોજ, તોલ.

**વજનદાર**, વિ૦ ( અ૦ **वज्न**+**दार** ફા૦ પ્ર૦ **वज्न्दार** وزندار=વજનવ ળું ) બોજદાર, સંગીન, વજનવાળું, પ્રતિષ્ઠિત.

**વજનસર**, વિ૦ ( અ૦ **वज्न** وزن=પ્રમાણમાં જોઇએ તેટલું ) બટતું.

**વજીફેદાર**, વિ૦ ( અ૦ **वजीफह्**+**दार** ફા૦ પ્ર૦**वज़ीफ़हदार** وظيفه‌دار=**वजीफा**= દરરોજને માટે જે વસ્તુ મુકરર હોય તે. **वजफ**=રોજનો પગાર આપ્યો ઉપરથી જાગીરદાર ) ગરાસીઓ, દેસાઇ.

**વજીફો**, પુ૦ ( અ૦ **वजीफह** وظيفه= દરરોજ માટે જે વસ્તુ મુકરર હોય તે. **वजफ**=રોજનો પગાર આપ્યો ઉપરથી ) ઇનામી બાગાયતી જમીન, બાગ બગીચો બનાવવા જેવી જમીનનો કકડો.

**વજીર**, પુ૦ ( અ૦ **वजीर** وزير=પ્રધાન. **वजर**=ટેકો આપ્યો ઉપરથી ) પાદશાહને સલાહ આપનાર મુખ્ય મસલતીઓ.

**વજીરાઇ**, સ્ત્રી૦ ( અ૦ **विजारत** وزارت= વજીરપણું. ) પ્રધાનનો ઓદ્ધો, પ્રધાનનો અમલ.

**વજીરાત**, સ્ત્રી૦ ( અ૦ **विजारत** وزارت= વજીરપણું ) પ્રધાનનો ઓહદો. વજીર તરીકેની સાહેબી.

**વજીરી**, સ્ત્રી૦ ( અ૦ **वजीरी, विजारत** وزارت وزيرى=વજીરપણું ) વજીરાત.

**વજુ**, ન૦ ( અ૦ **वुजू** وضو=નમાજ પઢવા માટે હાથ મોં ધોવું તે ) ચળુ, હાથ પગને મોં ધોવાં તે.

**વજુદ**, ન૦ ( અ૦ **वुजूद** وجود=હોવાપણું શરીર ) સત્ય, ખરાપણું, વાસ્તવિક્તા.
'તેની હકીક્તમાં કશું વજુદ નથી.'
ગુ૦ ગ૦

**વજે**, સ્ત્રી૦ ( અ૦ **वज्अ** وضع=મૂકવું, બતાવવું, તરીકો ) ગણોત, નગદમાં નહિ પરંતુ પાકેલા અનાજ વગેરેમાં હિસ્સો પાડીને લેવાતી મહેસુલ.

**વજે**, સ્ત્રી૦ ( અ૦ **वज्ह** وجه=મોં, ચહેરો, તરીકો, બરાબર, રૂપરૂ, જાત, કોઇ વસ્તુની હકીક્ત, જેથી ગુજરાન ચાલે એવી વસ્તુ ) જમીન, પગાર, તરફ, બાજુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વજેવળતીઉં**, વિ૦ (અ૦ **वज़अ** وضع=મૂકવું વળતીઉં ગુ. શબ્દ) ભાડું જમા થાય ને વ્યાજ ખાતે મંડાય એવી શરતવાળું ખાતું અથવા લખત તે.

**વટહુકમ**, પુ૦ ( અ૦ **हुक्म** حکم+વટ, ગુ૦ શબ્દ) સંબંધવાળા સર્વ જણ ઉપર લખેલો હુકમ, મુખ્ય હુકમ.

**વતન**, ન૦ ( અ૦ **वतन** وطن=સ્વદેશ. **वतन**=રહ્યો વસ્યો ઉપરથી ) પોતાનું મૂળ ગામ કે દેશ.

**વતનદાર**, વિ૦ ( અ૦ **वतन+दार** ફા૦ પ્ર૦ **वतन्दार** وطندار=વતનવાળો ) જાગીરદાર, મજમુદાર, દેસાઇ.

**વતનદારી**, સ્ત્રી૦ ( અ૦ **वतन+दारी** ફા૦ પ્ર૦ **वतन्दारी** وطنداری=વતનદારપણું ) જાગીરદારપણું, દેસાઇગીરી.

**વતનવાડી**, સ્ત્રી૦ ( અ૦ **वतन** وطن=વાડી ગુ૦ શબ્દ ) રાજ્યસેવાના બદલામાં મળેલી જમીન વગેરે.

**વતની**, વિ૦ ( અ૦ **वतनी** وطنی=વતનનો ) રહેવાશી, રહીશ, રહેનાર.

**વદાય**, વિ૦ ( અ૦ **वदाअ** وداع=રજા આપવી, ફારસીમાં **विदाअ** પણ વપરાય છે. **वदअ** મૂક્યું ઉપરથી ) વળાવેલું, મોકલેલું.

'તેને કેટલુંક દ્રવ્ય આપી વદાય કર્યો.'

ક. ઘે.

**વફા**, સ્ત્રી૦ ( અ૦ **वफ़ा** وفا=વિશ્વાસ રાખવો. **वफ़ी** તેણે વચન પુરૂં કર્યું ઉપરથી ) વચનને વળગી રહેવું તે, પ્રમાણિકપણું.

**વફાઇ**, સ્ત્રી૦ ( અ૦ **वफ़ाइ** وفائی=વિશ્વાસ રાખવાપણું. **वफ़ी** તેણે વચન પુરૂં કર્યું ઉપરથી ) વચનને વળગી રહેવાપણું.

'તેણે જ્યાં સુધી તે વફાઇ રૂપે રહી ત્યાં સુધી તો રસબસ જમાડયા છે.'

આ૦ નિ૦

**વફાદાર**, વિ૦ ( અ૦ **वफ़ा+दार** ફા૦ પ્ર૦ وفادار=વફાવાળો, ભરોસો રાખવા લાયક) વચનને વળગી રહેનાર.

**વફાદારી**, સ્ત્રી૦ (અ૦ **वफ़ा+दारी** ફા૦ પ્ર૦ وفاداری=પ્રમાણિકપણું ) પરમભક્તિ, અચલિત શ્રદ્ધા.

**વબાલ**, પુ૦ ( અ૦ **वबाल** وبال=સખતી, બોજ) ભાર, આફત, મુસીબત, વિપત્તિ, કષ્ટ, સંકટ.

'દુસ્મનોની જાતપર કોઇ વબાલ આવી પડે તો તરત ખબર કહાવજો.'

બા. બા.

**વરક**, પુ૦ ( અ૦ **वरक़** ورق = પાંદડું,) પાનું, સોનારૂપાના વરક.

**વરખ**, પુ૦ ( અ૦ **वरक़** ورق = પાંદડું, પાનું ) સોનારૂપાના વરક.

**વરંડો**, પુ૦ ( ફા૦ **बरआमदह** برآمده= બર=બહાર. આમદન=આવવું ઉપરથી આમદા=આવેલે=બહાર આવેલો ) બહાર નીકળતો મકાનનો ભાગ, વરંડો.

**વરદી**, સ્ત્રી૦ ( અ૦ **वर्दी** وردی વર્દ= ગુલાબ ઉપરથી. ગુલાબી રંગનું, સિપાઓના ડ્રેસને વરદી કહે છે. ) સીપાઇઓનાં લુગડાં, યુનીફોર્મ.

**વરમ**, પુ૦ ( અ૦ **वरम** ورم = સોજો ચડવો.) સોજો.

**વરાત**, સ્ત્રી૦ ( ફા૦ **बरात** برات=હિસ્સો, ભાગ, ખજાનચીના નામ ઉપર રૂપીઆ આપવા માટે લખેલી ચિઠ્ઠી રૂપીઆ આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પવા માટે લખેલો રૂકકો.) રૂકકો. 'કાઠિઆવાડની વાર્ષિક વરાત એક લાખ રૂપીઆ.' રા. મા. ૧

**વરાપ**, સ્ત્રી૦ ( અ૦ **बराप्रआव** وراپ آب **बराप**=સિવાય+**आब** ફા. પાણી. પાણી વિના ) વરસાદ આવી ગયા પછી કેટલાક દિવસ ઉઘાડ આવવાથી પાણી સુકાઇ જાય છે તેવી જમીનની સ્થિતિ, એને વરાપ થયો કહે છે. એટલે ખેડુતો એ વખતે જમીન ખેડી નાંખે છે. વરસાદ વરસવો ચાલુજ રહે, ને વરાપ થાય નહિ તો જમીન ખેડાય નહિ ને તેથી પાક સારો થાય નહિ.

**વરાપિયું**, ન૦ ( અ૦ **बराप**+**आब** ફા૦ ઉપરથી ) કોરી ડાંગર પુંખીને કરેલું ઘરૂ.

**વલદે**, અ૦ ( અ૦ **वलद** ولد = છોકરો ) દીકરો, પુત્ર, ઉમર વલદે કાસમ એટલે કાસમનો દીકરો ઉમર.

**વલી**, પુ૦ ( અ૦ **वली** ولی= દોસ્ત, મિત્ર ખુદાની પાસે ) મુસલમાની પીર, ઓલીઆ.

**વસલ**, પુ૦ ( અ૦ **वस्ल** وصل= મુલાકાત, સંયોગ, મળવું ) સંબંધ.

' હતી જ્યાં વસ્લની ખાહિશ, મળ્યું ત્યાં ઝેરનું પ્યાલું.'

કલાપી.

' રહી ગઇ વસ્લની આશા, અગર ગરદન કપાઇ છે.'

સુ૦ ગ૦

**વસલો**, પુ૦ ( અ૦ **वस्लह** وصله=કાગળ કે લુગડાનો કડકો. વસલ=સાંધ્યું ઉપરથી ) ભાગ.

**વસલ્લો**, પુ૦ ( અ૦ **वस्लह** وصله=કાગળ કે લુગડાનો કડકો ) કપડું વણતાં વચમાં તાર એકઠો થઇ જવાથી આવેલી ઘુંચ, જાળું.

**વસવસો**, પુ૦ ( અ૦ **वस्वसह** وسوسه= વહેમ, શક, શંકા, અંદેશો, ખતરો, શક. ' વસવસે ઓર ભ્રમણાકો ટાળો, મેંપના ઓર ખુદીકો બિસારો.' અ૦ કા૦

**વસવાસ**, સ્ત્રી૦ ( અ૦ **वस्वास** وسواس= વહેમ, બીક, ધારણા, શક ) સરસાઇ, ચડસાચડસી, સ્પર્દ્ધા.

**વસાત**, સ્ત્રી૦ ( અ૦ **बिसात** بساط = પાથરણું, સાદડી, શત્રંજી, ઘરની પુંજી. **बसत**=પાથર્યું ઉપરથી ) વિસાત, માલ, પુંજી. ' એને મનથી કાંઇ વસાત વગરની ધુળ જેવી અને જ્યારે ધરાય ત્યારે થઇ શકે એવી વાત હોય. ' સ. ચં. ભા. ૨

**વસિયત**, સ્ત્રી૦ (અ૦ **वसिय्यत** وصيت= મરતી વખતે કે સફર કરવા જતી વખતે કોઇ માણસ બીજાને કાંઇ સોંપણી કરી જાય તે ) વારસા તરીકે આપવું તેમજ આપવાનું તે.

**વસિયતનામું**, ન૦ ( અ૦ **वसिय्यत** + **नामह** ફા૦ **वसिय्यत्नामह** وصيتنامه=વસીયત કરેલો કાગળ ) મરનારે પોતાની મિલ્કતની વ્યવસ્થા માટે કરેલો લેખ તે.

**વસી**, પુ૦ ( અ૦ **वसी** وصى=જે માણસને વસીયત કરવામાં આવી હોય તે, વસીયત પર અમલ કરનાર, બંદોબસ્ત કરનાર ) વહીવટ કરનાર, ગામ ઉપર રહી તેનો બંદોબસ્ત રાખનાર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વસીલો,** પુ૦ ( અ૦ **वसीलह** وسیله = વાસ્તો, આધાર ) લાગવગ, ભલામણ થાય એવો સંબંધ.

**વસુલ,** ન૦ ( અ૦ **वसूल** وصول=લેવું. **वसल**=સાંધ્યું ઉપરથી ) જમે લેવાનું જે તે, આવક, આમદાની, મેહસુલ.

**વસુલદાર,** વિ૦ ( અ૦ **वसूल+दार** ફા૦ પ્ર૦ **वसूलदार** وصولدار=માગતું ને કર વગેરે ઉઘરાવનાર ) આવદાની ભેગી કરનાર.

**વસુલાત,** સ્ત્રી૦ (અ૦ **वसूल** وصول નું બહુ વચન ) જમીન ઉપર લેવાતો કર, વસુલ કરવાની સાંથ.

**વશો,** પુ૦ ( ફા૦ **बिस्वह** بیسوه=વીઘાનો વીસમો ભાગ. દરેક વસ્તુનો વીસમો ભાગ ) જમીનનું એક માપ.

**વહદત,** સ્ત્રી૦ (અ૦ **वह्दत** وحدت=એ-યતા) ઐક્ય. પરમેશ્વરનું એકપણું.

‘ તું વહદતની વહી દે, યા કરૂં તૈયારી તુર્બત પર ’

દી. સા.

**વહાબી,** પુ૦ (અ૦ **वहहाबी** وہابی=શેખ અબ્દુલ વહાબના અનુયાયીઓ ) મુસ-લમાની ધર્મનો એક ફાંટો છે. એ ફકત ખુદાને માને છે. પેગંબરોને છાજે તેટલું માન આપતા નથી ફકત પોતાના મોટાભાઇ સમાન ગણે છે.

‘ નાગનું હૃદય ભક્ષણ કરતાં જ્ઞાન થાય છે, એ વાતને અન્યથા સમજતાં કાઇ ઇસ્લામી પંથવાળા ( ઘણું કરીને વહા-બીઓ ) સર્પનુંજ ભક્ષણ આચરે છે. સિ. સા.

**વહી,** સ્ત્રી૦ ( અ૦ **वह्य** وحی = ખુદાની તરફથી પેગંબર સાહેબો તરફ જે સંદેશા હજરત જીબ્રઇલ અ. સ૦ લાવતા હતા તે. ) ખુદાનો સંદેશો, જે પેગંબરોને પહોંચાડવામાં આવતો હતો તે.

‘ તું વહદતની વહી દે, યા કરૂં તૈયારી તુરબત પર. ’

દી. સા.

**વહેમ,** પુ૦ ( અ૦ **वह्म** وهم=શંકા ) શક, સંદેહ.

**વહેમી,** વિ૦ ( અ૦ **वह्मी** وهمی=શંકા-શીલ ) વહેમાય એવું, અવિશ્વાસી.

**વાએજ,** સ્ત્રી૦ ( અ૦ **वअ्ज़** وعظ=કથા ) ઉપદેશ. ‘ પછી મોહોર્મના દિવસોમાં વાએજ કરે ’ નં. ચ.

‘ તે વેળા સઘળી મસ્જિદોમાં વાએજ કરવાનો હુકમ થયો હતો. ’ ક. ઘે.

**વાએજ,** પુ૦ ( અ૦ **वाइज़** واعظ = કથા કહેનાર ) ઉપદેશક.

**વાએજી,** પુ૦ ( અ૦ **वाइज़** واعظ = કથા કહેનાર ) ઉપદેશક.

‘ જર્મનીના શહેનશાહને દેવળમાં લાંબી વાયજી સાંભળવાનો કંટાળો હોવાથી દેવળના દરેક પાદરીને હુકમ કર્યો છે. ’ સુ. ગ.

**વાએદો,** પુ૦ ( અ૦ **वअ्दह** وعده=વચન, કરાર. **वअद**=વચન આપ્યું ઉપરથી ) વાયદો.

**વાકફ,** વિ૦ ( અ૦ **वाकिफ** واقف=ઉભો રહેનાર, જાણનાર, ખબરદાર. **वकफ**= તે ઉભો ઉપરથી. ) વાકેફ, જાણીતું.

**વાકેફ,** વિ૦ ( અ૦ **वाकिफ** واقف=ઉભો રહેનાર, જાણનાર, ખબરદાર, **वकफ**= તે ઉભો ઉપરથી ) માહીતગાર, જાણીતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વાકેફગારી**, સ્ત્રી० ( અ० **वाकिफ+गारी** ફા० પ્ર० **वाकिफ़गारी** واقفگاری= જાણ, જ્ઞાન ) માહીતી, જાણ, ખબર.

**વાજ**, અ० ( ફા० **बाज** باز=અચવું, ના પાડવી ) વ્યાકુલ થઇ જવાવું તે, તોબા, ત્રાસ.

**વાજબી**, વિ० ( અ० **वाजिबी** واجبی= દુરસ્ત વાત, યોગ્ય, વજબ=તે જરૂરી હતું ઉપરથી ) યોગ્ય, બરાબર, યુક્ત.

**વાજીબુલવજુદ**, પુ० (અ० **वाजिबुल्वजूद** واجب‌الوجود=ખુદાની જાત ] ખુદા. ‘ અવર્ણ્ય બ્રહ્મને સત્‌રૂપે જણાવતાં વાજબઉલવજુદ કહેલું છે. ’ સિ. સા.

**વાટખરચ**, ન० ( ફા० **खर्च**, વાટ ગુજરાતી ) મુસાફરીએ જનારને વાટમાં થનારૂં ખરચ તે.

**વાટખરચી**, સ્ત્રી० ( ફા० **खर्ची**, વાટ ગુજરાતી,) મુસાફરી દરમીઆન ખરચવાની રકમ તે.

**વાદી**, સ્ત્રી० ( અ० **वादी** وادی=રણદ્વીપ) રણમાં આવેલો બેટ, રણમાં એવી જગા કે જ્યાં આજુબાજુ રેતી હોય પણ ફક્ત ત્યાં આગળ પાણી ને ઝાડ હોય તે.

**વાનગી**, સ્ત્રી० ( અ० **बयअ** بیع=વેપાર **+आनह्+गी** એને ફારસી પ્રત્યય મળીને **बयआन्गी** بیعانگی=બનાવટ, સોદો કર્યા પછી તરત જે રકમ આપવામાં આવે તે, બાકી રહેલાં નાણાં પાછળથી આપવામાં આવે છે. ) નમુનો માસલો.

**વાપસ**, વિ० ( ફા० **वापस** واپس=ખસેલો પાછો ફરેલો, પાછળ, પાછું, પાછું) આપવું. ‘ માલ ન ગમે તો વાપસ મોકલજો. ’ ‘ હુકમ થયા કે લોટો વાપસ દો. ’ નં० ચ०

**વાબસ્તુ**, વિ० ( ફા० **वाबस्तह** وابسته બંધાએલું, સગુંવહાલું ) સગું, સંબંધી.

**વાયજ**, સ્ત્રી० વાએજ શબ્દ જુઓ.

**વાયજી**, પુ० વાએજી શબ્દ જુઓ.

**વાયદાસર**, અ० ( અ० **वअ्दह** وعده= વચન, કરાર. **वअद**=વચન આપ્યું ઉપરથી=વાયદાસર=નક્કી કરેલે વખતે જ ) મુદ્દત પ્રમાણે.

**વાયદો**, પુ० ( અ० **वअ्दह** وعده=વચન, કરાર. **वअद**=વચન આપ્યું ઉપરથી ) કોઇ પણ કામ માટે મુકર્રર કરેલો વખત તે.

**વાર**, અ० ( ફા० પ્રત્યય છે. **वार** وار જેમકે ઉમેદવાર ) ફારસી પ્રત્યય છે.

**વારસ**, વિ० ( અ० **वारिस** وارث=વારસો લેનાર. **वरस**=વારસ થયો ઉપરથી ) મરનારની પછી આવનાર, મિલ્કતનો હકદાર.

**વારસનામું**, ન० ( અ० **वारिस+नामह**, ફા० પ્ર० **वारिस्नामह** وارث‌نامه= વસીયતનામું ) મરનારે પોતાની મિલકત અને અધિકાર અમુકને મળે એવા હેતુથી કરેલો લેખ. ‘ નહિ તો વારસનામું લખાવી દફતરમાં નોંધાવો. ’ દ. કા. ભા. ૨

**વારસો**, પુ० ( અ० **विरासत** وراثت= વારસો. **वरस**=વારસ થયો ઉપરથી ) મરનારની માલમીલકત તેના વારસને મળી હોય તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વાલામરાતબ,** વિ૦ ( અ૦ **वालामरातिब** والامراتب **वाला**=મોટો (ફા). **मरातिब** ( મર્તબાનું બહુવચન ) મોટી પદવીઓવાળો ) પ્રતિષ્ઠિત, માનવંત.

**વાલી,** પુ૦ ( અ૦ **वाली** والی=દોસ્ત, હાકેમ, માલિક, સગું પોતાનું. **वली**= થવું ઉપરથી ) માલિક, સગું. વાલીવારસ કહેવાય છે.

'દે શુક્ર હો વાલી ખુદા, ગમખાર બેગાના પરે.' કલાપી.

**વાલીદ,** પુ૦ ( અ૦ **वालिद** والد=બાપ ) પિતા.

**વાસેલ,** વિ૦ ( અ૦ **वासिल** واصل=મળનાર. **वसल**=તેણે સાંધ્યું ઉપરથી ) ચાલુ વાવેતરને લીધે જતો રહેલો કસ લાવવાને માટે વાવણી કર્યા વગર પડતર રાખેલું ખેતર. એમ કરવાથી પાક વધારે થાય છે ને તેથી પડતર રાખેલા વર્ષમાં પડેલી ખોટ વળી જાય છે તેથી જાણે બંને વર્ષ સંધાઈ જાય છે માટે.

'જમીં આ મુલ્કની છે, કુલ સનમ સરકારની વાસાલ.' ગુ. ગ.

**વાસ્તે,** અ૦ ( અ૦ **वासितह** واسطہ= દરમ્યાન, વચન, એલચી ) માટે, કાજે, અર્થે.

**વાહ,** અ૦ ( ફા૦ **वाह** واه=કેવું સારૂં. કેવળપ્રયોગી અવ્યય છે ) વાહ, શાબાશ, ધન્ય.

**વાહીઆત,** વિ૦ ( અ૦ **वाही**=સુસ્ત, બેહુદી વાતનું બહુવચન. **वाहियात** واهیات= બેહુદી વાતો ) નકામો બકબકાટ, નકામી વાતો.

**વાહીદ,** વિ૦ ( અ૦ **वाहिद** واحد= એક ) એક.

**વિકાલત,** સ્ત્રી૦ ( અ૦ **वकालत** وکالت= વકીલપણું ) વકીલપણાનું કામ.

'આલમખાંએ ગુલંદામની વકાલત કરી.' બા. બા.

**વિગેરે,** અ૦ વગેરે શબ્દ જુઓ.

**વિદાય,** વિ૦ ( અ૦ **वदाअ** وداع=રજા આપવી. ફારસીમાં **विदाअ** પણ વપરાય છે. **वदअ**=મૂકવું ઉપરથી ) વળાવેલું, મોકલેલું.

**વિદાયગીરી,** સ્ત્રી૦ ( અ૦ **वदाअ+गीरी** ફા૦ પ્ર૦ وداع‌گیری, **वदाअगीरी**= રવાનગી ) મોકલવું, વળાવવું તે. 'મામે સારી વિદાયગીરી દીધી રે'. દ. કા. ભા. ૨

**વિમાચીઠી,** સ્ત્રી૦ ( ફા૦ **बीमह** بیمہ= કંટ્રાકટ, જામીનપણું, જામીનગીરી,+ચીઠી ગુ. ) એક ઠેકાણાનો માલ બીજે ઠેકાણે સહીસલામત પોહોંચે તે માટે ઠરાવેલી વીમાની ચીઠી તે.

**વિમો,** પુ૦ ( ફા૦ **बीमह** بیمہ=કંટ્રાકટ, જામીનગીરી ) માલ સહીસલામત પોંહાંચાડવા માટે જે કરાર કરાય છે તે.

**વિલાત,** વિલાયત શબ્દ જુઓ.

**વિલાયત,** સ્ત્રી૦ ( અ૦ **विलायत** ولایت= એક બાદશાહના તાબામાં જે મુલક હોય તે વસ્તીવાળો મુલક, વલી=થવું હોવું ઉપરથી. )કોઇ પણ દેશ, સ્વદેશ, વતન, જન્મભૂમિ, ઈંગ્લાંડ.

**વિલાયતી,** વિ૦ ( અ૦ **विलायती** ولایتی =વિલાયતનું ) વિલાયત સંબંધી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિસાત,** સ્ત્રી૦ ( અ૦ **बिसात** بساط=પાથરણું, સાદડી, શેત્રંજી, ઘરની પુંજી. **बसत**=પાથર્યું ઉપરથી ) ઉપયોગિતા, માલ.

**વેરાન,** વિ૦ ( ફા૦ **बीरान, बीरानह** ویران ویرانہ=વસ્તી વગરનું, ઉજડ ) ઉજડ, નિર્જન.

# श. શ.

**શઈ,** સ્ત્રી૦ ( ફા૦ **सियाही** سیاہی=કાળાશ. ) સાહી, લખવાની સાહી.

**શઇ,** સ્ત્રી૦ ( અ૦ **सहीह** صحیح=ખરૂં ) હસ્તાક્ષર.

**શક,** પુ૦ ( અ૦ **शक्क** شک=વહેમ ) સંશય, ભ્રાંતિ.

**શકદાર,** વિ૦ ( અ૦ **शक्क+दार** ફા૦ પ્ર૦ شکدار=શકવાળો ) જેના ઉપર શક હોય તેવો માણુસ. ગુનેહગાર માણુસ સજા ભોગવીને આવ્યા પછી શકદાર ગણાય છે. તેનું નામ શકદારોના લિસ્ટમાં દાખલ થાય છે.

**શકંચો,** પુ૦ ( ફા૦ **शिकंजह** شکنجہ=અપરાધીઓને શિક્ષા કરવાનો એક પ્રકારનો સંચો ) દાબવા, ભીડવા કે પાડવાની કરામત, દાબવાનું યંત્ર, છટકું.

**શકરખોરો,** પુ૦ ( ફા૦ **शकरखोरह शक्करखोरह** شکرخورہ=ખાંડ ખાનાર, શકર=ખાંડ+ખોરહ એ ખુર્દન=ખાવું ઉપરથી. એક પક્ષી છે ) એક જાતનું પક્ષી, જે ફૂલમાંથી રસ ચૂસી લે છે.

**શકરપારો,** પુ૦ ( ફા૦ **शकरपारह, शक्करपारह** شکرپارہ=મીઠાઇનો એક પ્રકાર ) ચોરસ ચોસલાં કરેલી એક પ્રકારની મિઠાઈ.

**શકરો,** પુ૦ ( ફા૦ **शिक्रह** شکرہ=બાજની જાતનું એક પ્રકારનું શિકારી પક્ષી છે.) શકરાબાજ કહેવાય છે.

**શકુન,** ન૦ ( ફા૦ **शगुन, शगून** شگن شگون=સારી નિશાની ) શુભાશુભ–સૂચક પ્રસંગ.

**શક્કાદાર,** વિ૦ ( અ૦ **शक्क**=ચહેરો+**दार** ફા૦ પ્ર૦=વાળો **शक्कदार** અથવા **शकील** شکلدار شکیل=રૂપાળો ) સુંદર ચહેરાવાળો, મોહક.

**શક્કો,** પુ૦ ( અ૦ **सिक्कह** سکہ=નાણું, ટંકશાળમાં પડેલું નાણું, નકસી કરેલું ) સિક્કો, છાપ, મોહોર.

**શકોરૂં,** ન૦ ( ફા૦ **सकोरह** سکورہ=માટીનો પ્યાલો ) રામપાત્ર, ચપણીઉં. ' શકોરામાં ચોરો સ્વાહા. '

અં. ન. ગ.

**શખસ,** પુ૦ ( અ૦ **शख्स** شخص=માણુસ, શખસ=તેણે પોતાને ઉંચો કર્યો ઉપરથી ) એકાદ જણ, પુરૂષ, અમુક માણુસ.

**શગદીદ,** ન૦ ( ફા૦ **सग्दीद** سگدید સગ=કુતરો + દીદ = દર્શન, શ્વાનદર્શન, પારસીઓમાં પળાતો એક રિવાજ ) કુતરાનાં દર્શન કરવાં તે. 'અવસ્તાધર્મને માનનારા જરથોસ્તિઓ તો અદ્યાપિ પણ શગદીદનો રિવાજ બહુ આસ્થાથી પાળે છે. ' સિ૦ સા૦

**શફા,** સ્ત્રી૦ ( અ૦ **शिफा** شفا=તંદુરસ્તી) આરોગ્ય, નીરોગતા. ' અને તેને શફા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા હજરતને અરજ કરી. '

મિ૦ સિ૦

**શબ્બો**, ન૦ ( ફા૦ **शब्बू** شبو શબ = રાત, બૂ=સુગંધ આપનાર. રાત્રે ખીલનાર એક જાતનું ધોળું ફૂલ. ) એક જાતનું ફૂલ. ગુલછબ્બુ.

**શમશુલઉલમા**, વિ૦ ( અ૦ **शम्सुलउलमा** شمس العلما=વિદ્વાનોમાં સૂર્ય જેવો. **शम्स**=સૂર્ય+**उलमा** એ **आलिम** =વિદ્વાન ' નું બહુવચન ) સરકારી ખિતાબ છે. પારસી અને મુસલમાન વિદ્વાનોને અપાય છે.

**શમશેર**, સ્ત્રી૦ ( ફા૦ **शम्शेर**, **शम्शीर** شمشیر=તલવાર. **शम**=નખ, + શેર=સિંહ, તલવારનો ઘાટ સિંહના નખ જેવો વાંકો હોય છે માટે ) તલવાર.

**શમશેરબહાદુર**, વિ૦ ( ફા૦ **शम्शेर् बहादुर** شمشیربهادر=બહાદુર માણસ) તરવાર વાપરવામાં બહાદુર માણસ.

**શમા**, સ્ત્રી૦ ( અ૦ **शमअ** شمع=મીણ, મીણબત્તી ) દીવી. ' શમાપર જાય પરવાના, મરે શીરીં ઉપર ફર્હાદ. '

ગુ. ગ.

**શમ્સતબ્રેજ**, પુ૦ ( અ૦ **शम्स्**+ **तब्रीज** ફા૦ ઇરાનમાં શહેર છે. **शम्सितब्रीज** شمس تبریز=એક પ્રખ્યાત વલીનું નામ છે. ) તબ્રીજમાં જન્મેલા એક પ્રખ્યાત કવિનું નામ. એમની કવિતા વેદાંત પ્રદર્શક છે.

**શરણાઈ**, સ્ત્રી૦ ( ફા૦ **शहनाइ** شہنائی=શહ = મોટો + નાઇ = વાંસ. પોલી લાકડી. શરણાઇનો આકાર લાંબા વાંસ જેવો હોય છે માટે ) સરણાઇ, રાવળીઆ વગાડે છે તે, ભૂંગળ.

**શરત**, સ્ત્રી૦ ( અ૦ **शर्त** شرط=હા પાડવી, શરત કરવી ) નક્કી કરવું, કોલકરાર કરવા.

**શરબત**, પુ૦ ( અ૦ **शर्बत** شربت=એક વખત પિવાય એટલું. પીવાની વસ્તુ. શરબ=તેણે પીધું ઉપરથી ) લીંબુ નારંગી વગેરે ફળનો રસ પાતળી ચાસણી સાથે મેળવીને બનાવેલું પેય-પીણું.

**શર્બરા**, સ્ત્રી૦ ( ફા૦ **सर्बराह** سربراه=બંદોબસ્ત કરનાર, નિયામક ) સેવા ચાકરી, સરભરા.

' ક્ષણે ક્ષણે પ્રશ્ન પૂછે મનોહરા,
કરે અવિચ્છિન્ન અખંડ શર્બરા. '

સુ. ગ.

**શરમ**, સ્ત્રી૦ ( ફા૦ **शर्म** شرم = લાજ ) સ્વભાવનો જે વિવેકી સંકોચ તે. લાજ.

**શરમાવવું**, અ૦ ક્રિ૦ ( ફા૦ **शर्म** شرم ઉપરથી ગુજરાતી ક્રિયાપદ ) કોઇને સંકોચમાં નાખવું, શરમ પાડવી.

**શરમાવું**, અ૦ ક્રિ૦ ( ફા૦ **शर्म** شرم ઉપરથી ગુજરાતી ક્રિયાપદ ) સંકોચાવું, લાવવું.

**શરમાળ**, વિ૦ ( ફા૦ **शर्म** شرم ઉપરથી) વિવેક, નરમ સ્વભાવનું.

**શરમિંદગી**, સ્ત્રી૦ ( ફા૦ **शर्मिंदगी** شرمندگی=શરમ) શરમ, ગેરીઅત.

**શરમિંદુ**, વિ૦ (ફા૦ **शर्मिंदह** شرمنده =શરમાયેલો ) શરમથી ઝાંખું.

' બ્રાહ્મણે મને જોયો, એટલે તે શરમિંદો થઇ ગયો અને નાસવા લાગ્યો. ' ર૦ મા૦ પુ૦ ૧.

' બહાદુરીનું નામ લેવું કે બાળક શરમિંદું થઇ જશે. ' નં. ચ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શરાફત**, સ્ત્રી૦ ( અ૦ **शराफत** شرافت= બુઝુર્ગી, ભલમણસાઇ ) માણસાઇ, માણસપણું, લાયકી.

'ચલાવું વહાણ આંસુમાં, મગર તારી શરાફતપર ' દી૦ સા૦

**શરાબદાર**, પુ૦ ( અ૦ **शराब्+दार** ફા૦ પ્ર૦ **शराब्दार** شرابدار=શરાબવાળો) મદ્ય રાખનાર, દારૂવાળો. ' તેને શરાબદારની જગા આપી. ' મિ. સિ.

**શરાબ**, પુ૦ ( અ૦ **शराब** شراب=પીવાની વસ્તુ, પાણી, શરબત વગેરે. શરબ= પીધું ઉપરથી, ફારસીમાં શરાબ=મદ્ય) મદ્ય, પીવાનો દારૂ.

' શરાબ તો બિલ્કુલજ દૂર. ' નં. ચ.
' શરાબ તેરા ખાના ખરાબ. ' ગુ. કે૦

**શરાબબાજી**, સ્ત્રી૦ ( અ૦ **शराब्+बाजी** ફા૦ પ્ર૦ **शराब्बाजी** شراببازی= દારૂની રમત) દારૂ પીવાની ગમત કરવી.

**શરાબી**, વિ૦ ( અ૦ **शराबी** شرابی = દારૂડીઓ ) દારૂ પીનાર.

' તે વેળાનો જડજ શરાબી હતો. ' નં૦ ચ૦

**શરીઅત**, સ્ત્રી૦ (અ૦ **शरीअत** شریعت= ધર્મના કાયદા, તરીકા, રસ્તો ) ધર્મ માર્ગ, ધાર્મિક નિયમો.

' છું શરીઅત, છું તરીકત, છું હકીકત, મારફત; એમ ઘેલાં બોલીને, બસ ગાઉં છું તારી સિફત. ' ગુ૦ ગ૦

**શરીઆમ**, વિ૦ ( અ૦ **आम + शाह्राह** ફા૦ મળીને **शाह्राहिआम** شاهراهعام =ઘણા લોકો જતા હોય તે રસ્તો. શાહરાહ=મોટો માર્ગ, આમ=સામાન્ય ) સરીઆમ રસ્તો. મોટો રસ્તો.

' પછી તેના મડદાને શરેઆમમાં ઘસડી આણ્યું. ' નં૦ ચ૦

**શરીક**, વિ૦ ( અ૦ **शरीक** شریک=ભાગીઓ. શરક=તેણે ભાગ પાડયો ઉપરથી) ભાગીદાર, શામિલ થએલો.

**શરીકત**, સ્ત્રી૦ ( અ૦ **शिर्कत** شرکت= ભાગીઆ થવું) ભાગ રાખવો, સાથે મળવું.

**શરીફ**, વિ૦ ( અ૦ **शरीफ** شریف= મોટી પદવીનો માણસ, શરફ=તે મહાન પુરૂષ થયો ઉપરથી) પ્રતિષ્ઠિત, આબરૂવાળો.

**શરીફાના**, વિ૦ (અ૦ **शरीफ्+आनह** ફા. પ્ર. સજ્જનતા) મોટાઇને છાજે એવું કૃત્ય.
' શરીફાના ખસલતવડે મામુર હોવાથી મારો ખજાનો આકિબતમાં કામ આવશે.' બા. બા.

**શરૂ**, વિ૦ ( અ૦ **शुरूअ** شروع=આરંભ ) ચાલુ, ચાલતું, મંડાયલું.

**શરૂઆત**, સ્ત્રી૦ ( અ૦ **शुरूअ** ઉપરથી ગુ૦ પ્ર૦=આરંભ ) આરંભ, મૂળ, મંડાણ.

**શરે**, પુ૦ ( અ. **शरअ** شرع=મુસલમાની ધર્મ. **शरअ**=કાયદો પાસ કર્યો ઉપરથી) મુસલમાની કાયદો, શરેહ.

' કાજીજી શરેહની કિતાબ ઉથલાવી શેર બોલ્યા. ' નં. ચ.

**શરેઆમ**, વિ. શરીઆમ શબ્દ જુઓ.

**શર્મ**, સ્ત્રી૦ શરમ શબ્દ જુઓ.

**શવાલ**, પુ૦ ( અ૦ **शव्वाल** شوال=મુસલમાની ૧૦ મો મહીનો. રમજાન પછી આવે છે. એની પહેલી તારીખે રોજાઇદ હોય છે. **शवल**=ઉઠાવ્યું ઉપરથી. અરબ લોકો એ મહીનામાં ઘેરથી મુકામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઊઠાવી શિકારે જતા હતા માટે) મુસલમાની ચાંદ્રવર્ષનો ૧૦ મો મહિનો.

**શહ**, સ્ત્રી૦ ( ફા૦ **शाह**નું ટુંકું રૂપ. **शह** شہ=બાદશાહ, સુલતાન ) શેહ, શરમ. 'મસ્તાનની શત્રંજમાં શહ, શાહની જરીએ નહિ.' ગુ. ગ.

**શહા**, શાહ જુઓ.

**શહાદત**, સ્ત્રી૦ ( અ૦ **शहादत**=સાક્ષી, ખરી ખબર, ધર્મયુદ્ધમાં માર્યા જવું ) સાક્ષી આપવી.

'શહાદતપર મગર નાના જીવું તારી સખાવત પર.' દી. સા.

**શહીદ**, વિ૦ ( અ૦ **शहीद** شہید=ધર્મયુદ્ધમાં માર્યો ગએલો ) ધર્મયોદ્ધો.

'સાધુઓ તથા શહીદોની કબરો તથા હાડકાંને ખુદાઇ માન આપતા હતા.' ક. ઘે.

'જિહાદમાં અન્યધર્મી શત્રુના હસ્તથી જે મુસલમાન મરાય છે તે શહીદ કહેવાય છે.' બા. બા.

**શહુર**, સ્ત્રી૦ ( અ૦ **शुऊर** شعور=જાણવું, દરયાફ્ત કરવું ) હોશ, આવડત.

**શહેર**, ન૦ ( ફા. **शहर** شہر=નગર) શહેર પુર, મોટું ગામ.

**શહેરી**, વિ૦ ( ફા૦ **शहरी** شہری=નાગરિક) શહેરનું, શહેર સંબંધી.

**શંખજીરૂં**, ન૦ ( ફા૦ **संगिजराहत** سنگ جراحت=સંગ=પત્થર+જરાહત=જખમ, ઘા. એક જાતનો પત્થર છે જેને ઘસીને જખમ ઉપર છાંટવાથી લોહી બંધ થઇ જાય છે ) ખડી જેવી ઔષધિ, એક દવા.

**શા**, વિ૦ ( ફા૦ **शाह** شاہ=બાદશાહનું ટુંકું રૂપ ) આબરૂદાર, મોટો વેપારી.

**શાઇ**, સ્ત્રી૦ ( ફા૦ **सियाही** سیاہی=કાળાશ. આ શબ્દ હિંદી ફારસી છે. ઇરાનમાં સાહીને **मुरक्कब**=મિશ્રણ કહે છે ) લખવાની શાહી.

**શાઇદ**, અ૦ ( ફા૦ **शाइद** شاید=લાયક, યોગ્ય, ઘણું કરીને, શકય) વખતે, ઘણું કરીને. 'શાઇદ અજાયબ આદમી.' ગુ. ગ.

**શાગરિત**, પુ૦ ( ફા૦ **शागिर्द** شاگرد=શિષ્ય, ચેલો. **शाह**=બાદશાહ+**गिर्द**=ચારે તરફ. બાદશાહની ચારે તરફ ફરનાર, નોકર, ચાકર, વિદ્યાર્થી ) સાથે કામ કરનાર, સહાયક, મદદગાર.

**શાગીર્દ**, પુ૦ ( ફા૦ **शागिर्द** شاگرد=શિષ્ય, ચેલો, શાહ. બાદશાહ+ગિર્દ=ચારે તરફ ફરનાર) સહાયક, મદદગાર.

'બાઇ અને તેના શાગીર્દ હરેક રીતે તેનું કાસળ કાઢે.' અં. ન. ગ.

'નવા સાગિર્દને સૌથી મોટો નિશાળીઓ પોતાની સોડમાં લેતા.' નં. ચ.

**શાજોગ**, વિ૦ ( ફા૦ **शाह**=બાદશાહ. ) લઇ આવનારને તરતજ નાણું આપવાં પડે એવો લેખ.

**શાણું**, ન૦ ( અ૦ **सिह्नक** صحنک=રકાબી, થાળ ) ચપણીઉં, શકોરૂં, મોટું પહોળું કોડીઉં.

'શાણકામાં ખાઇને જાય છે, તો પછી ઘણી અગત્ય પડયા વિના પાછા આવતા નથી.' રા. મા. ભા. ૧.

**શાદી**, સ્ત્રી૦ ( ફા૦ **शादी** شادی=ખુશી આનંદ ) વિવાહ, લગ્ન.

'પણ અમારા ભાઇ ભત્રીજાઓમાંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇની ( કુંવરી ) પાદશાહ લાયક હશે તો અમે તેની સાદી આપ સાથે કરીશું. રા. મા. ભાગ ૧

**શાન**, સ્ત્રી૦ ( અ૦ **शान** شان=મોટાઇ. પ્રતિષ્ઠા ) ચહેરાનો દેખાવ, શીકલ, રૂપ.

**શાનખત**, ન૦ ( ફા. **शान्**=તેના હકમાં+**खत**, અ૦ કાગળ, કરાર, شانخط=આ ખત તેના હકમાં છે ) તાબાનો કરાર.

**શાનદાર**, વિ૦ ( અ૦ **शान+दार** ફા. પ્ર. **शान्दार** شاندار=ભપકાવાળો, સુશોભિત ) ઘાટીલું, સારા દેખાવનું.

**શાન સોગાત**, સ્ત્રી૦ ( અ૦ **शानोशव्कत** شانوشوكت **शान**=ભપકો+**शव्कत**=શક્તિ, દબદબો=ભપકો, દાબ ) છેલાઇ, ફાંકડાપણું, બાહોશી, હોશિઆરી.

**શાબાન**, પુ૦ ( અ૦ **शअ्बान** شعبان=મુસલમાની વર્ષનો આઠમો મહીનો ) રમજાન પહેલાંનો મહીનો.

**શાબાશ**, પુ૦ ( ફા૦ **शाद्बाशनुं** ટુંકું રૂપ **शाबाश** شاباش **शाद**=ખુશી, **बाश**=થાઓ. ખુશ થાઓ ) પરાક્રમ કે બીજા સારા કામ માટે તે કરનારને ઉત્તેજન આપવું અથવા વખાણ કરવાં તે.

**શાબાશી**, સ્ત્રી૦ ( ફા૦ **शाद्बाशीनुं** ટુંકું રૂપ **शाबाशी** شاباشی=ખુશ થવાપણું) શાબાશ એમ કહેવું તે.

**શાબિત**, વિ૦ .( અ૦ **साबित** ثابت=પુરૂં, સંપૂર્ણ, આખું ) પુરવાર કરેલું હોય એવું, ખાતરીનું.

**શાબિતી**, સ્ત્રી૦ ( અ૦ **सबूत** ثبوت=દલીલ, સત્યતા, દઢતા ) પ્રમાણ, દાખલો.

**શાબુત**, વિ૦ ( અ૦ **साबित** ثابت=પુરેપુરૂં, સંપૂર્ણ, આખું ) જેમને તેમ અસલ હાલતમાં રહેલું.



**શાબુતી**, સ્ત્રી૦ ( અ૦ **सबुत** ثبوت=દલીલ, સત્યતા, દઢતા,) પ્રમાણ, દાખલો, પુરવારી.

**શાબેલા**, પુ૦ ( ફા૦ **शाह्बाला** شاهبالا=વરઘોડામાં આવનાર માણસો ) વરની સાથે આવનાર માણસો, જાનૈયા.

'આ તો રૂડું ને રઢિઆળું રે, જાદવના પુત્ર સાબેલડા રે; આ તો રૂડું ને રસાળું રે, અશ્વે ચડિઆ અલબેલડા રે.' અભિ૦આ૦

**શામિલ**, વિ૦ ( અ૦ **शामिल** شامل=ભેગા મળવું. **शमल**=સમાયું ઉપરથી અંદર ભળેલું, ) સાથી, જોડીઓ.

**શાયક**, વિ૦ ( અ૦ **शाइक** شائق=ઇચ્છા રાખનાર, શોખ રાખનાર ) ઇચ્છાવાળો.

'ખરૂં પૂછાવો તો અંગ્રેજી અમલદારીના અમે તો શાયક થયા હતા.' નં૦ ચ૦

**શાયર**, પુ૦ ( અ૦ **शाइर** شاعر=કવિ. **शअर**=તેણે જાણ્યું ઉપરથી ) કવિ, વિદ્વાન, પંડિત.

**શાયરકોઠો**, પુ૦ ( અ૦ **सायर**+કોઠો ગુ. سائر= બજારમાં લેવાતો વેરો ) દાણ, માલ ઉપરનો વેરો.

'જુલમેશ્વરે શાયરકોઠાનો ઇજારો પોતાની એક માનીતી ગુણકા નામે ડગણી કુંવરને આપેલો હતો.' અં. ન. ગ.

**શાલ**, સ્ત્રી૦ ( ફા૦ **शाल** شال=ઊંચી જાતનું ભરેલી કિનારનું ઓઢવાનું ઊનું વસ્ત્ર ) શાલ જોટો.

'શાલ દુશાલા ઓઢતા, ઝીણા જરકશી જામાજી, તેણે રે રાખી કંથા ગોદડી, સહે શિર શીતઘામજી.' સ. ચં. ભા. ૧.

**શાલદુશાલા**, પુ૦ ( ફા૦ **दुशालह** دوشاله દુ=બે. શાલા, શાલ. બેવડી શાલ, એકવડીને શાલ કહે છે ને બે ફરદ હોય તો દુશાલા કહે છે ) બે ફરદની શાલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'શાલ દુશાલા ઓઢતા, ઝીણા જરકશી જામાજી, તેણેરે રાખી કંથા ગોદડી, સહે શિર શીતધામજી.' સ. ચં. ૧

**શાહ,** પુ૦ (ફા૦ **शाह** شاہ=બાદશાહ) ઇરાનના રાજાનો ઇલ્કાબ. નાણાવટી, વહેવારીઓ.

**શાહજાદી,** સ્ત્રી૦ (ફા૦ **शाहज़ादी** شاہزادی જાદન=જન્મ આપવો ઉપરથી બાદશાહની કુંવરી) બાદશાહની દીકરી.

**શાહજાદો,** પુ૦ (ફા૦ **शाहज़ादह** شاہزادہ=બાદશાહનો કુંવર. **ज़ादन**=જન્મ આપવો ઉપરથી) બાદશાહનો કુંવર.

**શાહજીરૂ,** ન૦ (ફા૦ **संग+जराहत** અરબી મળીને **संगिजराहत** سنگ جراحت **संग**=પત્થર+જરાહત=જખમ, ઘા. એક જાતનો પત્થર છે જેને ઘસીને જખમ ઉપર છાંટવાથી લોહી બંધ થઇ જાય છે) ખડી જેવી એક દવા.

**શાહાળી,** પુ૦ (અ૦ **शह्ला** شہلا=જેની આંખો ઘેટાના જેવી હોય તે સ્ત્રી, કાળાશ વાળી ભુરી આંખ, અથવા રતાશવાળી કાળી આંખ, એક જાતનું નર્ગિસનું ફૂલ જે પીળું ન હોતાં કાળું હોય છે) કમળનું ફૂલ, નર્ગિસનું ફૂલ.

'લ્યો, ત્યારે આ શાહાળી લ્યો. તમારા જેવા નાજુક ને તમારા જેવા રંગવાળો.' સ. ચં. ભા. ૧

**શાહજોગ,** વિ૦ (ફા૦ **शाह** شاہ) સાહુકારને યોગ્ય.

**શાહમૃગ,** ન૦ (ફા૦ **शाहमुर्ग** شاہمرغ અથવા **शुतुर्मुर्ग** شتر مرغ શાહ=મોટો. મુર્ગ=પક્ષી. મોટું પક્ષી, **शुतुर**=ઊંટ+ મુર્ગ=પક્ષી. ઊંટ જેવું મોટું પક્ષી) એક પક્ષી. સહરાના રણમાં થાય છે.

**શાહુવટ,** સ્ત્રી૦ (ફા૦ **शाह** شاہ) સરાફ, નાણાવટીપણું તે.

**શાહી,** સ્ત્રી૦ (ફા૦ **सियाही** سیاہی=કાળાશ) રૂશનાઇ, લખવાની સાહી.

**શાહી,** વિ૦ (ફા૦ **शाही** شاہی=શાહનું, શાહને લગતું) શાહસંબંધી.

**શાહીચુસ,** વિ૦ (ફા૦ **सियाही** سیاہی) સાહી ચુસનાર કાગળ, બ્લોટિંગ પેપર.

**શાહેદ,** પુ૦ (અ૦ **शाहिद** شاہد=હાજર, સાક્ષી. **शहद**=તેણે જુબાની આપી ઉપરથી) સાક્ષી આપનારો.

**શાહેદી,** સ્ત્રી૦ (અ૦ **शाहिदी** شاہدی= સાક્ષી પુરવી) સાક્ષી, શાહિદનું કહેવું તે.

**શાહેબલખ,** પુ૦ (ફા૦ **शाहिबल्ख** شاہ بلخ=બલખના બાદશાહ) એમનું નામ ઇબ્રાહીમ ને પિતાનું નામ અદહમ હતું તે ઉપરથી ઇબ્રાહીમ અદહમના નામથી પ્રખ્યાત છે. એક વખત દાસીએ એમની પથારી પાથરીને પછી વિચાર કર્યો, કે જોઉં એના ઉપર ઊંઘ કેવી આવે છે? થાકેલી દાસી નરમ ને સુગંધી ફૂલવાળી પથારી પર પડતાંજ ઊંઘી ગઇ. બાદશાહે આવીને જોયું તો ક્રોધમાં તેને મારી. પ્રથમ દાસી રડી પડી પણ પાછળથી હસવા લાગી. બાદશાહે રડવા-હસવાનું કારણ પૂછ્યું તો જવાબ આપ્યો, કે હું થોડીક વાર આ પથારી પર સુતી તેમાં આટલો બધો માર ખાધો, તો આખી ઉંમર આપ એના ઉપર સુતા છો, તો આપની શી વલે થશે? એ વિચારથી પ્રથમ તો દુઃખના કારણથી રડી ને પછી હસવું આવ્યું. બાદશાહને વિરાગ ઉત્પન્ન થયો. એક દિવસ બાદશાહે અગાસી ઉપર બે માણસ જોયા તેમને પૂછ્યું કે તમે અહીં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શું કરો છો ? તેમણે કહ્યું કે અમારૂં ઊંટ ખોવાયું છે તે ખોળીએ છીએ. બાદશાહે કહ્યું કે ઊંટ તે વળી અગાસી ઉપર હોય? એને તો જંગલમાં ખોળો. પેલાઓએ જવાબ આપ્યો કે જ્યારે ખુદા તમને ઘરમાં મળે છે તો અમને ઊંટ કેમ ન મળે ? પછીથી રાજાએ રાજપાટ સૌનો ત્યાગ કરી જંગલમાં જઈ ભક્તિ કરવા માંડી અને મહાન્ વલીની પદવી પામ્યા. ગુ૦ વાં૦ મા૦

**શાહેર**, પુ૦ ( અ૦ **शाइर** شاعر=કવિ) કવિ, પંડિત.

**શાહેરી**, સ્ત્રી૦(અ૦ **शाइरी** شاعری=કવિતા) શાઈરનું પદ્ય-કથન તે.

**શિઆ**, વિ૦ ( અ૦ **शीअह** شیعه= મિત્ર, અનુનાયી, અનુસરનાર ) મુસલમાની ધર્મમાં એક ફાંટો છે. એ લોકો હજરત પેગંબર સાહેબ પછી ગાદીએ બેસનાર પહેલા ત્રણ ખલીફાઓને માનતા નથી ફક્ત ચોથા ખલીફાને જ માને છે અને પહેલા ખલીફા તરીકે એ ચોથા ખલીફાનો હક્ક હતો એમ કહે છે. એ ચોથા ખલીફા ( હજરતઅલી ર. અ. ) ને તેમના વંશને જ માને છે.

'હજરત મુહંમદ પેગંબરના જમાઈ અને શીઆ ધર્મના પ્રથમ ઈમામ હજરતઅલીને કોઈએ પૂછ્યું, કે દુનીઆ ક્યાંથી શરૂ થઈ, તો તેણે ઉત્તર આપ્યું કે આદમથી. સિ૦ સા૦

**શિકલ**, સ્ત્રી૦ ( અ૦ **शक्ल** شکل=સુરત, ચહેરો ) મુખાકૃતિ.

**શિકસ્ત**, સ્ત્રી૦ ( ફા૦ **शिकस्त** شکست =હાર, તૂટ. શિકસ્તન=તોડવું, તૂટવું ઉપરથી ) મહાત, પરાભવ, પરાજય.

'ફોજને શિકસ્ત આપવાને પોતાની છાવણીમાંથી રવાના થયો.' બા. બા.

**શિકાયત**, સ્ત્રી૦ (અ૦ **शिकायत** شکایت ગિલ્લા કરવા, **शका**=ફર્યાદ કરવી ઉપરથી ) ફર્યાદ કરવી, સામા માણસની ભૂલ કાઢવી, ગિલ્લા કરવા.

'ન કર અમૃત શિકાયત કે એ બુત પત્થરો છે બસ.' ગુ. ગ.

૧શિકાર, પુ૦ ( ફા૦ **शिकार** شکار=જાનવરને મારવાનો ઇરાદો કરવો, મારેલું જાનવર ) ગમત કસરત કે ખોરાકને માટે જનાવર પાછળ તેને મારવા જવું તે. મૃગયા.

**શિકારી**, પુ૦ ( ફા૦ **शिकारी** شکاری= શિકાર કરનાર ) શિકાર કરવાને યોગ્ય જનાવર.

**શિકારૂ**, વિ૦ ( ફા૦ **शिकारी** شکاری= શિકાર કરનાર ) શિકારી, શિકાર કરનાર.

**શિક્કાઈ**, વિ૦ ( ફા૦ **सिक्कह** سکه=રાજાની મોહોરવાળો સિક્કો ) શિક્કાઇ ને બાબાશાહી બેઉ જાતના સિક્કા ગુજરાતમાં ચાલતા હતા.

**શિતાબ**, પુ૦ ( ફા૦ **शिताब** شتاب=તત્કાળ, ઝટપટ ) ઉતાવળું, જલદ, એક જાતની વનસ્પતિ.

**શિતારો**, પુ૦ ( ફા૦ **सितारह** ستاره= તારો ) તારો, ભાગ્ય, નસીબ.

'જો તેનો સિતારો પાંશરો હોય, તો સાહેબ બે બોલ બોલે.' અં. ન. ગ.

**શિતાબી**, સ્ત્રી૦ ( ફા૦ **शिताबी**, شتابی ઉતાવળ) ત્વરા, ઝટ.

'ત્યાંથી શીતાબી નીકળી, ગાફેલ હું ગાંડો થયો.' કલાપી.

**શિફારસ**, સ્ત્રી૦ (ફા૦ **सिफारिश** سفارش =સોંપણી, કોઈને માટે ભલામણ કરવી, સહાય ) લાગવગ, ભલામણ કરવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શિરજોર,** વિ૦ ( ફા૦ **शहज़ोर** شہزور= બળવાન, શહ=મોટો, જોર=બળ. વિશેષ બળવાળો ) આપ બળના અભિમાનથી કામ કરનાર, માથાફરેલ.

**શિરજોરી,** સ્ત્રી૦ ( ફા૦ **शहज़ोरी** شہزوری =અતિશય બળ **शह**=મોટો+**ज़ोर**=બળ ) આપ બળની ખુમારી.
'પુરાણી શહજોરીની વાતો કરતા.' નં.ચ.

**શિરતાજ,** પુ૦ ( ફા૦ **सर्ताज** سرتاج= ઓઢણી ) શિરછત્ર, માથાનો મુગટ.
'કાજ કરે પતરાજથી, દગલબાજ શિરતાજ.' ક. દ. ડા.

**શિરનામું,** ન૦ ( ફા૦ **सर्नामह** سرنامہ= કાગળનું મથાળું. **सर**=માથું+**नामह**= કાગળ ) નામ, ઠામ ને પત્તો, નામનિશાનની ઓળખ તે.

**શિરપાવ,** પુ૦ ( ફા૦ **सरोपा**=બક્ષિશ ) સરપાવ, પોશાકની ભેટ.
'હા, સસરાજીને કારભાર મળ્યો, ને કાલેજ શીરપાવ થયો.' સ. ચં. ભા. ૨.

**શિરપેચ,** પુ૦ (ફા૦ **सर्पेंच** سرپیچ=પાઘડી ઉપર લટકાવવાનું જવાહિર, પાઘડી. પેચીદન=લપેટવું ઉપરથી પેચ ) માથા પરનું કીમતી છોગું, સુંદર તોરો.
'એ અમૂલ્ય રત્ન દિલ્હી નરેશના શીરપેચમાં વિરાજવા સરજાયલું હતું.' નં.ચ.

**શિરબંધી,** વિ૦ ( ફા૦ **सर्बंदी** سربندی= સત્તા, અધિકાર ) તહેનાતનું લશ્કર. કિલ્લાપરની રજવાડાના રક્ષણ માટેની પલટણ.
'જે સીબંદી સરકારના ઉપયોગમાં આવી.' રા. મા.

**શિરસ્તેદાર,** પુ૦ ( ફા૦ **सर्रिश्तहदार** سررشتہدار=હેડ ક્લાર્ક. સર=છેડો, ટોચ; રિશ્તા=દોરી+દાર=વાળો=દોરીનો છેડો જેના હાથમાં છે તે માણસ, ખાતાનો વહીવટ સીરસ્તેદાર કરે છે માટે. (૨) સરરિશ્તા=યુક્તિ+દાર=વાળો=યુક્તિ વાળો, યુક્તિબાજ ) અમલદારના હાથ તળે કામ કરનાર મુખ્ય કારકુન.

**શિરસ્તેદારી,** સ્ત્રી૦ ( ફા૦ **सर्रिश्तहदारी** سررشتہداری=હેડ ક્લાર્કપણું ) શીરેસ્તદારનું કામ, શીરસ્તેદારનો ઓહદો.

**શિરસ્તો,** પુ૦ ( ફા૦ **सर्रिश्तह** سررشتہ =યુક્તિ, કાયદો, દસ્તુર ) પ્રથા, નિયમ, ધારો.
'સંપી સુધારી હરેક શીરસ્તો, સૌ સુખસાજ કરો બહુ સસ્તો.' ક. દ. ડા.

**શિરી,** સ્ત્રી૦ ( ફા૦ **शीरीन** شیریں=ગળ્યું, મીઠું ) મિઠાશ.

**શિરીન,** વિ૦ ( ફા૦ **शारीन** شیریں= મીઠું, મધુરું, ગળ્યું ) પારસી વગેરેમાં સ્ત્રીઓનું નામ હોય છે. ફર્હાદ જેના ઉપર આશક હતો તે સ્ત્રીનું નામ પણ શીરીન હતું.
'શમા પર જાય પરવાના, મરે શીરીં ઉપર ફર્હાદ.' ગુ. ગ.

**શિરો,** પુ૦ ( ફા૦ **शीरह** شیرہ=શરબત, ચાસણી, પાતળી ગળી વસ્તુ ) લોટને ઘીમાં શેકી ગોળ કે ખાંડનું પાણી નાંખી સીઝવેલો ખાવાનો પદાર્થ.

**શિલેદાર,** પુ૦ ( અ૦ **सिलह्**+**दार** ફા૦ પ્ર૦ **सिलहदार**, સિલહ=હથિઆર+દાર =વાળો. سلحدار=હથીઆરવાળો ) હથીઆર રાખનાર, હથીઆરવાળો.
'પટાવતો થોડી જમીન કાઢી આપી શીલેદાર વગેરે રાખે.' અં. ન. ગ.

**શિલક,** સ્ત્રી૦ ( અ૦ **सलख** سلخ=મહીનાનો છેલ્લો દિવસ, ઉપરથી મહીનાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છેલ્લે દિવસે રહેલી બાકી. મુસલમાની ૧ લી તારીખને **गुर्रह** ને છેલ્લીને **सलख** કહે છે ) ખરચ જતાં રહેલા બાકી તે.

**શિવાય,** અ૦ ( અ૦ **सिवा, सिवाय** سوا سواے=બીજું, વગર ) વગર, વિના.

**શિસ્ત,** વિ૦ ( ફા૦ **शस्त** شست=જેને તાકીએ તે ) અનુકૂળ પડતું, લાયક.

**શીઆ,** વિ૦ ( અ૦ **शीअह** شیعه=મુસલમાની ધર્મનો એક ફાંટો ) મુસલમાનોમાં મુખ્ય સંપ્રદાય બે છે, સુંની ને શીઆ. મુસલમાની ધર્મનો ભાગ.
'શિઆ' શબ્દ જુઓ.

**શીરગર,** વિ૦ ( ફા૦ **शीर्गर** شیرگر=વાણાને કાંજી-લાહી પાનાર. **शीर**=દૂધ ) પાંજણીગર, પાંજણી પાનાર.

**શીરો,** પુ૦ ( ફા૦ **शीरह** شیره=શરબત ચાસણી, પાતળી ગળી વસ્તુ ) લોટને ઘીમાં શેકી ગોળ કે ખાંડનું પાણી નાખી સીઝવેલો ખાવાનો પદાર્થ.

**શીશી,** સ્ત્રી૦ ( અ૦ **सुराही** صراحی= દારૂ કે પાણી ભરવાનું વાસણ ) કૂજાના ઘાટનું વાસણ.

**શીશગર,** વિ૦ ( ફા૦ **शीश्गर** شیشگر કાચ બનાવનાર. **शीश**=કાચ ) કાચ બનાવનાર લોકો. કપડવણજમાં એ લોકોની વસ્તી છે.

**શીશો,** પુ૦ ( ફા૦ **शीशह** شیشه=કાચ ) પ્રવાહી ભરવાનું કાચનું ભૂંગળી જેવું પાત્ર.

**શુકન,** ન૦ ( ફા૦ **शुगुन, शुगून** شگن شگون=સારો દેખાવ, શુભાશા ) સારાં માઠાં ચિન્હ.

**શુકર,** પુ૦ ( અ૦ **शुक्र** شکر=ઉપકાર કરનારનો ઉપકાર માનવો, તેની સ્તુતિ કરવી. **शकर**=આભાર માન્યો ઉપરથી ) ઉપકાર માનવો.
" અમે પરવરદેગારના નામનો સુકર કરત. ' ક. ઘે.

**શુકરાના,** પુ૦ ( અ૦ **शुक्र** + **आनह** ફા૦ પ્ર૦ **शुक्रानह** شکرانه=ઉપકાર માનવાપણું ) ઉપકાર માનવો.
' તે વખતે તેમણે પરમેશ્વરના શુક્રાના કીધા. ' ક. ઘે.

**શુબરાત,** સ્ત્રી૦ ( ફા૦ **शबिबरात** شب برات=મુસલમાની શાબાન મહીનાની ૧૪ મી તારીખે આવતો મુસલમાની તહેવાર ) મુસલમાનોનો એક તહેવાર છે. ખુશીની રાત.

**શુમાર,** ( ફા૦ **शुमार** شمار=ગણતરી, હિસાબ ) આશરો, અડસટ્ટો.

**શુમારે,** અ૦ ( ફા૦ **शुमार** شمار=ગણતરી, હિસાબ ) આશરે, અંદાજે.

**શુરૂ,** વિ૦ ( અ૦ **शुरूअ** شروع=આરંભ ) આરંભેલું, મંડાણ કરેલું.

**શેખ,** વિ૦ ( અ૦ **शय्ख** شیخ=વૃદ્ધ, સાહેબ, મોટો, પંડિત ) મુસલમાનોમાં એક જાત છે. સાધારણ રીતે શેખ, સૈયદ, મુગલ ને પઠાણ એ ચાર જાત હિંદુસ્તાનમાં ગણાય છે.

**શેખઅહમદખટ્ટુગંજબક્ષ,** પુ૦ ( **शय्ख अह्मद खट्टू गंजबख़्श** شیخ احمد کھتّو گنج بخش ) સરખેજમાં એમનો રોજો છે. ખટ્ટુ અજમેરની પાસે શહેર છે ત્યાંના, એમના પીર ખટુના હતા. સુલતાન અહમદશાહે અમદાવાદ વસાવવા માટે ૪ અહમદ ને ૧૨ બાબા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકઠા કર્યા હતા તેમાં ચાર અહમદમાં એ પણ એક હતા. ગુ૦ વાં૦ મા૦

**શેખચલ્લી,** વિ૦ ( અ૦ **શયખ** شیخ કલ્પિત નામ છે ) મનગમતા મનસુબા કરનાર, તરંગી.

**શેખડો,** પુ૦ ( અ૦ **શય્ખ** شیخ=શેખનું લઘુતાવાચકરૂપ ) એક જાતના મુસલમાન, જે હિંદુમાંથી થયા છે.

**શેખદાર,** પુ૦ ( અ૦ **શય્ખ+दार** ફા૦ પ્ર૦ شیخدار=શેખવાળો ) કુમાવિસદારનો કારકુન.

**શેખસલ્લી,** જુઓ શેખચલ્લી.

**શેખાઈ,** સ્ત્રી૦ ( અ૦ **શા खी** شیخی= શેખપણું ) પતરાજી, મગરૂરી.

**શેખી,** સ્ત્રી૦ (અ૦ **શય્खी** شیخی= શેખપણું, પતરાજી, મગરૂરી.

**શેખીખોર,** વિ૦ ( અ૦ **શય્खी + खोर** ફા૦ પ્ર૦ **શય્खीखोर** شیخی‌خور શેખી કરનાર ) પતરાજખોર, બડાઇ દેખાડનાર.

**શેજોરી,** સ્ત્રી૦ ( ફા૦ **શહजोरी** شہزوری= બળ, વિશેષ બળ. શહ=મોટું, જોર= બળ, જોરી=બળપણું ) પોતાની શક્તિ, વિશેષ બળ.

**શેતરંજ,** પુ૦ ( અ૦ **शित्रंज** અથવા **शत्रंज** شطرنج ફારસીમાં મૂળ નામ **शश्रंग** ششرنگ હતું. કેમકે એ રમતમાં (૧) બાદશાહ (૨) ફરજીન (૩) ઘોડો (૪) હાથી (૫) રૂખ ને (૬) પ્યાદા એ ૭ પ્રકારનાં મોહોરાં હોય છે. ફારસીમાં ' ૭ ' ને ' શશ ' કહે છે. (૨) કેટલાક કહે છે કે **शुद्रंज** شدرنج શબ્દ છે જેનો અર્થ ' દુ:ખ પડયું ' એવો થાય છે. કેમકે એ રમતમાં રમનારને ઘણું બારીક ધ્યાન આપવું પડે છે, કેટલાક કહે છે કે (૩) **सद्रंज** صدرنج પરથી એ નામ પડયું છે જેનો અર્થ સો દુઃખ થાય છે. ) ચતુરાઇ ભરેલી એક રાજસી રમત. ચોપટ. એમાં પાદશાહ, વજીર, હાથી, ઊંટ, ઘોડો અને પેદળ મળીને ૧૬ મોહોરાં હોય છે. ચોપટમાં ૬૪ ખાનાં હોય છે અને બે જણ પોતપોતાનાં ૧૬ મોહોરાં ગોઠવી રમે છે. એમાં રાજા ઘેરાય એટલે રમત પુરી થઈ એમ ગણાય છે.

**શેત્રંજી,** સ્ત્રી૦ (ફા૦ **शत्रंजी** شطرنجی= પાથરણું ) રંગદાર પટા અથવા ચોકડીઓ પાડીને વણેલું જાડપોતું પાથરણું.

**શેતાન,** પુ૦ ( અ૦ **शय्तान** شیطان =ખુદાનો હુકમ ન માનવાથી ધિક્કારી કાઢેલો. અસલ એ મહાન ફિરસ્તો હતો, પણ હુકમ ન માનવાથી હાંકી મૂકયો. **शतन**=તેણે બળવો કર્યો ઉપરથી ) ભયંકર ક્રૂર કર્મ કરનારો દુષ્ટ દેવદૂત.

' કુરાનમાં પણ સેતાન ઉપરાંત એક ઇબ્લીસ નામે તેના જેવોજ ફિરસ્તો કહેલો છે. ' સિ૦ સા૦

**શેતાનિયત,** સ્ત્રી૦ ( અ૦ **शय्तान+इयत** મળીને **शय्तानियत** شیطانیت= શેતાનપણું ) શેતાની, શેતાનપણું.

**શેતાની,** સ્ત્રી૦ ( અ૦ **श तानी** شیطانی =શેતાનપણું ) શેતાનિયત.

**શેતુર,** ન૦ ( અ૦ **तूत** توت **शह**=મોટું+ તૂત મળીને **शहतूत** અથવા **शाहतूत** ને તે પરથી શેતુર ) એક જાતનું ઝાડ. રેશમ બનાવનાર કીડા એનાં પાંદડાં ખાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શેર**, પુ૦ (ફા૦ **शेर** شیر=સિંહ) વાઘ, ચિત્તો.

**શેરઅફ્ઘાન**, વિ૦ ( ફા૦ **शेरअफ्गन** شیرافگن=સિંહને પછાડનાર. **शेर**=સિંહ +**अफ्गन्दन** = ફેંકવું ઉપરથી અફ્ગન= ફેંકનાર ) સિંહને પછાડનાર. નુરજહાંના ધણીને જહાંગીરે એ ખિતાબ આપ્યો હતો.

**શેરીફ**, વિ૦ ( અ૦ **शरीफ** شریف=બુઝુર્ગ, પ્રતિષ્ઠિત; ઉંચી જાતનો ) એક પદવી છે જે મોટાં શહેરોમાં સરકાર રૈયતમાંના લાયક માણસને આપે છે.

**શેરીલોબાન**, પુ૦ ( અ૦ **शह्रीलूबान**= شہری لوبان એક પ્રકારનો ગુંદર જે બાળવાથી સુગંધ આપે છે અથવા **सर्वीलूबान** سروی لوبان—સર્વ એક ઝાડ છે) એક જાતના ગુંદરનો ધૂપ.

**શેહ**, સ્ત્રી૦ (ફા૦ **शह**=બાદશાહ) હરાવવો.

**શેહજોર**, વિ૦ (ફા૦ **शह्‌जोर** شہزور= ઘણી તાકતવાળો ) બળવાન, બહાદુર, વીર પુરૂષ.

**શેહજોરી**, સ્ત્રી૦ (ફા૦ **शह्‌जोरी** شہزوری ઘણું બળ ) વીરપણું, બહાદુરી.

**શેહદા**, વિ૦ ( ફા૦ **शय्‌दा** شیدا= ગાંડો, આશિક ) આસક્ત, ચાહનાર.

‘ હમે શયદા થયા જેના, સદાએ નામને જપતા. ’ ગુ૦ ગ૦

**શહેનશાહ**, પુ૦ ( ફા૦ **शाहिंशाहान** ઉપરથી અનુક્રમ ફરી જઇને **शाहानिशाह** ઉપરથી ટુંકું રૂપ. **शहेनशाह** شہنشاہ=બાદશાહોનો બાદશાહ, મહારાજા ) મોટો રાજા, સામ્રાટ.

**શહેનશાહી**, વિ૦ ( અ૦ **शाहनशाही** ઉપરથી **शहनशाही** شاہنشاہی=મહારાજાપણું ) શહેનશાહતને લગતું.

**શેહેર**, ન૦ ( ફા૦ **शह्र** شہر=શહેર ) નગર.

**શેહેરપનાહ**, પુ૦ ( ફા૦ **शह्‌पनाह** شہرپناہ=શહેરનું રક્ષણ કરનાર, કોટ, કિલ્લો ) કોટ.

‘ પછી શહેરપનાહે શહેરીઓનું રક્ષણ કર્યુ. ’ નં૦ ચ૦

**શેહેરી**, વિ૦ ( ફા૦ **शह्री** شہری=શહેરનું ) નાગરિક, સારી રીતભાતનું, સભ્ય.

**શેહેવત**, ન૦ (અ૦ **शह्‌वत** شہوت=ઇચ્છા, ભૂખ, તરસ, કામવાસના ) વિષયસુખની ઇચ્છા, હવસ.

**શોખ**, પુ૦ ( અ૦ **शव्‌क** شوق=ખાહિશ, ઇચ્છા, મરજી શાક=ઇચ્છા ઉત્પન્ન થઇ ઉપરથી ) હોંસ, ચાહ, ઇચ્છા.

**શોખી**, વિ૦ ( અ૦ **शव्‌कीन** شوقین= કોડીલું ) સુખાનંદની ઇચ્છાવાળું.

**શોખીલું**, વિ૦ ( અ૦ **शव्‌कीन** شوقین ઉપરથી=કોડીલું ) આનંદની ભાવનાવાળું.

**શોબેદો**, પુ૦ ( અ૦ **शुअबदह** شعبدہ= દેખાડવાની રમત, બાજીગરી ) હાથચાલાકીની રમત. ચમત્કારી રમત.

**શોર**, પુ૦ ( ફા૦ **शोर**=شور=ઘૂમરાણ. શોરીદન=શોર કરવો ઉપરથી ) ગોંધાટ, કોલાહલ.

**શોરબકોર**, પુ૦ ( **शोर** ફા૦+**बुका**, અ૦= રડવું. **शोरोबुका** شوروبکا=ઘૂમરાણ ને રડવું ) ગોંધાટ, કોલાહલ.

‘ વડ નીચે ઉઠતો શોરબકોર પણ અંધારામાં કાન ઉપર અફળાતો. ’ સ. ચં. ભા. ૨

**શોલો**, પુ૦ ( અ૦ **शुअ्लह** شعلہ=ભડકો ) બળતું થવું તે.

‘ લગાવો ઝેરની ફુંકો, જગાવો આગના શોલા. ’ ગુ૦ ગ૦

**શોહર**, પુ૦ ( ફા૦ **शव्हर** شوہر=ખાવિંદ, ધણી ) સ્વામી, પતિ, માલિક.

‘ તે બીચારીને પોતાના શૌહરની કબ્ર પર ચાર આંસુ ખેરવાનું પણ નસીબમાં ન હતું. ’ બા૦ બા૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## स. स.

**સય્યદ,** પુ૦ ( અ૦ **सैयिद** سیّد=સરદાર, આગેવાન. સાદ=તે ધણી હતો ઉપરથી ) મુસલમાનોની એક જાત. હજરત પેગંબર સાહેબ ( સ. અ. )ની દીકરી હજરત ફાતિમા( ર. અ )ના વંશજો. મુસલમાનોમાં સૈયદ સૌથી ઉંચા ગણાય છે.

**સકન,** પુ૦ (ફા૦ **शुगुन शुगून** شگون شگن શુભાશા ) શુકન, શુભ સંગમ, ચિહ્ન.

**સકલાત,** સ્ત્રી૦ ( અ૦ **सिक्लात, सकिलात** سقلات سقلاط=બનાત, ઊનનું લુગડું ) જાડા તંતુનું પણ મુલાયમ કાપડ.

'ગજેણીય જાજમ તકિઆ, સકલાત રૂપ વિશાળ.

**સકંચો,** પુ૦ ( ફા૦ **शिकंजह** شکنجہ= અપરાધીઓને શિક્ષા કરવાનો એક પ્રકારનો સંચો ) સંચો, યંત્ર, હેડ, દબાણ.

**સક્કર,** સ્ત્રી૦ ( ફા૦ **शकर** કે **शक्कर**=شکر ખાંડ )સાકર, ખાંડ.

**સક્કઇ,** વિ૦ ( ફા૦ **सिक्कह** سکہ=સિક્કા ઉપરથી ) સિક્કાવાળું, સુંદર, મજેનું.

**સક્કરટેટી,** સ્ત્રી૦ ( ફા૦ **शकर, शक्कर** شکر ) ટેટી, ખડબુચું.

**સક્કરપારો,** પુ૦ ( **शकर्पारह** شکرپارہ= એક જાતની મીઠાઇ. **पारह**=કટકો ) ગળપણ નાંખીને બનાવેલી ભાખરીનો તળેલો કડકો.

**સક્કસ,** વિ૦ ( ફા૦ **सख्त** سخت=મજબૂત ) દઢ.

**સક્કાઇ,** વિ૦ ( ફા૦ **सिक्कह** سکہ ઉપરથી ) સરસ છાપવાળું, સિક્કાદાર.

**સકકો,** પુ૦ ( ફા૦ **सिक्कह** سکہ=ઉપરથી ) સુંદર છાપ, મોહોરો.

**સક્કા,** પુ૦ ( અ૦ **सक्का** سقّا=પખાલી, પાણી પાનાર ) ભીસ્તી.

**સકાવો,** પુ૦ ( અ૦ **सकावह** سقاوہ= પાણી રહેવાની જગા ) નાહવા માટે બનાવેલો નાનો હોઝ. (૨) **सिकायह** سقایہ (અ૦) પાણીનું માપ, પાણી પીવાનું વાસણ, જે ઠેકાણેથી પાણી લેતા હોઇએ તે સ્થળ.

**સખત,** વિ૦ ( ફા૦ **सख्त** سخت=કઠણ ) સખ્ત, કઠણ, પોચું નહિ તે.

**સખતાઇ,** સ્ત્રી૦ ( ફા૦ **सख्ती** سختی= કડકી ) બંધી, નિર્દયતા, કઠણાશ.

**સખતી,** સ્ત્રી૦ (ફા૦ **सख्ती** سختی=કષ્ટ, મુસીબત ) સખતાઇ.

**સખલાત,** સ્ત્રી૦ ( અ૦ **सिक्लात, सकिलात** سقلات سقلاط=બનાત, ઊનનું કપડું ) એક જાતનું ગરમ કાપડ, બનાત.

**સખાવત,** સ્ત્રી૦ ( અ૦ **सखावत** سخاوت =દાન ) છુટે હાથે દાન, બખ્શિશ વગેરે આપવું તે.

'સુણજો શ્રોતા કફની કહાણી, કેવી સખાવત એ વખણાણી.' દ. કા. ભા. ૨

**સખાવતી,** વિ૦ ( અ૦ **सखावती** سخاوتی =દાનની સાથે સંબંધ રાખનાર ) દાનેશ્વરી, ઉદાર, દાતા.

**સખી,** વિ૦ ( અ૦ **सखी** سخی=સખાવત કરનાર, પોતે ખાય ને બીજાને પણ ખવરાવે એવો ) દાનેસરી, ઉદાર.

**સખુન,** પુ૦ ( ફા૦ **सुखुन, सुखन, सखुन** سخن=વાત, શબ્દ ) બોલ, વેણ વચન.

'એના મોમાંથી કેટલાક સુખન નીકળ્યા, તેને લીધે મને આપનો હુકમ તોડવાનું પણ વધારે યોગ્ય લાગ્યું છે.' ગુલાબસિંહ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સગીર**, વિ૦ (અ૦ **सगीर** صغیر=નાનો, સગર=તે ઓછું હતું ઉપરથી) કાચી ઉમરનું, નાનું, કાયદેસર વયનું નહિં તે.
'સગીર ઉમરમાં જીવ જોખમમાં ન રહે માટે તે મોસાળ જઈ રહ્યાં હતો.' સ. ચં. ૧

**સજા**, સ્ત્રી૦ (ફા૦ **सज़ा** سزا=બદલો, લાયક, માફક, યોગ્ય, શિક્ષા) શિક્ષા, શાસન, નસીહત.

**સજાવાર**, વિ૦ (ફા૦ **सज़ावार** سزاوار=લાયક, યોગ્ય) સજા કરવા લાયક, શિક્ષણીય.

**સણુંદ**, સ્ત્રી૦ (અ૦ **सनद** سند=ભરોસો કરવાની ચીજ, પ્રમાણપત્ર, દસ્તાવેજ, સર્ટિફિકેટ) પરવાનો, રજાચિઠ્ઠી.

**સતમ**, પુ૦ (ફા૦ **सितम** ستم=જુલમ, અન્યાય) ત્રાસ, પરાકાષ્ટા.

**સતર**, સ્ત્રી૦ (અ૦ **सत्र** ستر=ઢાંકવું) છુપાવવું.

**સતર**, સ્ત્રી૦ (અ૦ **सत्र** سطر=લીટી, પંક્તિ, હાર, લખવું) લીટી, ઓળ, કોલમ.

**સતાર**, પુ૦ (ફા૦ **सितार** ستار=એક પ્રકારનો તંબુરો. **सह**=ત્રણ+તાર. ત્રણ તારનો બનાવેલો માટે. દિલ્હીના પ્રખ્યાત કવિ અમીર ખુસ્રવે પોતાના પીરની બીમારીના વખતમાં તેમને સુખ થવા માટે તેમની આગળ વગાડવા સારૂ એ વાજું પ્રથમ બનાવ્યું) છતારનું થરકાવીને વગાડવાનું તંતુવાદ્ય. સિતાર.

**સતારો**, પુ૦ (ફા૦ **सितारह** ستاره=તારો) ભાગ્ય, નસીબ, ગ્રહ, તારો.

**સદકો**, પુ૦ (અ૦ **सदकह** صدقه=પરમેશ્વરના નામ પર ફકીરોને કંઇ આપવું તે, સદક=તે પ્રામાણિક હતો ઉપરથી) ધર્મદાન.

**સદર**, વિ૦ (અ૦ **सद्र** صدر=છાતી, અંતઃકરણ, ઊંચું, આદિ, શરૂ, આંગણું, અમીર, સરદાર, વજીરથી ઉતરતો ને બીજા બધાથી ચડતો અમલદાર) મુખ્ય. મોટું, વડું.
'એટલે સદર પરવાનગી મળેલી.' સ. ચં. ભા. ૧

**સદરઅમીન**, પુ૦ (અ૦ **सद्रअमीन** صدرامین=એક પદવી છે) ઉંચા દરજાનો ઇન્સાફી અમલદાર.
'સુરત ખાતે સદર અમીન તરીકે આવવાનું થયું.' નં૦ ચ૦

**સદરદીવાનીઅદાલત**, સ્ત્રી૦(અ૦ **सद्रदीवानीअदालत** صدر دیوانی عدالت =દેવા લેણાની ફર્યાદો ચાલે તે મુખ્ય કચેરી. સદ્ર=મુખ્ય, દીવાની=જેમાં લેણાદેણાની ફર્યાદ ચાલે તે, અદાલત=કચેરી) લેણાદેણાની ફર્યાદો ચાલે તે કચેરી.

**સદરપરવાનગી**, સ્ત્રી૦ (ફા૦ **पर्वानगी**. صدرپروانگی=પુરેપુરી રજા) જેમ ફાવે તેમ વર્ત્તવાની છૂટ, કોઇ પણ જાતની આડઆંટી વગર જેમ ગમે તેમ વર્ત્તવાની છૂટ તે.
'એટલે સદરપરવાનગી મળેલી.' સ. ચં. ભા. ૧

**સદરબજાર**, ન૦ (ફા૦ **बाजार** بازار=મુખ્ય બજાર) છાવણીમાંનું બજાર.

**સદરહુ**, વિ૦ (અ૦ **सद्र+हु** صدره=ઉપરનું હુ=તેમનો, ઉપર કહ્યાં તે) ઉપર અથવા આગળ જણાવવામાં આવેલું એવું તે. ઉપરોકત, પૂર્વોકત.

**સદરો**, પુ૦ (અ૦ **सद्रह** صدره=નાનું પહેરણ, છાતી ઢાંકનાર) પારસી લોકો પહેરે છે તે. ટુંકી બાંયનું ખુલતું પહેરણ. પારસી લોકો તેમના ધર્મને લીધે ફરજિયાત શરીરપર રાખે છે તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સદી**, સ્ત્રી૦ ( ફા૦ **सदी** صدی=સેંકડો. સદ ૧૦૦ ઉપરથી) સૈકું, ૧૦૦ વર્ષનો કાળ, શતક.

**સન**, પુ૦ ( અ૦ **सन** سن=વર્ષ. **सिन्न**= દાંત ઉપરથી ) અમુક રાજા કે મોટા બનાવથી ગણાતો વર્ષાનુક્રમ તે.

**સનદ**, સ્ત્રી૦ ( અ૦ **सनद** سند=સર્ટિફિકેટ, પુરાવો ) પરવાનગી, પરવાનો, હુકમ, અધિકારપત્ર.

'ત્યાંના ઇશ્વર પ્રતિનિધિરૂપ પોપ કોઇ પણ ભકતને થોડાકજ રૂપીઆથી સ્વર્ગ ખરીદી આપી શકતા, મહા અપરાધથી ઇશ્વરી માફી મેળવી આપી શકતા, અને એ સારૂ સનદ લખી આપી શકતા.'

સિ૦ સા૦

**સનદી**, વિ૦ ( અ૦ **सनदी** سندی=પ્રમાણપત્રવાળો, પરવાનગીવાળો ) પ્રમાણ પત્રિકાવાળો, પુરાવાવાળો, સનંદી નોકર.

**સનમ**, સ્ત્રી૦ ( અ૦ **सनम** صنم=મૂર્તિ, પ્રિયા ) માશુક, પ્રીતમ.

'કૌવત ગયું ને મર્ઝ ચોંટયો, ગઇ સનમ તો દૂર દૂર.' કલાપી.

**સનુબર**, ન૦ ( અ૦ **सनवबर** صنوبر= એક વૃક્ષ છે જે તદ્દન સીધું હોય છે. એક પ્રકારનું સર્વનું ઝાડ, માશુકના કદને એની ઉપમા અપાય છે ) એક જાતનું સીધું ઝાડ.

'ઝળકી અમારૂં સર્વ સનુબર નહિ બાહર.' ગુ૦ ગ૦

**સને**, પુ૦ ( અ૦ **सन** سن ઉપરથી=વર્ષ ) સંવતસર, સંવત, વર્ષ.

**સપેત**, વિ૦ ( ફા૦ **सफेद** سفید=ધોળું ) ઉજળું ગોરૂં.

**સફ**, સ્ત્રી૦ (અ૦ **सफ** صف=હાર, પંક્તિ ) બાજુ, કોર.

**સફર**, પુ૦ ( અ૦ **सफर** صفر=મુસલમાની ચાંદ્રવર્ષનો બીજો મહીનો. **सिफ्र**= શૂન્ય ઉપરથી. એ મહીનામાં અરબલોકો પોતાનાં ઘર સુનાં મૂકી દઇને પોતાનાં ઘેટાંબકરાં વગેરે લઇને જ્યાં ઘાસચારો મળે ત્યાં ભટકતા હતા તે ઉપરથી ) મુસલમાની બીજો મહીનો.

**સફર**, સ્ત્રી૦ ( **सफर** سفر=દેશાટન ) વહાણનું એક બંદરેથી બીજે બંદરે જવું તે, મુસાફરી.

**સફરનામું**, ન૦ ( અ૦ **सफर्**+**नामह** ફા૦ પ્ર૦ ઉપરથી **सफर्नामह** سفرنامہ= પ્રવાસનું વર્ણન ) જેમાં પ્રવાસનું વર્ણન હોય તે પુસ્તક.

'સફરનામાંઓ ઘણાં વંચાતાં.' નં. ચ.

**સફરજન**, ન૦ ( અ૦ **सफर्जल** سفرجل= એક મેવો છે, એક ફળ છે જેને 'બહી' પણ કહે છે ) એક ફળ છે. ઝાડ ઉપર અને મરડા ઉપર એનો મુરબ્બો ખવાય છે.

**સફરી**, વિ૦ ( અ૦ **सफरी** سفری= સફર કરનાર ) મુસાફરીનું, સફર કરનારૂં વહાણ.

**સફા**, વિ૦ ( અ૦ **सफा** صفا=ચોકખું ) સારૂં, સ્વચ્છ, નિર્મળ.

'ઘોડાને સફા કરવામાં વળગ્યા હતા.' ક૦ ઘે૦

**સફાઇ**, સ્ત્રી૦ ( અ૦ **सफाइ** صفائی=નિર્મળતા, ચોકખાઇ ) સ્વચ્છતા, નિર્મળતા.

**સફાઇદાર**, વિ૦ ( અ૦ **सफाइ**+**दार** ફા૦ પ્ર૦ صفائیدار=સફાઇવાળું ) ચોકખું.

**સફામરવા**, પુ૦ ( અ૦ **सफावमर्वह** صفا و مروہ સફા અને મર્વા નામની બે ટેકરીઓ મક્કામાં કાબાના દરવાજાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસે છે. હજ્જને દિવસે તે બે ટેકરીઓ-ની વચ્ચે હાજી લોકો દોડે છે ) મક્કામાં બે ટેકરીઓ છે. ગુ૦ વાં૦ મા૦

**સફીલ,** વિ૦ ( અ૦ **फसील** فصیل=કોટ, શહેરની આજુબાજુ રક્ષણાર્થે બાંધેલી ભીંત ) પાસેનું, જોડેનું.

**સફીલદાર,** પુ૦ ( અ૦ **फसील+दार** ફા૦ પ્ર૦ **फसीलदार** فصیلدار=કોટવાળ ) હદે હદના જોડાણવાળો.

**સફું,** ન૦ ( અ૦ **सफहह** صفحه=પૃષ્ઠ, એક તરફ **सफह**=તેણે પોતાનું મોં ફેરવ્યું ઉપરથી ) પૃષ્ઠ, એક બાજુ, એક તરફ.

**સફેત,** વિ૦ ( ફા૦ **सफेद** سفید=ધોળું ) ધોળું, ઉજળું.

**સફેતી,** સ્ત્રી૦ ( ફા૦ **सफेदी** سفیدی=ધોળાશ ) ધોળી, ઉજળી ભૂકી. ઈંડામાં ધોળો પ્રવાહી હોય છે તે.

**સફેતો,** પુ૦ ( ફા૦ **सफेदह** سفیده=ધોળી વસ્તુ, ચાક વગેરે ) ધોળો ભૂકો.

**સફો,** પુ૦ ( અ૦ **सफ़हह** صفحه=પૃષ્ઠ ) એક બાજુ, પૃષ્ઠ.

**સબક,** ન૦ ( અ૦ **सबक** سبق=પાઠ, લેસન, ધડો, **सबक**=તે શ્રેષ્ઠ થયો ઉપરથી ) પાઠ.

**સબજી,** સ્ત્રી૦ ( ફા૦ **सब्जी** سبزی=લીલાશ, **सब्ज**=લીલું ઉપરથી, વનસ્પતિ વગેરે ) ભાંગ, તૈયાર ભાંગ.

**સબજો,** પુ૦ ( ફા૦ **सब्जह** سبزه=લીલાશ. **सब्ज**=લીલું ઉપરથી, લીલું ઘાસ ) એક જાતનો સુગંધીદાર છોડવો.

**સબબ,** પુ૦ ( અ૦ **सबब** سبب=કારણ. **सब**=કાઢ્યું ઉપરથી ) કારણ, હેતુ, ઉદ્દેશ.

**સબર,** અ૦ ( અ૦ **सब्र** صبر=ધીરજ ) રહે, થોભો, અટકો.

**સબી,** સ્ત્રી૦ ( અ૦ **शबीह** شبیه=છબી ) છબી, તસવીર.

**સબુત,** ન૦ ( અ૦ **सबूत** ثبوت=દૃઢતા, મજબુતી ) દલીલ, સત્યતા.

'તેનો આ જીવતો જાગતો સબુત છે.' બા. બા.

**સબુર,** અ૦ ( અ૦ **सब्र** صبر=ધીરજ ) ધીરજ, જરા થોભવું.

'થોડીવાર સબુર કરવાનું કહી તે બહાર આવ્યો.' ક. ઘે.

**સબુરાઇ,** સ્ત્રી૦ ( અ૦ **सब्र** صبر=ધીરજ ઉપરથી ) સબુરી.

**સબુરી,** સ્ત્રી૦ ( અ૦ **सब्र** صبر=ધીરજ ઉપરથી ) ધીરજ, ધીમા, ધીરા રહેવું.

**સમઇ,** સ્ત્રી૦ ( અ૦ **शमअ** شمع=મીણ ઉપરથી. ફારસીવાળા **शमअ** વાપરે છે. દીવી ) પિત્તળની દીવી.

**સમન,** સ્ત્રી૦ ( ફા૦ **समन** سمن=ચંપેલી) ચંપેલીનાં ફૂલ.

**સમલો,** પુ૦ ( ફા૦ **शम्लह** شمله=ફેંટાની પાછળ જે લટકતો ભાગ રહે છે તે, પાઘડીનો તોરો ) મુસલમાન પાઘડીના ઘાટની તારા ટપકી મુકેલી ટોપી.

**સમશેર,** સ્ત્રી૦ ( ફા૦ **शम्शेर** شمشیر=**शम्**=નખ+**शेर**=સિંહ, તલ્વારનો આકાર સિંહના નખ જેવો વાંકો હોય છે માટે) તલવાર.

**સમેદાની,** સ્ત્રી૦ ( અ૦ **शमअ+दान** ફા૦ પ્ર૦ ઉપરથી **शमअ् दान** شمعدان ) સમૈ, પીતળની દીવી.

**સર,** વિ૦ ( ફા૦ **सर** سر=માથું, શક્તિ, સરદાર, ખુલાસો, જત્થો ) ઉપરી, મોટું.

For Private And Personal Use Only

**સરકત,** સ્રી૦ ( અ૦ **शिर्कत** شرکت= ભાગીદારી ) પંત્યાળો ધંધો કરવો તે.

**સરકતી,** સ્રી૦ ( અ૦ **शिर्कती** شرکتی= ભાગીદારી, પંત્યાળું.

**સરકરવું,** સ૦ ક્રિ૦ ( ફા૦ **सर्कर्दन**=સર કરવું, પુરૂં કરવું, તોપ, બંદૂક વગેરેનું છોડવું. તોપ, બંદૂક વગેરે લડાઇના ઉપકરણ છે, ને તે છોડવાથી લડાઈ શરૂ થાય છે. તેથી સરકરવાનો મૂળ અર્થ તો જોકે તોપ બંદૂક છોડવી થાય છે પણ સરકરવું શબ્દ ફતેહ કરવાના અર્થમાં વપરાય છે ) તાબે કરવું, કબજે લેવું તે.

'તે રાજ્ય સર કરીએ છીએ.'

સ. ચં. ભા. ૩

**સરકાર,** સ્રી૦ ( ફા૦ **सर्कार** سرکار=બાદશાહી દરબાર ) પ્રજાનું શાસન કરનારી સત્તા તે.

**સરકારી,** વિ૦ ( ફા૦ **सर्कारी** سرکاری= સરકારનું ) સરકારને લગતું.

**સરકો,** પુ૦ ( ફા૦ **सिर्कह** سرکہ=એક જાતનો ખાટો પદાર્થ ) અત્યંત ખાટો રસ. તાડી, શેલડી, દ્રાક્ષ વગેરેનો ખટાસ આવેલો રસ.

**સરગરમી,** સ્રી૦ ( ફા૦ **सर्गर्मी** سرگرمی =ઉદ્યોગ, અતિશય આસ્થાપૂર્વક કામ કરવું તે ) ચપળતા, હુંશીયારી.

'સત્ય પૂછો તો ઈસ્લામમાં ખરી સરગરમી જ્યારે આવે છે, ત્યારે પુરૂષ પ્રયત્નજ તમે જુઓ છો.' નં. ચ.

**સરગસ,** ન૦ ( ફા૦ **शब्गश्त** شبگشت =રાત્રે ફરવું તે. **शब**=રાત,+**गश्त**=ફરવું. વરઘોડો (૨) **शह्‌गश्त**=શહેરમાં ફરવું) સરગસ વગેરેનો વરઘોડો.

**સરઘસ,** ઉપલો શબ્દ જુઓ.

**સરજોરી,** સ્રી૦ ( ફા૦ **सर्जोरी** سرزوری= બળવો, હુલ્લડ ) સામે થવું, બળજોરી.

**સરણાઈ,** સ્રી૦ ( ફા૦ **शह्‌नय.शह**=મોટો, **नय**=વાંસ ઉપરથી شہنشائی=એક વાજું ) ફૂંકીને વગાડવાનું એક વાજું.

**સરદ,** વિ૦ ( ફા૦ **सर्द** سرد=ઠંડું, ) ટાઢું.

**સરદાર,** પુ૦ (ફા૦ **सर्दार** سردار=અમીર) આગેવાન, મુખી.

°**સરદારી,** સ્રી૦ ( ફા૦ **सर्दारी** سرداری= અમીરપણું, ઉપરીપણું ) આગેવાની.

**સરદી,** સ્રી૦ ( ફા૦ **सर्दी** سردی=ઠંડક) ટાઢક.

**સરનસીન,** પુ૦(ફા૦ **सर्निशीन** سرنشین= પ્રમુખ, નિશિસ્તન=બેસવું ઉપરથી નિશીન=બેસનાર )અધ્યક્ષ, સભાપતિ, પ્રમુખ, ચેરમેન.

**સરનામું,** ન૦ ( ફા. **सर्नामह** سرنامہ= કાગળનું મથાળું ) બીડા ઉપર લખવાનું ઠામ ઠેકાણું.

**સરનોબત,** વિ૦ ( ફા૦ **सर्नव्‌बत** سرنوبت=જેની નોબત આગળ હોય તેવો પદવીવાળો સરદાર. **नव्‌बत** શબ્દ અરબી છે ) જેની આગળ ડંકો હોય તેવો સરદાર.

**સરપંચ,** પુ૦ ( ફા૦ **सर्पंच** سرپنچ=પંચનો વડો ) અધ્યક્ષ.

**સરપાવ,** પુ૦ ( ફા૦ **सरोपा** سروپا= શિરપાવ, સર=માથું+પા=પગ ઉપરથી. માથાથી પગ સુધી ઢંકાય એવું ઇનામ આપવું તે ) પોશાક, કપડાં.

**સરપેચ,** પુ૦ ( ફા૦ **सर्पेच** سرپیچ= શિરપેચ ) પાઘડી ઉપર બાંધવાનો હીરા મોતીએ ભરેલો સુશોભિત પટકો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સરપોશ,** ન૦ ( ફા૦ **सर्पोश** سرپوش= ઢાંકણું, સર=માથું+પોશ એ પોશીદન= ઢાંકવું ઉપરથી ઢાંકનાર, વાસણ ઉપર ઢાંકવાની થાળી વગેરે ) ઢાંકણુ, ગલેફ, આચ્છાદન.

**સરફરાજ,** વિ૦( ફા૦ **सर्फराज** سرفراز= આબરૂવાળો, ફરાખ્તન, ફરાશીદન=ઊંચું કરવું ઉપરથી–માથું ઊંચું કરનાર ) પ્રખ્યાત, નામાંકિત.

**સરફરાજી,** સ્ત્રી૦ ( ફા૦ **सर्फराजी**= سرفرازی=આબરૂ ) વખાણુ, સ્તુતિ.

**સરફો,** પુ૦ ( અ૦ **सर्फह** صرفه=વિશેષતા) કરકસર, નફો.

**સરબત,** પુ૦ (અ૦ **शर्बत** شربت=પીવાની વસ્તુ ) ફળફળાદિના રસવાળું મીઠું પેય.

**સરબતી,** વિ૦ ( અ૦ **शर्बती** شربتی= શરબત જેવું ) સરસ ઝીણા કુમાસનું.

**સરબસર,** વિ૦ ( ફા૦ **सर्बसर** سربسر= બધું ) તમામ.

' વાહ વાહ સુરત અય નાજની', શોભા બની શી સરબસર; છબી આજની અય સાજની, નિરખી જિગર ખુશ તરબતર. ' ગુ. ગ.

**સરબંદી,** વિ૦ ( ફા૦ **सर्बंदी** سربندی= સત્તા, અધિકાર ) તહેનાતનું લશ્કર. કિલ્લાપરની રજવાડાના રક્ષણ માટેની પલટણ.

**સરભરા,** સ્ત્રી૦ ( ફા૦ **सर्बराह** سربراه= બંદોબસ્ત કરનાર, વ્યવસ્થાપક ) પરોણા ચાકરી, મહેમાનની સગવડ, સાચવણી.

' અમારૂં સરભરાખાતું રાજ્યના અતિથિવર્ગની સરભરા કરે છે. ' સ. ચં. ૪.

**સરવ,** ન૦ ( ફા૦ **सर्व** سرو=એક ઝાડ છે જે સીધું સોટા જેવું હોય છે) સરૂનું ઝાડ.

' ઝળકી અમારૂં સર્વ સનુબર નહિ બાહર ' ગુ. ગ.

**સરવર,** વિ૦ ( ફા૦ **सर्वर** سرور=સરદાર ) પ્રતિષ્ઠિત, ગૃહસ્થ, આગેવાન.

' કપાઇ સર સરાસર બોલશે બસ તુંજ સરવર છે. ' ગુ. ગ.

**સરવાયું,** ન૦ ( ફા૦ **सर्मायह** سرمایه= પુંજી) આખા વર્ષના હિસાબનું તારણુ તે.

**સરસામ,** ન૦ ( ફા૦ **सर्साम** سرسام= ત્રિદોષ, મુંઝારો, સર=મગજ+સામ=સોજો. મગજના સોજાની બીમારી ) સન્નિપાત, મુંઝારો.

' જમાલુદ્દીનને ગઇ કાલથી સરસામ જેવું થયું છે. ' બા૦ બા૦

**સરસિપારસ,** સ્ત્રી૦ ( ફા૦ **सिफारिश** سفارش=ભલામણ, કોઇના ભલા માટે કોશિશ કરવી ) લાગવગ, વગસગ.

**સરસુબો,** પુ૦ ( ફા૦ **सर्+सूबह** અ૦ મળીને **सर्सूबह** سرصوبه=મોટો સુબો ) મોટો મહાલકારી. વડો સુબો.

**સરહદ,** સ્ત્રી૦ ( ફા૦ **सर्+हद्द** અરબી મળીને **सर्हद्द** سرحد=સીમા ) હદ, કોઈ પણ પ્રદેશના છેડાનો ભાગ તે.

**સરંગ,** પુ૦ ( ફા૦ **सर्हंग** سرهنگ=લશ્કરનો ઉપરી, ચોબદાર, પહેલવાન, ઉપરી) સારંગ, વહાણ ઉપરનો વડો ખલાસી, ટંડેલ.

**સરંજામ** પુ૦ ( ફા૦ **सरंजाम** سرانجام= પરિણામ. અંજામ=પરિણામ ) ઘર અથવા ધંધો ચલાવવાને જાઇતી સામગ્રી તે.

**સરા,** સ્ત્રી૦ ( ફા૦ **सरा** سرا=ઘર, મકાન, મુસાફરખાનું, ધર્મશાળા, વીશી ) શેરી, પોળ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સરાકતી,** વિ૦ ( અ૦ **शिराकत** شراکت= ભાગીઆ થવું. ) બખ્શિશ અથવા ઇનામી જમીન ઉપરનો વેરો.

**સરાગ,** પુ૦ ( ફા૰ **सुराग** سراغ=ખોળ, તપાસ ) પત્તો લગાડવો, ખોળી કાઢવો.

**સરાફ,** પુ૦ ( અ૦ **सर्राफ** صراف= પરખનાર, નાણાં સંબંધી ધંધો કરનાર ) રોકડ નાણાંની આપલે અને ચાળવણી કરી વટાવ અને વ્યાજ ઉપજાવવાનો ધંધો કરનારો તે.

**સરાપરદો,** પુ૦(ફા૰ **सरापर्दह** سراپرده= અમીરનો તંબુ, કે અમીરનો ડેરો ) સરદારને રહેવાનો તંબુ.
' તે આવીને સરાપરદાની બહાર ઉભો રહ્યો. ' મિ૦ સિ૦

**સરાફી,** સ્ત્રી૦ ( અ૦ **सर्राफी** صرافی= સરાફપણું ) નાણાવટું, રોકડ નાણાંની સાચવણી.

**સરાબ,** પુ૦ ( અ૦ **शराब** شراب=પીવાની વસ્તુ, પાણી, શરબત વગેરે. શરબ=પીધું ઉપરથી. ફારસીમાં શરાબ=મદ્ય. ) મદ્ય, પીવાનો દારૂ.

**સરાસર,** અ૦ ( ફા૰ **सरासर** سراسر= આ છેડાથી પેલા છેડા સુધી, બધું. ) લગભગ, બરાબર થાય એમ.

**સરાસરી,** અ૦ (ફા૰ **सरासरी** سراسری= ટુંકાણમાં, જલદીથી ) લગોલગ, લગભગ.

**સરાહ,** સ્ત્રી૦ ( ફા૰ **सरा** سرا=મુસાફર-ખાનું ) ધર્મશાળા, વીશી.

**સરિયાણ,** જુઓ સરિયામ.

**સરિયામ,** વિ૦ ( ફા૰ **शाहराह्+आम** અરબી મળીને **शाहाहिआम**=ઘણા લોકો જતા હોય એવો મોટો માર્ગ, રાજ માર્ગ ) મુખ્ય, ધોરી, મોટું.

**સરૂ,** ન૦ ( ફા૰ **सर्व** سرو=એક ઝાડ છે જે સીધું સોટા જેવું થાય છે ) એક જાતનું ઝાડ.

**સરેસ,** પુ૦ ( ફા૰ **सरेश, सिरीश** અથવા **सरेशम** سریشم=એક ચીકણો પદાર્થ. **सिरीश्तन**=મેળવવું, ગુંદવું ઉપરથી ) ચામડું અને હાડકાંમાંથી નીકળતો એક જાતનો ચીકણો પદાર્થ.

**સરોચશ્મ,** અ૦ ( ફા૰ **बसरोचश्म** بسروچشم=આંખને માથાથી. ઘણીજ ખુશી. બ=સાથે, સર=માથું, ચશ્મ= આંખ ) ઘણી ખુશીથી, અત્યાનંદથી.

**સરોદ,** પુ૦ ( ફા૰ **सुरूद** سرود )=સરોદો શબ્દ જુઓ.

**સરોદો,** પુ૦ ( ફા૰ **सुरूद** سرود=રાગ, રાગણી, ગીત ) એક જાતનું તંતુવાદ્ય.

**સલતનત,** સ્ત્રી૦(અ૦ **सल्तनत** سلطنت= પાદશાહી. **सलत**=તેણે રાજ્ય કર્યું ઉપ-રથી ) રાજ્ય, પાદશાહત, શહેનશાહત.
' સલતનતમાં આજ ૧૭ વરસ થયાં એક નિષ્ટાથી નોકરી બજાવું છું. '
અં. ન, ગ.

**સલાબત,** સ્ત્રી૦ ( અ૦ **सलाबत** صلابت= મજબુતી, દઢતા ) મોટાઈ, ભારેપણું, પ્રૌઢતા.

**સલામ,** સ્ત્રી૦ ( અ૦ **सलाम** سلام=આશી-ર્વાદ, દુઆ, તાબેદારી, નિર્ભયપણું, નિષ્કલંકપણું. સલમ=તે સહીસલામત થયો ઉપરથી ) મોટા, ઉપરી કે વડીલ માણ-સને માન આપવા હાથ ઊંચો કરી કપાળે અડાડવો તે, નમન, વંદન.

**સલામત,** વિ૦ ( અ૦ **सलामत** سلامت= આરામથી હોવું, જીવતા રહેવું, નિષ્કલંક હોવું, સલમ=તે સહીસલામત થયો ઉપ-રથી ) જેમ ને તેમ રહેલું હોય એવું. હાનિ કે નુકસાન લાગ્યા વગરનું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'હઠ કરીશ ના તારૂં હૈયું સલામત ના દીસે.' કલાપી.

**સલામતી**, સ્ત્રી૦ ( અ૦ **सलामती** سلامتی =આરામથી હોવાપણું ) હયાતી, અસ્તિત્વ, વિશ્વાસ, સલાહશાંતિ.

**સલામી**, સ્ત્રી૦ ( અ૦ **सलामी** سلامی = સલામ કરનાર ) સલામ દાખલ અપાતું માન, ભેટ વગેરે.
'આ વેળાથી તેમની પાસેથી સલામી તથા પેશકશી લેવાનું ઠર્યું.' રા. મા. ૧

**સલામીઆ**, વિ૦ ( અ૦ **सलामियह** سلامیہ =ફક્ત સલામ જેટલું એટલે થોડું મેહસુલ ભરવું પડે એવી જમીન ) થોડું મહેસુલ ભરવું પડે એવી જમીન.

**સલાહ**, સ્ત્રી૦ ( અ૦ **सलाह** صلاح =નેકી, ભલાઇ, બહેતરી સલહ=તે દુરસ્ત થયો ઉપરથી ) મેળ, મેળાપ, દોસ્તી.

**સલાહકાર**, વિ૦ ( અ૦ **सलाह्+कार** ફા૦ પ્ર૦ **सलाह्कार** صلاحکار =સલાહ આપનાર ) મસલત આપનાર.

**સલાહપોશ**, વિ૦ ( અ૦ **सिलाह्+पोश** ફા૦ પ્ર૦ سلاحپوش =હથિઆર પહેરનાર. સિલાહ=હથીઆર,+પોશીદન=ઢાંકવું ઉપરથી પોશ=પહેરનાર. હથીઆર પહેરનાર ) લશ્કરી માણસ, હથીઆર પહેરેલો માણસ.

**સલુક**, સ્ત્રી૦ ( અ૦ **सुलूक** سلوک =રસ્તે ચાલવું, નીતિથી વર્તવું, રીતરિવાજ, વર્તણુક ) રીતભાત, ચાલચલકત.

**સલુકાઇ**, સ્ત્રી૦ ( અ૦ **सुलूक** سلوک =રસ્તે ચાલવું, નીતિથી વર્તવું, રીતરિવાજ, વર્તણુક ) વિવેક, વિનયી વર્તણુક, સભ્યતા.

**સવાબ**, ન૦ ( અ૦ **सवाब** ثواب =બદલો, પુણ્ય ) સદ્ગુણ, પ્રામાણિકપણું, નેકી.
'તમારા જેવાને દુન્યામાંથી ઓછા કરવા એ સવાબ છે.' બા૦ બા૦

**સવાર**, પુ૦ ( ફા૦ **सुवार** سوار =ઘોડા ઉપર બેઠેલો. અસ્પ=ઘોડો+આર ઉપરથી અસ્વઆર ઉપરથી સુવાર ) વાહન ઉપર બેઠેલું.

**સવારી**, સ્ત્રી૦(ફા૦ **सुवारी** سواری =વાહન) ઘોડો અથવા બીજા વાહન ઉપર બેસવું તે.

**સવાલ**, પુ૦ ( અ૦ **सुवाल** سوال =પૂછવું, જાણવું, પ્રશ્ન. **सअल**=અરજ કરી ઉપરથી) પૂછવું, પ્રશ્ન.

**સહાયત**, સ્ત્રી૦ ( અ૦ **साअत** ساعت = સાયત શબ્દ જુઓ.
'સઘળે શુભ કામ સહાયતમાં, સુણ સાહેલી.' દ. કા. ભા. ૨

**સહાયબી**, સ્ત્રી૦ ( અ૦ **साहिबी** صاحبی =વૈભવ. સહબ=તે તેની સાથે રહ્યો ઉપરથી ) વૈભવ, મોજશોખ.
'માટે કદાપિ અહંકાર કરવો નહિ કે મારે આવી સહાયબી છે.' સુ૦ ગ૦

**સહી**, સ્ત્રી૦ ( અ૦ **सहीह** صحیح =ખરૂં, વાજબી ) હસ્તાક્ષર, મતુ, કબુલ, મંજુર.

**સહીસલામત**, વિ૦ ( અ૦ **सहीह्+सलामत** صحیحسلامت =ખરૂં અને આરામથી હોવું ) જેમનું તેમ રહેલું હોય એવું.

**સહીસલામતી**, સ્ત્રી૦ ( અ૦ **सहीह्सलामती** صحیحسلامتی =ખરૂં, અને આરામથી હોવાપણું ) હરકત હેલો પોંહોંચે નહિ, કાંઇ નુકસાન હાનિ લાગે નહિ એવી જે સુરક્ષિત સ્થિતિ તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સહુલીઅત,** સ્ત્રી૦ ( અ૦ **सहूलत** سہولت =નરમી, સહેલાઇ, ધીમાશ ) સહેલાઇ, સુગમતા.

'પ્રેમસાગર નામે ગદ્યનું પહેલું પુસ્તક અંગ્રેજી ઓફીસરોને સહુલીઅત પડે માટે શાસ્ત્રીઓદ્વારા લખાવવામાં આવેલું.' નં૦ ચ૦

**સહેલ,** વિ૦ ( અ૦ **सहल** سہل =નરમ, આસાન, સહેલું ) સહેલું, સુતરૂં, થોડી મહેનતે થાય એવું.

**સહેલ,** સ્ત્રી૦ ( અ૦ **सयर** سیر =ચાલવું, રવાનગી ) આનંદે આમતેમ ફરવું તે.

**સહેલગા,** સ્ત્રી૦ ( અ૦ **सयर+गाह** ફા૦ પ્ર૦ સ્થળ વાચક પ્રત્યય. **सयर्गाह** سیرگاہ =સહેલ કરવાનું ઠેકાણું ) ફરવાનું સ્થળ, મન આનંદ પામે એવું ફરવાનું સ્થળ, બગીચો વગેરે.

**સહેલાણી,** વિ૦ ( અ૦ **सयर** سیر = ચાલવું, રવાનગી ઉપરથી ) મોજી, આનંદી.

**સહેલું,** વિ૦ ( અ૦ **सहल** سہل =નરમ, આસાન ) થોડી મહેનતે થાય એવું.

**સંગ,** પુ૦ ( ફા૦ **संग** سنگ =પત્થર ) પત્થર, પાષાણ.

**સંગતરાશ,** પુ૦ ( ફા૦ **संगतराश** તરાશીદન=છોલવું ઉપરથી. سنگ‌تراش = પત્થર કાપવાનો ધંધો કરનાર ) સલાટ.

**સંગદિલ,** વિ૦ ( ફા૦ **संगदिल** سنگدل = પત્થર જેવા કઠણ હૃદયનું ) વજ્ર જેવા મનનો

'ત્યારપછી કૌલા રાણીના સંગદિલ વિષે જે ઉદ્‌ગાર છે તે પત્થરને પણ પીગળાવે એવા છે.' નં૦ ચ૦

**સંગીન,** વિ૦ ( ફા૦ **संगीन** سنگین = ભારે, મજબુત ) પત્થર જેવું ભારે ને કઠણ.

**સંગેમરમર,** પુ૦ ( ફા૦ **संगिमर्मर** سنگ‌مرمر =આરસપહાણ ) રંગબેરંગી ચકચકિત પાસાદાર બંધનવાળો પત્થર.

'જમીન પર સંગેમરમરની લાદીઓ બેસાડેલી હતી.' બા૦ બા૦

**સંચો,** પુ૦ સકંચો શબ્દ જુઓ.

**સંજાપ,** પુ૦ ( ફા૦ **सिजाफ, संजाफ** سجاف سنجاف =ઝાલર, કિનારી, લુગડાની આસપાસ લગાડે છે તે ) મગજી, ડગલા અને ચોળીઓ વગેરેના સીવણમાં સાંધની ધારે બીજા રંગના કપડાની દોરી જેવી જે કિનાર મુકાય છે તે.

**સંદુક,** સ્ત્રી૦ ( અ૦ **संदूक** صندوق = પેટી ) પેટી, પટારો.

**સંફ,** સ્ત્રી૦ ( અ૦ **सफ** صف =પંક્તિ, હાર, લાઇન ) હાર, પંક્તિ, પાથરણું.

'એક વખતે સામાનનાં ગાડાંની સંફમાંથી છુટા પડી એક ગાડું આગળ વધતું હતું.' નં૦ ચ૦

**સાઇસ,** પુ૦ ( અ૦ **साईस** سائیس = ઘોડાનો નોકર ) ઘોડાવાળો, રાવત.

'સાઇસ જોડે ચાલતો.' નં૦ ચ૦

**સાએત,** સ્ત્રી૦ ( અ૦ **साअत** ساعت = કલાક ) ૨॥ ઘડી, એક કલાક.

**સાકી,** પુ૦ ( અ૦ **साकी** ساقی =પાનાર. **सका**=તેણે પીવાનું આપ્યું ઉપરથી ) મદ્ય પાનાર.

'જામે શરાબ માશુકને ભરી દે ઓ ભલા સાકી.' કલાપી.

'તે સર્વે હે સાકી ! હે આ જામ પાનાર સનમ, તારા જ પ્યાલામાંથી કહીં કહીં ઝરી છે.' આ૦ નિ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સાગર**, પુ૦ ( અ૦ **सागिर** ساغر=જામ, પ્યાલો, ગ્લાસ.) મદ્ય પાવાનો પ્યાલો.

'લબ એટલે હોઠ આગળથી સાગર એટલે પ્યાલાને જરા પણ કહીંએ દૂર કર્યા વિના પુરેપુરો ઢાલવ્યાં જ કર.' આ૦ નિ૦

**સાગરીદ**, પુ૦ ( ફા૦ **शागिर्द** شاگرد= શિષ્ય. શાહ=બાદશાહ **गिर्द**=આજુબાજુ. બાદશાહની આજુબાજુ બેસનારા, સેવકો વગેરે. તેમ શિક્ષકની આજુબાજુ બેસનાર શિષ્યો ) ચેલો, વિદ્યાર્થી.

'જો તમારી મરજી નહિ હોય, તો હું મારે ઘેર સાગરીદ કરી રાખીશ.' આ૦નિ૦

**સાગોળ**, પુ૦ ( ફા૦ **शाहगिल** شاهگل= ચાળેલો બારીક ચુનો. શાહ=મોટી,+ગિલ= માટી. ઉત્તમ ચુનો ) ચાળેલો બારીક ચુનો, સલ્લો.

**સાજ**, પુ૦ ( ફા૦ **साज** ساز=બનાવ, શણગાર. સાખ્તન=બનાવવું ઉપરથી ઘોડાનો સાજ, બગીનો સાજ,) કોઇ કામ કરવાને માટે જરૂરની જે વસ્તુઓ વગેરે તે.

'પુરા સાજ સમેત એક સુખાસન જોઇએ' નં૦ ચ૦

**સાજક**, સ્ત્રી૦ ( ફા૦ **साजक** سازک= વગાડવાથી વસ્તુ. સારંગી વગેરેને **સાજ** કહે છે તેને લઘુતા વાચક પ્રત્યય લાગી થએલો શબ્દ ) 'તુંબડી ઉપર બાંધેલી એક તારની સાજક એક જણી પાસથી લઈ સજ્જ કરી તેમાં આ કડીઓ મોહની ઉતારવા લાગી.' સ. ચં. ભા. ૪.

'ભરથરી ( ભર્તૃહરિના અનુચર ) લોકમાં સાજક નામની સારંગી ઘણું ખરૂં વપરાય છે. સ. ચં. ભા. ૪

**સાજસરંજામ**, પુ૦ ( ફા૦ **साज़+सरंजाम** سازوسرانجام. સાજ=બનાવ, શણગાર, સરંજામ=પરિણામ. ) કાર્ય માટે જોઇતાં સાધન વગેરે.

**સાજિંદો**, પુ૦ ( ફા૦ **साजिंदह** سازنده= મદદ કરનાર. સાખ્તન=બનાવવું ઉપરથી) બનાવનાર, ગાનાર અને નાચનાર સાથેનાં સાધન તૈયાર કરી આપનારો, તબલા સારંગી વાળો સાથી તે, તબલચી.

**સાજોગ**, વિ૦ ( ફા૦ **शाह** شاه+જોગ, ગુજરાતી ) લઇ આવનાર અથવા આવીને દેખાડનારને તરતજ નાણાં આપવાં પડે એવી ચિઠ્ઠી, લખાણ અથવા હુંડી તે.

**સાણકું**, ન૦ ( અ૦ **सिह्नक** صحنک= રકાબી, થાળ ) ચપણીઉં, શકોરૂં, કઢાઇ જેવું માટી કે ધાતુનું ભિક્ષાપાત્ર, તાંસળું, ઠીબ.

**સાદડો**, પુ૦ ( ફા૦ **शाहतरह** شاهتره= એક દવા છે ) પિત પાપડો.

**સાદર**, વિ૦ ( અ૦ **सादिर** صادر=નીકળનાર, એક જગાએથી નીકળનાર ) રજુઆત, વિદિત, જાહેર કરવું.

**સાદાઇ**, સ્ત્રી૦ ( ફા૦ **सादह** ساده=કોરૂં, વગર લખેલું ઉપરથી ) મોટપણના અભિમાન રહિત.

**સાદી**, વિ૦ ( ફા૦ **सादह** ساده ઉપરથી ) કોરી, ભાત વિનાની.

**સાદું**, વિ૦ ( ફાસ **सादह** ساده ઉપરથી ) કોરૂં.

**સાદો**, વિ૦ ( ફા૦ **सादह** ساده ઉપરથી ) કોરો.

**સાન**, સ્ત્રી૦ ( અ૦ **शान** شان=મરતબો, આબરૂ, પ્રતિષ્ઠા, અંદાજો ) ઇશારત, અકલ, સ્વમાનનું અભિમાન.

'નાડીએ નાડી ખૂન એ, ખૂન ઇશ્કની સાન દે ન દે.' આ૦ નિ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સાનક**, સ્ત્રી૦ ( અ૦ **सिहक** صحنک= થાળ ) રીબ, તાસક.

**સાફ**, વિ૦ ( અ૦ **साफ** صاف=ચોકખું. **सफव**=ચોકખું હતું ઉપરથી ) સ્વચ્છ, ચોકખું.

**સાફસુફ**, વિ૦ ( અ૦ **साफ** صاف=ચોકખે-ચોકખું, સ્વચ્છ ) ચોકખું.

**સાફી**, સ્ત્રી૦ ( અ૦ **साफी** صافی=છાણ-વાનું લુગડું ) ચલમની સાથે લુગડું રાખે છે તે. ચલમની ધુમાડી સાફ અને ઠંડી થઇને મોંમાં આવે તે માટે રાખવામાં આવતો કપડાનો કડકો.

**સાબીત**, વિ૦ ( અ૦ **साबित** ثابت= અખંડિત, **सबत**=તે ચોંટયો ઉપરથી ) સિદ્ધ, પુરવાર, નક્કી કરેલું.

**સાબુ**, પુ૦ ( અ૦ **साबून** صابون=સાબુ ) ખારો અને તેલની મેળવણીથી બનાવેલો, મેલ કાપે એવો એક પદાર્થ.

**સાબુત**, વિ૦ ( અ૦ **साबित** ثابت= અખંડિત. **सबत**=તે ચોંટયો ઉપરથી ) આખું સંગીન.

**સાબેલો**, પુ૦ ( ફા૦ **शहबाला** شهبالا= વરઘોડામાં આવનાર માણસો, વરની સાથે આવનાર માણસો ) વરની સાથે શણગારાઇને ઘોડે બેઠેલો સાથી છોકરો તે. 'આ તો રૂડું ને રઢિઆળું રે, જાદવના પુત્ર સાબેલડારે; આ તો રૂડું ને રસાળું રે, અશ્વે ચડયા અલબેલડારે.' અભિ૦ આ૦

**સામનસુમન**, પુ૦ ( ફા૦ **सामान** سامان= અસબાબ, શક્તિ ) સરસામાન, સામગ્રી.

**સામાદસ્તક**, પુ૦ ( ફા૦ **दस्त्+खत** અ૦ **दस्तूखत** دستخط=પોતાના હાથનું લખેલું, સહી ) લેણદેણની બાબત એક-બીજાને સામસામે કરી આપેલું જે લખાણ તે.

**સામાન**, પુ૦ ( ફા૦ **सामान** سامان= અસબાબ, શક્તિ ) જીવનવ્યવહારને માટે જોઇતી જે વસ્તુઓ વગેરે તે.

**સામીલ**, વિ૦ ( અ૦ **शामिल** شامل= મળેલું ) જોડાયલું.

**સામેલ**, વિ૦ ( અ૦ **शामिल** شامل= મળેલું ) જોડાયલું.

**સાયત**, સ્ત્રી૦ ( અ૦ **साअत** ساعت= ઘડી, કલાક, અવર ) કલાક, ૨॥ ઘડી. 'સાયતવાર વાતો કરો એવું કોઇથી ખમાય નહિ.' સ. ચં. ભા. ૨

**સાયર**, પુ૦ ( અ૦ **शाइर** شاعر=કવિ ) અરબી, ફારસી ઉર્દૂ વગેરે ભાષામાં કવિતા કરનાર.

**સાયબાન**, ન૦ ( ફા૦ **सायबान** سائبان= છાપરૂં, સામીઆણો ) તડકાથી બચવા માટે પડદા વગેરે બાંધવા તે. 'એક લાખ રૂપીઆનો સામીઆનો ( ચંદરવો ) મખમલનો, લપ્પાના સાયબાનો, સોનાચાંદીના થાંભલાવાળો હજુરમાં મોકલવામાં આવ્યો હતો.' મિ. અ.

**સાયવાન**, ન૦ ( ફા૦ **सायबान** سائبان= તડકાથી બચવા માટે આડ કરવી તે ) તડકાથી બચવા માટે પડદા વગેરે બાંધવા તે.

**સાયો**, પુ૦ ( ફા૦ **सायह** سایه=છાંયડો ) રક્ષણ, મદદ, ભૂત, દેવપરીનો વળગાટ, ફકીરનો ઝબ્બો. 'તેથી કોંગ્રેસના સાયાની એને મદદ મળે એમાં કાંઇ આશ્ચર્ય નથી.' સિ૦ સા૦

**સારવાન**, પુ૦ ( ફા૦ **सार्बान** ساربان= ઊંટોનો રક્ષક. સાર=ઊંટ+બાન=રક્ષક. **शुतुर्बान** شتربان=**शुतुर** ઊંટ ) ઊંટ-વાળો, રાયકો, ઊંટ હાંકનાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સાલ,** સ્ત્રી૦ ( ફા૦ **साल** سال=વર્ષ, સંવત ) બાર મહીના જેટલો કાળ, વર્ષ.

**સાલગીરી,** સ્ત્રી૦ ( ફા૦ **सालिगरह** سالگرہ **साल**=વરસ+**गिरह**=ગાંઠ. વર્ષગાંઠ ) વરસગાંઠ. જન્મદિવસ.

'મારી ત્રીજી સાલગરેહ તેને આગલે દિવસે જ પડેલી.' નં. ચ.

'શાહજાદા ખિજરખાંની સાલગીરી હતી.' ક. ઘે.

**સાલગુદસ્તા,** સ્ત્રી૦ ( ફા૦ **सालिगुजिश्तह** سالگزشتہ સાલ=વર્ષ+ગુજિશ્તહ=ગએલું. ગયું વર્ષ ) પોર, ગયું વર્ષ.

**સાલમ,** પુ૦ ( અ૦ **सअ़्लब** ثعلب એક દવા છે ) ધાતુપુષ્ટ એક જાતનો કંદ, ધાતુપુષ્ટ વનસ્પતિ.

**સાલમમીસરી,** પુ૦ ( અ૦ **सअ़्लब्मिस्री** ثعلبمصری મિસર દેશ ઉપરથી મીસ્રી. ) મીસરમાં થનાર સાલમ.

**સાલવાર,** અ૦ ( ફા૦ **साल** سال=વર્ષ=વરસવાર ) વર્ષાનુક્રમસર.

**સાલવારી,** વિ૦ ( ફા૦ **साल** سال=વર્ષ=વરસવારી ) વર્ષાનુક્રમવાળું, એક પછી એક સાલવાર હોય એવું.

**સાલસ,** વિ૦ ( અ૦ **सलीस** سلیس=સહેલું, સમજી શકાય એવું લખાણ. (૨) **सालिस** ثالث=ત્રીજો, ન્યાય કરનાર. કેમકે બે માણસની તકરાર ત્રીજો ચુકવે છે ને તે નીતિમાન, સદ્ગુણી ને તટસ્થ હોય છે ) નરમ સ્વભાવનું, ભલું, સરલતા.

'સાલસ પર શૂરા સઉ, જુલમી આગળ રાંક.' દ. કા. ભા. ૨

**સાલસાઈ,** સ્ત્રી૦ ( અ૦ **सालिस** ثالث=ત્રીજો ઉપરથી ) ભલમનસાઈ, શીલતા.

'સાલસાઇ ધરી, સ્નેહ સૌથી કરી, લાયકીથી ભલી કીર્તિ લીધી.' દ. કા. ભા. ૨

**સાલાર,** વિ૦ ( ફા૦ **सालार** سالار=વર્ષવાળો. સાલ=વર્ષ+આર=વાળો. વૃદ્ધ ) ઘરડો, આગેવાન. આ શબ્દ ઉપરથી એમ જણાય છે કે ઇરાનમાં વૃદ્ધ માણસને માન આપવામાં આવતું હશે કેમકે સાલારનો અર્થ વૃદ્ધ અને આગેવાન થાય છે ) આગેવાન, ઉપરી, મુખી.

**સાલિયાણું,** ન૦ ( ફા૦ **सालानह** سالانہ= અથવા **सालियानह** سالیانہ=વાર્ષિક ) સાલોસાલ મળ્યા કરે એવું વેતન, જીવાઇ.

**સાલિયું,** ન૦ ( ફા૦ **सालानह, सालियानह** سالانہ,سالیانہ=ઉપરથી ) વર્ષાસન, સાલસાલનું, વાર્ષિક.

**સાહજોગ,** વિ૦ ( ફા૦ **शाह**=મોટો, બાદશાહ ઉપરથી ) ખરેખરી સાખદાર, રજુ કરે તે વખતે જ લખ્યું પાળવું પડે એવું.

**સાહજોગી,** વિ૦ ( ફા૦ **शाह** ઉપરથી ) શાહજોગ.

**સાહર,** પુ૦ ( અ૦ **शाइर** شاعر=કવિ ) કવિતા કરનાર.

'અમીર ખુસ્રવ એક સાહર એટલે કવિ હતો, તેણે ઇશ્કીયા એવા નામની કિતાબ બનાવી છે, તેમાં ખીજરખાં અને દેવળ દેવીના પ્રેમનું વર્ણન છે.' રા. મા. ભા. ૧

**સાહી,** સ્ત્રી૦ ( ફા૦ **सियाही** سیاہی=કાળાશ. **सियाह**=કાળું+**ई**=વાળું. લખવાની શાહી. હિંદુસ્તાની ફારસી છે. ઇરાનમાં સાહીને 'મુરક્કબ'–મિશ્રણ–કહે છે ) રૂશનાઈ, સાહી, મસી.

**સાહીબી,** સ્ત્રી૦ ( અ૦ **साहिब** صاحب ઉપરથી. સાહિબ=સોબતમાં રહેનાર, સંગાથી, મિત્ર, પ્રતિષ્ઠિત ) સાહેબી, વૈભવ, ઠાઠમાઠ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સાહેત,** અ૦ ( અ૦ **साअत** ساعت= કલાક, ઘડી, પળ, મિનિટ ) મિચકારામાં, નિમેષમાં.

**સાહેદ,** પુ૦ ( અ૦ **शाहिद** شاهد=સાક્ષી, જેણે આંખે કોઇ વસ્તુ જોઇ હોય તે ) જુબાની આપનાર.

**સાહેદી,** સ્ત્રી૦ ( અ૦ **शाहिदी** شاهدى= જુબાની આપનાર ) સાક્ષી, જુબાની, પુરાવો.

**સાહેબ,** પુ૦ ( અ૦ **साहिब** صاحب= સાથે રહેનાર. પ્રતિષ્ઠિત, **सहब**=તે તેની સાથે રહ્યો ઉપરથી ) માલિક, ધણી, શેઠ, સ્વામી, મોટો માણસ, યુરોપીઅન.

**સાહેબા,** સ્ત્રી૦ ( અ૦ **साहिबा** صاحبه= સાહેબનું નારી જાતિરૂપ ) માલિક શેઠાણી, પ્રતિષ્ઠિત સ્ત્રી.

**સાહેબખાની,** વિ૦ ( અ૦ **साहिब+खान** ફા૦ **साहिब्खान** صاحبخان ઉપરથી, સાહેબખાનની સાથે સંબંધ રાખનાર ) ખાનદાન માણસોના ઉપયોગનું, અમદાવાદી સારી ઊંચી બનાવટના કાગળો.

**સાહેબજાદી,** સ્ત્રી૦ ( અ૦ **साहिब्+जादी** ફારસી પ્રત્યય. **जादन**=જન્મ આપવો ઉપરથી ) صاحبزادى બાદશાહની દીકરી, ગૃહસ્થ ઉમરાવની દીકરી.

**સાહેબજાદો,** પુ૦ ( અ૦ **साहिब्+जादह** ફા૦ પ્ર૦ **जादन**=જન્મ આપવો ઉપરથી **साहिब्जादह** صاحبزاده=બાદશાહનો કુંવર ) બાદશાહનો કુંવર, ગૃહસ્થ ઉમરાવનો દીકરો.

**સાહેબલોક,** પુ૦ ( અ૦ **साहिब** صاحب =ગૃહસ્થ ) મોટો હોદ્દેદાર, વૈભવી.

**સાહેબી,** સ્ત્રી૦ ( અ૦ **साहिबी** صاحبى =ગૃહસ્થાઈ ) જાહોજલાલ, મોટો વૈભવ.

**સાહેબો,** પુ૦ ( અ૦ **साहिब** صاحب= ગૃહસ્થ ) સ્વામી, ધણી.
'ગુણવાન સાહેબો રે.' ક. દ. ડા.

**સાહેબો,** પુ૦ ( અ૦ **साहिब** صاحب ઉપરથી ) વહાલો, પ્રિય, મિત્ર.
'ઘડીએક મોડો ઉગજે, મારો સાહેબો ખેલે શિકાર રે, રંગ૦ સ. ચં. ભા. ૧

**સાહ્યો,** પુ૦ ( ફા૦ **सायह** سايه=છાયા, રક્ષણ, સંભાળ ) કુમક, ઓથ.

**સાંચો,** પુ૦ ( ફા૦ **शिकंजह** شكنجه= અપરાધીઓને શિક્ષા કરવાનું એક પ્રકારનું ઓજાર ) યંત્ર.

**સિકલ,** સ્ત્રી૦ ( અ૦ **शक्ल** شكل=ચહેરો ) મુખવટો, ચહેરો.

**સિકલીગર,** પુ૦ ( અ૦ **सयक़ल**=પ્રકાશ આપવો, ઓપ આપવો+**गर** ફા૦ પ્ર૦ **सियक़लगर** صيقلگر=ઓપ આપનાર ) ઘસીને સાફ કરનારો, સરાણીઓ.

**સિકંદર,** ( ફા૦ **सिकंदर** سكندر=ગ્રીસનો બાદશાહ ) ઉન્નતિનો સિતારો.

**સિક્કાદાર,** વિ૦ ( અ૦ **सिक्कह+दार** ફા૦ પ્ર૦ سكدار=સિક્કાવાળું ) છાપવાળું.

**સિક્કાબંધ,** વિ૦ ( અ૦ **सिक्कहबंद** ફા૦ પ્ર૦ سكه‌بند=મોહોર છાપવાળું ) બંધ કરી જેના ઉપર છાપ મારેલી હોય તે.

**સિકકેકટાર,** સ્ત્રી૦ ( અ૦ **सिक्कह** سكه ) કટાર જેની છાપમાં હોય એવી મોહોર.

**સિક્કો,** પુ૦ ( અ૦ **सिक्कह** سكه=છાપ ) મોહોર, ચલણી નાણું.

**સિતમ,** પુ૦ ( ફા૦ **सितम** ستم=જુલમ ) બળાત્કાર, દુઃખ.
'સુલતાન મેહમૂદ ખીલજીએ હિંદુઓની બેવફાઈ તથા સિતમ પછી આ દરબારમાં આશ્રય લીધો.' મિ. સિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સિતમગર,** વિ૦ ( ફા૦ **सितम्गर** કે **सितम्गार** ستمگار ستمگر=જુલમ કરનાર ) દુઃખ દેનાર, બળાત્કાર કરનાર.
'સિતમગરનું સિતમની જો, નકી હદ આવી છે આ આ.' કલાપી.

**સિતાન,** ( ફા૦ **सितान** ستان=પ્રત્યય છે. ઠેકાણું બતાવનાર, જેમકે અરબસ્તાન, અફગાનિસ્તાન ગુલિસ્તાન વગેરે. )

**સિતાબી,** સ્ત્રી૦ ( ફા૦ **शिताब** شتاب= જલદી ) ઝટપટ, તાકીદથી.
'ચાલ સિતાબી રાખ, ને મને ખરેખરૂં કહી દે.' અં. ન. ગ.

**સિતાર,** પુ૦ ( ફા૦ **सितार** ستار સહ=ત્રણ+તાર. ત્રણ તારનું વાજું. ત્રણ તારનો તંબુરો, દિલ્હીના પ્રખ્યાત કવિ અમીર ખુસરવે પોતાના પીરની બીમારીના વખતમાં તેમને સુખ થવા માટે તેમની આગળ વગાડવા સારૂ એ વાજું પ્રથમ બનાવ્યું. તેમણે પ્રથમ ત્રણ તાર રાખ્યા હતા, હાલમાં વધારો થયો છે ) એક જાતનું તંતુવાદ્ય.

**સિતારો,** પુ૦ ( ફા૦ **सितारह** ستاره= તારો, તકદીર ) ગ્રહ, તારો, નસીબ.
'અમારોસીતારો ચમકવા લાગ્યો.' નં. ચ.

**સિપાઈ,** પુ૦ ( ફા૦ **सिपाह** سپاه=ફોજ ) મુસલમાન લડવૈયો, પટાવાળો.

**સિપાઈગીરી,** સ્ત્રી૦ ( ફા૦ **सिपाह्+गीरी** سپاه گیری=સિપાઇપણું ) સિપાઇનું કામ તે.

**સિપાહસાલાર,** પુ૦ ( ફા૦ **सिपाह्+सालार** سپاه سالار=સિપાઇઓનો ઉપરી **सालार=साल**=વર્ષ+**अर**=વાળો, વર્ષોવાળો, એટલે વૃદ્ધ, આગેવાન, સરદાર ) લશ્કરનો ઉપરી, સેનાપતિ.
'ખાજા જહાનનો અલકાબ આપીને પાદશાહે તેને ગુજરાતનો સિપાહસાલાર ( સેનાપતિ ) બનાવ્યો.' રા૦ મા૦

**સિપ્રી,** સ્ત્રી૦ ( ફા૦ **सियाह्परी** કે **शह्परी** ઉપરથી شہپری سیاہپری મહમૂદ બેગડાની રાણીનું નામ છે આસ્ટોડીઆ ચકલામાં રાણી સીપ્રીની મસીદ છે; રાણી સીપ્રીની મસીદ આસ્ટોડીઆ ચકલામાં છે તે કોતરકામ માટે આખા હિંદમાં પ્રખ્યાત છે. વાં. મા.

**સિપુર્દો,** વિ૦ ( ફા૦ **सिपुर्दह** سپرده= સોંપેલો. સિપુર્દન=સોંપવું ઉપરથી. સોંપેલો) સોંપેલો, રક્ષણમાં આવેલો. 'સિપુર્દાને પાછી સમર્પણ કરવા તત્પર બની.' નં૦ ચ૦

**સિફ્ત,** સ્ત્રી૦ (અ૦ **सिफत** صفت=ગુણ, નિશાન, વિશેષણ ) ગુણ, ખાસીઅત, તારીફ, વખાણ.
'છું શરીઅત, છું તરીકત, છું હકીકત, મારીફત; એમ ઘેલાં બોલીને, બસ ગાઉં છું તારી સીફત. ગુ૦ ગ૦

**સિફલું,** વિ૦ (અ૦ **सिफलह** سفله=નાલાયક, કનિષ્ઠ. સફલ=તે હલકી જાતનો હતો ઉપરથી ) છછુકલું, ભલીવાર વગરનું, છાલકું.

**સિફાબહાદુર,** વિ૦ ( ફા૦ **सिपाहिबहादुर** سپاهی بهادر=બહાદુર સિપાઇ)હિંમતવાળો, મજબુત મનનો.

**સિફારસ,** સ્ત્રી૦ ( ફા૦ **सुफारिश** કે **सिफारिश** سفارش=ભલામણી ) સિપારસ, ભાળવણી. 'માટે સર્વને માટે કાયદો ન માગતાં થોડાને માટે માગવો એવી પણ અમારી સીફારશ હતી.' સિ૦ સા૦

**સિબંદી,** જુઓ સિરબંદી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સિયમ,** વિ૰ ( ફા૰ **सियूम** سیوم=ત્રીજો ) ત્રીજો.

**સિયાહ,** વિ૰ ( ફા૰ **सियाह** سیاه=કાળો) કાળું, શ્યામ.

**સિયાહબખ્ત,** વિ૰ ( ફા૰ **सियाहबख्त** سیاه‌بخت=કાળા, નસીબવાળો ) ભાગ્યહીન.

**સિર,** ન૰ ( ફા૰ સર سر=માથું ) માથું.

**સીરજોરી,** સ્ત્રી૰ ( ફા૰ **शहजोरी** شهزوری જબરદસ્તી ) બળ, પહેલવાની. 'ધમકાવી સીરજોરી કરી અભિમાન પામતો...... સ૰ ચં૰ ભા૰ ૧

**સિરતાજ,** પુ૰ ( ફા૰ **सर्ताज** سرتاج= માથાનો મુગટ ) સરદાર, મુરબ્બી, માથાનો મુગટ.

**સિરપેચ,** પુ૰ ( ફા૰ **सर्पेच** سرپیچ=માથા ઉપર બાંધવાની વસ્તુ **पेचीदन**=લપેટવું ઉપરથી ) ફેંટા અથવા પાઘડી ઉપર બાંધવાનો હીરા મોતી જડિત પટકો 'હમેલ, પોંચી અને શીરપેચ જડાવની કલગી વગેરે એ સર્વ પોતાના પોશાકમાં મળ્યું હતું, તે આપ્યું.' રા. મા.

**સિરફ,** અ૰ ( અ૰ **सिर्फ** صرف=ફક્ત 'અહો કિસમત ક્યામતમાં સિરફ તારી સગાઇ છે. ગુ૰ ગ૰

**સિરબંદી,** વિ૰ ( ફા૰ **सर्बंदी** سربندی= સત્તા, અધિકાર ) સમ્રાટને માટે સામંત રાજાએ પોતાને ખરચે રાખેલું લશ્કર તે. 'હિંદુસ્તાનમાં એવો દસ્તુર છે કે જો જરૂર હોય તો પૈસા આપીને મીઆદી નોકરો પણ રાખી લેવામાં આવે છે કે જે નોકરો 'સીબંદી'ના નામથી ઓળખાય છે. બા. બા. 'જે સીબંદી સરકારના સામે થશે એવું ભય મુંબઇ સરકારને લાગ્યું હતું તે જ સીબંદી વાઘેર સામે થવામાં સરકારને ઉપયોગમાં આવી.' રા૰ મા૰

**સિરસ્તેદાર,** પુ૰ ( ફા૰ **सरिश्तहदार** سررشته‌دار સર=છેડો, ટોચ, રિશ્તા= દોરી+દાર=વાળો, દોરીનો છેડો જેના હાથમાં છે તે માણસ, ખાતાનો વહીવટ સીરસ્તેદાર કરે છે માટે (૨) સરરિશ્તા= યુક્તિ+દાર=વાળો, યુક્તિવાળો, યુક્તિબાજ, હેડકલાર્ક ) અમલદારનો મુખ્ય કારકુન.

**સિરસ્તેદારી,** સ્ત્રી૰ ( ફા૰ ઉપલા શબ્દને 'ઇ' લાગી થએલો શબ્દ سررشته‌داری =સિરસ્તેદારપણું ) વડાકારકુનનો દરજ્જો.

**સિરસ્તો,** પુ૰ ( ફા૰ **सरिश्तह** سررشته= મુદ્દો, યુક્તિ, ઉપાય ) રિવાજ, રવૈયો, દસ્તુર.

**સિરો,** પુ૰ ( ફા૰ **शीरह** شیره=શરબત, ચાસણી ) શીરો.

**સિરોઇ,** સ્ત્રી૰ ( અ૰ **सुराही** صراحی= દારૂ કે પાણી ભરવાનું વાસણ ) મુસાફરીમાં પાણી ભરી રાખવાનું નળી જેવા મોંનું વાસણ.

**સિલક,** સ્ત્રી૰ ( અ૰ **सलख** سلخ=ચાંદ્ર માસનો છેલ્લો દિવસ, સિલક મહીનાને છેલ્લે દિવસે કાઢે છે માટે ) ખરચ બાદ જતાં રહેલી રકમ.

**સિલસિલાબંધ,** વિ૰ ( અ૰ **सिल्सिलह**= સાંકળબંધ ફા૰ પ્ર૰ **सिल्सिलहबंद** سلسله‌بند=સાંકળબંદ, અંકોડાબંદ, અનુક્રમવાર, સલ=ખેંચી કાઢવું ઉપરથી ) સળંગ, અનુક્રમવાર.

**સિલાપોશ,** વિ૰ ( અ૰ **सिलाह**=લડાઇનાં હથીઆર+**पोश** ફા૰ પહેરનાર, લડાઈનાં હથીઆર પહેરનાર **सिलाहपोश** سلاح‌پوش સલહ=તેણે હુમલો કરવા હાથ લંબાવ્યો ઉપરથી ) હથીઆર સજનાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સિલેદાર,** વિ૦ ( અ૦ **सिलाह**=લડાઇનાં હથિઆર+**दार** ફા૦ વાળો, હથીઆરવાળો, سلاحدار **सिलाह्दार** ) હથીઆરવાળો.
'પટાવતો થોડી જમીન કાઢી આપી શીલેદારો વિગેરે રાખે.' અં. ન. ગ.

**સિવાય,** અ૦ ( અ૦ **सिवा, सिवाय** سوا/سواے=બીજું, વગર ) વગર, વિના.

**સીક,** ન૦ સ્ત્રી૦ ( ફા૦ **सीख** سیخ=લોઢાનો સળીઓ ) લોખંડી ગજ.

**સીજદો,** પુ૦ ( અ૦ **सिज्दह** سجده=માથું જમીન પર મૂકવું, ) નમવું. 'મસ્તકને ભૂમિ પર નમાવી સીજદો કરવો પડે.' બા૦બા૦

**સીદી,** સ્ત્રી૦ ( અ૦ **सदी** صدی=સૈકું ) સો વર્ષનો સમય.

**સીદી,** પુ૦ ( ફા૦ **शीदी** شیدی=હબશી ) આબિસિનીયાના કાળા લોક.

**સીનો,** પુ૦ (ફા૦ **सीनह** سینه=છાતી) છાતીનો ફેલાવ.
'અરે કાતીલ સીને તું પડયું રહેજે પડયું રહેતું.' કલા૦

**સીમાબ,** પુ૦ ( ફા૦ **सीमाब** سیماب=પારો ) પારો.

**સીયમ,** વિ૦ ( ફા૦ **सियूम** سیوم=ત્રીજો ઉતરતા દરજાનું) ત્રીજા દરજાનું, થર્ડ કલાસ.

**સીલોન,** પુ૦ ( અ૦ **सयलान** سیلان લંકા ) સિંહલદ્વીપ.

**સીરી,** સ્ત્રી૦ ( ફા૦ **शीरीन** شیرین=મીઠી) મીઠી, સ્વાદ ઉશ્કેરે એવી વાસ, લજજત.

**સીસી,** સ્ત્રી૦ ( ફા૦ **शीशह** شیشه=કાચ, ઉપરથી ) શીશી.

**સીસો,** પુ૦ ( ફા૦ **शीशह** شیشه=કાચ ઉપરથી ) સાંકડા મોંનું નળાકાર કાચનું વાસણ, મોટી શીશી.

**સુકન,** પુ૦ ( ફા૦ **शगून** કે **शुगुन** شگون شگن=સારાં ચિન્હ.

**સુકન,** પુ૦ ( ફા૦ **सुखुन, सुखन, सखुन** سخن=વાત ) શબ્દ, બોલ.

**સુકાન,** ન૦ (અ૦ **सुक्कान** سکان=રહેનારાઓ સાકિન=રહેનારનું બહુવચન. **सकन**=તે આરામથી હતો ઉપરથી ) વહાણને ધારેલે રસ્તે ચલાવવાની કળ, જે મર. ડવાથી વહાણ દિશા બદલે છે તે લાકડું.
'જ્યાં સુધી વહાણનું સુકાન વિવેકની પાસે હોય છે, ત્યાંસુધી સામે પવને પણ તે સદ્દગુણની સાંકડી નાળમાં જ તે વહાણ ચલાવે છે.' ક૦ ઘે૦

**સુકાની,** વિ૦ ( અ૦ **सुक्कान** ઉપરથી ) વહાણને સહીસલામત ચલાવનાર.

**સુખન,** પુ૦ ( ફા૦ **सुखुन, सुखन, सखुन** سخن=વાત, શબ્દ ) બોલ, વચન, વેણ.
'આટલાં વર્ષમાં એક કડવો સુખન કહ્યો નથી.' ક૦ ઘે૦

**સુજની,** સ્ત્રી૦ ( ફા૦ **सूजनी** سوزنی સોજન=સોય ઉપરથી, જેમાં સોયકામ ઘણું કરેલું હોય એવું લુગડું ) રજાઇ, આછું રૂ ભરેલું હોય અને અંદર સોયનું કામ કરેલું હોય એવું ઓઢવાનું ગોદડું, કે ગોદડી. વિરમગામની સુજનીઓ વખણાતી હતી.
'શેત્રંજીઓ મળે આગરે, સુજનીઓ વીરમગામ.' દ૦ કા૦ ભા૦ ૨

**સુનત,** સ્ત્રી૦ ( અ૦ **सुंनत** سنت=રસ્તો. પેગંબર સાહેબ અને તેમની પછી ગાદીએ બેસનાર ખલીફાઓએ જે પ્રમાણે વર્તણુક રાખી હોય તે ) મુસલમાનપણાનો એક સંસ્કાર. આમાં લિંગમણિનું ઢાંકણ–ત્વચાનો છેદ કરવામાં આવે છે.
'શિવાજી ન હોત તો સુનત હોત સબકી,'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સુની,** વિ૦ ( અ૦ **सुंनी** سنی=પેગંબર સાહેબના રસ્તાપર ચાલનાર. ચારે ખલીફાઓને માનનાર ) મુસલમાનોનો એક સંપ્રદાય. મુસલાનોમાં બે મોટા સંપ્રદાય છે. સુંની ચારે ખલીફાઓને માને છે, અને શીઆ ફક્ત ચોથા ખલીફા હજરત અલીને માને છે. પહેલા ત્રણને માનતા નથી.

**સુપૂરત,** સ્ત્રી૦ ( ફા૦ **सिपुर्द** سپرد=સોંપણી. સિપુર્દન=સોંપવું ઉપરથી, સોંપણુ, ભાળવણી.

'મનાયું ના હુંથી, સુપરત થયો તું મુજ કરે.' કલા૦

**સુફરો,** પુ૦ (અ૦ **सुफ्रह** سفره=જે પાથરણા ઉપર જમવાનું મૂકવામાં આવે તે ) દસ્તરખાન, તોશાદાન. 'બધાને એક જાતનું ભોજન પીરસવામાં આવતું, અને મલિક સુફરાની જમણી ને ડાબી બાજુ તરફ ભોજન વેળા નજર કરતો.' મિ. લો.

**સુબેદાર,** પું૦ ( અ૦ **सूबह+दार** ફા૦ પ્ર૦ **सूबह्दार** صوبہدار પ્રાંતનો અધિકારી ) સિપાઇઓની નાની ટુકડીનો અમલદાર, મોટો નાયક.

**સુબેદારી,** સ્ત્રી૦ ( ઉપરના શબ્દને ઇ લાગવાથી ) સુબેદારપણું.

**સુબો,** પુ૦ ( અ૦ **सूबह** صوبہ=મુલકનો ભાગ, પ્રાંત, ઇલાકો ) જિલ્લો, પ્રાંત, જિલ્લા કે પ્રાંતનો ઉપરી અમલદાર.

**સુમાર,** પુ૦ ( ફા૦ **शुमार** شمار=ગણતરી ) શુમાર, અંદાજ, અડસટ્ટો.

**સુમારે,** અ૦ ( ફા૦ **शुमार** شمار ઉપરથી) આશરે, અડસટ્ટે.

**સુમુમ,** સ્ત્રી૦ ( અ૦ **समूम** سموم=(લૂ, ગરમ હવા ), અરબસ્તાનના મેદાનોમાં ચાલતી ઝેરી હવા. એ હવાની ઊંટને ખબર પડે છે, તે વખતે તે પોતાની ડોક રેતીમાં ઘાલીને પડી રહે છે, એટલે સવાર પોતાની પાસેનો કામળો મોઢે ઓઢીને ઊંટ ઉપર જ સૂઇ જાય છે. જ્યારે એ હવા જતી રહે છે, ત્યારે ઊંટ ઊભું થાય છે, એટલે માણસ પણ કામળો કાઢી નાખે છે. અંગ્રેજીમાં એને સિમૂન કહે છે.

**સુરઇ,** સ્ત્રી૦ ( અ૦ **सुराही** صراحی=દારૂ કે પાણી ભરવાનું વાસણ ) સાંકડા નળા જેવા મોંનું પાણીનુ વાસણ.

**સુરખ,** વિ૦ ( ફા૦ **सुर्ख** سرخ=લાલ ) લાલ રંગ, રાતો.

'શીશા સુરેખ શરાબના, સૌ આપ ભોગવજો અને.' ગુ૦ ગ૦

**સુરખી,** સ્ત્રી૦ ( ફા૦ **सुर्खी** سرخی=લાલાશ ) લાલી, ચોકખા, તાજા ને તંદુરસ્ત લોહીની ઝળકી તે.

'એના ગાલ તથા મોઢા ઉપર ગુજરેલા બનાવોના સ્મરણથી સહજ કાંઇ શોકમિશ્રિત પ્રેમલજ્જાની સુરખી છવાઇ રહી હતી.' ગુ. સિં.

**સુરત,** સ્ત્રી૦ ( અ૦ **सूरत** صورت=ચહેરો ) ચહેરો, મુખાકૃતિ.

**સુરતપરસ્તી,** સ્ત્રી૦ (અ૦ **सूरत+परस्ती** ફા૦ મળીને **सूरत्परस्ती** صورتپرستی =સૂરત પૂજવાપણું. સુરત=ચહેરો, પરસ્તીદન=પૂજવું ઉપરથી પરસ્તી=પૂજા ) સુરતપૂજા, સૌંદર્યપૂજા.

'દેવી મેં પણ તારી જ સુરતપરસ્તી કરી છે.' સ. ચં. ભા. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સુરમો**, પુ૦ ( ફા૦ **सुर्मह** سرمه=આંખમાં આંજવાની દવા ) અંજનમાં વપરાતું એક ખનીજ દ્રવ્ય.
'આંખે સુરમો ઘાલીને ટચાકપણું બતાવતા હતા.'

**સુરવાલ**, પુ૦ ( ફા૦ **शुल्वार** شلوار=પાયજામો. શલ=જાંઘ+વાર, સંબંધદર્શક પ્રત્યય. અરબીમાં 'સર્વાલ' અથવા 'સર્વીલહ.'

**સુરાખ**, સ્ત્રી૦ ( ફા૦ **सूराख** سوراخ=કાણું, છિદ્ર ) વિંધ, વેહ, બાકોરૂં.

**સુરાહી**, સ્ત્રી૦ ( અ૦ **सुराही** صراحي=દારૂ કે પાણી ભરવાનું વાસણ ) કૂજા જેવું વાસણ.
'સુરાહી એક કર, બીજે પ્યાલો પુર મદિરાથી.' ગુ. ગ.

**સુલતાન**, પુ૦ ( અ૦ **सुल्तान** سلطان=બાદશાહ. સલત=તેણે રાજ્ય કર્યું ઉપરથી ) મોટા મુલકના ઉપરી હાકેમ, રાજા, પાદશાહ.

**સુલતાની**, સ્ત્રી૦ ( અ૦ **सुल्तानी** سلطاني=બાદશાહની સાથે સંબંધ રાખતી ) સુલતાનની કારકીર્દી, બાદશાહી.

**સુલાખ**, સ્ત્રી૦ ( ફા૦ **सूराख** سوراخ=વેહ, છિદ્ર ) વેહ, સુલાખ.

**સુલુક**, વિ૦ ( અ૦ **सलूक** سلوك=રસ્તો. ભલાઇ, સારી વર્તણુક ) મિલનસાર, મળતાવડું.

**સુલેહ**, સ્ત્રી૦ ( અ૦ **सुल्ह** صلح=સલાહ કરી લેવી, ભલાઇ ) સલાહ, શાંતિ, ઝઘડાની માંડવાળ.

**સુસ્ત**, વિ૦ ( ફા૦ **सुस्त** سست=આળસુ ) આળસુ, મંદ, ધીમું.

**સુસ્તી**, સ્ત્રી૦ ( ફા૦ **सुस्ती** سستي=આળસ ) ઊંઘવું, ઘેન.

**સુસવાટ**, સ્ત્રી૦ ( અ૦ **सूस** سوس=પાણીમાંનું સુવર, એક મગરમચ્છ ) એક જળચર પ્રાણી.
'એક સુસવાટ એક કુતરાને પકડી પાણીમાં ઘસડતી તેની નજરે પડી.'
ક. ઘે.

**સૂફ**, ન૦ ( અ૦ **सूफ** صوف=બકરાંના વાળ ) ઊનનું વસ્ત્ર.

**સૂફી**, વિ૦ ( અ૦ **सूफी** صوفي=બકરાંના વાળનાં વસ્ત્ર પહેરનાર. (૨) **सुफ्फह**=ચોતરો, ચબુતરો. પેગંબર સાહેબના સમયમાં મસ્જિદે નબવીના કંપાઉડમાં એક ચોતરો હતો, તે ઉપર કેટલાક ગરીબ સહાબીઓ પડી રહેતા હતા. પેગંબર સાહેબ અને ગૃહસ્થ સહાબીઓ તેમનું પાલણપોષણ કરતા હતા. એમનું નામ અસહાબે સુફ્ફા હતું તે ઉપરથી (૩) સફા=અંતઃકરણની શુદ્ધતા, રાખે છે માટે સૂફી. (૪) સફ=લાઇન, પંક્તિ. ભક્તિ વગેરેના કારણથી એ લોકો પહેલી પંક્તિમાં મૂકવા લાયક છે માટે ) દુરવેશ, ફકીર, સુફી લોકો, સુંની લોકોમાંથી જે લોકો જગતની તરફથી બે પરવા થઇને ખુદાની સાથે પ્રીતિ જોડી શરેને સંપૂર્ણ રીતે અનુસરી આત્માને પવિત્ર રાખવાના કામમાં લાગેલો રહે તે સૂફી.

**સૂમ**, વિ૦ ( અ૦ **शूम** شوم=કૃપણ ) કંજુસ, અનુદાર.
'સૂમ તણી સેવા થકા, કે ભિક્ષાથી ભ્રાત.' દ. ક. ભા. ૨.

**સેખઇ**, સ્ત્રી૦ ( અ૦ **शय्‌खी** شيخي=વૃદ્ધાવસ્થા, મોટાઇ ) બડાઇ, પતરાજ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સેખી,** સ્ત્રી૦ ( અ૦ **शय्खी** شیخی વૃદ્ધાવસ્થા, મોટાઇ ) બડાઇ, પતરાજ.

**સેતરંજ,** પુ૦ ( અ૦ **शित्रंज** અથવા **शत्रंज** شطرنج ફારસીમાં અસલ નામ **शश्रंग** હતું કેમકે એ રમતમાં બાદશાહ, ફરજીન, ઘોડા, હાથી, રૂખ ને પ્યાદા એ છ પ્રકારનાં મોહોરાં હોય છે. (૨) કોઇ કહે છે કે શુદરંજ=દુઃખ પડયું એ શબ્દ પરથી શત્રંજ શબ્દ થયો છે કેમકે એ રમતમાં રમનારને ઘણું બારીક ધ્યાન આપવું પડે છે. (૩) કેટલાક કહે છે કે સદરંજ=૧૦૦ દુઃખ પરથી એ શબ્દ થયો છે. ) ચોપટ, બુદ્ધિબળની એક રમત. એમાં ૩૨ મોહોરાં ને ૬૪ ખાનાં હોય છે.

**સેતરંજી,** સ્ત્રી૦ ( ફા૦ **शत्रंजी** شطرنجی= એક પ્રકારનું પાથરણું ) રંગદાર જાડા સુતરના વણાટનું પાથરણું, જાજમ.

**સેતાન,** પુ૦ ( અ૦ **शय्तान** شیطان= ખુદાનો હુકમ ન માનવાથી ધિક્કારી કાઢેલો, પહેલાં એ મહાન ફિરિસ્તો હતો, પણ ખુદાનો હુકમ ન માનવાથી હાંકી કાઢયો. શતન=તેણે બળવો કર્યો ઉપરથી ) ભૂત, પ્રેત, દુષ્ટ 'સેતાન નામના ખરાબ કામ કરવાની પ્રેરણા કરનાર ફિરસ્તાનું નામ સર્વને જાણીતું છે.' સિ. સા.

**સેતુર,** ન૦ ( અ૦ **तूत** توت શાહ=મોટું+તૂત મળીને **शहतूत** شهتوت=એક મેવો છે ) એક જાતનું ઝાડ અને તેનાં ફળ, આ ઝાડનાં પાંદડાંઓ ખાઇને કીડાઓ રેશમના તાર કાઢી કોશેટા બનાવે છે.

**સેન,** સ્ત્રી૦ ( અ૦ **सह्न** صحن=મોટો થાળ, સપાટ જમીન, આંગણું ) ઘરની આગળનો ખુલ્લો ભાગ.

**સેના,** પુ૦ ( અ૦ **शिह्नह** شحنه=કોટવાળ ) શહેરનું રક્ષણ કરનાર.

**સેપ,** ન૦ ( ફા૦ **सेब** سیب=એક જાતનું ફળ ) સેબ, સેફ, સફરજન.

**સેરવો,** પુ૦ ( ફા૦ **शोर्बह** شوربه=શાકમાંનો રસો. શોર=ખારૂં+આબ=પાણી. શોરાબહ ઉપરથી ) માંસને ઉકાળીને બનાવેલો રસ.

**સેરીલોબાન,** પુ૦ ( અ૦ **शह्रीलूबान**= એક પ્રકારનો ગુંદર ) એક જાતના છોડનો સુકો ગુંદર, ધૂપ માટે વપરાય છે.

**સેલ,** સ્ત્રી૦ ( અ૦ **सय्र** سیر=હવા ખાવા જવું, આનંદ ભેર હરવા ફરવા જવું.

**સેલગાહ,** સ્ત્રી૦ ( અ૦ **सय्र+गाह**, સ્થળ વાચક પ્રત્યય. **सय्र्गाह** سیرگاه=સેલ કરવાની જગા ) ફરવા હરવા જવાની જગા. સેલ કરવાની જગા.

**સેવતી,** સ્ત્રી૦ ( ફા૦ **सेव्ती** سیوتی=એક જાતનાં સુગંધીદાર ફૂલ ને તેની વેલ ) એક જાતનાં ફૂલ ને તેની વેલ.

**સેહ,** સ્ત્રી૦ ( ફા૦ **शह** شه=બાદશાહ ) બીજાના પ્રતાપમાં અંજાઇ જવું, સેતરંજમાં પ્રતિપક્ષીનાં મહોરાં ને રોધ–અટકાવદેવો–આપવો તે.

**સેહરા,** પુ૦ ( **सहा** صحرا=મેદાન, વેરાન જગા ) ઝાડપાન ન થાય એવી જગા, રેતીનું રણ.

**સેહેલ,** સ્ત્રી૦ ( અ૦ **सयर** سیر=હવા ખાવા જવું ) આનંદની મોજમાં આમ તેમ ફરવું.

**સેહેલગાહ,** સ્ત્રી૦ ( અ૦ **सयर+गाह** સ્થળ વાચક ફારસી પ્રત્યય. **सयरगाह** سیرگاه=સેલ કરવાનું ઠેકાણું ) ફરવા જવાનું ઠેકાણું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સેહેલાણી**, વિ૦ ( અ૦ **सयर** ઉપરથી ) સહેલ કરનાર, આનંદ મોજમાં રહેનાર.

**સેહેલું**, વિ૦ ( અ૦ **सहल** سهل=નરમ, આસાન, સહેલું ) સુગમ, સતરૂં

**સૈયદ**, પુ૦ ( એ૦ **सैयिद** سيد=સરદાર. સાદ=તે ધણી હતો ઉપરથી ) મુસલમાનોમાં એક જાત. હજરત પેગંબર સાહેબ મુહંમદ (સ. અ) સાહેબની દીકરી બીબી ફાતિમાના વંશજો. ) બીબી ફાતિમાના વંશજો.

**સોખ**, પુ૦ ( અ૦ **शवक** شوق=ઇચ્છા, મરજી, શાક=ઇચ્છા ઉત્પન્ન થઇ ઉપરથી ) શોક, ઇચ્છા, ભાવના.

**સોગ**, પુ૦ ( ફા૦ **सोग** سوگ=દુઃખ દિલગીરી ) કોઇના મરી જવાથી તેનો જે શોક પાળે છે તે.

**સોગન**, પુ૦ ( ફા૦ **सोगंद** سوگند=સમ-કસમ ) શપથ.

**સોગંદ**, પુ૦ ( ફા૦ **सोगंद** سوگند=સમ ) કસમ, શપથ.
'સોગંદ પાક પરવરદગારના, હું તને ઓળખી શકત નહિ.' બા. બા.

**સોગાત**, સ્ત્રી૦ ( તુ૦ **सवगात** سوغات=તોફો, ભેટ ) કીમતી ભેટ. નજરાણાની ચીજ.
'ચોથો દિવસ લક્ષ્મીપ્રસાદ પામી નવા વર્ષમાં અન્યોન્યને ભેટ સોગાતો આપી હળવાનો ને ક્ષેમકુશળ વાંચવાનો છે.'
સુ. ગ.

**સોહોજ**, પુ૦ ( ફા૦ **सोज** سوز=બળતરા, દુઃખ, સોખ્તન=બળવું ઉપરથી ) દરદ, લાગણી, ઠાવકા પણું.
'આધેર સ્ત્રીઓ એમ કહેતી કે એમાં સોહાજ બહુ છે.' સ. ચં. ભા. ૧

**સોડા**, પુ૦ ( ફા૦ **शोरह** شوره=એક પ્રકારનો ખાર ) ખાર.

**સોદાઇ**, સ્ત્રી૦ ( ફા૦ **सव्दाई** سودائی=ગાંડો, મૂર્ખ ) લુચ્ચાઇ, વ્યભિચાર.
'તેઓને ઉંચા વર્ગના પુરૂષો સાથે સોદાઇ કરવાનો લાગ હોતો નથી.' રા. મા.

**સોદાગર**, પુ૦ ( તુ૦ **सव्दा+गर** ફા૦ પ્ર૦ **सव्दागर** سوداگر=વેપારી ) કીમતી ચીજો વેચનાર, મોટો વેપારી.

**સોદાગરી**, સ્ત્રી૦ ( ઉપલા શબ્દને ઇ લાગી થએલો શબ્દ=વેપાર ) મોટા કીમતી માલનો વેપાર તે.

**સોદો**, પુ૦ ( તુ૦ **सव्दा** سودا=વેચવું, વેચાતું લેવું ) વેચવાનો ધંધો તે.

**સોનામુખી**, સ્ત્રી૦ ( અ૦ **सनामक्की** سناءمكى=સના=એક છોડવાનું નામ છે, મક્કી=મક્કામાં થનાર.) મક્કામાં થનાર એક છોડ. જેનાં પાંદડાં રેચક છે.

**સોફ**, સ્ત્રી૦ ( અ૦ **खवफ़** خوف=બીક, અંદેશો ) ધાક, ભયનો ધ્રાસ્કો

**સોબત**, સ્ત્રી૦ ( અ૦ **सुह्‌बत** صحبت=સંગત સાથ, મૈત્રી. 'તુખ્મે તાશીર ને સોબતે અસર'

**સોબતી**, વિ૦ ( અ૦ **सुहबती** صحبتي=સંગાથી ) સાથી, જોડીઓ.

**સોમલ**, પુ૦ ( અ૦ **सम्मुल्फार** سم الفار=ઊંદરનું ઝેર. સમ=ઝેર, ફાર=ઊંદર. વિષ ) પત્થર અને ધાતુ સંમિશ્ર પોલાદ જેવા સહજ લીલા રંગનો બરડ પદાર્થ.,

**સોયમ**, વિ૦ ( ફા૦ **सियूम** سيوم=ત્રીજો ) ત્રીજો, ત્રીજા નંબરનો, થર્ડ કલાસ, ઉતરતી પ્રતની જમીન, અવલ, દોયમ, ને સાયમ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સોહોર, પુ૦ ( ફા૦ **शोर** شور=શોર બકોર, ગુમરાણ ) ઘોંઘાટ, ગડબડાટ, ધાંધલ, ધમાલ.

## ह.

હક, પુ૦ ( અ૦ **हक्क** حق=સાચું, ખરૂં, વાજબી, લાયક, ફારસીવાળા 'હક' વાપરે છે. હક=તે ખરો હતો ઉપરથી) સ્વામિત્વ, માલિકી, સત્તા.
'સુરી તરીકાના હકની હકીકત બોલ, શું સમજાય છે ? સિ. સા.

હક થઈ જવું, અ૦ ક્રિ૦ ( અ૦ **हक्क** حق=સાચું, ખરૂં, વાજબી ઉપરથી ગુ૦ ક્રિ૦ ગુજરી જવું, મરણ પામવું. ખુદામાં મળી જવું ) મરી જવું. 'પણ તું ત્રણ દિવસમાં હક થઇ જઇશ.' ટ. ૧૦૦ વા. ભા. ૩

હકતલફી, સ્ત્રી૦ ( અ૦ **हक्कतलफी**= حق تلفی અન્યાય, હકમારવો) કોઇનો હક મારવો તે.
'હું કારણ વિના હકતલફી કરનાર નથી.' બા. બા.

હકતાલા, પુ૦ (અ૦**हक्कतआला** حق تعالی =મોટો ખુદા. હક્ક=ખુદા+તઆલા=મોટો ) ખુદા, પરમેશ્વર.

હકદાર, વિ૦ ( અ૦ **हक्क+दार** ફા. પ્ર. حقدار=હકવાળો ) જેનો હક પોંહોંચતો હોય તે.

હકદારણ, સ્ત્રી૦ ( ઉપલા શબ્દ ઉપરથી ગુજરાતી પ્રયોગ ) હકદાર સ્ત્રી.

હકદારી, સ્ત્રી૦ ( અ૦ **हक्क+दारी** ફા૦ પ્ર. حقداری=હકદારપણું) માલિકી,સ્વામિત્વ

હકનાહક, અ૦ ( અ૦ **हक्क**, ના ફા૦ અ૦ **हक्कनाहक्क** حق ناحق=સત્ય અસત્ય. ) વગર કારણે, અમસ્તુ, ખાલી.

હકસાઈ, સ્ત્રી૦ ( અ૦ **हक्क** ઉપરથી ગુ૦ પ્ર૦ ) દસ્તુરી, દલાલી, હકનું લવાજમ.

હકીકત, સ્ત્રી૦ (અ૦ **हकीकत** حقیقت= અસલ, જાણ ) કોઈ બનાવ કે બાબતની પૂર્ણ વિગત.

હકીમ, પુ૦ ( અ૦ **हकीम** حکیم= હિકમત જાણનાર, ડોકટર. ઓસડ વેસડ કરનારને 'તબીબ' કહે છે, પણ તેને માન આપવા માટે 'હકીમ' કહે છે, જેમ અંગ્રેજીમાં માન આપવા માટે વૈદને 'ડોકટર' કહે છે ) યુનાની વૈદું કરનાર, મુસલમાન વૈદ.

હકીમી, સ્ત્રી૦ ( અ૦ **हिक्मत** حکمت= હકીમપણું ) હકીમનો ધંધો.

હકીમું, ન૦ ( અ૦ **हिक्मत** حکمت= હકીમપણું ) યુનાની વૈદું.

હકુમત, સ્ત્રી૦ ( અ૦ **हुकूमत** حکومت= હુકમ કરવો, સત્તા, હકમ=તેણે હુકમ કર્યો ઉપરથી ) અમલ, અધિકાર.

હક્ક, પુ૦ ( અ૦ **हक्क** حق=સત્ય ) અધિકાર, સત્તા.

હજ, સ્ત્રી૦ ( અ૦ **हज्ज** حج=મુસલમાની છેલ્લા મહીનામાં કાબાનાં દર્શન કરવા જવું તે. એ મહીનાની ૧૦ મી તારીખે એ દિવસ આવે છે. ગૃહસ્થ મુસલમાને મક્કે જઇ અમુક ક્રિયા કરવી તે. રસ્તા ખરચ જેટલું જેની પાસે ધન હોય ને શક્તિ હોય તેવા મુસલમાન ઉપર હજ ફરજ છે ) મુસલમાનો મક્કાની યાત્રાએ જાય છે તે.
'અમુક પાષાણાદિને બોસા લેવાનો રીવાજ હજ કરનારાઓને પરિચિત જ છે.' સિ. સા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**હજમ,** વિ૦ ( અ૦ **हज्म** هضم=તોડવું, ખાધું પચવું ) પચેલું, જરેલું. 'નથી લાયક અહો દુન્યા. વફાદારી હજમ કરવા.' દી. સા.

**હજમિયત,** સ્ત્રી૦ ( અ૦ **हाजिमह** هاضمه =પાચનશક્તિ ) પાચન થવું તે, જઠરબળ.

**હજરત,** પુ૦ ( અ૦ **हज़्रत** حضرت સમીપતા, માનવાચક શબ્દ છે. હજર= હાજર હતો ઉપરથી ) માલિક, સ્વામી, શ્રીમાન.

**હજરલઅસવદ,** પુ૦ ( અ૦ **हजरल्अस्वद** حجرالاسود=કાળો પત્થર, હજર=પત્થર, અસ્વદ=કાળો. કાબામાં એક પત્થર છે જેને હજ કરનારાઓ ચુંબન કરે છે. ) કાબામાં એક પત્થર છે જેને હાજી લોકો બોસા દે છે તે.

'કહે છે કે મક્કાના કાબામાં જ લગભગ ૩૬૦ મૂર્તિઓ હતી, હાલમાં તેમ નથી. તો પણ અમુક પાષાણ ( હજરલઅસ્વદ નામનો પત્થર ) આદિને બોસા લેવાનો રિવાજ હજ કરનારાઓને પરિચિતજ છે.' સિ. સા.

**હજામ,** પુ૦ ( અ૦ **हज्जाम** حجام=હજામત કરનાર. હજમ=તેણે સીંગી મૂકી, તેણે રક્તચુસકયંત્ર વળગાડયું ઉપરથી. આ ઉપરથી જણાય છે કે ફસ્દ ખોલવા વગેરે વૈદકને લગતું કામ એ કરતા હતા) વાળંદ, રાત, નાઈ, ગાંયજો.

**હજામડી,** સ્ત્રી૦ ( અ૦ **हज्जाम** حجام ઉપરથી ગુજરાતી તિરસ્કારનો પ્રયોગ ) હજામની સ્ત્રી.

**હજામડો,** પુ૦ ( અ૦ **हज्जाम** حجام ઉપરથી ગુજરાતી તિરસ્કારનો પ્રયોગ ) હજામ.

**હજામત,** સ્ત્રી૦ ( અ૦ **हजामत** حجامت =હજામત કરવી ) હજામનું કામ.

**હજાર,** વિ૦ ( ફા૦ **हज़ार** هزار=૧૦૦૦ ) દસ વાર સો તે.

**હજારી,** વિ૦ ( ફા૦ **हज़ारी** هزاری=મુગલ બાદશાહોના વખતમાં લશ્કરમાં એક પદવી હતી ) હજાર રૂપીઆની દેશાઇગીરી જેને મળતી હોય તેવું.

**હજીરો,** પુ૦ ( અ૦ **हज़ीरह** حظیره=કબ્રસ્તાનનો વંડો, કબર ઉપરનો ઘુંમટ ) મિનારાઓવાળું સુંદર કબરનું મકાન. બાદશાહનો હજીરો, રાણીનો હજીરો, હજીરાની પોળ વગેરે નામો ત્યાં આવેલાં કબ્રસ્તાન ઉપરથી પડયાં છે.

**હજુર,** સ્ત્રી૦ ( અ૦ **हुज़ूर** حضور=હાજર થવું. સામે આવવું, કચેરીમાં હાજર થવું. ફારસીવાળાઓ માનવાચક શબ્દ તરીકે પણ ઉપયોગ કરે છે. ) મહેરબાન, કૃપાવંત. 'હજુરની ઇચ્છા હશે તો હું એવી કવિતા દિન પંદરમાં બનાવીશ.' ૧૦૦ વા. ભા. ૩

**હજુરિયો,** પુ૦ (અ૦ **हुज़ूर** حضور ઉપરથી) મોટા માણસની હાજરીમાં રહેનારો નોકર.

**હજુરી,** પુ૦ ( અ૦ **हुज़ूरी** حضوری=હાજર હોવાપણું ) સેવા, ચાકરી.

**હડફાઉ,** વિ૦ ( અ૦ **आलुफ्तह** آلفته =દરવેશ, નકામો, એકલો, તોફાની ) જેવોતેવો, અજાણ્યો, રખડતો.

**હદ,** સ્ત્રી૦ ( અ૦ **हद्द** حد=મર્યાદા ) સીમા, અવધ.

**હદિયો,** પુ૦ ( અ૦ **हद्यह** هدیه=તોફો, નજરાણું, ભેટ, ઇનામ, કુરાનની કીમત) ભેટ, ઇનામ.

'બેગડાનાં માણસ તથા વહાણો સફદર મુલકને સ્વાધીન ગુજરાત મોકલી દીધાં, અને તે સાથે હદિયો પણ મોકલ્યો. રા. મા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**હદીસ**. સ્ત્રી૦ (અ૦ **हदीस** حديث=નવી ચીજ, હજરત પેગંબર સાહેબે (સ. અ.) જે હુકમો પોતાની જીભે ફરમાવ્યા, જે કામ પોતે કર્યું, જે કામ પોતાની સામે કોઇએ કર્યું ને તેની ના ન પાડી. તે કામો ) પેગંબર સાહેબના હુકમો. ' હદીસમાં કહ્યું છે કે......'મિ. સિ.

**હદુદ**, સ્ત્રી૦ અ૦ **हदूद** حدود=ચતુર્સીમા, હદનું બહુવચન ) ચતુર્સીમા. ખતપત્રમાં એ શબ્દ વપરાય છે.

**હપતો**, પુ૦ ( ફા૦ **हफ्तह** هفته=અઠવાડીઉં, સાત દિવસ. હફ્ત=૭ ઉપરથી ) હફ્તો, કાંધું, કકડે કકડે રકમ ભરવી તે.
' એ હપ્તે તમામ રૂપીઆ વસુલ લેવાનો ઠરાવ હતો.' અં. ન. ગ.

**હફ્તો**, પુ૦ ( ફા૦ **हफ्तह** هفته=સાત દિવસ, અઠવાડીઉં. હફ્ત=૭ ઉપરથી ) હફ્તો, કાંધું, કકડે રકમ આપવી તે.

**હબક**, સ્ત્રી૦ ( અ૦ **हयबत** هيبت=બીક, ડર, રોબ, દબદબો ) બીકથી મનને લાગતો ઓચિંતો આઘાત તે.
' તેથી તે હબક ખાઇને ત્યાં જ પડયો.' ૧૦૦ વા. ભા. ૩

**હબકવું**, અ૦ ક્રિ૦ (અ૦ **हयबत** هيبت= બીક ઉપરથી ગુજરાતી ક્રિયાપદ ) ભય અથવા ત્રાસથી ચોંકાવું.

**હબકાવવું**, સ૦ ક્રિ૦ (અ૦ **हयबत** هيبت =બીક ઉપરથી ગુજરાતી ક્રિયાપદ ) ધ્રાસ્કો ખવરાવવો.

**હબશણ**, સ્ત્રી૦ ( અ૦ **हबशी** حبش=એબીસીનીયાનો રહેનાર તે હબશી, ને તેનું સ્ત્રીલિંગ હબશણ ) હબશીની સ્ત્રી.

**હબશી**, પુ૦ (અ૦ **हबशी** حبشي=એબીસીનીયાનો રહેનાર ) હબશી, સીધી.
' દિલ્હીના બાદશાહની તહેનાતમાં એક સીદી—હબશી—હતો. ૧૦૦ વા. ભા. ૪

**હમજાત**, વિ૦ ( ફા૦ **हम्+ज़ात** અ૦ همذات=એક જાતનો, એક કોમનો. **हम**=એક, સમ.) પોતાની જાતિનું ' જે પણ મારી હમજાત ઓરત છે.' બા. બા.

**હમદર્દી** સ્ત્રી૦ ( ફા૦ **हम्दर्दी** همدردی= એક પ્રકારના દુઃખમાં ફસાવાપણું, દિલસોજી, મનમાં દયા લાવવી ) સમભાવના, અનુકંપા. ' પૂછ્યું હમદર્દીથી બાપુ, કરૂં શું તોય શે રાજી. ' દી. સા.

**હમા**, વિ૦ ( ફા૦ **हमह** همه = બધું ) સઘળું.

**હમામ**, ન૦ ( અ૦ **हंमाम** حمام=ગરમ પાણીથી નહાવાની જગા ) નહાવાની જગા. ' દોલતખાન ગુસલખાના અથવા હંમામમાંથી ગુસલ કરીને હમણા પોતાના ખાનગી ઓરડામાં આવી મસનદ પર કાવો પીતો બેઠો હતો.' બા. બા.

**હમામખાનું**, ન૦ ( અ૦ **हंमाम्** + **खानह** ફા૦ પ્ર૦ **हंमाम्खानह** حمامخانه= ગરમ પાણીથી નહાવાની જગા ) નહાવા માટે બાંધેલું મકાન.

**હમાઅદસ્તો**, પુ૦ ( ફા૦ **हावन्दस्तह** هاون‌دسته = ખાંડણી પરાર. હાવન= ખાંડણી + દસ્તા = પરાર ) લોઢાની ખાંડણી ને લોઢાનો દસ્તો. મુસલી, દસ્તો, ઉપરવાણો.

**હમાલ**, સ્ત્રી૦ ( અ૦ **हंमाल** حمال=બોજો ઉપાડનાર, મજુર, હમલ=તે લઇ ગયો ઉપરથી ) હમાલપણું, હમાલનું કામ તે, હમાલ તરીકેનું મહેનતાણું.

**હમાલી**, પુ૦ ( અ૦ **हंमाल** حمال=બોજો ઉપાડનાર, મજુર, હમલ=તે લઇ ગયો ઉપરથી ) વાળઝુડનું પરચુરણ કામ કરનાર ચાકર, નોકર, ફરાસ, હેલકરી, ભાર ઉપાડવાનું કામ કરનાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**હમિયાણી,** સ્ત્રી૦ ( ફા૦ **हिम्यान** همیان= રૂપીઆ રાખવાની થેલી ) થેલી, કોથળી.
'એમને ઘેર નથી હમિયાણી, ઘર વેચે કે ઘરધણીઆણી.' સ્ત્રી. ગી.

**હમી,** સ્ત્રી૦ ( અ૦ **हामी** حامی=હિમાયત કરનાર, મદદગાર, રક્ષણ આપનાર ) જામીની, બાંહેધરી, જામીનગીરી.

**હમીદાર,** પુ૦ ( અ૦ **हामी** + **दार** ફા૦ પ્ર૦ **हामीदार** حامیدار=હિમાયત કરનાર. ગુ૦ પ્ર૦ એકલો હામી શબ્દ ચાલે ) બાંહેધર, જામિન.

**હમેલ,** પુ૦ ( અ૦ **हम्ल** حمل=ઉઠાવવું, બોજો, માના પેટમાં જે બાળક હોય તે ) ગર્ભ, ગાભ, દહાડા.
'રજવાડામાં રાણીને હમેલ રહે, ત્યારે પુત્ર જ પ્રસવે, અને તે અમરજ રહે.' અં. ન. ગ.

**હમેલ,** સ્ત્રી૦ ( અ૦ **हिमाइल** حمائل=તલવાર, બગલમાં લટકાવવાની વસ્તુ ) ચપરાસ, પટાપરની તખ્તી, પટો.
'એ હમેલ બળદેવને, મધ્ય રત્ન ચોકીજડાવ; કૌસ્તુભ મણિનો હાર હરિને, જે જોઇ ઉપજે ભાવ. રૂકિમ૦ ૯૦

**હમેશ,** અ૦ ( ફા૦ **हमेशह** همیشه=સદા) રોજ, નિત્ય,

**હમેશગી,** સ્ત્રી૦ (ફા૦ **हमेशगी** همیشگی= હમેશ હોવાપણું ) અવિચ્છિન્નતા, નિરંતરતા.

**હમેશાં,** અ૦ ( ફા૦ **हमेशह** همیشه=સદા) નિત્ય, સદા, રોજ, નિરંતર.

**હયાત,** વિ૦ ( અ૦ **हयात** حیات=જીંદગી, જીવવું. **हई**=જીવ્યું ઉપરથી) જીવત, જીવતું, વિદ્યમાન.

**હયાતી,** સ્ત્રી૦ ( અ૦ **हयाती** حیاتی= જિંદગી, જીવવું. **हई**=જીવ્યું ઉપરથી) જીવંત સ્થિતિ, અસ્તિત્વ.
'પરંતુ તેની હયાતીની ભૂપસિંહને પણ ખબર નહતી.' સ. ચં. ભા. ૧.

**હર,** અ૦ ( ફા૦ **हर** هر= દરેક, પ્રત્યેક, ઉપસર્ગ છે, ) એકેક, વ્યકિત,-વસ્તુવાર, પ્રત્યેક, દરેક.

**હરકત,** સ્ત્રી૦ ( અ૦ **हरकत** حرکت=હાલવું, ગતિમાં આવવું, હરક= તે હાલ્યું ઉપરથી ) અડચણ, નડતર.

**હરકતી,** વિ૦ ( અ૦ **हरकत** حرکت= હાલવું, ઉપરથી **हरक**=તે હાલ્યું ઉપરથી ) અડચણ કરનાર, નડનાર. 'ગઇ રસ્તાની ગંદકી, ગયાં હરકતી ઝાડ.' દ. કા. ૨

**હરગીજ,** અ૦ ( ફા૦ **हरगिज़** هرگز= કોઇ વખત, કદી ) કોઇ પણ રીતે, કદી પણ.
'દમમાં દમ જો હરગીજ એટલે કોઇ પ્રકારે પણ રહે જ્યાં સુધી કોઇ રીતે પણ પ્રાણમાં પ્રાણ છે ત્યાં સુધી દમબદમ એટલે પ્રાણની પ્રત્યેક ઉઠબેસમાં હું સનમને અને સનમનેજ ઉઠતી બેસતી દેખું છું.' આ. નિ.

**હરદમ,** અ૦ (ફા૦ **हर्दम** هردم=દરેક વખતે શ્વાસોચ્છવાસે, દમ=શ્વાસ ) હમેશ, રોજ, વારંવાર.

**હરફ,** પુ૦ ( અ૦ **हर्फ** حرف=અક્ષર ) બોલ, શબ્દ, ઉચ્ચાર, અક્ષર.

**હરમ,** સ્ત્રી૦ ( અ૦ **हरम** حرم=સ્ત્રી, લોંડી, દાસી ) લોંડી.
'કાયમ દિલે તારૂં હરમ.' ગુ. ગ.

**હરરોજ,** અ૦ ( ફા૦ **हर्रोज़** هرروز=હમેશ) દરરોજ, પ્રતિદિવસ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**હરવખત**, અ૦ ( ફા૦ **हर्+वक्त** અ૦ **हर्वक्त** هروقت=દરેક વખતે ) વારેઘડીએ.

**હરસાલ**, અ૦ ( ફા૦ **हर्साल** هرسال=દરેક વર્ષ ) પ્રતિવષ.

**હરહુનર**, પુ૦ ( ફા૦ **हर्हुनर** هرهنر=દરેક હુનર ) કોઇપણ યુક્તિ તે.

**હરાજ**, વિ૦ ( અ૦ **हर्ज** هرج=ગડબડ, ખુમરાણ, દંગો, નુકસાન, ટોટો ઉપરથી) જાહેર માગણીએ વેચવાતું, જુજ કીમતનું.

**હરાજી**, સ્રી૦ ( અ૦ **हर्ज** هرج=ઉપરથી ) જાહેરમાં કીમત બોલાવી વેચવું તે, લીલામ.

**હરામ**, વિ૦ ( અ૦ **हराम** حرام=મના કરવી, ના પાડનાર, ના પાડેલી વસ્તુ, નિષેધ વસ્તુ, મના કરવી) વગર હકનું, અઘટિત, ના મુનાસિબ.

**હરામખોર**, વિ૦ ( અ૦ **हराम्+खोर** ફા૦ પ્ર૦ ખુર્દન=ખાવું ઉપરથી ખાનાર **हराम्खोर** حرامخور=હરામનું ખાનાર) પારકું ખાવા ઇચ્છનાર.

**હરામખોરી**, સ્રી૦ ( ઉપલા શબ્દને ઇ લાગવાથી حرامخوری=હરામખોરપણું ) ઢોંગાઇ, હરામી.

**હરામચસ્કો**, પુ૦ ( અ૦ **हराम** حرام= ચસ્કો ગુ૦ ) વગર હકનું લેવા—ખાવા—ભોગવવાનો ભાવ.

**હરામજાદું**, વિ૦ ( અ૦ **हराम्+जादह**= ફા૦ પ્ર૦ જાદન=જન્મ આપવો ઉપરથી **हराम्जादह** حرامزاده=હરામનો ) પરણેલા જોડાનું નહિ એવું.

**હરામી**, વિ૦ ( અ૦ حرامی=હરામ કામ કરનાર ) હરામખોર.

'તમારી બેવફાઇના, હરામી ને હલાલીના.' કલા.

**હરીફ**, પુ૦ ( અ૦ **हरीफ** حریف=એકજ પ્રકારનો ધંધો કરનાર માણસો, શામીલ, સામાવાળીઓ, દુશ્મન. હરફ=ફરીને જતા રહેવું ઉપરથી ) સામાવાળીઓ, પ્રતિસ્પર્ધી.

'સિંહે વિચાર્યું કે એ મારો હરીફ છે.' ૧૦૦ વા. ભાગ ૩

**હરીફાઇ**, સ્રી૦ ( અ૦ **हरीफी** حریفی= ઉપરથી ) સરસાઇ, ચડસાચડસી.

**હરીરો**, પુ૦ ( અ૦ **हरीरह** حریره=એક પ્રકારનું પ્રવાહી, ખાંડ, લોટ ને પાણીનું બનાવે છે ) ગળમાણું.

**હરેક**, વિ૦ ( ફા૦ **हर्यक** هریک=પ્રત્યેક ) દરેક.

**હરોળ**, સ્રી૦ ( તુ૦ **हरावुल** هراول= લશ્કરની આગળ આગળ ચાલનાર થોડી થોડી ફોજ, આગળની ફોજનો સરદાર) હાર, પંક્તિ, ઓળ.

**હલક**, સ્રી૦ ( અ૦ **हल्क** حلق=ગળું ) સાદ, સૂર, અવાજ.

**હલકારો**, પુ૦ ( ફા૦ **हर्कारह** هرکاره=દરેક કામ કરે એવો માણસ ) દોડનારો ખેપીઓ, કાસદ.

**હલકું**, ન૦ ( અ૦ **हल्कह** حلقه=પરિધ, કુંડાળું. હલક=તેણે કુંડાળું દોર્યું ઉપરથી) કાનમાં પહેરવાની વાળી.

**હલમસ્ત**, વિ૦ ( અ૦ **अल्+मस्त** ફા૦ **अलमस्त** الmست=અથવા **हाल्** અ૦ **+मस्त** ફા૦ **हाल्मस्त** حالمست= જવાનીમાં ભરેલો, કેફથી ચડી ગએલો) જોરાવર, મદોન્મત.

**હલવાઇ**, પુ૦ ( અ૦ **हल्वाइ** حلوائی=હલવો વેચનાર, કંદોઇ, **हल्लु**=ગળ્યું હોવું ઉપરથી ) મીઠાઈ બનાવી વેચનાર, સુખડીઓ, કંદોઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**હલવાન,** ન૦ ( અ૦ **लव्न** لون=રંગનું બહુવચન ) કોર ભરત વગરનું ઓઢવાનું ઊનનું કપડું, શાલ, ફરદ, બનાત.

**હલવાન,** ન૦ ( અ૦ **हल्वान** حلوان=બકરીનું બચ્ચું ) બકરીનું ધાવણું બચ્ચું.

**હલવો,** પુ૦ ( અ૦ **हल्वा** حلوا=મીઠી વસ્તુ, **हल्लु**=ગળ્યું હોવું ઉપરથી) સુખડી, મીઠાઈ.
'એટલો મીઠો પણ ન થઇ જા કે લોકો તને હલવો જાણીને ખાઇ જાય.' બા.બા.

**હલાક,** વિ૦ ( અ૦ **हलाक** هلاك=નાબુદ થવું, મરણ પામવું, હેરાન થવું. હલક=તે મરી ગયો ઉપરથી ) હેરાન, દુઃખી, અથડામણથી કંટાળેલું.

'તમે હિંદુઓના પાદશાહ છો, તો અમને હલાક શું કામ કરો છો? મિ. સિ.

**હલાકી,** સ્ત્રી૦ ( અ૦ **हलाकी** هلاكى=નાબુદ થવાપણું ) હેરાનગતી.

**હલ્લાજ,** પુ૦ ( અ૦ **हल्लाज** حلاج=રૂમાંથી કપાસીઆ છુટા પાડનાર, રૂનું કામ કરનાર. હુસેન બિન મન્સુરનું ઉપનામ. જેઓ વલી હતા એમણે અનલહક ( હું ખુદા છું,) એવું છચોક કહ્યું તેથી વિદ્વાનોના ફતવા ઉપરથી બગદાદમાં શુળીપર ચઢાવ્યા ) રૂનું કામ કરનાર.

'ઈસ્લામ ધર્મના પ્રખ્યાત સુફી મનસુર હલાજે જ્યારે 'અનલહક' એમ બગદાદના ખલીફને કહ્યું ત્યારે તેને મારી નાખવાની સજા થઇ છે. આર્ય ધર્મના '**अहं ब्रह्म**' કહેનારા શંકરાચાર્ય આજે પણ જગદ્‌ગુરૂ કહેવાઇ પૂજાય છે.' સિ. સા.

**હલાલ,** વિ૦ ( અ૦ **हलाल** حلال=દુરસ્ત, ધર્મમાં જેની રજા છે, તે, ગ્રાહ્ય. હલ=કાયદા પ્રમાણે હોવું ઉપરથી ) યોગ્ય રીતે, કાયદેસર.

**હલાલ કરવું,** ક્રિ૦ સ૦ ( અ૦ **हलाल** ઉપરથી ગુજરાતી ક્રિયાપદ. ધર્મમાં ફરમાવ્યા પ્રમાણે કાપવું, મારવું, ) ધર્મમાં ફરમાવ્યા પ્રમાણે બજાવી લાવવું.

**હલાલખોર,** ( અ૦ **हलाल्+खोर** ફા૦ પ્ર૦ ખુર્દન=ખાવું ઉપરથી ખોર=ખાનાર, હલાલનું ખાનાર ) ભંગીઓ, હલાલ કરીને લેનારો.

**હલાલી,** સ્ત્રી૦ (અ૦ **हलाली** حلالى=હલાલ કરવું) સોંપેલું કાર્ય એક નિષ્ઠાથી કરવાપણું.
'તમારી બેવફાઇના, હરામીને હલાલીના.' કલાપી.

**હલુવો,** જુઓ હલવો.

**હલ્લો,** પુ૦ ( અ૦ **हम्लह** حمله=ચડાઇ ઉપરથી ) ધસારો.

**હવઈ,** સ્ત્રી૦ ( અ૦ **हवा** هوا=ઉપરથી ) એક જાતનું દારૂખાનું, આકાશમાં ઊડે અને ઉપર જઇ ફાટે એવી એક આતશબાજી.

**હવસ,** પુ૦ ( અ૦ **हवस** هوس=આરજુ શોખ, એક પ્રકારનું ગાંડપણ ) ઇચ્છા, વાસના, લોભ.

'હવસની ગરદન મરડો, અને સંતોષમાં પોતાના મનને જોડો.' બા. બા.

**હવા,** સ્ત્રી૦ ( અ૦ **हवा** هوا=વાયુ ) પવન, વાયુ.

**હવાઇ,** સ્ત્રી૦ ( અ૦ **हवा** هوا=ઉપરથી એક જાતનું દારૂખાનું,) હવા સંબંધી.

'હવાઇ મહેલના વાસી, અમે એકાંત દુઃખવાદી.' કલાપી.

**હવાલ,** પુ૦ ( અ૦ **अह्वाल** احوال=હાલનું બહુવચન) હાલત, અવસ્થા, દશા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**હવાલદાર,** પુ૦ ( અ૦ **हवालह्**=સોંપણી+ **दार** ફા૦પ્ર૦ **हवालहदार** حوالدار ) તે ઓધેદાર માણસ જેના તાબામાં કેટ-લાક સિપાઇઓ હોય તે.

**હવાલદારી,** સ્ત્રી ( અ૦ **हवालह+दारी** ફા૦પ્ર૦ حوالداری=હવાલદારનું કામ) સિપાઈગીરી.

**હવાલો,** પુ૦ ( અ૦ **हवालह** حوال=સોંપણી ) કબજો, તાબો, સુપરત.

**હવેલી,** સ્ત્રી૦ ( અ૦ **हवाली** ઉપરથી ફારસીમાં **हवेली** حویلی=જેની ચારે તરફ ભીંતો હોય તેવું મકાન ) મોટું ને સુંદર મકાન.

**હવૈ,** જુઓ હવાઇ.

**હશર,** સ્ત્રી૦ ( અ૦ **हश्र** حشر= કિયામત ) ઇન્સાફનો છેલ્લો દિવસ.

**હસદ,** સ્ત્રી૦ ( અ૦ **हसद** حسد = ઇર્ષ્યા, કોઇનું બુરૂં ઇચ્છવું,) અદેખાઇ, કીનો, વેર.

**હસદખોર,** વિ૦ ( અ૦ **हसद्+खोर** ફા૦ પ્ર૦ **हसद्खोर** حسدخور = અદેખો. ગુ૦ પ્ર૦ ) કીનાખોર.

**હસ્તી,** સ્ત્રી૦ ( ફા૦ **हस्ती** ہستی =હોવાપણું, દુન્યા, ગૃહસ્થાઇ ) અસ્તિત્વ.

**હસરત,** સ્ત્રી૦ ( અ૦ **हसरत** حسرت = અફસોસ, પસ્તાવો ) દિલગીરી, શોક. ‘ ભવિષ્યમાં પણ એના વસ્લની હસરત તો છે કે નહિ. ’ ગુ. ગ.

**હંગામ,** પુ૦ ( ફા૦ **हंगाम** ہنگام=વખત, સમય ) અવસર, મોસમ.

**હંગામી,** વિ૦ ( ફા૦ **हंगामी** ہنگامی= વખતનું, મોસમનું ) કામ ચલાઉ, કાયમનું નહિ.

**હંગામો,** પુ૦ ( ફા૦ **हंगामह** ہنگامہ = ભીડ, ટોળું ) હુલ્લડ, દંગો, તોફાન.

**હાકમ,** પુ૦ ( અ૦ **हाकिम** حاکم=હુકમ કરનાર, **हकम**=તેણે હુકમ કર્યો ઉપરથી) હાકેમ, સુબો, સરદાર, અમલદાર.

**હાકમી,** સ્ત્રી૦ ( અ૦ **हाकिमी** حاکمی= હુકમની સત્તા. ગુ૦પ્ર૦અરબી حکومت હુકૂમત ) અમલ કારકિર્દી.

**હાકેમ,** પુ૦ ( અ૦ **हाकिम** حاکم=હુકમ કરનાર. હકમ=તેણે હુકમ કર્યો ઉપરથી ) હાકેમ, સુબો, અમલદાર.

**હાકેમરસ,** વિ૦ ( અ૦ **हाकिम्+रस** ફા૦ પ્ર૦ રસીદન=પોહોંચવું ઉપરથી રસ=પોહોંચનાર. **हाकिम्रस** حاکم‌رس=હાકેમ સુધી પોહોંચનાર. ) હાકેમ સાથે ઓળખાણવાળા. ‘ પણ અધિકારપ્રિય હાકેમરસ સ્વભાવજ નહિ. ’ નં. ચ.

**હાજત,** સ્ત્રી૦ ( **हाजत** حاجت = ખપ, જરૂર, હાજ=તેને જરૂર હતી ઉપરથી ) જરૂરિયાત, અગત્ય.

**હાજર,** વિ૦ ( અ૦ **हाजिर** حاضر=હોવાપણુ ) પ્રત્યક્ષ, રૂબરૂ.

**હાજરજવાબ,** વિ૦ ( અ૦ **हाजिरजवाब** حاضرجواب=જ્યારે જોઇએ ત્યારે તરત જવાબ આપી શકે એવો માણસ ) સમયાનુસાર ઉત્તર દઇ શકે એવો માણસ.

**હાજરજવાબી,** સ્ત્રી૦ ( અ૦ **हाजिर्जवाबी** حاضرجوابی=જ્યારે જોઇએ ત્યારે જવાબ આપી શકવાની આવડત ) સવાલ થતાંની સાથે જ જવાબ આપવાની જે સ્વાભાવિક આવડત તે. ‘ તે જબરો મશ્કરો અને હાજર જવાબી હોઇ માલિકને ગંમત કરાવતો. ’ ટ. વા. ભા. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**હાજરબાશી,** સ્ત્રી૦ ( અ૦ **हाजिर्+बाशी** ફા૦ પ્ર૦ حاضرباشی બાશીદન =હોવું ઉપરથી **बाशी**=હાજર હોવાપણું ) હાજર હોવું.

'મલિક મહંમદ અખ્ત્યારની હાજરબાશી પસંદ કરી છે.' મિ. સિ.

**હાજરજામીન,** પુ૦ ( અ૦ **हाजिर्जामिन** حاضرضامن=હાજર થવા બાબત લીધેલા જામિન ) બોલાવતાંવાંત ગુનેહગારને હાજર કરે એવો જે બાંયધર તે.

'તેણે તે વખતે સઘળાના હાજર જામીન લઇ છોડી મૂક્યા.' ક. ઘે.

**હાજરાત,** સ્ત્રી૦ (અ૦ **हाजिरात** حاضرات =છાની વાત જાણવા માટે જે ક્રિયા કરે છે તે. હાજરાત ભરવી ) જાદુમંતરની એક ક્રિયા, પ્રાણ વિનિમય જેવી એક ક્રિયા.

**હાજરાહજુર,** વિ૦ ( અ૦ **हाजिर्हुजूर** حاضرحضور = સાક્ષાત, ગુ૦ પ્ર૦ છે ) તરત હાજર થાય-પ્રત્યક્ષ પરછો આપે એવું.

'આ સર્વ નીરખી આશ્ચર્ય પામ્યા, દીક્ષિત દીક્ષા ધારી; હાજરા હજુર હરજી તો આવે, દૃઢધારી ધન્ય નરનારી.'

શા. વિ.

**હાજરી,** સ્ત્રી૦ ( અ૦ **हाजिरी** حاضری= હાજર હોવું તે, ખાવું ) તૈયાર, પ્રત્યક્ષ.

**હાજરી,** સ્ત્રી૦ ( અ૦ **हाजिरी** حاضری= નાસ્તો. જેને ત્યાં મરણ થયું હોય તેને તેનાં સગાં વહાલાં જમણ કે રોકડા રૂપીઆ આપે તે. ) નાસ્તો, શીરામણી.

**હાજી,** પુ૦ ( વિ૦) (અ૦ **हाजी** حاجی= હજ્જ કરી આવેલો માણસ, હજ = તે ત્યાં ગયો ઉપરથી ) મુસલમાન યાત્રાળુ.

**હાજીબ,** પુ૦ ( અ૦ **हाजिब** حاجب = દરવાન, પરદો કરનાર, ચોબદાર, ભમર, હજબ=બુરખો નાખેલો ઉપરથી ) દરવાન, દરવાજાપર બેસનાર માણસ, દ્વારપાળ, રક્ષક.

**હાતિમ,** પુ૦ ( અ૦ **हातिम** કે **हातम** حاتم = અરબસ્તાનમાં એક પરોપકારી પુરૂષ થઇ ગયો છે. બાપનું નામ અબ્દુલ્લાહ ને દાદાનું સઅદ હતું. કુટુંબનું નામ 'તય' હતું તે પરથી હાતમતાઇના નામથી પ્રખ્યાત છે. મુસલમાની ધર્મની સ્થાપના થયા પહેલાં થઇ ગયો છે, દાનેશ્વરી, સખી, ઉદાર. 'હાતિમ તાઇની સખાવત.' નં. ચ.

**હાફિજ,** વિ૦ ( અ૦ **हाफिज** حافظ = રક્ષણ કર્તા. જેને આખું કુરાન મોઢે યાદ હોય તેવો માણસ, ઇરાનમાં શીરાજ શહેરમાં એક પ્રખ્યાત કવિ થઇ ગયો તેનો તો તખલ્લુસ ) કુરાન મોઢે યાદ હોય તે.

'હાફિજોની જરૂરત ઓછી થઇ.'

નં. ચ.

**હાબદું,** વિ૦ ( ફા૦ **आमादह** آماده = તૈયાર થવું ઉપરથી ) બધું, એક સામટું. કાઠિઆવાડમાં હાબદા થવું=તૈયાર થવું.

**હામી,** સ્ત્રી૦ ( અ૦ **हामी** حامی=મદદગાર, હમી=તેણે રક્ષણ કર્યું ઉપરથી ) જામીનગીરી, બાંયધરી.

**હામીદાર,** પુ૦ ( અ૦ **हामी** حامی=મદદગાર એને **दार** ફા૦ પ્રત્યય લાગી થએલો શબ્દ. ગુ. પ્ર. ) જામીન, હામીદાર.

**હાર,** પુ૦ ( ફા૦ **हार** ہار = ફૂલ કે મોતીઓની માળા ) હાર, ફૂલનો હાર.

**હાલ,** પુ૦ ( અ૦ **हाल** حال=વર્તમાનકાળ, ચાલતો બનાવ ) અવસ્થા, દશા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**હાલ,** અ૦ ( અ૦ **हाल** حال=વર્તમાનકાળ) હમણાં, તત્ક્ષણ.

**હાલત,** સ્ત્રી૦ ( અ૦ **हालत** حالت=સ્થિતિ) અવસ્થા, દશા.

**હાલમસ્ત,** વિ૦ ( અ૦ **हाल्+मस्त** ફા૦ **हालमस्त** حالمست = પોતાની હાલતમાં મસ્ત રહે એવો ) મસ્ત.

**હાલસો,** પુ૦ ( અ૦ **हादिसह** حادثه = નવી વાત, બનાવ, મુસીબત, હદસ=તે નવું હતું ઉપરથી ) અકસ્માત.

**હાલહવાલ,** પુ૦ ( અ૦ **हाल् + अह्वाल** حال احوال ઉપરથી ગુ. પ્ર. હાલનું બહુવચન અહવાલ=સ્થિતિ) હાલત, દશા.

**હાલહાલ,** અ૦ ( અ૦ **हाल** حال =વર્તમાનકાળ ) હમણાંજ, અબઘડી.

**હાલીમવાલી,** પુ૦ ( અ૦ **अहालीमवाली** اهالي موالي=મદદગાર. અહલ=માણસનું બહુવચન અહાલી=સારાં માણસો. કામનાં માણસો, મવલાનું બહુ વચન મવાલી= મદદગાર, મિત્ર, ધણી, સરદાર. ) સહાયક, મદદગાર, મિત્ર.

**હાવરો,** પુ૦ ( ફા૦ **आवारह** آواره= હિસાબ) રોજમેળ ઉપરથી કાઢેલી ખાતાવાર આવક જાવકની નોંધો, નોંધને લગતો ચોપડો.

**હાશીશ,** સ્ત્રી૦ ( **हशीश** حشيش=સુકું ઘાસ ) એક જાતની માદક વનસ્પતિ. ' આજ પણ ફકીર, યોગી, ઇત્યાદિ મસ્ત જ્ઞાનીઓમાં હાશીશ, ગાંજો, ભાંગ, *ઇત્યાદિ માદક અને તેથી ઇન્દ્રિયો તથા* મનને કોઇ વિલક્ષણ પ્રત્યગ્દૃષ્ટિ કરાવવાને સમર્થ પદાર્થોનું સેવન પ્રચલિતજ છે. ' સિ. સા.

**હાં,** અ૦ ( ફા૦ **हां** هان = ખબરદાર થા, હુશીઆર થા ) પ્રતિહુંકાર, એમકે, ઠીક.

**હાંસલ,** ન૦ ( અ૦ **हासिल** حاصل=પરિણામ, મતલબ, ખુલાસો, હસલ=તેની આશા રખાઇ હતી ઉપરથી ) કર, વેરો, ફાયદો.

**હાંસિયો,** પુ૦ ( અ૦ **हाशियह** حاشيه= કિનારો, માર્જીન, હશી=બાતલ કર્યો ઉપરથી ) કાગળ વગેરે પર આંકાથી પાડેલો આંતરો.

**હાંસીલ,** ન૦ ( અ૦ **हासिल** حاصل= પરિણામ, મતલબ, ખુલાસો. હસલ=તેની આશા રખાઇ હતી ઉપરથી ) હાંસલ, દાણ, જકાત.

**હિકમત,** સ્ત્રી૦ ( અ૦ **हिक्मत** حكمت= ખરૂં બોલવું ને ખરૂં કરવું, સમજશક્તિ, અકલમંદી ) યુક્તિ, કરામત, કારીગરી.

**હિકમતી,** વિ૦ ( અ૦ **हिक्मत** حكمت ઉપરથી ) કરામતી, હિકમતવાળું. ' હિકમતી કરૂં ગ્રેટબ્રિટનની હારમાં ' દ. કા. ભા. ૨

**હિકાયત,** સ્ત્રી૦ ( અ૦ **हिकायत** حكايت= વાત, કહાણી, વર્ણન કરવું. હકી=વર્ણન કર્યું ઉપરથી ) વાર્તા, કથા, કહાણી, કિસ્સો.

**હિકારત,** સ્ત્રી૦ ( અ૦ **हिकारत** حقارت= માનભંગ, બેઆબરૂ ) બે આબરૂ કરવો.

**હિચકારૂં,** વિ૦ ( ફા૦ **हीच्कारह** هيچكاره=નકામો. હીચ=કાંઇનહિ+કારહ =કામ, કામનો. નિરૂપયોગી, નાદાન, મૂર્ખ) કાયર, બાયલો, નામર્દ, ' તેઓ નામર્દ હીચકારાની પેઠે જુલમ મુગામુગા ખમ્યાં કરશે ! ક. ઘે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**હિજડો**, પુ૦ ( અ૦ **हीज** هیز=નામર્દ, હીજડો ) નપુંસક, વ્યંડળ.

**હિજરાવું**, અ૦ ક્રિ૦ ( અ૦ **हिज्रत** هجرت= કુટુંબથી જુદા પડવું, વતન છોડી દેવું ઉપરથી ગુજરાતી ક્રિયાપદ ) મનમાં બળ્યાં કરવું, મનથી ઝૂર્યા કરવું,
' શંકળ દેવને વાસ્તે હરઘડી હીજરાયાં કરે છે.' ક. ઘે.

**હિજરી**, વિ૦ ( અ૦ **हिज्री** هجری=મુસલમાની સંવતની ઓળખ, હિજરત=વતનથી છુટા પડવું ઉપરથી. અબૂ મૂસા અશઅરી યમનમાં હાકેમ હતા. તેમણે તે વખતના ખલીફા હજરત ઉપર-૨-અ-ને લખ્યું. કે આપની તરફથી જે કાગળ પત્ર આવે છે, તેમાં તારીખ લખેલી હોતી નથી; તેથી એ કાગળ કયારનો લખેલો છે, તે જણાતું નથી; માટે આયંદેથી તારીખ નાખવાની મહેરબાની કરશો. તે પરથી ખલીફા સાહેબે પેગંબર સાહેબ-સ-અ. ના બીજા મિત્રો સાથે મળી તારીખ નક્કી કરવાનો ઠરાવ કર્યો કેટલાકે કહ્યું કે જ્યારથી પેગંબર સાહેબ-સ-અ-ગુજરી ગયા છે ત્યારથી વર્ષ ગણો. ખલીફા સાહેબે ફરમાવ્યું કે એ એક મહાન બનાવ છે તેથી મને હમેશા એ શોકની સંભારણા થશે, ને મારૂં મન દુખાશે. કેટલાકે કહ્યું કે જ્યારથી પેગંબર સાહેબે-સ-અ-પેગંબરીનો દાવો કર્યો ત્યારથી વર્ષ ગણો, એ વાત પણ કબુલ ન રાખી, ને જવાબ આપ્યો કે તે વખતે હું મુસલમાન નહતો, માટે મને એથી શરમ આવે છે. છેવટે હજરત અલી-૨-અ-ની સલાહથી જયારથી પેગંબર સાહેબ-સ-અ-મક્કેથી મદીને ગયા ત્યારથી વર્ષ ગણવાનો ઠરાવ થયો. તા. ૨૭ મી સફરને દિવસે મક્કેથી નીકળી ૩ દિવસ શહેરથી બહાર એક ગુફામાં રહી તારીખ ૧ લી રબીઉલ્લ અવ્વલને દિવસે મદીના તરફ રવાના થયા હતા. ને તારીખ નવમીએ મદીને પહોંચ્યા હતા. આ પ્રમાણે ગણતાં રબીઉલ અવ્વલથી હિજરી ગણાય. પણ પેગંબર સાહેબે-સ-અ-મદીને જવાનો વિચાર તારીખ ૧ લી મોહોરમથી કર્યો હતો. માટે તારીખ ૧ લી મોહોરમથી હિજરીનું વર્ષ ગણવાનો ઠરાવ થયો. તે વખતે એ અસલ બનાવને ૧૭ વર્ષ થયાં હતાં, માટે હિજરી ૧૭ ના વર્ષમાં આ સાલ શરૂ થઇ.

પેગંબર સાહેબ-સ-અ-મક્કેથી મદીને ગયા, ત્યારે ઈ. સ. ૬૨૨ નું વર્ષ હતું એ રીતે હિજરી ને ઇ. સ. વચ્ચે ૬૨૨ નો ફેર રહેવો જોઇએ. પણ મુસલમાની વર્ષ ચાંદ્ર માસના હિસાબથી ગણાય છે, તેથી તેના દિવસ ૩૫૪ હોય છે. ને અંગ્રેજી વર્ષ સૌર વર્ષ હોવાથી ૩૬૫$\frac{1}{4}$ દિવસનો હોય છે એ રીતે બંને વર્ષમાં વર્ષે ૧૧$\frac{1}{4}$ દિવસનો ફેર પડે છે. ૩૬૫ા÷૧૧ા=૩૨$\frac{19}{45}$ એટલે લગભગ ૩૨ા વર્ષે એક વર્ષનો ફેર પડે છે. અંગ્રેજી ૩૨$\frac{1}{2}$ વર્ષનાં મુસલમાની ૩૩$\frac{1}{2}$ વર્ષ થાય છે. તે ઉપરથી હિજરી પરથી ઈ. સ. ને ઇ. સ. પરથી હિજરી નીકળી શકે છે. હાલ ૧૩૪૯ હિજરી છે તો ૧૩૪૩ ÷૩૨ા=૪૧$\frac{21}{65}$ આવે છે ૬૨૨ માંથી ૪૧ બાદ કરતાં ૫૮૧ આવે છે, અર્થાત હાલ હિજરી ને ઇ. સ. વચ્ચે સ્થૂલ રીતે ગણતાં ૪૧ વર્ષનો ફેર છે. એ ઉપરથી જણાય છે કે ૧૯૦૦૦ વર્ષ પછી હિજરી સન ઈસ્વીસનની આગળ નીકળી જશે. ) પેગંબર સાહેબ ( સ-અ. ) મક્કેથી મદીને ગયા ત્યાંથી ગણવા માંડેલો સંવત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**હિદાયત,** સ્ત્રી૦ ( અ૦ **हिदायत** هدايت = રસ્તો દેખાડવો, શિખામણ ) બોધ, માર્ગ સૂચવવો.

**હિના,** સ્ત્રી૦ ( ફા૦ **हिना** حنا=મેંદી ) હાથે લગાવે છે તે મેંદી.
'હિનાના રંગથી પાની સનમની રંગતો તો હું.' કલાપી.

**હિમાયત,** સ્ત્રી૦ ( અ૦ **हिमायत** حمايت= તરફદારી, બચાવ, રક્ષણ કરવું. હમી= તેણે રક્ષણ કર્યું ઉપરથી ) તરફનું બોલવું તે, પ્રતિપાલન.
'તેની હિમાયત ઉપરથી તથા તેની છાની ઉશ્કેરણીથી તેઓના ઉપર ધજા ચડાવવા માંડી. ક. ઘે.

**હિમાયતી,** વિ૦ ( અ૦ **हिमायती** حمايتي=તરફદાર, બચાવનાર, રક્ષક હમી=તેણે રક્ષણ કર્યું ઉપરથી ) હિમાયત લેનાર, તરફદારી લેનાર.
'આ નેક દિલ તૂટી ગયું, તેનો હિમાયતી કોણ છે ? કલાપી.

**હિફાજત,** સ્ત્રી૦ ( અ૦ **हिफाजत** حفاظت =રક્ષણ, સંભાળ ) જાળવવું, સંભાળવું.
'દુખ્તરની હિફાજત કરવી એ પિદરનો ધર્મ છે.' બા. બા.

**હિમ્મત,** સ્ત્રી૦ ( અ૦ **हिंमत** همت= ઇરાદો, વિચાર ) હૃદયની ધારણાશક્તિ, બહાદુરી, હામ.

**હિમ્મતવાન,** વિ૦ ( અ૦ **हिंमत** همت એને વાન સં. પ્ર. લાગી થએલો શબ્દ ) બહાદુર, હામ ધરે-રાખે એવું તે.

**હિરાસત,** સ્ત્રી૦ ( અ૦ **हिरासत** حراست સંભાળ, રક્ષણ. હરસ=રક્ષણ કર્યું ઉપરથી ) રક્ષણ.

**હિલ્લો,** પુ૦ ( અ૦ **हीलह** حيله=ફરેબ, બહાનું. હયલ=તે બદલાઇ ગયો ઉપરથી) હરકત, નુકસાન.

**હિસાબ,** પુ૦ ( અ૦ **हिसाब** حساب= ગણતરી. હસબ=તેણે ગણ્યું ઉપરથી ) ગણવું તે, ગણના, ગણતરી.

**હિસાબકિતાબ,** પુ૦ ( અ૦ **हिसाब+किताब** મળીને **हिसाबो किताब** حساب وكتاب=હિસાબ અને પુસ્તક, હિસાબ ગણવો ) હિસાબ કરવો.

**હિસાબી,** વિ૦ ( અ૦ **हिसाबी** حسابي હિસાબની સાથે સંબંધ રાખનાર,) મહેતો.

**હિસ્સેદાર,** વિ૦ ( અ૦ **हिस्सह+दार** ફા. પ્ર. મળીને **हिस्सेहदार** حصه دار=ભાગીદાર ) ભાગદાર, પાંતીદાર.

**હિસ્સો,** પુ૦ ( અ૦ **हिस्सह** حصه=ભાગ. હસ=ભાગ પાડવા ઉપરથી ) ભાગ, પાંતી, ફાળો.

**હિંગામ,** પુ૦ ( ફા૦ **हंगाम** هنگام=વખત, સમય ) મામલો, અણીનો વખત.

**હિંદવાણી,** સ્ત્રી૦ ( ફા૦ **हिंदू** هندو ઉપરથી ) હિંદુસ્તાનની સ્ત્રી. હિંદુજાતિની સ્ત્રી તે.

**હિંદવી,** વિ૦ ( ફા૦ **हिंदू** هندو ઉપરથી) હિંદનું, હિંદને લગતું.

**હિંદી,** વિ૦ ( ફા૦ **हिंदी** هندي=હિંદુસ્તાનનું, હિંદી પોલાદની તલવાર ) હિંદનું વતની.

**હિંદુ,** વિ૦ ( ફા૦ **हिंदू** هندو=હિંદુસ્તાનનો રહેનાર, કાળો, ચોર, લુટારૂ, ગુલામ,) હિંદુ.

**હિંદુસ્તાન,** પુ૦ ( ફા૦ **हिंदूस्तान** هندوستان=હિંદુઓનો દેશ ) ભરતખંડ, હિંદુસ્તાન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**હિંદુસ્તાની,** વિ૦ ( ફા૦ **हींदूस्तानी** ہندوستانی=હિંદુસ્તાન સાથે સંબંધ રાખનાર ) હિંદુસ્તાનનો.

**હીનો,** પુ૦ ( ફા૦ **हिना** حنا=મેંદી ) એક જાતનો છોડ, હેનો, મેંદી.

**હીચકારો,** જુઓ હિચકારૂં.

**હીજડો,** જુઓ હિજડો.

**હીલો,** જુઓ હિલો.

**હુકમ,** પુ૦ ( અ૦ **हुक्म** حکم=આજ્ઞા ) આજ્ઞા, ફરમાન.

**હુકમનામું,** ન૦ ( અ૦ **हुक्म्+नामह** ફા. પ્ર. **हुक्मनामह** حکمنامہ=હુકમ કરેલો કાગળ ) પક્ષકારોની દલીલો સાંભળી લઇ જાહેર કરેલો નિર્ણય, ફરમાન, ચુકાદો.

**હુકમત,** સ્ત્રી૦ ( **हकूमत** حکومت=રાજ સત્તા, અમલ ) સત્તા, અધિકાર, હાકમી.

**હુકો,** પુ૦ ( અ૦ **हुक्कह** حقہ=દાબડો. જેમાં ઝવેરાત, દવા, અત્તર વગેરે રાખે છે તે ) હુક્કો.

**હુક્કો,** પુ૦ ( અ૦ **हुक्कह** حقہ=દાબડો, જેમાં ઝવેરાત, દવા, અત્તર વગેરે રાખે છે તે ) હુક્કો, તમાકુની ધુણી ગળાઇ તથા ઠંડી થઇને મોંમાં આવે એવું યંત્ર.

**હુજત,** સ્ત્રી૦ ( અ૦ **हुज्जत** حجت=દલીલ, હરીફ ઉપર જય મેળવવો ) હઠ, મમત, આગ્રહ, જીદ, તકરાર.

'પગારને માટે તેના માણસોએ હુજ્જત કરવા માંડી.' રા. મા. ભા. ૨

**હુજતખોર,** વિ૦ ( અ૦ **हुज्जत+खोर** ફા. પ્ર. **हुज्जतखोर** حجتخور=ચુ૦ અ૦ હુજ્જત કરનાર ) હુજતી, મમતી.

**હુજતી,** વિ૦ ( અ૦ **हुज्जती** حجتی= દલીલ કરનાર ) હુજ્જતખોર, મમતી, હઠીલું.

**હુજરો,** પુ૦ ( અ૦ **हुज्रह** حجرہ=કોટડી ) કોટડી, મસીદોમાં મુલ્લાને રહેવા માટે બાંધેલી કોટડી.

**હુનર,** પુ૦ ( ફા૦ **हुनर** ہنر=કારીગરી, ધંધો ) કારીગરી, કિસબ, કળા.

**હુનરી,** વિ૦ ( ફા૦ **हुनरी** ہنری=હુનર જાણનાર ) કસબી, કારીગર.

**હુન્નર,** પુ૦ ( ફા૦ **हुनर** ہنر=કારીગરી ) કળા, કીસબ, કારીગરી.

**હુબેહુબ,** વિ૦ ( અ૦ **हूबहू** ہوبہو=તેવી રીતે, હુ=પેલો, બ=સાથે હુબહુ=જેવી રીતે હતો તેવીજ રીતે છે ) જેવું ને તેવુંજ, બરાબર મળતાપણાનું.

**હુમલો,** પુ૦ ( અ૦ **हम्लह=ચડાઇ**, હલ્લો,) છાપો, ધસારો.

'પતિવ્રતાપર હુમલો થતાં પણ વાર લાગે છે.' સ. ચં. ભા. ૧

**હુમાયું,** ન૦ ( અ૦ **हुमा** ہما=એક પક્ષી છે, તેનો છાંયડો જેના ઉપર પડે તે પાદશાહ થાય એમ કહેવાય છે એ પક્ષી હાડકાં ખાય છે, ને કોઇને સતાવતું નથી) એક પખી, એમ કહેવાય છે કે તેના એક શરીરમાંજ નરમાદાની જોડ હોય છે. એક પગ અને એક પાંખ પાસેથી જોડાયલાં તેમનાં શરીર હોય છે. એ બળી જાય છે, તે સ્વાતિ નક્ષત્રમાં પાછું સજીવન થાય છે.

'ખુશ અવાજ કરતું શીરે મારે ઉડે હુમા.' ગુ. ગ.

**હુરમ,** સ્ત્રી૦ ( અ૦ **हरम** حرم=ગૃહસ્થો-ના ઘરની સ્ત્રીઓ, ઘરની સ્ત્રી, દાસી ) લોંડી, દાસી.

'હુરમ અથવા પાદશાહની બેગમ અને મુસલમાન સરદારોની બેગમો પાંચસેં રથ તથા બીજા માણસ લઇને દર શુક્રવારે સર્ખેજ પાસે મકરબાને રોજે જતાં હતાં.' રા. મા. ભા. ૧

For Private And Personal Use Only

**હુરમત**, સ્ત્રી૦ ( અ૦ **हुर्मत** حرمت=ઇજ્જત, આબરૂ, પ્રતિષ્ઠા. હરમ ઉપરથી ) સાખ, આબરૂ.

'તેમને ઇજ્જત હુરમત સાથે પાલખી ઘોડા મોકલી મહેલમાં બોલાવી લીધા.' બા. બા.

**હુરી**, સ્ત્રી૦ ( અ૦ **हूर** حور=સુંદર સ્ત્રી ) સ્વર્ગની અપ્સરા, રૂપાળી સ્ત્રી.

**હુરૂનમકસુરાત**, સ્ત્રી૦ (અ૦ **हूरुनूमक्सूरात** حورن مقصورات=કુરાનમાં 'હૂરૂન્ મક-સૂરાતુન્ ફિલ્ખયામ' એવું એક વાક્ય છે જેનો અર્થ 'તંબુઓમાં પરદો કરીને રહેલી કાળી આંખો વાળી રૂપાળી સ્ત્રીઓ' થાય છે. તે ઉપરથી હૂરૂન્ મકસૂરાત' નામની કિતાબ ) એક પુસ્તકનું નામ છે જેમાંથી નવી કન્યા વાચનમાળામાં એક પાઠ લખ્યો છે.

**હુસન**, ન૦ ( અ૦ **हुस्न** حسن=રૂપ ) ચહેરો, કાંતિ, સુરત. 'એ ઈશ્ક હુસ્ન જે તણું, તે બકદર નૂરે ખુદા.' કલાપી.

**હુસેન**, પુ૦ ( અ૦ **हुसय्न** حسین=હજરત પેગંબર સાહેબ-સ-અ-ના દૌહિત્રનું નામ, જેઓ કરબલાના રણમાં શહીદ થયા છે ને જેમની સંભારણામાં તાબુત નીકળે છે તે ) પેગંબર સાહેબ-સ-અ-ના દૌહિત્ર.

**હુંડી**, સ્ત્રી૦ ( ફા૦ **हुंदवी** ہندوی=નાણાં મળવાનો કાગળ ) દેશ પરદેશ વચ્ચે નાણાં આપલે કરવાને ચલાવવામાં આવતી સાહુકારી ચિઠ્ઠી તે.

**હુંશિયાર**, વિ૦ ( ફા૦ **होश्यार** ہشیار=ہوشیار હોશવાળો ) ચાલાક, બાહોશ, ખબરદાર.

**હુંશિયારી**, સ્ત્રી૦ (ફા૦ **होश्यारी** ہشیاری ہوشیاری=હોશ્યારી ) બાહોશી, કાર્ય કુશળતા.

**હૂરી**, સ્ત્રી૦ ( અ૦ **हूर** حور=કાળી આંખોવાળી સ્વર્ગની અપ્સરા ) પરી, અપ્સરા, દેવતાઇ સૌંદર્ય વાળી નાજુક સ્ત્રી.

'તેનું હુરીના જેવુ રૂપ વધારે પ્રકાશી નીકળ્યું હતું.' ક. ઘે.

**હેબક**, સ્ત્રી૦ ( અ૦ **हयबत** ہیبت=બીક ) ઓચિંતા ભયનો ત્રાસ તે.

**હેબતાઇજવું**, અ૦ ક્રિ૦ ( અ૦ **हयबत** ઉપરથી ગુજરાતી ક્રિયાપદ=ડરવું ઓચિંતા ભય પામી ડરી જવું.

'આટલાથીજ હેબતાઇ કેમ ગયાં? બા.બા.

**હેમક**, વિ૦ ( અ૦ **अह्मक** احمق=મૂર્ખ ) બેવકૂફ, મૂર્ખ.

**હેરત**, સ્ત્રી૦ ( અ૦ **हयरत** حیرت=નવાઇના કારણથી એકજ સ્થિતિમાં રહેવું, હાલે ચાલે નહિ તેવી સ્થિતિ, જડ જેવો, ચિત્ર જેવો, હયર=તેને ઝાંઝવાં વળ્યાં ઉપરથી ) આશ્ચર્ય, નવાઇ.

'અગર લખું લોહીથી દિલબર, કરૂં હયરત કરામત પર.' દી. સા.

**હેરતમંદ**, નિ૦ ( અ૦ **हयरत्**+**मंद** ફા૦ પ્ર૦ **हयरत्मंद** حیرتمند= નવાઇ થએલો, નવાઇ પામેલો. ) આશ્ચર્ય ચકિત. 'કારણ શોધક વિદ્વાનને પણ હેરતમંદ કરે એમ હતું.' અં૦ ન. ગ.

**હેરાન**, વિ૦ ( અ૦ **हयरान** حیران=ગભરાએલો, પુતળા જેવો, હયર ઉપરથી) વ્યાકુળ, દુ:ખી.

**હેરાનગતી**, સ્ત્રી૦ ( અ૦ **हयरान** حیران ઉપરથી ગુ. પ્ર. ) દુ:ખી હાલત.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**હેલકરી,** પુ૦ (ફા૦ **हर्कारह** ھرکارہ=દરેક કામ કરે એવો માણસ) મજુર, વૈતરો.

**હેલાલી,** ન૦ (અ૦ **हिलाली** ھلالی=ચંદ્ર સાથે સંબંધ રાખનાર. હિલાલ=બીજનો ચંદ્રમા. હિલાલી વર્ષ=ચાંદ્ર વર્ષ) મુસલમાની ૩૫૪ દિવસનું વર્ષ.

**હેવાન,** ન૦ (અ૦ **हयवान** حیوان=પ્રાણી) પશુ, ઢોર, જનાવર.

'એ માફ કર, એ માફ કર, દાનાઈની હેવાનને.' કલાપી.

**હેવાનિયત,** સ્ત્રી૦ (અ૦ **हयवानियत** حیوانیت=પ્રાણપણું,)પશુપણું, પાશવ.
'જફરખાંએ હેવાનિયતની સીમા કરી બતાવી' બા. બા.

**હેવાલ,** પુ૦ (અ૦ **अह्वाल** احوال=સ્થિતિ. હાલનું બહુવચન) હકીકત, વૃત્તાંત, વર્ણન.

**હેસીયત,** સ્ત્રી૦ (અ૦ **हय्सियत** حیثیت=મગદૂર, તાકત, શક્તિ) ચકર, શક્તિ.

'અમીર નહિ, હેસીયતદાર નહિ.' નં. ચ.

**હૈયાત,** વિ૦ (અ૦ **हयात** حیات=જિંદગી, જીવવું, હઇ=જીવવું ઉપરથી) જીવત, જીવતું, સજીવ.

**હૈયાતી,** સ્ત્રી૦ (અ૦ **हयाती** حیاتی=જિંદગી, જીવવું, હઈ=જીવવું ઉપરથી) હયાતી, અસ્તિત્વ.

**હોકો,** પુ૦ (અ૦ **हुक्कह** حقہ=દાબડો, દાબડા, જેમાં ઝવેરાત, દવા, અત્તર વગેરે રાખે છે તે) તમાકુની ધુણી લેવા-પીવાનું એક યંત્ર.

**હોજ,** પુ૦ (અ૦ **हव्ज़** حوض=જ્યાં હમેશા પાણી ભરાઇ રહેતું હોય તે જગા) પાણીનો કુંડ.

**હોદ્દેદાર,** વિ૦ (અ૦ **उह्दह्**=પદવી+**दार** ફા૦ પ્ર૦=વાળો **उह्दह्दार** عہدہدار=પદવીવાળો) અધિકારી, અમલદાર, કામદાર.

**હોદ્દો,** પુ૦ (અ૦ **उह्दह** عہدہ=પદવી) પદવી, દરજ્જો.

**હોદ્દો,** પુ૦ (અ૦ **हव्दज** ھودج=અંબાડી) ઊંટપરનું પલાણ, હાથીની અંબાડી.
'બડા હાથી હોદ્દે હતો બેસનારો, ઘણા કષ્ટકાળે ઘણું ધૈર્ય ધારો.' ક. દ. ડા.

**હોન,** પુ૦ (હિં **हून** ہون=૩ાા થી ૩ાાા રૂ. સુધીની કીમતનો સિક્કો, પેગોડા પણ કહે છે) એક જાતનો અસલી સોનાનો સિક્કો.

'તે આવદાની એક કરોડ છપ્પાહીમી તથા ૨૫ લાખ હુનની હતી.' મિ. સિ.

**હોલેદિલ,** વિ૦ (અ૦ **हव्ल+दिल** ફા૦ **हव्लिदिल** ھولدل=ગાંડા દિલવાળો. હોલ=બીક, દિલ=મન=ગાંડા જેવો) અસ્થિર મનનું.
'તે દિવસથી તે કેવળ હોલેદિલ થવા માંડી હતી.' ચં. ન. ગ.

**હોશ,** પુ૦ (ફા૦ **होश** ہوش) ભાન, શુદ્ધિ.

**હોશિયાર,** વિ૦ (ફા૦ **होश्यार** ہوشیار) કુશળ, નિપુણ.

**હોશિયારી,** સ્ત્રી૦ (ફા૦ **होश्यारी** ہوشیاری) કુશળતા, ચાલાકી, ચતુરાઇ.

**હોશે,** અ૦ (અ૦ **हवस** ہوس=શોખ, ગાંડપણ) હોંસથી, ઉલટથી.
'તેઓની લડવાની હોંસ વધારે જાગ્રત થઇ.' ક૦ ઘે૦

**હોંસ,** સ્ત્રી૦ (અ૦ **हवस** ہوس=શોખ, ગાંડપણ) શોક, ઉમંગ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ગુજરાતી ભાષામાં વપરાતા અરબી ફારસી વગેરે ઉપસર્ગ.

**અલ,** ( અ૦ ال ) Definite article, The. અરબીમાં નામની પહેલાં ઘણું કરીને લાગે છે. ઉ૦ અલ્‌મક્કા, અલ્‌અમીન વગેરે. કેટલાક અક્ષરોની પહેલાં 'અલ્' વંચાય છે, જેમકે અલહારૂન, ને કેટલેક ઠેકાણે આગલા અક્ષર સાથે સંધિ થઇ જાય છે. જેમકે અર્રશીદ.

**અહલ,** ( અ૦ اهل ) લાયક, સાહેબ, માલિક. ઉ૦ અહલેકારા (ગુ૦ હલકારો).

**કમ,** ( ફા૦ کم ) થોડું, કાંઇ નહિ. ઉ૦ કમજોર, કમબખ્ત, કમનસીબ.

**ખુશ,** ( ફા૦ خوش ) સારૂં. ઉ૦ ખુશબૂ, ખુશમિજાજ.

**ખૂબ,** ( ફા૦ خوب ) સારૂં. ઉ૦ ખૂબસૂરત.

**ગેર,** ( અ૦ غير ) નહિ. ઉ૦ ગેરહાજર, ગેરવાજબી.

**જૂ,** ( અ૦ ذو ) કબજે રાખનાર, માલિક. ઉ૦ જૂમઅનેન, ( ગુ૦ જુમાઇની ).

**ના,** ( ફા૦ نا ) નહિ. 'ના' ઉપસર્ગ ઘણું કરીને વિશેષણને લાગે છે, ઉ૦ નાદાન, નાચીજ, નાપાક, નાલાયક. કોઇક વખતે નામને પણ લાગે છે, ઉ૦ નામુરાદ.

જેમ 'અજીવ' એટલે જેમાં 'જીવ હોય જ નહિ તે,' ને 'નિર્જીવ' એટલે જેમાં 'હાલમાં જીવ નથી તે.' તેમજ 'બેમુરાદ' એટલે જેને કાંઇ પણ ઇચ્છા નથી એવો સદ્‌ભાગી,' અને 'નામુરાદ' એટલે જેની કોઇ પણ અભિલાષા પુરી થઇ નથી એવો હતભાગ્ય.' એવી રીતે 'ના' ને 'બે' માં પણ 'અ' ને 'નિઃ'ની પેઠે તફાવત છે.

**નેક,** ( ફા૦ نيک ) સારૂં. ઉ૦ નેકનામ, નેકબખ્ત.

**બદ,** ( ફા૦ بد ) નઠારૂં. ઉ૦ બદબૂ, બદફેલ, બદમાશ.

**બા,** ( ફા૦ با ) સાથે, સહિત. ઉ૦ બાહોશ, બાખબર.

**બે,** ( ફા૦ بے ) વગર. ઉ૦ બેઅદબ, બેફાયદા, બેકાર.

**લા,** ( અ૦ لا ) નહિ. ઉ૦ લાજવાબ, લાદવા, લાચાર.

### પ્રત્યય.

**અફગન કે ફગન,** ( ફા૦ افگن فگن ) અફગંદન=ફેંકવું, નાંખવું ઉપરથી, ફગન=નાખનાર. ઉ૦ શેર+અફગન=વાઘને પછાડનાર.

**અફરાજ કે ફરાજ,** ( ફા૦ افراز فراز ) અફરાખ્તન કે અફરાજીદન=ઉંચું કરવું ઉપરથી. ફરાજ=ઊંચું કરનાર. ઉ૦ સરઅફરાજ, સરફરાજ.

**આ,** ( ફા૦ ه ) ઉસ્તરહ (ગુ. અસ્તરો), ચર્ખહ (ગુ૦ ચરખો).

**આ,** ( ફા૦ آ ) આમદન=આવવું ઉપરથી આ=આવનાર. ઉ૦ ખુદા (ખુદ+આ=સ્વયંભૂ).

**આર,** ( ફા૦ آر ) આવુર્દન=લાવવું ઉપરથી આર=લાવનાર. ઉ૦ ખરીદાર, ગિરફતાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આવર,** ( ફા૦ آور ) આવુર્દન=લાવવું ઉપરથી આવર=લાવનાર. ઉ૦ દિલાવર, જોરાવર.

**આવેજ,** ( ફા૦ آویز ) આવેખ્તન=લટકાવવું, લપેટવું ઉપરથી આવેજ=લટકનાર. ઉ૦ દસ્તાવેજ.

**આસા,** ( ફા૦ آسا ) આસૂદન, આસાઇદન=સુખ પામવું ઉપરથી, સુખ પામનાર. ઉ૦ દિલાસા.

**ઈ,** ( ફા૦ ی ) એટલે પણું. ઉ૦ નાદારી, દર્દી, સદી, હિંદુસ્તાની.

**ઈચા,** ( ફા૦ یچه ) એટલે લઘુતાવાચક પ્રત્યય. ઉ૦ બાગીચા, ગાલીચા.

**અંદાજ,** ( ફા૦ انداز ) અંદાખ્તન, અંદાજીદન=નાખવું ઉપરથી અંદાજ=નાખનાર. ઉ૦ ગોલંદાજ, તીરંદાજ.

**અંદેશ,** ( ફા૦ اندیش ) અંદેશીદન=વિચાર કરવો ઉપરથી અંદેશ=વિચાર કરનાર. ઉ૦ દૂરઅંદેશ.

**ક,** ( ફા૦ ک ) લઘુતાવાચક પ્રત્યય. ઉ૦ દુહુલક ( ગુ૦ ઢોલક ), બતક.

**કશ,** ( ફા૦ کش ) કશીદન=ખેંચવું ઉપરથી કશ=ખેંચનાર ઉ૦ બારકશ, તીરકશ.

**કાર,** ( ફા૦ کار ) કિશ્તન, કાશ્તન, કારીદન ઉપરથી કાર=કરનાર. ઉ૦ પેશકાર, જફાકાર.

**કુન,** ( ફા૦ کن ) કર્દન=કરવું ઉપરથી કુન=કરનાર. ઉ૦ કારકુન.

**ખાન,** ( ફા૦ خان ) તુર્કસ્તાનના બાદશાહોનો ખિતાબ હતો. હાલમાં પઠાણ લોકોના નામની સાથે લગાડાય છે. ઉ૦ બેરામખાં, નુસરતખાં.

**ખાનમ,** ( ફા૦ خانم ) ખાનનું સ્ત્રીલિંગ ખાનમ. પઠાણ સ્ત્રીઓના નામની સાથે અને વખતે બીજી કોમની પણ સ્ત્રીઓના નામની સાથે લગાડાય છે. ઉ૦ અસગરી ખાનમ.

**ખાન,** ( ફા૦ خوان ) ખાન્દન=ભણવું ઉપરથી ખાન=ભણનાર. ઉ૦ કસીદાખાન.

**ખાના,** ( ફા૦ خانه ) સ્થળવાચક પ્રત્યય. ઉ૦ કારખાના, દીવાનખાના, છાપખાના.

**ખાની,** ( ફા૦ خوانی ) ખાન્દન=ભણવું ઉપરથી ખાની=ભણવું. ઉ૦ કુરાનખાની.

**ખાર,** ( ફા૦ خوار ) ખાનાર, પીનાર. ઉ૦ શીરખાર.

**ખોર,** ( ફા૦ خور ) ખુર્દન=ખાવું ઉપરથી ખોર=ખાનાર. ઉ૦ દગાખોર.

**ખોરા,** ( ફા૦ خوره ) ખુર્દન=ખાવું ઉપરથી. ઉ૦ આબખોરા.

**ગાર,** ( ફા૦ گار ) વાળો ઉ૦ ગુનેહગાર, ખિદમતગાર.

**ગાહ,** ( ફા૦ گاه ) સ્થળવાચક પ્રત્યય. ઉ૦ દરગાહ, પાયગાહ.

**ગી,** ( ફા૦ گی )=પણું. ઉ૦ બંદગી, માંદગી, તાજગી.

**ગીન,** ( ફા૦ گین )=વાળો. ઉ૦ ગમગીન.

**ગીર,** ( ફા૦ گیر ) ગિરિફ્તન=પકડવું, લેવું ઉપરથી ગીર=પકડનાર, લેનાર. ઉ૦ જહાંગીર, દિલગીર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગો, ( ફા૦ گو ) ગુફતન=બોલવું ઉપરથી ગો=બોલનાર ઉ૦ રાસ્તગો=સાચું બોલનાર.

ચા, ( ફા૦ چہ ) લઘુતાવાચક પ્રત્યય. ઉ૦ ચમચા, દેગચા.

ચી, ( તુર્કી چی ) વાળો, લઘુતાવાચક પ્રત્યય. ઉ૦ તોપચી, મશાલચી, ઢુમચી.

ચીન, ( ફા૦ چین ) ચીદન=ચુંટવું ઉપરથી ચીન=ચુંટનાર, ઉ૦ નુકતેચીન, ગુલચીન.

ચીની, ( ફા૦ چینی ) ચીદન=ચુંટવું ઉપરથી ચીની=ચુંટવું, વીણવું. ઉ૦ નુકતેચીની.

જાર, ( ફા૦ زار ) સ્થળવાચક પ્રત્યય. ઉ૦ ગુલજાર.

જાદા, ( ફા૦ زادہ ) જાદન, જાઇદન=જન્મ આપવો ઉપરથી જાદા=જન્મેલો. ઉ૦ શાહજાદા.

જાદી, ( ફા૦ زادی ) જાદન, જાઇદન=જન્મ આપવો ઉપરથી, જાદી=જન્મેલી. ઉ૦ શાહજાદી.

જેબ, ( ફા૦ زیب ) જેબીદન=શોભાવવું ઉપરથી જેબ=શોભાવનાર. ઉ૦ અવરંગજેબ, તનજેબ.

તર, ( ફા૦ تر ) અધિકતાવાચક પ્રત્યય. વિશેષણને લાગે છે. ઉ૦ બહતર, કમતર.

તરાશ, ( ફા૦ تراش ) તરાશીદન=છોલવું ઉપરથી, તરાશ=છોલનાર. ઉ૦ કલમતરાશ=ચપ્પુ.

તરીન, ( ફા૦ ترین ) શ્રેષ્ઠતાવાચક પ્રત્યય. વિશેષણને લાગે છે. ઉ૦ બહતરીન, કમતરીન.

તાબ, ( ફા૦ تاب ) તાફતન=પ્રકાશવું ઉપરથી તાબ=પ્રકાશનાર. ઉ૦ આફતાબ, માહતાબ.

દાન, ( ફા૦ دان ) રાખવાની જગા. ઉ૦ પાનદાન, કાવાદાન.

દાર, ( ફા૦ دار ) દાશ્તન=મૂકવું ઉપરથી દાર=રાખનાર. ઉ૦ નાદાર, દાવાદાર.

દોજ, ( ફા૦ دوز ) દોખ્તન=શીવવું ઉપરથી, દોજ. શીવનાર. ઉ૦ જમીનદોજ, જરદોજ.

નવાજ, ( ફા૦ نواز ) નવાખ્તન, નવાજીદન=મહેરબાની કરવી નવાજ=મહેરબાની કરનાર. ઉ૦ બંદેનવાજ, ગરીબનવાજ.

નામા, ( ફા૦ نامہ )=પત્ર. કરારનામા તહનામા.

નિવીસ, ( ફા૦ نویس ) નિવિશ્તન=લખવું ઉપરથી નિવીસ=લખનાર. ઉ૦ ફર્દનવીસ, નામનવીસ.

નિશીન, ( ફા૦ نشین ) નિશિસ્તન=બેસવું ઉપરથી નિશીન=બેસનાર. ઉ. તખ્તનિશીન.

નુમા, ( ફા૦ نما ) નુમૂદન=દેખાડવું ઉપરથી નુમા=દેખાડનાર. ઉ૦ ખુશનુમા.

પનાહ, ( ફા૦ پناہ ) પનાહીદન=રક્ષણ કરવું ઉપરથી, પનાહ=રક્ષણ કરનાર. ઉ૦ જહાંપનાહ.

પરવર, ( ફા૦ پرور ) પર્વર્દન=પાળવું ઉપરથી, પરવર=પાળનાર. ઉ. ગરીબપરવર.

પસંદ, ( ફા૦ پسند ) પસંદીદન=પસંદ કરવું ઉપરથી, પસંદ=પસંદ કરનાર. ઉ૦ દિલપસંદ.

પાશ, ( ફા૦ پاش ) પાશીદન=છાંટવું ઉપરથી, પાશ=છાંટનાર. ઉ૦ ગુલાબપાશ.

For Private And Personal Use Only

**પરસ્ત,** ( ફા૦ پرست ) પરસ્તીદન=પૂજવું ઉપરથી, પરસ્ત=પૂજનાર. ઉ૦ આતશપરસ્ત, બુતપરસ્ત.

**પોશ,** ( ફા૦ پوش ) પોશીદન=ઢાંકવું ઉપરથી, પોશ=ઢાંકનાર. ઉ૦ પાપોશ, કુલ્લાપોશ.

**બર,** ( ફા૦ بر ) બુર્દન=લઇ જવું ઉપરથી, બર=લઇ જનાર. ઉ૦ પેગંબર, દિલબર.

**બાજ,** ( ફા૦ باز ) બાખ્તન=રમવું ઉપરથી બાજ=રમનાર. ઉ૦ દગાબાજ, કુસ્તીબાજ.

**બાન,** ( ફા. بان )=વાળો. ઉ૦ મહેરબાન, બાગબાન, દરબાન.

**બીન,** ( ફા૦ بین ) દીદન=જોવું ઉપરથી બીન=જોનાર. ઉ૦ દૂર્બીન.

**બૂ,** ( ફા૦ بو ) બોઇદન=સુંઘવું ઉપરથી=વાસ. ઉ૦ બદબુ, ખુશબુ.

**બેગ,** ( તુ૦ بیگ ) બાદશાહ, અમીર, મુગલ લોકોના નામને લાગે છે. ઉ૦ અલીકુલી બેગ.

**બેગમ,** ( તુ૦ بیگم-બેગુમ ) બેગનું સ્ત્રી લિંગ. ઉ૦ અર્જમંદબાનુ બેગમ.

**બોસ,** ( ફા૦ بوس ) બોસીદન=ચુમવું ઉપરથી, બોસ=ચુમનાર. ઉ૦ કદમબોસ.

**બંદ,** ( ફા૦ بند ) બસ્તન=બાંધવું ઉપરથી, બંદ=બાંધનાર. ઉ૦ કમરબંદ, અજારબંદ.

**માલ,** ( ફા૦ مال ) માલીદન=મસળવું ઉપરથી, માલ=મસળનાર. ઉ૦ રૂમાલ, પાયમાલ.

**મંદ,** ( ફા૦ مند )=વાળો, ઉ૦ અકલમંદ.

**યત,** ( અ૦ یت )=પણું. ઉ૦ આદમીયત, કાબેલીયત.

**યાર,** ( ફા૦ یار )=મિત્ર, મદદગાર. ઉ૦ શહરીયાર.

**રેજ,** ( ફા૦ ریز ) રેખ્તન=રેડવું ઉપરથી રેજ=રેડનાર. ઉ૦ રંગરેજ, ખૂનરેજ.

**રૂબા,** ( ફા૦ ربا ) રૂબુદન=ખેંચવું, લઇ જવું ઉપરથી રૂબા=ખેંચનાર. ઉ. દિલરૂબા. કહરૂબા.

**વર,** ( ફા૦ ور )=વાળો, ભરેલું, ધરતું. ઉ૦ ઉમેદવાર, સજાવાર.

**વાર,** ( ફા૦ وار )=વાળો, ભરેલું, ધરતું. ઉ૦ ઉમેદવાર, સજાવાર.

**શન,** ( ફા૦ شن )=સ્થળવાચક પ્રત્યય. ઉ૦ ગુલશન.

**સરા,** ( ફા૦ سرا )=સ્થળવાચક પ્રત્યય. ઉ૦ કારવાનસરા, મેહમાનસરા.

**સાર,** ( ફા૦ سار )=મળતું. ઉ૦ ખાકસાર.

**સ્તાન,** સિતાન, ( ફા૦ ستان ) સ્થળવાચક પ્રત્યય. ઉ૦ હિંદુસ્તાન, ગુલસ્તાન.

**સોજ,** ( ફા૦ سوز ) સોખ્તન=બળવું, બાળવું ઉપરથી. ઉ૦ દિલસોજ, જહાંસોજ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઉપસંગ્રહ.

**અબજદ**, પુ૦ ( અ૦ **अबजद** ابجد= મૂળાક્ષર, અરબી અક્ષરોના બનાવેલા ૮ ગણ. (૧) અબજદ,(૨) હવજ,(૩) હુત્તી, (૪) કલમન, (૫) સઅફ્જ, (૬) કુરશત, (૭) સખ્ખજ, (૮) જજ્જગ. અરબીમાં ૨૮ અક્ષરો. ફારસીમાં 'પ' ને ચ, જે 'ગ' મળીને ૩૨ ને ઉર્દૂમાં ઢ, ડ, ડે મળીને ૩૫ અક્ષર થાય છે. એશીઆઇ કવિઓએ એ દરેક અક્ષરની કીમત ઠરાવી દીધી છે. જેથી કોઇ શબ્દના અક્ષરોની કીમત ગણી તેમાંથી કોઇ વરસ કાઢી શકાય છે. તે કીમત ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦ પહેલા દશ અક્ષરોની અનુક્રમે છે. પછી ૨૦, ૩૦, ૪૦, ૫૦, ૬૦, ૭૦, ૮૦, ૯૦, ૧૦૦ બીજા ૯ અક્ષરોની અનુક્રમે છે ને તે પછી ૨૦૦, ૩૦૦, ૪૦૦, ૫૦૦, ૬૦૦, ૭૦૦, ૮૦૦, ૯૦૦, ૧૦૦૦ બાકીના છેલ્લા નવ અક્ષરોની છે. ફારસી ને ઉર્દૂ વધારાના અક્ષરોની કીમત તેના પહેલાંના અરબી અક્ષર જેટલી ગણાય છે. જેમકે **प** ની ૨, **च** ની ૩, **ज** ની ૭, **ग** ની ૨૦, **ट** ની ૪૦૦, **ड** ની ૪ ને **ड़े** ની ૨૦૦. જેમકે 'ખેર' અમદાવાદ વસાવ્યાની તારીખ છે તેમાં **ख** ના ૬૦૦, **य** ના ૧૦ **र** ના ૨૦૦ મળી ૮૧૦ થાય છે. હીજરી ૮૧૦. **खेर**=ભલાઇ, કુશળતા. ) અરબી ફારસી વગેરે અક્ષરોની ઠરાવેલી કીમત તે.

'એ શબ્દોપરથી અબજદની પદ્ધતિ પ્રમાણે નીકળે છે.' મિ. સિ.

**અમાન**, ન૦ ( અ૦ **अमान** امان=રક્ષણ) અભય વચન, સુરક્ષણ.

'બચીને કિનારે આવતાં ખારવાએ અમાન માગ્યું.' રા. મા.

**અલ્લાતાલા**, પુ૦ ( અ૦ **अल्लाहतआला** الله تعالى=ખુદા તઆલા ) ઇશ્વર, મહાન ઇશ્વર.

'જો અલ્લા તઆલાના હુકમથી આપણી હાર થાય, તો નાસવાની કાંઇ જગા નથી, એમ તમારે નક્કી જાણવું. ક. ઘે.

**અહરામ**, ન૦ ( અ૦ **इह्राम** احرام= નક્કી કરેલે સ્થળેથી કાબાનાં દર્શન કરતાં સુધી કેટલીક વાતોથી પોતાને બચાવવા, અને સીવ્યા વગરનાં લુગડાંથી શરીર ઢાંકવું તે ) મક્કે હજ કરવા જાય છે ત્યારે જે કામ આડે દહાડે કરવાની રજા છે, તેવાં પણ કેટલાંક કામો ત્યજીને વગર સીવેલાં લુગડાં પહેરે છે તે.

'અહરામનાં કપડાં પહેરી ચાલતો.' મિ.સિ.

**આયત**, સ્ત્રી૦ ( અ૦ **आयत** آيت=નિશાની, વાક્ય ) ઇબારતનો કડકો, કુરાનનું વાક્ય.

'એ આયતનાં વચનમાર્ગ સર્વ લોકોએ અનુભવ્યો.' મિ. સિ.

'કુરાન ફાડી નાખીને તેની જુદી જુદી આયતો નિશાન ઉપર ચોઢી.' ક. ઘે.

**ઇબક**, વિ૦ ( તુ૦ **ईबक** ايبک=જેના હાથની છ આંગળીઓ હોય તે ) છ આંગળીઓ હોય તેવા હાથવાળો માણસ. ગુલામ વંશના સ્થાપનાર કુત્બુદ્દીનને છ આંગળીઓ હતી.

'મેહમૂદ ગજનવીના કરતાં કુત્બુદીન ઇબકે ચઢાઇઓ કરીને ભાગ્યેજ વધારે સારવાળી અસર કરી છે.'

રા. મા. ભા. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**એલતેમાસ**, સ્ત્રી० ( અ० **इल्तिमास** التماس=અરજ ) વિજ્ઞપ્તિ, વિનતિ.

**ઓઝ**, પુ० (અ०) હોજ શબ્દ જુઓ.

**કઝાઅત**, સ્ત્રી० ( અ० **कज़ात** قضات= ઘણા કાજીઓ, કાજીનું બહુવચન ) કાજીની કચેરી, કાજીપણું.

**કદરદાન**, વિ० ( અ० **क़द्र+दान** ફા० પ્ર० **क़द्रदान** ઉપરથી=ખૂજ જાણુનાર ) ગુણજ્ઞ, કામની કીમત જાણુનાર.

‘ દિલદાર કદરદાન તે ભલપણ તણો ભંડાર છે.’ દ. કા. ભા. ૨

**કદીમ**, વિ० ( અ० **कदीम** قدیم=જુનું ) ગામના રહેનારા અસલી લોકો. ગામની જુની વસ્તી.

**કદીમી**, વિ० કદીમ શબ્દ જુઓ.

**કમાળીઓ**, પુ० ( અ० **कमाल** کمال= સંપૂર્ણતા, કમલ=તે સંપૂર્ણ હતું ઉપરથી) બહેચરાજીના દહેરાના પૂજારીઓ. ‘ દેરામાં જે ઉપજ આવે છે, તેના ધણી કમાળીઆ છે.’ રા. મા. ભા. ૧

**કલગો**, પુ० (તુર્કી **कलगी** قلغی ઉપરથી= પાઘડી ઉપર શોભા માટે રાખવામાં આવે છે તે ) મુગટ પરનો એક શણગાર, ફૂલનો ગોટો. ‘ કચરા જેવી બાબતનો એક કલગો બનાવ્યો.’ મિ. સિ.

**કસવું**, સ० ક્રિ० ( ફા० **कशीदन** کشیدن ખેંચવું ઉપરથા ) સોના રૂપાની પરીક્ષા કરવી. કમર કસવી-બાંધવી.

‘ પણ હજુ તેને વધારે કસવાની તેની ધારણા હતી.’ ક. ઘે.

**કાબિજ**, પુ० ( અ० **क़ाबिज** قابض=કબજો કરનાર ) માલિક, ધણી, કબજેદાર.

**કિસ્તબંધી**, વિ० ( અ० **क़िस्त्+बंदी** ફા० પ્ર० قسطبندی થોડા થોડા કરીને આપવામાં આવે તે રૂપીઆ ) કાંધું કરવું, કડકે કડકે ઠરાવેલી મુદતે ઠરાવેલી રકમ આપવી તે.

**કુમેદ**, પુ० ( ફા० **कुमयत** کمیت=કાળાશ મળેલો લાલ રંગનો ઘોડો, તેલીઓ, સુરંગ ) એક જાતનો ઘોડો.

‘ એરાકી, કુમેદ, ઘોડાઓ બાદશાહને પસંદ પડયા.’ મિ. સિ.

**કુરસીનામું**, ન० ( **कुर्सी** અ० + **नामह** ફા० પ્ર० کرسی نامه=કુટુંબની વંશાવળી ) પેઢીનામું.

**કુલરજુવાત**, સ્ત્રી० ( અ० **कुल्लरुजूअ** ઉપરથી کل رجوع=પુરેપુરી રજુઆત ) મેળવી જોવું, સરખામણી કરવી. રસીદો વગેરે ઉપરથી અને જબાની ઉપરથી સરખાવી જોવું તે.

**ખજીનદાર**, વિ० ( **खज़ीनह्** અ० + **दार** ફા० પ્ર० خزینه دار=ખજાનો રાખનાર) ટ્રેઝરર, કોશાધિપતિ.

**ખતીબ**; પુ० ( અ० **खतीब** خطیب= ખુતબો પઢનાર ) શુક્રવાર ને ઇદોને દિવસે મસ્જિદમાં ખુત્બો-ધાર્મિક ભાષણ કહેનાર મુસલમાન વિદ્વાન.

‘ તે જગાએ ઇમામ ખતીબ, અને મુવજન બેસવા લાગ્યા.’ મિ. સિ,

**ખમીરો**, પુ० (અ० **खमीरह** خمیره=ખમીર નાખીને બનાવેલી વસ્તુ, સાકર કે ખાંડમાં

For Private And Personal Use Only

પકવેલી દવા.) એક પ્રકારની ખુશબોદાર તંબાકુ. 'તેમાં બુરાનપુરી કે દિલ્હીનો કીમતી ખમીરો ભેળવીને તેને લેહજતદાર કરે.'

અં. ન. ગ.

**ખલકો**, પુ૦ (અ૦ **खिर्क़ह** خرقہ=થીગડાં મારેલું વસ્ત્ર) ગોદડી, ફકીરોનો લીબાસ.

'ખલકો ખૂબ બનાયો, મેરે સતગુરૂ, ખલકો ખૂબ બનાયો. હોજી.' અ૦ કા૦

**ખસી**, સ્ત્રી૦ (અ૦ **खस्सी** خصی=જે જાનવરની ગોળીઓ કાઢી નાંખી હોય તે, નામર્દ) પુરૂષાતન ન હોય તેવો.

'દરેક જાનવર કે જેને ખસી કરવામાં આવે છે, તે પોતાનાં દુરાચરણ તથા ખુમારી છોડી દે છે.' મિ. સિ.

**ખાનબહાદુર**, વિ૦ (ફા૦ **खान्बहादुर** خان بہادر=એક ખિતાબ છે) એક ખિતાબ છે જે સરકાર તરફથી મુસલમાન ને પારસી ગૃહસ્થોને આપવામાં આવે છે. ખાનસાહેબ કરતાં ચડતા દરજ્જાનો ખિતાબ.

**ખાનસાહેબ**, વિ૦ (ફા૦ **खान्+साहिब** અ૦ خان صاحب=એક ખિતાબ છે) એક ખિતાબ છે જે સરકાર તરફથી મુસલમાન ને પારસી ગૃહસ્થોને આપવામાં આવે છે.

**ખાનાશુમારી**, સ્ત્રી૦ (ફા૦ **खानहशुमारी** خانہ شماری=ઘરોની ગણત્રી કરવી ખાનહ=ઘર, શુમારી=ગણતરી કરવી) ગણતરી, વસ્તીપત્રક.

**ખિદમતગારી**, સ્ત્રી૦ (અ૦ **खिद्मत+गारी** ફા૦ પ્ર૦ خدمتگاری=સેવા ચાકરી) ચાકરી.

'આખી રાત ઉભા રહી તેની ખિદમતગારી ઉઠાવી.' મિ. સિ.

**ખીરાજ**, સ્ત્રી૦ (અ૦ **खिराज** خراج=દેશની ઉપજ, ટેકસ) ખંડણી.

'ખીરાજ એટલે ખંડણી લીધી.' ક. ઘે.

**ખુદકાસ્તા**, વિ૦ (ફા૦ **खुद्काश्त** خودکاشت=જે જમીન માલિક પોતે વાવે તે) જે માણસ પોતાની જમીનમાં પોતે વાવેતર કરે તે.

**ખુદી**, સ્ત્રી૦ (ફા૦ **खुदी** خودی=અહંકાર) મમત્વ, હુંપણું, ગર્વ.

'વસવસે ઓર ભ્રમનાકો ટાલો, મેંપના ઓર ખુદીકો બિસારો.' અ. કા.

**ગદાઇ**, સ્ત્રી૦ (ફા૦ **गदाइ** گدائی=ફકીરી) ભિક્ષા, ફકીરો, કંગાલ માણસો.

**ગાજીમરદ**, પુ૦ (અ૦ **गाजी**=લડનાર ને મારનાર+**मर्द** ફા૦ પુરૂષ, બહાદુર આદમી, ઘોડાનો ખિતાબ) ઘોડો.

**ગાફેલાઇ**, સ્ત્રી૦ (અ૦ **गफलत** غفلت=ઉપરથી કે **गाफिली** ઉપરથી=ગફલત) આળસ.

'જો તું આયુષ્ય વહી જાય છે રે, જીવ જો તું આયુષ્ય વહી જાય છે, ગાફેલાઇ તારી ગણાય છે રે.' જીવ૦ દ૦કા૦ભા૦૨

**ગોસ્ત**, ન૦ (ફા૦) ગોસ શબ્દ જુઓ.

'તે રોજ એક હજાર મણ આટો, પાંચસેં મણ ગોસ્ત, બસેં મણ ખાંડ, તથા તે પ્રમાણે ચોખા, તેલ, ઘી તથા બીજી ખાવાની વસ્તુઓ વહેંચતો.' ક. ઘે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઘરાબ**, ન૦ ગુરાબ શબ્દ જુઓ.
'મલબારી લોકો ઘરાબ જાતના મછવા લઇને ગુજરાતની આજુબાજુનાં બંદરો પર લુટ ચલાવે છે.' મિ. સિ.

**ઘાઝી**, વિ૦ ગાઝી શબ્દ જુઓ.
'તે સુલતાન મહમુદ ઘાઝી (ધર્મવિજયી) ના જોરાવર હાથથી તાબે થયો હતો.' મિ. સિ.

**ઘોસ**, પુ૦ ( અ૰ **गव्स** غوث=ફર્યાદ સાંભળનાર ) મુસલમાન પીર લોકોમાં એક શ્રેષ્ઠ પદવી છે.' 'શેહેરના લોકો જે શેખને કુતુબ ને ઘોસની પદવીના ધારતા હતા.' મિ. સિ.

**ઘોળ**, પુ૦ ( ફા૦ **गूल** غول=ટોળું, ભીડ ) જથો, ટોળું. 'પણ એ નાતના ઘોળમાં પડવાની ને છૈયાં છોકરાં પરણાવવાની એમ બે વાતો સાથે બને એવી નથી.' સ. ચં. ભા. ૪

**ચરાગા**, સ્ત્રી૦ ( ફા૦ **चरागाह** چراگاه= ઢોરોને ચરવાની જગા ) ગોચર, જંગલ, ઘાસવાળી જમીન.

**ચુબીના**, સ્ત્રી૦ ( ફા૦ **चूबीनह** چوبینه= લાકડાની. ચૂબ, ચોબ=લાકડી ઉપરથી ) વેપારી હોડી, એક પ્રકારની હોડી.

**ચૌશ**, પુ૦ ( ફા૦ ) ચાઉસ શબ્દ જુઓ. ખાને પોતાના ચૌવીઝ ( અરબ અમલદાર–ચૌશ )ને તેને પકડી લાવવા હુકમ કર્યો.' મિ. સિ.

**જલેબ**, સ્ત્રી૦ ( તુ૦ **जिलू** جلو=શોભા, ઠાઠ ) સંગાથી, સાથે ચાલવું, ઠાઠમાઠ, ભપકો. 'સરકારી નોકરોને પોતાની જલેબમાં લઇ જવા નહિ.' મિ. અ.

**જંદ**, પુ૦ ( અ૰ ) જિન શબ્દ જુઓ. 'અને તેઓને ભૂત અથવા જંદે મદદ કરેલી ગણવામાં આવે છે. રા.મા. ભા. ૧

**જાનમ**, ન૦ ( અ૰ જહાન્નમ શબ્દ જુઓ.) 'પણ ઉદ્દિલો જોરથી બોલ્યો કે મહોબા જાનમમાં જાય.' ૧૦૦ વા. ભા. ૨

**જારૂ**, અ૦ ( અ૰ ) જારી શબ્દ જુઓ. 'જો એમનો સ્તુતિપાત્ર પ્રયત્ન જારૂ રહ્યો હોત.' મિ. સિ.

**જિરાયતી**, વિ૦ ( અ૰ **जिराअती** زراعتی=ખેતી થાય તેવી જમીન ) ખેડાણ લાયક જમીન.

**જીન**, ન૦ ( ફા૦ **जीन** زین=ઘોડા ઉપરની કાઠી ) ચામડાનું પલાણ, સેડલ. ઘોડા ઉપર બેસવા માટેની ગાદી.

**જીનગર**, વિ૦ ( ફા૦ **जीन्गर** زینگر= જીન બનાવનાર ) જીન બનાવનાર, મોચી.

**જીનપોશ**, ન૦ (ફા૦ **जीन्पोश** زین‌پوش= જીન ઉપર નાખવાનું લુગડું **पोशीदन**= ઢાંકવું ઉપરથી ) જીન ઉપર નાખવાનું લુગડું.

**જીંનતનશીન**, વિ૦ ( અ૰ **जंनतू**=સ્વર્ગ+ **निशीन** ફા૦ પ્ર૦ નિશિસ્તન=બેસવું ઉપરથી સ્વર્ગમાં બેસનાર ) સ્વર્ગવાસી. 'એમના જીંનતનીશીન થવાની તારીખ 'ફખર' એ શબ્દમાંથી નીકળી આવે છે.' મિ. સિ.

**જુંમો**, પુ૦ ( અ૰ **जिमह** ذمه=પદવી, ચાર્જ, જોખમ ) જોખમ. 'તમારે માથે જુંમો છે.' સ. ચં. ભા. ૧

**ઝંઝીરૂં**, ન૦ ( ફા૦ **जंजीर** زنجیر= સાંકળ ) સાંકળના જેવું ઘરેણું. 'દોર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તળેનાં ઘુંટણુ નીચે, કમાન બની ઢળકતાં ઝંઝીરાં, માછલીઓ પેઠે ચળકતાં હતાં. ' સ. ચં. ભા. ૧

**ઝીયારત'** સ્ત્રી૦ ( અ૦ જારત શબ્દ જુઓ.) અહમદ ખટ્ટુની કબરની ઝીયારત કરી.' મિ. સિ.

**ઝેહમત,** સ્ત્રી૦ ( અ૦ ) જેહમત શબ્દ જુઓ. ' મૌલા ધણી ઝેહમત તથા મુસીબતો વેઠી મેહમૂદ શાહના દરબારમાં આવી પોહોંચ્યા. ' મિ. સિ.

**ટકાજો,** પુ૦ ( અ૦ ) તકાજો શબ્દ જુઓ. ' ટકાજા સિવાય ભરી દીધી. ' મિ. સિ.

**તકસીમ,** સ્ત્રી૦ ( અ૦ **तक्सीम** تقسیم= ભાગ પાડવા ) વહેંચવું, હિસ્સા કરવા.

**તકસીમદાર,** વિ૦ ( અ૦ **तक्सीम्+दार** ફા૦ પ્ર૦ تقسیمدار=ભાગવાળો ) ભાગીદાર.

**તખ્તેશ,** પુ૦ ( ફા૦ **तख्त्+ईश** સં૦ મળી થએલો શબ્દ. તખ્તનો ધણી ) રાજા, ગાદીનો માલેક. ' તખ્તે ત્યાં તો તખ્તેશ છે, ભાવ ભેર ભાળોરે. ' દ. કા. ભા. ૨

**તબકચો,** પુ૦ ( અ૦ **तबाक्+चह** طبقچہ طبقچہ=ફારસી લ૦ વા૦ પ્ર૦ નાની રકાબી ) નાનો થાળ. થાળી.

**તબરૂક,** પુ૦ ( અ૦ **तबर्रुक** تبرک=પવિત્ર જાણવું ) પીરોનો પ્રસાદ. દરગાહો, ધર્મ કથાઓ વગેરેમાં વેહેંચાતો પ્રસાદ.

**તલેસમ,** ન૦ ( ફા૦ **तिलिस्म** طلسم અસલમાં આ શબ્દ ગ્રીક ભાષાનો છે એ એક વિદ્યાનું નામ છે ખજાના વગેરે ઉપર એવી ગોટવણ કરવી કે તે બીજા કોઇ માણસના હાથમાં જાય નહિ ) અચંબો, નવાઇની વાત.

**તવાજો,** પુ૦ ( અ૦ **तवाज़ुअ** تواضع= બીજાના કરતાં પોતાને કનિષ્ઠ સમજવાનો ગુણ,) પરોણા ચાકરી, સેવા.

**તહવીલ,** સ્ત્રી૦ ( અ૦ **तह्वील** تحویل= હવાલે કરવું, દાખલ થવું ) સોંપવું. ' ઘણા ખરા કુમકે આવેલા અમીરો પોતાની તેહવીલ તરફ આવ્યા.' મિ૦અ૦

**તાજપોશી,** સ્ત્રી૦ ( ફા૦ **ताज्पोशी** تاجپوشی=રાજ્યાભિષેક. પોશીદન ઢાંકવું ઉપરથી ' પોશ ' તાજ પહેરાવવો ) ગાદીએ બેસતી વખતની ક્રિયા.

**તાફ્તો,** પુ૦ ( ફા૦ ) તાસતો શબ્દ જુઓ.

**તાલમખાનું,** ન૦ ( અ૦ **तअ्लीम+रवा-नह** ફા૦ **तअलीम्रवानह** تعلیمخانہ કેળવણી આપવાનું ઘર, વિદ્યાશાળા ) કસરત કરવાની જગા, અખાડા, રમત ગમતની જગા. ' કસરત કરવાનાં તાલીમખાનાં, તંબુઓ અને અખાડા, ઉઘાડી હવામાં જમાવવામાં આવ્યા હતા. ' સ. ચં. ભા. ૪.

**તીરંદાજી,** સ્ત્રી૦ ( ફા૦ **तीर्अंदाजी** تیراندازی=તીર ફેંકવાપણું ) તીર ફેંકવાની કળા. ' તેઓ તીરંદાજીમાં ઘણા કુશળ હતા. ' મિ. સિ.

**તુંદો,** વિ૦ ( ફા૦ **तुंद** تند=તેજ, જલદ, નઠારી, બુડી, ) ઉતાવળીઓ, ગરમ સ્વભાવ. ' અલક કિશોરીના તુંદા સ્વભાવ આગળ કાંઇ વળશે નહિ. ' સ. ચં. ભા. ૧.

**તોકીર,** સ્ત્રી૦ ( અ૦ **तव्कीर** توقیر =આબરૂ ) ઇજ્જત, મોટાઇ.

**તૌહીદ,** સ્ત્રી૦ ( અ૦ **तव्हीद** توحید= એકતા ) એકપણું, ઇશ્વરની એકતા. ' તૌહીદનું મહાવાક્ય ભણ. ' મિ. સિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**દદામા**, પુ૦ ( ફા૦ ) દમામા શબ્દ જુઓ. ' છૂટે તોપ બંદુક વાજે દદામા. ' દ. કા. ભા. ૨.

**દંગાખોર**, વિ૦ (ફા૦ **दंगल** ઉપરથી) કજીઓ કરનાર, તકરારી.

**દંગો**, પુ૦ ( ફા૦ **दंगल** دنگل=રણક્ષેત્ર ) ટંટો, કજીઓ, તકરાર, ઝઘડો.

**દાઈ**, સ્ત્રી૦ ( અ૦ **दाही** داهي=સમજુ, દાના, બુદ્ધિશાળી ) જણાવનારી સ્ત્રી, સોયાણી. ' અને અવતરે ત્યારે દામ મળે દાઇને. ' દ. કા. ભા. ૨

**દાદખ્વાહ**, પુ૦ ( ફા૦ **दाद्+खाह=दाद्खाह** دادخواه=ન્યાય ચાહનાર ) ન્યાય માગનાર,

**દામણી**, સ્ત્રી૦ (ફા૦ **दामन** دامن ઉપરથી) સ્ત્રીઓનાં કપાળની છેક ઉપર ઘાલવાનું હીરા મોતીનું ઘરેણું. ' દાર કેરી કમાનો દીવાથી ભરી, દેવીએ દામણી જેમ બાંધી' દ, કા. ભા. ૨.

**દીદવાન**, પુ૦ ( ફા૦ **दीद्बान** دیدبان= જાસુસ ) શિકાર ઉપર નજર રાખવી તે. ' નજર, દીદવાન, મખ્ખી, મૃગ ચારે રોકી શ્વાસ એક કરે છે તે વારે. ' અ. કા.

**દૈન**, ન૦ ( અ૦ ) દેણુ શબ્દ જુઓ.

**નફસાની**, વિ૦ (અ૦ **नफ़सानी** نفسانی =પોતાને લગતી વાત ) સ્વાર્થ સંબંધી વાત.

**નફસાનીયત**, સ્ત્રી૦ ( અ૦ **नफ़सानियत** نفسانیت=સ્વાર્થ ( અહંકાર, ગર્વ, મમતા.

**નબજ**, સ્ત્રી૦ ( અ૦ **नब्ज़** نبض=રગ, નસ ) જે રગો ધડકે છે તે, નાડી.

**નમર્દ**, વિ૦ (ફા૦ **नामर्द** نامرد=બાયલો ) ના હિંમત, પુરૂષાતન વગરનો. ' ભયે ભૂમિ ભાસે, નમર્દોજ નાસે. ' દ. કા. ભા. ૨

**નયાબત**, સ્ત્રી૦ ( અ૦ **नियाबत** نیابت= કોઇની જગાએ ઉભા રહેવું. ) મુખ્ત્યાર, કોઇને ઠેકાણે કામ કરવું. ' મારા ભત્રીજાની નાની ઉમરને લીધે રાજ્યની નયાબત મારે હસ્તક છે. ' મિ. સિ.

**નસખ**, વિ૦ ( અ૦ **नस्ख** نسخ=અરબી ફારસી વગેરે અક્ષરો લખવાનો એક પ્રકાર. અક્ષરોનો એ મરોડ ઇમાદુદ્દીન યાકૂબ મુઅતસમીએ નક્કી કરેલો છે ) નકલ, કોપી કરવી, લખાણ. સુલતાન દરરોજ કુરાનનું એક પ્રકરણ નસખ અક્ષરમાં લખતો. ' મિ. સિ.

**નાતવાની**, સ્ત્રી૦ (ફા૦ **नातवानी** ناتوانی =અશક્તિ ) નબળાઇ, નિર્બળતા.

**નાનખતાઈ**, સ્ત્રી૦ ( ફા૦ **नानखताई** نانخطائی=એક પ્રકારની, મિઠાઇ, જે મેંદો, ખાંડ ને ઘીની મેળવણીથી થાય છે ) નાનખતાઇ, ભઠીઆરાને ત્યાં બનતી એક મીઠાઇ.

**નારાસ્ત**, વિ૦ ( ફા૦ **नारास्त** ناراست =અયોગ્ય ) યોગ્ય નહિ તે, ખોટું.

**નારાસ્તી**, સ્ત્રી૦ (ફા૦ **नारास्ती** ناراستی =અયોગ્યતા ) જુઠાણું, ખોટાપણું.

**નાળ**, સ્ત્રી૦ ( અ૦ **नअल** نعل= જોડો, પગરખું ) ઘોડા બળદના પગની નીચે તેના આકારનું લોઢાનું જે પતરૂં જડવામાં આવે છે તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નિમકદાની,** સ્ત્રી૦(ફા૦ **नमकदान** نمکدان =મીઠું મૂકવાની કાચની કે ધાતુની વાડકી ) વાટેલું મીઠું મૂકવાનું પાત્ર. મુસલમાનો જમતી વખતે આદિ ને અંતમાં જરાક મીઠું ચાખે છે તે મીઠું જે પાત્રમાં મૂકી ભાણા આગળ મૂકવામાં આવે છે તે.

**નુકતેચીન,** વિ૦ ( ફા૦ **नुक्तहचीन** نکتہ‌چین=બારીકી પકડનાર ) ભૂલ કાઢનાર, ટીકા કરનાર.

**નુકતેચીની,** સ્ત્રી૦ ( ફા૦ **नुक्तहचीनी** نکتہ‌چینی= બારીકી શોધવી ) ભૂલ કાઢવી, ટીકા કરવી, એબ ખોળવી.

**નુરાણી,** વિ૦ ( અ૦ **नूरानी** نورانی પ્રકાશિત ) તેજસ્વી, સુંદર, રૂપાળું.

**પલીતી,** સ્ત્રી૦ ( ફા૦ **पलीदी** پلیدی= નાપાકી ) અપવિત્રતા.

**પરહેજગારી,** સ્ત્રી૦ ( ફા૦ **पर्हेज्गारी** پرہیزگاری= પરહેજી પાળવી ) કરી, પથ્ય. 'તહાં હોત જો કોઈ પરહેજગારી.' દ. કા. ભા. ૨.

**પશેમાન,** વિ૦ ( ફા૦ **पशेमान** پشیمان= પસ્તાએલો ) શરમાએલો, ખિન્ન.

**પળશી,** સ્ત્રી૦ ( ફા૦ **पुर्सिश** پرسش= પૂછવું, પુર્સીદન=પૂછવું ઉપરથી ) ખુશામદ કરવી, ખબર પૂછવી, ભલું મનાવવું. 'લસ્કરીઓની પુરસીઓ કરવા લાગ્યો.' મિ. સિ.

**પાયપોશ,** સ્ત્રી૦ ( ફા૦ **पापोश** پاپوش= જોડો, પગરખું. **पा**=પગ,+**पोशीदन**= ઢાંકવું ઉપરથી **पोश**=ઢાંકનાર ) પગરખું, જોડો.

**પાયબોશી,** સ્ત્રી૦ ( ફા૦ **पाबोसी** پابوسی =પાદ ચુંબન. **पा**=પગ+બોસીદન=ચુમવું ઉપરથી બોસી=ચુમવાપણું ) પગ ચુમવા. સેવામાં હાજર થવું.

'પાદશાહના દરબારમાં પાયબોસીનું માન પામ્યા,' મિ. સિ.

**પાશા,** પુ૦ ( તુર્કી **पाशा** پاشا=હાકેમ ) અમલદાર, ગવર્નર નવાબ, સરદાર, સરદારોનો ખિતાબ છે.

**પીરમર્દ,** વિ૦ ( ફા૦ **पीर्मर्द** پیرمرد=વૃદ્ધ માણસ. પીર=વૃદ્ધ+મર્દ=પુરૂષ ) ઘરડો માણસ.

**પૈમાએશ,** સ્ત્રી૦ (ફા૦ **पय्माइश** پیمایش =માપણી-**पय्मूदन**=માપવું ઉપરથી ) જમીનની માપણી.

**પોતદાર,** વિ૦ ( ફા૦ **पोतह्+दार** پوتہ‌دار =ખજાનચી ) દેશી રાજ્યમાં એક અધિકારી હોય છે જે રાજ્યની ઉપજ ટ્રેઝરીમાં જમા કરાવે છે તે અધિકારી.

**પોતનીસ,** પુ૦ ( ફા૦ **पोतह्+निवीस** پوتہ‌نویس=ખજાનાનો હિસાબ રાખનાર) સિલક રાખનાર, કેશીઅર.

**પોશીદું,** વિ૦ ( ફા૦ ) પોસિદું શબ્દ જુઓ.

**ફરામોસ થવું,** સ૦ ક્રિ૦ ( ફા૦ **फरामोशीदन**=ભૂલી જવું ઉપરથી **फरामोश**= فراموش=ભૂલી જવું ) ભૂલી જવું, વીસરી જવું.

**ફાજીલ વસુલ,** સ્ત્રી૦ ( અ૦ **फाजिल्वसूल** فاضل‌وصول=ખાસ વસુલ ) વધારાની ઉઘરાવેલી વસુલ.

**ફોતાદાર,** પુ૦ ( અ૦ **फत्तह्+दार** ફા૦ પ્ર૦=ખજાનચી )ટ્રેઝરર, જેના કબજામાં નાણું રહે તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બખીલતા,** સ્ત્રી० ( અ० **बुख्ल** بُخل= બખીલાઇ ઉપરથી ગુજરાતી પ્રયોગ ) કૃપણતા, કંજુસાઇ. 'એણે કાઢી બખીલતા બહારી છે, ઉરમાંહી ઉદારતા ધારી છે.' દ० કા० ભા० ૨.

**બજોરગ,** વિ० ( ફા० ) બુજરગ શબ્દ જુઓ. 'અરે મારા બજોરગ બાવા, આવો મન લાડ લડાવા.'

દ. કા. ભા. ૨

**બદકાર,** વિ० ( ફા० **बद्कार** بدکار= નઠારાં કામ કરનાર ) દુર્ગુણી. 'આ બદકારની બીક અને ભયને લીધે ભેગા થઇ શકયા નહિ.' મિ. સિ.

**બદનકસી,** સ્ત્રી० ( **नकृश** અ०=ચિત્ર,+ **बद** ફા० ઉપસર્ગ મળીને **बद्नक्शी** بدنقشی=નઠારો ચીતરવો ) નિંદા કરવી, કોઇને ખોટો વર્ણવવો.

**બરણી,** સ્ત્રી० ( ફા० **बरंजी** برنجی=પિત્તળનું વાસણ ) બરણી.

**બરપા,** વિ० ( ફા० **बर्पा** برپا=કાયમ, **बर**=ઉપર+**पा**=પગ, પગપર ) ઉભા થવું, ઉભું કરવું.

**બલખમ,** પુ० ( અ० ) બલગમ શબ્દ જુઓ.

**બસયાર,** વિ० ( ફા० **बिस्यार** بسیار= વધારે ) ઘણું, પુરતું, જોઇએ તેથી વધારે, ઘણું.

**બંદેગાન,** પુ० ( ફા० **बंदह**નું બહુ વચન. **बंदह्गान** بندگان=નોકરો ) સેવકો, આજ્ઞાંકિત. 'ફિરોજશાહના બંદેગાનો કે જેની સંખ્યા એક લાખની હતી.' મિ. સિ.

**બાનવા,** પુ० ( ફા० **बानवा** بانوا= સામાનવાળો, દોલતવાળો ) ફકીરની એક જાત છે. બાનવા ને બેનવા બે જાતના ફકીરો ગણાય છે.

**બેનવા,** પુ० ( ફા० **बेनवा** بےنوا=સામાન વિનાનો, નિર્ધન ) ફકીરની એક જાત છે.

**બેહુદગી,** સ્ત્રી० ( ફા० **बेहूदगी** بیہودگی= જેનાથી કાંઇ લાભ ન થાય તેવું કામ ) નિરૂપયોગિતા.

**મુજાહીમદાર,** વિ०( અ० **मुज़ाहिम** مزاحم =રોકનાર ) અટકાવનાર, ખાળનાર.

**મુતવલી,** પુ० ( અ० **मुतवल्ली** متولی= કામપર રહેનાર ) નિયામક, મેનેજર, સંભાળ રાખનાર. 'તે માલ મક્કાના મુતવલીઓને ખેરાત કરવો., મિ. અ.

**મુશવરત,** સ્ત્રી० ( અ० **मश्वरत** مشورت= સલાહ, મનસુબો ) તજવીજ કરવી, કમીટી, પંચાયત. 'તેણે કિલ્લાની ફોજની સાથે મશવરત કરી., મિ. સિ.

**મોકસ,** સ્ત્રી० ( અ० **मुकास** مکاس= રાહદારી મેહસુલ ) જાગીરદારો સરકારને જે નાણાં ભરે તે.

**મોહતરફ,** પુ० ( અ० **मुअ्तरिफ** معترف =હા પાડનાર) કબુલ કરનાર, ગામડાની દુકાનો ને કારીગરો પાસેથી લેવામાં આવતો એક કર.

**લાઝીમહક,** પુ० ( અ० **लाजिमूहक्क** لازم حق =આવશ્યક હક, સંબંધ રાખનાર હક) પહેલાંના રાજાઓએ કોઇ માણસને કાંઇક ઉપજ લેવા સંબંધી હક્ક આપ્યો હોય તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સરકારકુન,** વિ૦ ( ફા૦ सर्कार्कुन سرکارکن =મોટા કારકુન ) કસ્ટમ્સ ખાતાનો મુખ્ય ઉપરી જે કસ્ટમ્સ ડયુટી વગેરે ઉઘરાવવાનું કામ કરવા માટે હોય છે તે.

**સિલેહદાર,** વિ૦ ( અ૦ सिलह्+दार ફા૦ પ્ર૦=હથીઆરવાળો ) હથીઆર સજનાર લડવૈયો. હથીઆર પહેરનાર સોલ્જર.

# કોશમાં આવેલા કેટલાક શબ્દોનાં ઉદાહરણો.

## કોશમાં શબ્દ છે પણ ઉદાહરણ નથી તેવાં કેટલાંક ઉદાહરણ.

**અચાર,** ( પૃ૦ ૨ ) તેમાં જાત જાતનાં અચારો હતાં.' મિ. સિ.

**અબદાગીરી,** ( પૃ૦ ૭ ) 'ડંકો, નિશાન, અબ્દાગીરી, છત્રી, ચંમર, પાલખી વગેરે ભાડે રાખ્યાં.' ૮. ૧૦૦ વા. ભા. ૩

**અલમસ્ત,** ( પૃ૦ ૧૧ ) 'આ અલમસ્ત જોગીઓનું ટોળું આખા જંગલને ચડાઇ કરી સર કરતું લાગતું હતું. સ. ચં. ભા. ૨.

**અલાખો,** ( પૃ૦ ૧૧ ) જાંગલાઓ બળે ને કરે તેના પર અલાખો કરે તે બરોબર છે.' સ. ચં. ભા. ૩

**અવેજ,** ( પૃ૦ ૧૩ ) 'ઇચ્છા પુરણ કરીશ એ જ, અધિક ન આપું કશો અવેજ.' દ. કા. ભા. ૨

**અવેજી,** ( પૃ૦ ૧૩ ) ' તેની અવેજીમાં કામ કરવા સ્વીકાર્યું.' સ. ચં. ભા. ૧

**અશરફી,** ( પૃ૦ ૧૩ ) '૬૩ હજાર અશરફીઓ ભેટ મૂકી હતી.' ૧૦૦ ૮. વા. ભા. ૪

**અંજીર,** ( પૃ૦ ૧૫ ) 'મેવા મળે મુલતાનમાંરે, દ્રાખ, અંજીર, અનાર.' દ. કા. ભા. ૨

**આકુદી,** ( પૃ૦ ૧૬ ) 'મેવા મિઠાઇની સાથે માજમ, આકુદી, વગેરે નીશાની ચીજો મિશ્ર કરીને ચાંદીની રકાબીઓ ભરી દીધી.' અં. ન. ગ.

**આબખોરો,** ( પૃ૦ ૧૯ ) જો બેટા, લોટી કે આબખોરો ભરીને પાણી ટચક ટચક પીએ તો કલેજે ધક્કો લાગે.' ૮. ૧૦૦ વા. ભા. ૩

**આબદાર,** ( પૃ૦ ૧૯ ) 'આ વખતે સુલતાનના હાથમાં માણેક, આબદાર મોતી અને કીમતી વસ્ત્રોની લુંટ પુષ્કળ આવી.' મિ. સિ.

**આસાએશ,** ( પૃ૦ ૨૩ ) 'એક ઝાડની નીચે આસાએશ લેવા બેઠા.' મિ. સિ.

**ઈજાર,** ( પૃ. ૨૪ ) 'મારી ઇજારનું નાડું પકડી રાખવા ગાડીવાળાએ કહ્યું છે.' ૧૦૦ વા. ભા. ૪

**ઇલાયદો,** ( પૃ૦ ૨૮ ) 'એ તો એંકવાળાનો કાયદો ઇલાયદો. દ૦ કા૦

**ઇસકામત,** ( પૃ૦ ૨૯ ) 'તેના ઘરબાર સાથે સઘળી ઇસ્કામત સરકાર ખાતે જપ્ત કરી લો.' અં. ન. ગ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઇસમ,** (પૃ૦ ૨૯) 'તેથી ત્રણે ઇસમની જુબાની પુરી કરતાં વાર લાગી નહિ.' અં. ન. ગ.

**ઉનાબ,** (પૃ૦ ૩૧) 'તારી આંગળીઓ તેં ઉનાબના રંગ જેવી લાલ કરી છે.' મિ. સિ.

**ઓરત,** (પૃ૦ ૩૫) 'તું મારી ઓરત હોવાથી તારામાં મર્દાઇનો અંશ હોવો જ જોઇએ, ૧૦૦ વા. ભા. ૩

**ઓલાદ,** (પૃ૦ ૩૫) 'પૂર્વાવસ્થામાં તે કાકાપુરી ઓલાદનો હતો.' અં. ન. ગ.

**કદાવર,** (પૃ૦ ૩૭) 'પણ ઘાટડી ચણીઓ પહેરનારી કાઠિયાવાડની કદાવર સ્ત્રીના જેવો રાજમહેલનો દેખાવ હતો.' સ. ચં. ભા. ૧

**કદીમ,** (પૃ૦ ૩૭) 'અસલ અથવા કદીમ (એ મુસલમાની શબ્દો છે, તેનો અર્થ મૂળ જુનું થાય છે) ના જેવો અર્થ બતાવે છે.' રા. મા. ભા. ૨

**કફન,** (પૃ. ૩૭) 'ઉંઘમાં તે વારે વારે પોતાના છોકરાની કફનમાં વીંટાળેલી લાશ જોયાં કરતી.' ક. ઘે.

**કફા,** (પૃ૦ ૩૮) 'હનમાન કફા થઇને બોલે છે.' ૧૦૦ વાતો. ભા. ૩.

**કરાર,** (પૃ૦ ૪૨) 'બુદ્ધિધનને હજુ કરાર ન થયો.' સ. ચં. ભા. ૧

**કાફલો,** (પૃ૦ ૪૭) 'તાત્યા ટોપીનાં ત્રણ હજાર માણસોનો કાફલો આવીને પડયો છે.' સં. ચં. ભો. ૩.

**કાએલ,** (પૃ. ૪૭) 'નૃત્ય, ગાન, નાટક, ખેલ. વણભણે નહિ કાએલ.' દ. કા. ભા. ૨.

**કાયલી,** (પૃ૦ ૪૮) 'તુજ હાથ અડતો હઠે વ્યાધિ, કોઇ રહે નહિ કાયલી.' દ. કા. મા. ૨.

**કારસ્તાન,** (પૃ૦ ૪૯) 'ગુમાનનાં સર્વ કાર્યસ્થાન (કારસ્તાન) શોધી કાઢતી.' સ. ચં. ભા. ૧

**કાસદ,** (પૃ૦ ૫૦) 'મ્હાવાને દૂરનાં ગામડાં વચ્ચે દરબારી ટપાલના કાસદનું કામ સોંપવાનું ઠર્યું.' સ. ચં. ભા. ૧

**કિતાબખાનું,** (પૃ૦ ૫૦) 'કોઇ દવાખાનાં કરે, કિતાબખાનાં કોઇ.' દ. કા. ભા. ૨.

**કિલ્લેદાર,** (પૃ૦ ૫૧) 'ત્યારે તેણે ભરૂચના કિલ્લેદાર મલિક મીરજાને કહાવ્યું.' મિ. સિ.

**કિસમ,** (પૃ૦ ૫૧) 'માંડળિક રાજાઓ સિવાય બીજા હરેક કિસમના શખ્સને પળતી જમીન ખાલસા કરવાનો ઠરાવ હતો., અં. ન. ગ.

**કિસ્સો,** (પૃ૦ ૫૧) 'ઉતરી જાએ રોષ, નોકરના કિસ્સા થકી.' ૧૦૦ ટ.વા. ભા. ૨

**કુંદો,** (પૃ૦ ૫૨) 'ખવાઇ ગએલા કુંદા ફાટીને ઝાલનારને નુકસાન કરી બેસે' અં. ન. ગ.

**કુમાશ,** (પૃ૦ ૫૩) 'કાઠમાં કઠણતા કપાસમાં કુમાસ અને.' દ. કા. ભા. ૨

**કુરાનેશરીફ,** (પૃ૦ ૫૩) 'હું કુરાનેશરીફ પ્રમાણે જવાબ દેવાને બંધાએલોછું.' ક. ઘે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ખલીતો,** ( પૃ૦ ૫૯ ) ' માનપત્રના માન દઇ આપે ખલીતા જેમ ' દ. કા. ભા. ૨

**ખવાસ,** ( પૃ૦ ૫૯ ) ( બહાર ઉભો હતો તે બુમ પાડીને બોલ્યો ) ' એ તો મેં ઓળખ્યા ન હતા. ' ' ખવાસનો જેમ ડમામ દેખી. ' ક. દ. ડા.

**ખસબોઇ,** ( પૃ૦ ૬૦ ) ' સુ કરતાં ખડ પણ ખૂબ, જુઓ ખસબોઇ ખરેખરી વ્યાપે. ' દ. કા. ભા. ૨

**ખંદું,** ( પૃ૦ ૬૦ ) ' આ ખંદા મરેઠા સાથે સામા પક્ષ વાળાએ ઠરાવ કરી રાખ્યો હતો. ' રા. મા. ભા. ૨

**ખાન,** ( પૃ૦ ૬૧ ) ' સવારી કયા સુલતાનની, ખાનની સેના છે ખ્યાત રે. ' દ. કા. ભા. ૨

**ખાનદાન,** ( પૃ૦ ૬૧ ) ' તમારૂં અસલનું કારભારી કુટુંબનું ખાનદાન હતું. ' સ. ચં. ભા. ૧

**ખામોશ,** ( પૃ૦ ૬૨ ) ' ખામોશ અને ક્ષમા વિચારશક્તિ વડેજ ઉત્પન્ન થાય છે. ' ક. ઘે.

**ખાવિંદ,** ( પૃ૦ ૬૩ ) ' પોતાના ખાવિંદને કાગળ લખી ખબર આપી. ' ટ. ૧૦૦ વા. ભા. ૩

**ખુમચો,** ( પૃ૦ ૬૬ ) ' ચાંદીના ખુમચામાં મૂકીને ઉપર જરીઆન ઓછાડ ઢાંકયો ' ટ. ૧૦૦ વા. ભા. ૨

**ખુરદો,** ( પૃ૦ ૬૬ ) ' ખુરદા વટાવી ભીખારીએ રે, લીધો રૂપૈયો રોક. ' દ. કા. ભા ૨

**ખુરમું,** ( પૃ૦ ૬૬ ) ' લાડુ, જલેબી, મેસુલ, ખાજાં અને ખુરમાં રે. ' દ. કા. ભા. ૨

**ખુવાર,** ( પૃ૦ ૬૭ ) ' ખુવાર થશે અને ખુવાર કરશે, અને પરાયાંનાં પેટ ભરી તેમના ગુલામ થશે. ' સ. ચં. ભા. ૩

**ખેર,** ( પૃ૦ ૬૮ ) ' ખેર ગુજર્યાથી કોઈ વાર તે ઇશ્વરસ્તુતિ કરવા મંડી જાય. ' અં. ન. ગ.

**ખેરખાહ,** ( પૃ૦ ૬૮ ) ' કુંવર શ્રી રાયભાણની તહેનાતમાં એક ખેરખાહ તરીકે હમેશ રહેવાની વિશ્વાસ રાખવા જોગ બાંહેધરી આપે. ' અં. ન. ગ.

**ખોગીર,** ( પૃ૦ ૬૮ ) ' બારગીરો ખુણે ખોયરે ભરાઇ રહેલાં ખોગીરો ખોળવા મંડયા. ' અં. ન. ગ.

**ખોજવું,** ( પૃ૦ ૬૯ ) ' અંતર ખોજે આપનું સત સ્વામીને પાવે છ. ' અ. કા.

**ખોજો,** ( પૃ૦ ૬૯ ) ' અને તેને ખોજો કરીને તેના જનાનખાનાની ચોકી કરવા ઉપર રાખ્યો હતો. ' ક. ઘે.

**ખ્યાલ,** ( પૃ૦ ૬૯ ) ' ભલાં તાન લઇ ગાનમાં ખ્યાલ ગાતાં. ' દ. કા. ભા. ૨

**ગજબ,** ( પૃ૦ ૬૯ ) ' સુંદર ભાભી ગજબ થયો છે. ' સ. ચં. ભા. ૩

**ગજાર,** ( પૃ૦ ૭૦ ) ' ચોક પાછળ ગજાર ને તેની પાછળ છીંડી હતી. ' સ. ચં. ભા. ૨

**ગફલત,** ( પૃ૦ ૭૧ ) ' દરવાનોની ગફલતથી આવ્યા હશે. ' સ. ચં. ભા. ૩

**ગરકાવ,** ( પૃ૦ ૭૨ ) ' આ સર્વથી આસપાસના આનંદમાં ગરકાવ થઇ ગયેલા, પણ ગ્રામ્ય અને કઠોર કાંતિવાળા બ્યા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પારીઓમાં આ તરૂણ સર્વ રીતે ભાત પાડતો હતો.' સ. ચં ભા. ૧

**ગરજીલો,** ( પૃ૦ ૭૨ ) 'ગરાસીઆને ગરજીલો શી રીતે કરવો.' સ. ચં. ભા. ૧

**ગરીબનવાજ,** ( પૃ૦ ૭૨ ) 'લાજ જહાજ, ગરીબનવાજ, સદા શુભ, રાજ સમાજ ગણાજો.' દ. કા. ભા. ૨

**ગંજ,** ( પૃ૦ ૭૦ ) 'દ્રવ્યના ગંજના ગંજ થાઓ.' દ. કા. ભા. ૨

**ગોલક,** ( પૃ૦ ૭૯ ) 'તમામ ઉપજ નવા વહીવટદારે પોતાના ગોલખમાં મૂકવા માંડી.' અં. ન. ગ.

**ઘાસીઓ,** ( પૃ૦ ૮૦ ) 'રિકાબ નાની મોટી, તંગ તુટેલા, બાળાતંગ તેર ગાંઠોવાળા, ડળી, રૂપડળી, ખોગીર, ઘાસીઓ વગેરે પૂર્વજોએ ગુજરીમાંથી ખરીદેલા.' અં. ન. ગ.

**ચાપલુસી,** ( પૃ૦ ૮૩ ) 'ઘણીજ ચાપલુસી અને લાગણીના દેખાવ સાથે તેણે રાય મંડળિકને જાહેર કર્યું.' મિ. સિ.

**ચાબુકસવાર,** ( પૃ૦ ૮૩ ) 'બપોર સુધી ચાબુક સવાર ઘોડો દોડાવે તે કરતાં પણ વધારે ઉતાવળે ચાલવા માંડયું.' મિ. સિ.

**ચુનંદા,** ( પૃ૦ ૮૫ ) 'બીજા પોતાના ચુનંદા દરબારીઓ સાથે મસલત કરી.' મિ. સિ.

**ચોતરો,** [ પૃ૦ ૮૫ ] 'ચોતરા, તળાવો અને એવી હજારો વસ્તુઓ પ્રજાએ ધર્મનિમિત્તે કરી છે.' સ. ચં. ભા. ૨

**જજીઓ,** ( પૃ૦ ૮૭ ) 'પાક મજહબનું એનું ફરમાન તોડી જજીઓ કર માફ કીધો.' ક. ઘે.

**જમીઅત,** [ પૃ૦ ૮૯ ] 'બે હજાર સવારોની જમીઅત [ લશ્કર ] થી ગઝનવીખાનના તાબામાં હાજર રહેતા હતા.' મિ. અ.

**જલદ,** [ પૃ૦ ૯૧ ] 'પોતાના જલદ મીજાજને લીધે.' સ. ચં. ભા. ૧

**જશન,** [ પૃ૦ ૯૨ ] 'તેઓ લડાઈને જમણ ને રણજંગને જશન ગણતા હતા.' મિ. સિ.

**જહાંપનાહ,** [ પૃ૦ ૯૩ ] 'જહાંપનાહ ચારે ગુણ એ લોકમાં છે.' રા.' મા. ભા. ૨

**જીકર,** [ પૃ૦ ૯૯ ] 'માલધણીની જીકર સાંભળીને કસમ ખાધી.' ૮. ૧૦૦ વા. ભા. ૨

**જંગ** } [ પૃ૦ ૯૩ ] 'એ માનસિક રણ-
**જંગી** } જંગના જંગી થશે.' સ. ચં. ભા. ૩

**જાદે,** [ પૃ૦ ૯૫ ] 'પામું પુત્ર જેવું જો રતન, કરૂં જીવથી જાદે જતન.' દ. કા. ભા. ૨

**જાવેદાની,** ( પૃ૦ ૯૭ ) 'આ દુનીઆ છોડી જાવેદાનીમાં ચાલ્યા ગયા છે.' મિ. સિ.

**જીલબ્બે,** [ પૃ૦ ૧૦૦ ] 'પરંતુ અલકકિશોરી આગળ જીલબ્બે થઇ રહ્યો.' સ. ચં ભા. ૧

**જોસ,** [ પૃ૦ ૧૦૩ ] 'જોબનના જોસને વાસ્તે તૈયાર થતા ઉમળકાઓના જોરથી ઓ ઉઘડી ઓ ઉઘડી થતી.' સ. ચં ભા. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઝુલ,** [ પૃ૦ ૧૦૫ ] 'કિનખાબની ઝુલ કરચલી પડેલી હતી.' સ. ચં. ભા. ૧

**ડફ,** [ પૃ૦ ૧૦૬ ] 'હાથમાં કરતાલ, ડફ, કાંશીઓ વગેરે લઇ વગાડતા હતા.' સ. ચં. ભા. ૨

**ડફણાવવું,** ( પૃ૦ ૧૦૬ ) 'દેહ રહે એક દેશ વિષે ગણી, તું મુજ દેશ વિષે ડફણાવ્યો.' દ. કા. ભા. ૨

**ડાબ,** ( પૃ૦ ૧૦૬ ) 'વરને ડાબમાં રાખતી.' સ. ચં. ભા. ૧

**તદબીર,** [ પૃ૦ ૧૦૯ ] 'ઇંદ્ર કહે યુરોપીઅન, હિંદુ કવિત તદબીર, બને ન, ત્યાં લાગી બેસજો, સભા ઉઘાડે શીર.' દ. કા. ભા. ૨

**તબલચી,** ( પૃ૦ ૧૧૦ ) 'તબલચી વગેરે મંડળને અગ્ર ભાગ ઝુલતી.' સ. ચં ભા. ૧

**તરકડી,** [ પૃ૦ ૧૧૧ ] 'જમાલખાને એક તરકડીનો છોકરો શોધી કાઢયો.' સ. ચં ભા. ૧

**તરકડો,** [ પૃ૦ ૧૧૧ ] 'તરકડો રૂપાળો હતો.' સ. ચં. ભા. ૧

**તાકું,** [ પૃ૦ ૧૧૫ ] 'પણ તેને તાકામાંથી સુવા જડયા નહિ. દ. કા. ભા. ૨

**તાસક,** [ પૃ૦ ૧૧૮ ] 'તાસક અને ચીનાઇ રકાબીઓ મલેકને ત્યાં પાછી ન મોકલવી.' મિ. સિ.

**તુતી,** [ પૃ૦ ૧૨૦ ] 'ભૂંગળ ભેરવી વાજમાં, કર્યાં તુતીનો નાદ.' દ. કા. ભા. ૨

**દરિયાફ,** [ પૃ૦ ૧૨૬ ] 'એ અંતરજામી નથી કેમ કરે દરિયાફ.' દ. કા. ભા. ૨

**દરોબસ્ત,** [ પૃ૦ ૧૨૬ ] 'જમીનદારોએ ગામડાંમાં દરોબસ્ત સારાં મકાનો બાંધવાં.' મિ. સિ.

**દાદ,** [ પૃ૦ ૧૨૮ ] 'શળી કરાવી શેઠને, ડોસીની સુણી દાદ.' ક. દ. ડા.

**દાનસ્તું,** [ પૃ૦ ૧૨૯ ] 'અને તમે દાનસ્તા છો, માટે પરમેશ્વર માથે રાખીને સાચું બોલો.' દ. કા. ભા. ૨

**દીવાનું,** ( પૃ૦ ૧૩૩ ) 'જુવાનીમાં દીવાની તારા જેવી ગતિ રહી.' દ. કા. ભા. ૨

**દેર,** ( પૃ૦ ૧૩૫ ) 'જો દેર કરશે તો તને ઠાર કરીશ.' મિ. સિ.

**દોરંગું,** ( પૃ૦ ૧૩૬ ) 'દોરંગી કોર દીપાવો, એરે જામો જીયાવરને પહેરાવો.' દ. કા. ભા. ૨

**નકરું,** ( પૃ૦ ૧૩૭ ) 'હવે જયારે દેવો પોતાની મેળે નકળો થયો ત્યારે પોતાનાં માણસો સાથે સંતલસ કરી રાખી.' રા. મા. ભા. ૧

**નજરબાગ,** ( પૃ૦ ૧૩૮ ) 'નજરબાગ છે ઘર ઘર આગળ, કયાંઇ વાગે ઘડીઆળા.' દ. કા. ભા. ૨

**નવાજસ,** ( પૃ૦ ૧૪૦ ) 'ઇમાદુલમુલ્કનો ખિતાબ નવાજીશ થયો હતો.' મિ. સિ.

**નાજુક,** ( પૃ૦ ૧૪૨ ) 'માણસનું નાજુક તથા કોમળ શરીર આટલી વેદના શી રીતે ખમતું હશે?' ક. ઘે.

**નાયબ,** ( પૃ૦ ૧૪૪ ) 'પાટણના નાયબ ફોજદારની જગાએ નીમવામાં આવ્યો.' મિ. સિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નિઘા,** ( પૃ૦ ૧૪૫ ) 'આ ગુણકા તરફ નિઘા કરો.' ટ. ૧૦૦ વા. ભા. ૪

**નિરખ,** ( પૃ૦ ૧૪૬ ) 'નિરખનું નામ લઈ દામ નથી પુરા દેતા.' દ. કા. ભા. ૨

**નેજો,** ( પૃ૦ ૧૪૮ ) 'ઇંગ્લિશના નેજાની નીચે, તારાં તનુજ કરે ગુલતાન.' દ. કા. ભા. ૨

**નૈયત,** ( પૃ૦ ૧૪૮ ) પોતાનીજ ખરાબ નૈયતથી તેની પડતી આવી.' મિ. સિ.

**પડદેપોશ,** ( પૃ૦ ૧૪૯ ) 'પડદેપોશ સૂર્ય પોતાના શયનગૃહમાંથી નીકળ્યો.' મિ. સિ.

**પલકારો,** ( પૃ૦ ૧૫૧ ) 'જેણે તેણે ચારસો પાંચસો વરસના પલકારા સુધી આંખો ઉઘાડી રાખી છે.' સ. ચં. ભા. ૪

**પરહેજી,** ( પૃ૦ ૧૫૧ ) 'તે ખાવામાં પરેજી પાળે નહિ.' ટ. ૧૦૦ વા. ભા. ૩

**પલંગપોશ,** ( પૃ૦ ૧૫૧ ) 'ઉમદા પલંગપોશ બીછાવ્યા છે ઉપરે.' દ. કા. ભા. ૨

**પાતર,** ( પૃ૦ ૧૫૩ ) 'મંદુ શહેરમાં ડોશીની, પાતર, કમાચીની, પરીશાન, અને લોલી જાતની જેટલી રામજની હોય તે સર્વે એની છાવણીમાં આવી હાજર થાય.' મિ. સિ.

**પાયલ,** ( પૃ૦ ૧૫૪ ) 'રામ મંદિર મીરાં દર્શન આવત, તાલ બજાવત અટકી, પાયલ ઘુઘરૂ રૂમઝુમ વાગત લાજ સંભાળો ઘુંઘટકી.' સ. ચં. ભા. ૪

**પીરાનપીર,** ( પૃ૦ ૧૫૫ ) 'હતા વળી વીર કે પીરાનપીર જાગતા.' દ. કા. ભા. ૨

**પેજાર,** ( પૃ૦ ૧૫૬ ) 'એક હાથે માથાના વાળ, એક હાથે મોટી પેજાર.' દ. કા. ભા. ૨

**પેશગી,** ( પૃ૦ ૧૫૭ ) 'સોનું લશ્કરને પેશગી પગારમાં આપી દીધું.' મિ. સિ.

**ફરજંદ,** ( પૃ૦ ૧૬૦ ) 'તેઓમાંથી ખાનદાનનાં ફરજંદો અને હલકા માબાપનાં ફરજંદો શી રીતે વરતાય ? દ. કા. ભા. ૨

**ફરહંગ,** ( પૃ૦ ૧૬૧ ) 'સરદારોનો ફરહંગ એવા નામનું એક પુસ્તક અંગ્રેજીમાં રકવાયર જાનબર્નાર્દ બર્કે સને ૧૮૪૯ માં રચ્યું છે.' દ. કા. ભા. ૨

**ફાજલ,** ( પૃ૦ ૧૬૨ ) 'દરેક ઘોડે સવાર સાથે એક એક ફાજલ ઘોડો રખાવ્યો હતો.' મિ. સિ.

**ફિતનો,** ( પૃ૦ ૧૬૪ ) 'સુલતાનના ફિતનાની શરૂઆતથીજ દર રાતના હથીઆર સજી રાત પુરી થાય ત્યાં લગી તે આલમખાં પાસે બેસી રહેતો.' મિ. સિ.

**બકાત,** ( પૃ૦ ૧૬૬ ) 'જુઓ વળી જ્યાં જલદાબ્ર જાતે, રહે નહિ કષ્ટ કશું બકાતે.' દ. કા. ભા. ૨

**બદઓઇ,** ( પૃ૦ ૧૭૦ ) 'રઇયત બધી પછવાડે ઘણી બદઓઈ કરતી હતી.' દ. કા. ભા.૨

**બલ્કે,** ( પૃ૦ ૧૭૩ ) 'બલ્કે ડુબતા તથા ડુબવાની તૈયારી પર આવેલા વહાણવાળાઓની ગાળ ખાઈને તથા તેઓની તરફથી અપમાન સહીને તેઓને મુક્તપુરીના સારા રસ્તા પર લઇ આવવાને તેઓ આટલો શ્રમ કરે છે.' ક. ઘે.

**બાદ,** ( પૃ૦ ૧૭૬ ) 'ગાદીવારસ કુંવર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિષાદ, મોટી વયનો થયો ત્યાર બાદ.' દ. કા. ભા. ૨

**બાન,** (પૃ૦ ૧૭૬) 'સેનાપતિને કેદ કરીને બાનમાં લઇ ગયા.' અં. ન. ગ.

**બિરંજ,** (પૃ૦ ૧૭૯) 'મુખમાં રહેજ ગીદાશ, બિરંજ એવો બન્યો રે.' દ. કા. ભા. ૨

**બીબીજાયો,** (પૃ૦ ૧૭૯) 'એજ રીતે વરતાવું આણ, તો બીબીજાયો મુજ જાણ.' દ. કા. ભા. ૨

**બેઅદબી,** (પૃ૦ ૧૮૧) 'અતિ ઓડકાર ન ખાઇએ રે, જેથી જરૂર બેઅદબી જણાય.' દ. કા. ભા. ૨

**બેકેદ,** (પૃ૦ ૧૮૨) 'કશો હુકમ ચાલે નહિ, રઇયત થઈ બેકેદ.' દ. કા. ભા. ૨

**બેદાદી,** (પૃ૦ ૧૮૪) 'રઇતને બેદાદી અને જુલમમાંથી મુક્ત કરીને સુખચેનમાં આણી.' મિ. સિ.

**બેનમુન,** (પૃ૦ ૧૮૪) 'તેની વજીરાત બેનમુન વજીર મીરઅલીશેરથી દીપી રહી હતી.' મિ. સિ.

**બોસ,** (પૃ૦ ૧૮૮) 'તાતારખાને ઘણી બોસ કરી.*' મિ. સિ.

**મકસુદ,** (પૃ૦ ૧૮૯) 'તેઓના મકસુદ બેહુદા ને બાતીલ છે.' મિ, સિ.

**મનસબ,** (પૃ૦ ૧૯૩) 'બાપની મનસબ તેના દીકરાઓને આપવામાં આવી. મિ. સિ.

**મુલકગીરી,** (પૃ૦ ૨૧૨) 'મરેઠાઓને માફક આવતી ચડાઇઓ મુલકગીરી એવા નામથી ઓળખાતી હતી.' રા. મા. ભા. ૨

* ૧૮૮ | ૮.
મા મલેકને ત્યાં પાઠ
મિ. સિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુદ્રકઃ ચિમનલાલ ઈશ્વરલાલ મ્હેતા
મુદ્રણસ્થાનઃ 'વસન્ત મુદ્રણાલય'
ઘીકાંટારોડ, સિવિલહૉસ્પિટલ સામે,
અમદાવાદ.

For Private And Personal Use Only